

આગમ
જ્યોત
૪ મૂળસૂત્ર
૧૦ પયન્ના
૧૨ ઉપાંગ
૧૧ અંગ
વર્ષ ૪
શ્રી આગમોદ્ધારક
ગ્રંથમાળા
કપડવંજ
[જિ. ખેડા]
દલસુખ

॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

પૂજ્ય આગમવાચનાદાતા આગમમર્મજ્ઞ

આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગત

આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વર ભગવંતના

તાત્ત્વિક વ્યાખ્યાનોના સંકલનરૂપ

# આગમ જ્યોત

( ચતુર્થ વર્ષ )

॥ आगमचक्षुषा हि मुनयः समस्तं जगत् करामलकवत् पश्यन्ति ॥

વીર નિ. સં. ૨૪૯૧

વિ. સં. ૨૦૨૧




આગમોદ્ધારક સં. ૧૫

ઈ. સ. ૧૯૬૫

કિંમત પાંચ રૂપિયા

જિન કેવલી પૂરવધર વિરહે
ફણી સમ પંચમ કાળજી ।
તેહનું ઝેર નિવારણ મણિસમ
તુજ આગમ તુજ બિંબજી ॥

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
આગમોદ્ધારક ગ્રંથમાળા
કાપડ બજાર,
મુ. કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક પ્રાપ્તિસ્થાન :
આગમજ્યોત કાર્યાલય
વ્યવસ્થાપક :
કીર્તિકુમાર ફુલચંદ પટવા
દિલીપ નોવેલ્ટી સ્ટોર
મુ. મહેસાણા (ઉ. ગુ.)

## ન...મ્ર નિ...વે...દ...ન

- આગમજ્યોત પ્રતિવર્ષ જ્ઞાનપંચમીએ (ચારે અંક ભેગા) પુસ્તકરૂપે પ્રકટ થાય છે.
- વાર્ષિક લવાજમ યોજના બંધ કરી છે. પૂ. સાધુ-સાધ્વીજી મ. અને જ્ઞાન ભંડારોને તથા યોગ્ય જિજ્ઞાસુઓને ભેટ અપાય છે.
- સ્થાયી કોશમાં રૂા. ૧૦૧ કે તેથી વધુ રકમ લેવાય છે.
- ભેટ યોજનામાં ગમે તેટલી રકમ લેવાય છે.

મુદ્રક :
જયન્તિ દલાલ
વસંત પ્રિ. પ્રેસ
ઘીકાંટા, ઘેલાભાઈની વાડી
અમદાવાદ.

જેઓએ ૭૫ વર્ષની વૃદ્ધવયે કોઈપણ જાતના ટેકા વિના રોગગ્રસ્ત દશામાં પણ છેલ્લા ૧૫ દિવસ અર્ધપદ્માસને કાઉસગ્ગ મુદ્રાએ રહી પૂર્વકાલીન અનશન સમાધિ મરણની ઝાંખી કરાવી.



આગમસમ્રાટ્ આગમજ્યોતિર્ધર બહુશ્રુત સૂરિપુરંદર
ગીતાર્થ સાર્વભૌમ ધ્યાનસ્થ સ્વર્ગત
**પૂ. આ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ**

# પ્રાસંગિક

અનંત ઉપકારી વીતરાગ પરમાત્માની વાણી ખરેખર ભવ-વનમાં ભટકતા અજ્ઞાનમૂઢ પ્રાણીઓ માટે સચોટ માર્ગદર્શકરૂપ છે.

વિષમ કલિકાલમાં વીતરાગ પ્રભુની વાણીને બાલજીવો તત્વ દષ્ટિનો વિકાસ કેળવી સમજી શકે, તેવા અર્થગંભીર પૂ. આગમોદ્ધારકશ્રીના વ્યાખ્યાનો હૃદયંગમ અને માર્મિક છે, એ વાત આબાલગોપાલ પ્રસિદ્ધ છે.

એટલે વાત્સલ્યસિંધુ પરમ તારક પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતની અનુગ્રહભરી કરૂણા દૃષ્ટિથી પરિપૂર્ણ મંગલ આશીર્વાદ-મય પ્રેરણા પામીને "આગમ જ્યોત"ના સંપાદનનો ભાર તાડના ફળને હાથથી મેળવવાના કુબ્જ–વામન માનવની પ્રવૃત્તિની જેમ પરમ પુનિત દેવગુરુની અચિંત્ય શક્તિ બળે સ્વીકાર્યો.

ગત ત્રણ વર્ષમાં યથામતિ–યથાશક્તિ પૂ. આગમોદ્ધારકશ્રીના અપ્રકાશિત વ્યાખ્યાનો આદિની સામગ્રી અનેક પુણ્યશાળી મહાનુભાવો પાસેથી મેળવી વ્યવસ્થિતરૂપે સંકલના કરી ત્રૈમાસિકના છૂટક ચાર અંકો તરીકે રજુ કરી.

પૂ. આગમોદ્ધારકશ્રીના ટંકશાળી ચિરસ્થાયી સાહિત્ય પ્રતિ હાર્દિક મમતા દાખવનારા કેટલાક મુરબ્બી મહાનુભાવોની પુણ્ય સૂચનાથી ચારે અંક સળંગ ભેગા–એક પુસ્તકારૂપે આ વર્ષથી પ્રકટ થાય છે, તેમાં એકંદરે સંપાદન અને સામગ્રીની સંકલના વ્યવસ્થિતરૂપે થાય તેમ લાગે છે.

છતાં આ સંકલનામાં પૂ૦ આગમોદ્ધારકશ્રીના આશયથી વિરૂદ્ધ અગર પંચાંગી કે પરંપરાથી વિપરીત કંઈ થયું હોય તો તેની આલોચના સાથે મિથ્યાદુષ્કૃત માંગું છું.

આ સંપાદન કાર્યમાં પ્રત્યક્ષ-પરોક્ષ ઘણી પુણ્યશાળી વ્યક્તિઓનો સહકાર છે, તે બધા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરૂં છું.

વીર નિ. સં. ૨૪૯૫<br>વિ. સં. ૨૦૨૫<br>આસો વ. ૩

લિ.<br>સંપાદક

### મ...ન...ની...ય સુ...વા...ક્યો

- પાપનું તંત્ર પુણ્ય-કારભારીથી ચાલે છે.
- કર્મ રાજાનો મોહ અધિકારી પાંચમી કતારનો મુખ્ય સભ્ય છે. દરેક રૂપ-રંગ કરીને જીવને પાછો પાડવો એજ એનું કામ !
- પાપને હઠાવવામાં પુણ્ય મદદગાર છે, પુણ્યને પડખે લીધું પછી પાપ કદી નુકશાન ન કરે.

—પૂ૦ આગમોદ્ધારકશ્રી

## પ્રકાશક તરફથી.....

દેવગુરૂકૃપાએ અમારી ગ્રંથમાળાના કાયમી સંભારણાંરૂપ "**આગમ જ્યોત**"ના પ્રકાશનનું ચોથું પુસ્તક સુજ્ઞ જિજ્ઞાસુ તત્ત્વ પ્રેમી વાચકોના કરકમલમાં રજુ કરતાં ખૂબ આનંદ થાય છે.

વિ. સં. ૨૦૧૦ માં શાસ્ત્રૈદંપર્યબોધક, મૂળી નરેશ પ્રતિબોધક, વાત્સલ્યસિંધુ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ **શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ.** શ્રીના ચાતુર્માસમાં પરમ પૂજ્ય ધર્મસ્નેહી **શ્રી સૂર્યોદયસાગરજી મ.** શ્રીની મંગળ પ્રેરણાથી અમારી ગ્રંથમાળાનો પાયો નંખાયો.

ત્યાર પછી પૂ. આગમોદ્ધારકશ્રીની નાની-મોટી તમામ કૃતિઓનું લગભગ પ્રકાશન **પૂ. ગચ્છાધિપતિ** શ્રીની દેખરેખ તળે અમારી ગ્રંથમાળા હસ્તક થયું.

વિ. સં. ૨૦૨૨ ના ચાતુર્માસમાં પૂ. આગમોદ્ધારકશ્રીના અપ્રકાશિત વ્યાખ્યાનોના પ્રકાશનની યોજનાના વિચારમાંથી "**આગમ જ્યોત**"નો ઉદ્ભવ થયો.

પ્રારંભમાં ત્રૈમાસિકરૂપે "**આગમ જ્યોત**"નું પ્રકાશન શરૂ કરેલ અને તેના માહ, વૈશાખ, શ્રાવણ અને કાર્તિક માસની સુદ પાંચમે પ્રકટ થતા ચાર અંકોમાં પૂ. આગમોદ્ધારક શ્રીના તાત્ત્વિક વ્યાખ્યાનો, માર્મિક લેખો, ગહન કૃતિઓ, ટંકશાળી પ્રશ્નોત્તરો આદિ વિવિધ રસમય સામગ્રી આપવામાં આવતી.

પણ તાત્ત્વિક વ્યાખ્યાનોની ગ્રાહકતા ઓછી હોઈ ત્રણ વર્ષના અનુભવમાં "**આગમ જ્યોત**" ના છૂટક અંકોની આશાતના થતી જોઈ વર્ષની આખરે જ્ઞાનપંચમીએ ૪૦ ફર્માનું એક પુસ્તક જ (ચારે અંકો ભેગા બાંધીને) સુજ્ઞ વાંચકો સમક્ષ રજુ કરવામાં વધુ લાભ જણાયાથી આ (ચોથા) વર્ષથી વર્ષનું એક સળંગ પુસ્તક રજુ કરી રહ્યા છીએ.

હવે પછી આ રીતે પ્રતિ વર્ષ જ્ઞાન પંચમીએ "**આગમ જ્યોત**" પ્રકાશિત થશે, તેની નોંધ લેવા વિનંતિ છે.

વાર્ષિક લવાજમ તરીકે પાંચ રૂપિયાની યોજના પણ બંધ કરી ગ્રાહકના બદલે પૂ. સાધુ-સાધ્વીજી, જ્ઞાન ભંડારો અને વિશિષ્ટ જિજ્ઞાસુ તત્ત્વરૂચિવાળા ગૃહસ્થોને ભેટ મોકલવાની યોજના વિચારી છે.

"**આગમ જ્યોત**"ના પ્રકાશન માટે મમતા ધરાવનારા સ્થાયી કોશ અને ભેટ યોજનામાં લાભ લેવા શ્રી સંઘોને અને ગૃહસ્થોને પ્રેરણા આપનારા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતની કૃપા દૃષ્ટિના અમે આભારી છીએ.

એકંદરે પ્રસ્તુત પ્રકાશનમાં ચતુર્વિધ શ્રી સંઘનો હાર્દિક સહકાર મળી રહ્યો છે, તે ખરેખર અમારા તાત્ત્વિક પ્રકાશનને ગૌરવ આપનાર છે.

વધુમાં અમારા કાર્યને મંગલ આશીર્વાદ તેમજ નિશ્રા-છત્ર છાયા દ્વારા અનેકવિધ સરળતા કરી આપનાર, મૂળી નરેશ પ્રતિબોધક પૂ. આગમોદ્ધારકશ્રીના પટ્ટધર, વાત્સલ્યસિંધુ **પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત**, બહુમૂલ્ય વ્યાખ્યાનો આદિ સામગ્રીનો બહોળો સંગ્રહ આપી કૃતાર્થ કાર્ય કરનાર શાસનપ્રભાવક પૂ. આ. **શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ.**, તથા વિવિધ સામગ્રી આપી પ્રકાશનને સમૃદ્ધ બનાવવા તત્પર ધર્મસ્નેહી **પૂ. મુનિ શ્રી ગુણસાગરજી મ.**, મહત્ત્વના સૂચનો પૂ. આગમોદ્ધારક શ્રીની હ. લિ. અપ્રાપ્ય સામગ્રી વગેરે આપનાર પૂ. ધર્મસ્નેહી **ગણિવર્ય શ્રી કંચનસાગરજી મ.**, પ્રકાશનને સર્વાંગ સુંદર બનાવવામાં પૂર્ણ કાળજી સેવનાર તથા આર્થિક સહયોગમાં સર્વાધિક પ્રેરણા આપનાર **પૂ. ગણિવર્ય શ્રી લબ્ધિસાગરજી મ.** તથા **પૂ. ગણિવર્ય શ્રી સૂર્યોદયસાગરજી મ.**, તથા સંપાદન સંબંધી બધી જવાબદારી ઉઠાવનાર પૂ. આગમોદ્ધારકશ્રીના પટ્ટવિનેય, શ્રી

સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક, **સ્વ. આ. શ્રી ચંદ્રસાગર સૂરિ-વર્યના** શિષ્યરત્ન તપોમૂર્તિ, શાસનસંરક્ષક, સંઘસમાધિતત્પર, **પૂ.** ઉપાધ્યાય **શ્રી ધર્મસાગરજી મ.** ના શિષ્ય **પૂ. મુનિ શ્રી અભયસાગરજી મ. ગણી** તથા, પૂ. મહારાજ શ્રી હસ્તક સંપાદન કાર્યમાં વિવિધ રીતે ઉપયોગી થનાર **પૂ. નિરૂપમ સાગરજી મ., પૂ. મુનિશ્રી કલ્યાણસાગરજી મ.** તથા **પૂ. મુનિશ્રી રવીન્દ્રસાગરજી મ.** આદિની ધર્મસ્નેહભરી કૃપાદષ્ટિ બદલ અમે અમારી જાતને ગૌરવવંતી માનીએ છીએ.

"**આગમ જ્યોત**"નું કલાત્મક છાપ માટે પૂરતી કાળજી સેવનાર અને નિઃસ્વાર્થભાવે તનતોડ પરિશ્રમ લેનાર સેવાભાવી **સ્વ. શેઠશ્રી સારાભાઇ ગજરાવાળા** (અમદાવાદ)ના ગત વર્ષના આકસ્મિક અવસાન પછી પૂ. મહારાજશ્રી હસ્તકના પ્રેસ સંબંધી દરેક કાર્યોમાં તનતોડ પરિશ્રમ-નિઃસ્વાર્થપણે મૂક સેવા આપી **સારાભાઈ શેઠની** ગેરહાજરી ન જણાય તેવું ધર્મસ્નેહભર્યું લાગણીપૂર્ણ વર્તન દાખવનાર એકંદર "**આગમ જ્યોત**"ના સુંદર પ્રકાશન માટે અહર્નિશ કાળજી અને લાગણી ધરાવનાર **શેઠ શ્રી બાબુલાલ કેશવલાલ ચાણસ્માવાળા** (૧૧, નગરશેઠ માર્કેટ, રતનપોળ, અમદાવાદ)નો ધર્મપ્રેમની અનુમોદના જેટલી કરીએ તેટલી ઓછી છે.

આ ઉપરાંત **શેઠ શ્રી લાલભાઈ એલ્. પરીખ C. A.** અમદાવાદ અને "**આગમ જ્યોત**"ના સ્થાયી કોશની યોજનાને સ્વરૂપ આપવામાં ખૂબજ સક્રિય ફાળો નોંધાવનાર શ્રી અભયદેવ સૂરિ જૈન જ્ઞાન મંદિર અને જૈન ધાર્મિક પાઠશાળાના માનદ્ શિક્ષક **શ્રીયુત હરગોવનદાસ સંપ્રીતચંદ શાહ**ના ધર્મપ્રેમની પણ નોંધ આ સ્થળે લેવી જરૂરી છે.

વળી "**આગમ જ્યોત**"નું નિઃસ્વાર્થપણે લાગણીથી વ્યવસ્થા તંત્ર સંભાળી હાર્દિક ધર્મપ્રેમ સૂચવનાર "**શ્રી આગમ જ્યોત**

કાર્યાલય", મહેસાણાના સંચાલક **શ્રી કીર્તિકુમાર ફુલચંદ પટવા (દિલીપ નોવેલ્ટી સ્ટોર), મહેસાણા,** તેમને સહયોગ આપનાર **શ્રી સેવંતીભાઇ શાન્તિભાઇ શાહ** બોરૂવાળાના ધર્મપ્રેમની પણ ભૂરિ ભૂરિ અનુમોદના કરી કૃતાર્થતા અનુભવીએ છીએ.

અમારા આ વખતના પ્રકાશનમાં અમદાવાદનું વાતાવરણ અશાંત છતાં ટૂંક વખતમાં ૪૦ ફર્માનું છાપકામ ઝડપી અને સુંદર કરી આપવા બદલ વસંત પ્રિન્ટિંગ પ્રેસના અધિપતિ **શ્રી જયંતિભાઈ દલાલ** તથા મેનેજર શ્રી **શાન્તિભાઈ શાહ**ના ધર્મપ્રેમની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

આ ઉપરાંત અમારા પ્રકાશનના કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર દરેક પુણ્યશાળી મહાનુભાવોના ધર્મસ્નેહની હાર્દિક અનુમોદના કરીએ છીએ.

છેવટે પ્રસ્તુત પ્રકાશનમાં જાણ્યે અજાણ્યે મતિમંદતાથી કે ક્ષયોપશમની વિચિત્રતાથી જિનાજ્ઞા, પરંપરાથી કે. પૂ. આગમોદ્ધારકશ્રીના આશયથી વિરૂદ્ધ કંઇ થયું હોય તે સંબંધી ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ હાર્દિક મિ....ચ્છા....મિ....દુ....ક્કં....ડં માંગવા સાથે સુજ્ઞ વિવેકી તત્ત્વરૂચિ પુણ્યાત્માઓ આ પ્રકાશનમાં પૂ. આગમોદ્ધારકશ્રીની તત્ત્વનિષ્ઠાભરી શૈલિથી રજુ કરાએલ સામગ્રીનો સદુપયોગ ગુરૂનિશ્રાએ પોતાનું જીવન સ્વપર કલ્યાણકારી બનો એ હાર્દિક કામના.

| | |
|---|---|
| કાપડ બજાર, | વિનીત |
| મુ. કપડવંજ (જિ. ખેડા) | સંઘ સેવક |
| વીર નિ. સં. ૨૪૯૬ | રમણલાલ જેચંદભાઈ શાહ |
| વિ. સં. ૨૦૨૫ | કાર્યવાહક |
| આસો વદ ૫ | શ્રી આગમોદ્ધારક જૈન ગ્રંથમાળા |

# આ ગ મ જ્યોત

## વર્ષ ૪

## પુ૦ ૧-૨-૩-૪

## વિ.....ષ.....યા.....નુ.....ક્ર.....મ

### પુસ્તક ૧ - પૃ. ૧-૮૦


**શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાએ વિસ્તારેલું તત્ત્વજ્ઞાન ૧-૧૩**

શાબ્દિક રીતે પણ સર્વદર્શનોનું મોક્ષનું લક્ષ્ય ૧
અજ્ઞાનની સંસારકારણતાથી પણ અસદ્વર્તનની વધુ ભયહેતુના ૨
સમ્યક્ જ્ઞાન એટલે? ૩
આશીર્વાદરૂપ જ્ઞાન કયું? ૩
મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન જેટલી જ વર્તનની જરૂર ૩
શ્રુત અને શીલના ભાંગા અને તેની સમજ ૫
અભિમુખ અને વિમુખતારૂપ આરાધક-વિરાધકની સમજણ ૫
જ્ઞાન અને ક્રિયાને રથના ચક્રની ઉપમા કેમ? ૬
ભગવાન ઉમાસ્વાતિ વાચકજીના માર્ગની શ્રોતૃ-અપેક્ષતા ૬
જ્ઞાન અને 'સમ્યક્' શબ્દ કેમ નથી? ૭
નૈયાયિક-વૈશેષિકોના મોક્ષનું સ્વરૂપ ૮
મોક્ષના સાધનભૂત એવા ધર્મમાં સ્થાન ૯
કર્મનાશા નદીના જલસ્પર્શની અનિષ્ટતા કેમ? ૯
કર્મનાશા જલના સ્પર્શના નિષેધમાં સામુદાયિક મોહ જ ૧૦
પરમેશ્વરની આધ્યાત્મિક મહત્તા ૧૦
પરમ પરમેશ્વરની વાણી અને સૂર્યપ્રકાશ ૧૧
પરમેશ્વરની સર્વ હિતકારિતા-વીતરાગતા ૧૨
આધિભૌતિકથી ઈશ્વરનું ઐશ્વર્ય કેમ નહીં? ૧૨
પરમેશ્વરના સ્વરૂપ આડે લીલાના પડદા કેમ? ૧૩
ઈશ્વરમાં અવતાર કે અવતારમાં ઈશ્વર ૧૩

**આગમ રહસ્ય ૧૫-૮૦**

મહાવીર મહારાજની ગર્ભાવસ્થા ૧૫
ગર્ભનિશ્ચલતાના કારણો ૧૬
મહત્ત્વની વાત ૧૬
પ્રભુ મહાવીરે ઉપયોગ મુકયો ન હતો ૧૭
પ્રભુ મહાવીરની અનુકંપા ૧૮
ગર્ભાવસ્થામાં અભિગ્રહ ૨૦
અભિગ્રહનું કારણ ૨૦

માતા–પિતાનો સ્નેહ ૨૧
તીર્થંકરોની પરહિત–વૃત્તિ ૨૨
તીર્થંકરોનું જ્ઞાનજીવન એટલે? ૨૩
જ્ઞાનજીવનનું રહસ્ય ૨૫
પ્રભુ મહાવીરે અભિગ્રહ ક્યારે કર્યો? ૨૫
પ્રભુ મહાવીરના અભિગ્રહનો દુરૂપયોગ ૨૬
પ્રભુ મહાવીરના અભિગ્રહનું રહસ્ય ૨૭
અભિગ્રહનો પરમાર્થ ૨૮
અભિગ્રહ વખતે અવધિના ઉપયોગનો અભાવ ૩૦
સર્વદીક્ષામાં માતા–પિતાની રજા જરૂરી નહિ ૩૦
પિંડદાનનું પોકળ ૩૧
કુટુંબનું રોદન આદિ દીક્ષાનું ચિહ્ન ૩૨
આયુષ્યના અનિયમે આશ્રમના નિયમનની વ્યર્થતા ૩૨
અધિકના નિષેધ માટે પણ યોગ્ય નથી ૩૨
શ્રુતિનું બલવત્તરપણું હોવાથી અનિયમ ૩૩
સ્મૃતિ વાક્યોનો ફલિતાર્થ ૩૪
ગૃહસ્થાશ્રમની પાપપરાયણતા ૩૪
ભગવાનનો અભિગ્રહ ઔદયિક ૩૪
જૈનાભાસની જીહ્વાનું ઝેર ૩૪
ગૃહસ્થાશ્રમને ઉત્સર્ગ માર્ગ જણાવનારની જડતા ૩૫
સંસારમાં ગોંધવાનો કોઈને પણ અધિકાર નથી ૩૬
માતા–પિતાની રજાનો સામાન્યપણે અભાવ ૩૭
જન્મને દેવાય પણ જાતિને ન દેવાય ૩૭
રત્નગર્ભામાં ભાગ્યશાળીઓની સ્થિતિ ૩૭
અસંમત સગીર દીક્ષાના નામે થતા કોલાહલની અસત્યતા ૩૮
જુઠાં બખાળાઓથી દીક્ષા બાબતમાં અનુચિત પ્રયત્નો ૩૮
શાસનની હેલનામાં ગુન્હેગાર કોણ? ૩૮
દીક્ષાર્થીઓ ઉપર સંસારીઓ તરફથી થતો સિતમ ૩૯
દીક્ષાને અંગે થએલ ઠરાવોની અધમતા ૪૦
જન્મ કે દીક્ષાના સ્થાનના સંઘની માલિકી કઈ? ૪૦
શ્રમણ ભગવાન મહાવીર મહારાજને દીક્ષામાં માબાપની રજાનો અસંભવ ૪૦
શ્રમણ ભગવાન મહાવીર મહારાજના દીક્ષાના અભિગ્રહથી જ રજાની બિનજરૂરી ૪૧
પુખ્ત ઉંમરવાળા ઉપર કોઈની માલિકી નથી ૪૨
જન્મ કે દીક્ષાના ગામના સંઘની રજાના વિચારોનું વાહીયાતપણું ૪૨
અભિગ્રહથી પુખ્ત ઉંમરવાળાને દીક્ષામાં મા–બાપની રજાની જરૂર નથી ૪૩
અવધિજ્ઞાનથી શ્રી દેવાનન્દાનું દુઃખ જાણવું ૪૪
સામાન્ય જ્ઞાનથી વાદના નાદનો નિરોધ જાણવો ૪૫
અવધિજ્ઞાનથી ગર્ભાપહાર ચિંતનું જ્ઞાન ૪૫

ગર્ભરક્ષણ માટે માતા-પિતાના અસાધારણ પ્રયત્ન ૪૫
અવધિજ્ઞાનથી માતા-પિતાના સ્નેહનું જ્ઞાન ૪૫
સામાન્યજ્ઞાનથી સ્નેહ પરિણામની કલ્પના ૪૬
દીક્ષા ન લેવાનો જ અભિગ્રહ કેમ? ૪૬
કોઈપણ પ્રકારે પણ દીક્ષા લેવાનો નિશ્ચય ૪૬
માતા-પિતાદિના રાગમાં નહિ લેપાવું ૪૬
માતા-પિતાની ભક્તિ કે અનુકંપાની અનુલ્લંઘનીયતા ૪૬
શ્રી નન્દિવર્ધનજીના સ્નેહની આડખીલી ૪૭
દીક્ષા લેવાની સ્વાભાવિકતા ૪૭
સ્નેહના પરિણામની કલ્પના ૪૭
માતા-પિતાની બારમા દેવલોકની પ્રાપ્તિ ૪૮
ગર્ભ વૈરાગ્યથી ત્યાગ કલ્પનાનો પ્રતિદિવસ સદ્‌ભાવ ૪૯
વિયોગની શંકાના દુઃખનું અનિવારણ ૫૦
દીક્ષાનું રોકાણ કેમ નહિ? રજા માગવાનું કેમ? ૫૦
પરહિતરતપણામાં અભિગ્રહનો ઉપનય ૫૦
પ્રભુ મહાવીરની પરોપકારી વૃત્તિનો વિશિષ્ટ વિચાર ૫૧
શ્રમણ ભગવાન મહાવીરે કરેલ મેરુનું ચાલન ૫૧
ગર્ભ અવસ્થાથી તીર્થંકર માનવાનું કારણ ૫૧
અવધિજ્ઞાનની અભ્યંતર તીર્થંકરો હોવાથી કેવળજ્ઞાન પ્હેલાં પણ તીર્થંકરપણું ૫૨
ગર્ભથી તીર્થંકરપણું માને તો જ જિનેશ્વરનાં પાંચ કલ્યાણકો ૫૨
ગર્ભથી જ શાસ્ત્રકારોએ માનેલ તીર્થંકરપણું ૫૩
ભગવાનની માતાના ચૌદ સ્વપ્નનો અનોખો ચળકાટ ૫૩
સ્વપ્નોની બોલીની રકમ દેવદ્રવ્યમાં જવાનું કારણ ૫૩
ઐન્દ્રી આદિ માલના સ્થાને સ્વપ્નો છે, તેથી દેવદ્રવ્ય ગણાય ૫૪
અન્યક્ષેત્રોની વૃત્તિની અનુપેક્ષા ૫૪
દેવદ્રવ્યનો ઉપયોગ અન્ય ક્ષેત્રમાં ન થવામાં ઐકમત્ય ૫૫
ભક્તિ કરનારાઓમાં બાહ્ય સંયોગની પણ કિમ્મત ૫૫
સમવસરણમાં પણ ઋદ્ધિની મહત્તા-અમહત્તા ૫૬
અભિષેક અને પૂજાની માફક આભૂષણની પૂજા જરૂરી ૫૬
વીતરાગદશાની પૂજા કરવાની વાતનું વાહીયાતપણું ૫૬
જિનપ્રતિમાને ચક્ષુ ચ્હડાવવાની આવશ્યકતા ૫૭
છદ્મસ્થ અવસ્થામાં પણ તીર્થંકરપણું ૫૮
કેવલી થયા પછી જિનનામકર્મના ઉદયનું તત્ત્વ ૫૮
ખાસ મહત્ત્વની વાત ૫૮
તીર્થંકર ભગવાનોમાં પરહિતરતપણાનો વિચાર ૫૯

"આકાલ" પદના કૂટ અર્થનો સ્ફોટ ૬૦
શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું સર્પ ફેંકવામાં પણ પરોપકારનિરતપણું ૬૩
અવસ્થાની અપેક્ષાએ સાવદ્યની પણ યોગ્યતા ૬૪
પ્રભુ મહાવીરની સાત્ત્વિકતા ૬૫
ઉત્તમ સ્વપ્નોનો સામાન્ય ફળાદેશ ૬૭
ગર્ભાપહારને કલ્યાણક કહેનારની અજ્ઞાનતા ૬૭
શ્રી કલ્પસૂત્રના "સેય" શબ્દથી કલ્યાણક માનનારની ગેરસમજ ૬૮
શ્રી કલ્પસૂત્રના બહુવચનથી ગર્ભાપહારને કલ્યાણક કહેનારા પ્રત્યે ૬૮
ગજાદિ સ્વપ્નોના ફલાદેશની મહત્તા ૬૯
સાથે રમનારા તે કુમારો કયા? ૬૯
પૈશાચિક રૂપને મુષ્ટિ મારવાનો હેતુ ૬૯
પ્રભુ મહાવીરની પરહિતવૃત્તિ ૭૦
જિનેશ્વર ભગવાનને જાતિસ્મરણની જરૂર ૭૦
મતિ, શ્રુત અને અવધિજ્ઞાન કરતાં જાતિસ્મરણનું આંશિક મહત્ત્વ ૭૧
દેવભવવાળાને પણ શ્રુતજ્ઞાનની ન્યૂનતા ૭૨
જાતિસ્મરણથી શ્રુતની સારી પ્રાપ્તિ છતાં ગાંભીર્ય ૭૨
લેખશાળામાં લઈ જવાની ક્રિયાનો અનિષેધ કેમ? ૭૩
વ્યતિરિક્ત પૂજાનું કારણ અનુપકૃત પરહિતરતતા ૭૫
તીર્થંકરની પરોપકારિતા વરબોધિથી કે અનાદિથી? ૭૫
વાક્યોના જથ્થાને વૃત્તાન્તોનો જથ્થો કહેવાય કે? ૭૬
ભગવાન મહાવીરની ઉપકાર પરંપરા ૭૬
યશોદા સાથેના લગ્નમાં પરોપકારિતાની ઝાંખી ૭૭
કાકતાલીય ન્યાયે યશોદાનું પરિણયન માટે સ્વયમાગમન ૭૮
યશોદા નામનું ગુણનિષ્પન્નપણું ૭૯
ગુણનિષ્પન્ન નામોવાળાનો આશ્ચર્યકારક સંબંધ ૭૯
પરોપકારને અંગે સાવદ્ય-અનવદ્યપણાની આવશ્યકતા કેટલી? ૮૦
અભિગ્રહની પૂર્ણતા પછી ઉપકારને અંગે જ બે વર્ષ રહેવું ૮૦


## પુસ્તક ૨ - પૃ. ૮૧-૧૬૦


**શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાએ વિસ્તારેલું તત્ત્વજ્ઞાન ૮૧-૯૫**
જૈન દર્શનમાં ગુરૂની જવાબદારી ૮૧
જૈનદર્શનમાં મોહમલિનતાની સર્વત્ર અધમતા કેમ? ૮૨
મનુષ્ય જાતની માફક જીવની જાત ૮૩
છ કાય જીવની માન્યતા એ જ વીર-વાણી ૮૩
ભગવાન વીરના દર્શન સિવાય અન્યત્ર જમાનાનું ઝેર ૮૪

ઈતર દર્શનવાળાના હિંસાનિષેધ અને દયા આદિ વાક્યો અનુકરણરૂપ છે ૮૫
મહાવીરના મહાવ્રતો અને અહિંસાની મુખ્યતા ૮૬
જૈનોના પર્વ અને તહેવારોમાં ત્યાગ ૮૬
ભગવાન જિનેશ્વરોના મંદિરોમાં પેસવાની મનાઈ કેમ ? ૮૭
કર્મનાશા નદીના જલનો સ્પર્શ એ બીજે નંબરે ૮૭
ગંગાજી અને કર્મનાશામાં ફરક કેમ ? ૮૮
સુખ એ આત્મ સ્વભાવ કે પુદ્ગલસ્વભાવ ? ૮૮
મોક્ષ પ્રાપ્તિ માટે જ્ઞાનનો નાશ કેમ ? ૮૯
પરમેશ્વરને વ્યાપક માનવાની જરૂર કેમ પડી ? ૮૯
શેષ જીવોને પણ સર્વ વ્યાપક કેમ માનવા પડ્યા ? ૯૦
જ્ઞાન જુદું કેમ માનવું પડ્યું ? ૯૦
આત્મ-વ્યાપકતા એ પર્યવસાનમાં નાસ્તિકતા ૯૧
આત્મા અને જ્ઞાનને જોડનાર ૯૧
આત્માને નિરંશ કે સાંશ માનવો ? ૯૨
આત્મા જ્ઞાન સ્વરૂપ કેમ ? ૯૩
જ્ઞાનસ્વરૂપ આત્મા હોય તો જ કૈવલ્ય સંભવે ! ૯૩
આત્મામાં જ્ઞાન ઉત્પાદ્ય કે અભિવ્યંજ્ય ? ૯૩
અનુભવથી જ્ઞાનને ગુણ અને આવરણો માનવાની જરૂર ૯૩
સાંખ્યાદિના મતે જ્ઞાનનું સ્થાન ૯૪
ઉપસંહાર ૯૫

**પૂ. આગમોદ્ધારક શ્રી વ્યાખ્યાન સંગ્રહ ૯૬–૧૬૦/૪**

**સંબોધસિત્તરી (ગા. ૪૩)ના ૭ વ્યાખ્યાનો**

પહેલું વ્યાખ્યાન ૯૬–૧૦૪
બીજું વ્યાખ્યાન ૧૦૫–૧૧૬
ત્રીજું વ્યાખ્યાન ૧૧૬–૧૨૪
ચોથું વ્યાખ્યાન ૧૨૫-૧૩૩
પાંચમું વ્યાખ્યાન ૧૫૫–૧૫૪
છઠ્ઠું વ્યાખ્યાન ૧૫૫–૧૬૦/૪

## પુસ્તક ૩ – પૃ. ૧૬૧–૨૪૦

**આદ્ય ઉપદેશક તીર્થંકર ભગવાન્ જ કેમ ? ૧૬૧–૧૭૩**

ઉપદેશ પ્રવર્ત્તક પરમાત્મા પરમેશ્વર ૧૬૧
પરમપુરૂષ પરમાત્માની ભાવના ૧૬૩
પરમાત્મા કેવલી થાય ત્યારે જ ઉપદેશક કેમ ? ૧૬૩
શ્રી લલિત વિસ્તરાના 'આકાલ' નો ખુલાસો ૧૬૬
ભગવાન જિનેશ્વરો જન્મથી ઈંદ્રાદિકોથી આરાધ્ય કેમ ? ૧૬૭
અનાદિ શુદ્ધ આત્માઓ કેમ ન માનવા ? ૧૬૮
આજ્ઞા ગ્રાહ્ય અને હેતુગ્રાહ્યનું સ્થાન ૧૬૯
અનાદિ શુદ્ધ આત્મા માનવામાં બાધ ૧૭૨

**દીવાદાંડીનાં અજવાળાં ૧૭૪-૧૮૫**
(પૂ. આગમોદ્ધારકશ્રીના મનનીય પાંચ વ્યાખ્યાન-નિબંધોનો સંગ્રહ)

**૧. સતત વિચારવા જેવું!!!**
(જાહેર વ્યાખ્યાન) ૧૭૪-૧૮૫

શું બીનજરૂરી ચીજ જ ધર્મ? ૧૭૫
શંકાસમાધાયક દૃષ્ટાંત અને માનવજીવનમાં વિષયોની મોંઘવારી ૧૭૬
ક્યાંથી આવ્યા? અને ક્યાં જશો? ૧૭૯
પદાર્થ પ્રીતિની દુર્લભતા ૧૮૧
પદાર્થ પ્રીતિના ત્રણ પાયા ૧૮૨

**૨. ધર્મનો પાયો**
(મનનીય વ્યાખ્યાન) ૧૮૬-૨૦૧

જન્મ-મરણનો ભય ૧૮૬
ધર્મની મર્યાદા ૧૮૭
ધર્મનું સ્વરૂપ વર્ણન ૧૮૯
મૈત્રી ભાવના ૧૯૦
પ્રમોદ ભાવના ૧૯૨
કારૂણ્ય ભાવના ૧૯૪
માધ્યસ્થ ભાવ ૧૯૫
પ્રમોદ ભાવના ૧૯૮
ભાવનાઓનો ઉપસંહાર ૧૯૯

**૩. ઉદ્દેશ-સમુદ્દેશ અને અનુજ્ઞા**
(મનનીય વાચના) ૨૦૨-૨૧૧

**૪. ધર્મશ્રવણનો અર્થી-અધિકારી કોણ? ૨૧૨-૨૧૮**
(મનનીય લેખ)

**ધર્મની ઓળખાણ ૨૧૯**
(અતિમહત્ત્વનું વ્યાખ્યાન)

આર્ય પ્રજાની માન્યતા ૨૧૯
નકલ કોની નીકળે? ૨૨૦
ભાગ્યનો જ પ્રતાપ ૨૨૦
મનુષ્યપણાની કિંમત! ૨૨૧
જૈનો જીવ કોને માને? ૨૨૧
જગતની દૃષ્ટિએ જોતાં શીખો ૨૨૨
ધર્મએ મહાન કિંમતી ચીજ ૨૨૨-૧
સાચા ચોકસી બનો ૨૨૨-૨
નકલીઓથી સાવધાન ૨૨૨-૨
ધર્મના કાંટા દેખી દૂર રહેનારાઓને ૨૨૨-૩
બારીક બુદ્ધિથી ધર્મને તપાસો ૨૨૨-૩
દૃષ્ટિદોષ ૨૨૨-૪
મૂળ વસ્તુને કદી ન છોડો ૨૨૨-૪
ધર્મને માથે ધુળ ઉડાડનારા ૨૨૨-૪
ધર્મના પડીકા વેચવાવાળા ૨૨૨-૫
ઘરના જ સર્ટીફીકેટો દેવાના ૨૨૨-૬
વૈયાવચ્ચ એ મહાન ગુણ ૨૨૨-૬
ભગવાનને કોણ માની શકે? ૨૨૨-૭
વાડાબંધીનું પરિણામ ૨૨૨-૮

**૫. દેવદ્રવ્ય વિચાર ૨૨૩-૨૪૦**

देवद्रव्य के उपर सागरशेठ का दृष्टांत २३५
श्री चन्द्रकुमार का दृष्टान्त २३७
विचारने मनन करने योग्य २३९

## પુસ્તક ૪ – પૃ. ૨૪૧–૩૦૮


### આદ્ય ઉપદેશક તીર્થંકર ભગવાન જ કેમ? ૨૪૧–૨૫૬

આદ્ય સમ્યક્ત્વમાં પણ સ્વયં-સંબુદ્ધ હોય કે? ૨૪૧
આદ્ય સમ્યક્ત્વ અને વરબોધિમાં ભેદ ખરો કે નહીં? ૨૪૨
આદ્ય સમ્યક્ત્વ ગુરૂઆદિથી થાય કે સ્વયં થાય? ૨૪૪
ભગવાનની પરોપકારિતા ક્યારની? ૨૪૬
તીર્થંકરનામ નિકાચિત કરવું ૨૪૭
ભગવાન્ જિનેશ્વરની આદ્ય સમ્યક્ત્વ પ્રાપ્તિ ૨૪૭
કર્મનો કર્તા એ આત્માનું લક્ષણ ૨૪૮
અનાદિથી કર્મનો કર્તા કેમ? ૨૪૮
ભગવાન્ તીર્થંકરો પણ અનાદિથી કર્મોના કર્તા ૨૫૦
ભગવાન્ તીર્થંકરોની સમ્યક્ત્વ પ્રાપ્તિમાં વિચિત્રતા ૨૫૧
અન્ય સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાનવાળા ઉપદેશકો કેમ નહીં? ૨૫૩
શ્રી જિનેશ્વર મહારાજા આદ્ય ઉપદેશકો જ કેમ? ૨૫૫

### હૈયાનો ઝંકાર ૨૫૭–૨૬૮

શ્રી તારંગા તીર્થપતિ શ્રી અજિતનાથ પ્રભુ સ્તવન ૨૫૭
વીતરાગ સ્તોત્ર પ્રકાશ ૨–અનુવાદ ૨૫૮
શ્રી સિદ્ધચક્ર સ્તવન ૨૫૯
જય! શત્રુંજય!! ૨૬૦
સુંદર સંસ્કૃત સુભાષિતો ગુજરાતી અનુવાદ સાથે ૨૬૧–૨૬૮

### ગુરૂચરણમાંથી મળેલું ૨૬૯–૩૦૨

તાત્ત્વિક પ્રશ્નોત્તરો (સં.) ગુજરાતી અનુવાદ ૨૬૯–૨૭૬
છૂટક માર્મિક પ્રશ્નોત્તરો (અનુવાદ) ૨૭૭–૨૭૯
તાત્ત્વિક વિચારણા ૨૮૦–૨૮૪
આવશ્યક સૂત્ર અને તેની નિર્યુક્તિ ૨૮૫–૩૦૨
દશવૈકાલિક આદિ કરતાં આવશ્યકની નિર્યુક્તિ પ્હેલી કેમ? ૨૮૫
નિર્યુક્તિમાં બીજું મંગલ કેમ? ૨૮૬
અંગોપાંગ સંયુક્ત નિર્યુક્તિનું સ્થાન આવશ્યક ૨૮૬
મ્હોટા પ્રમાણના સાહિત્યનું સ્થાન ૨૮૬
નહિ છપાયેલી ભાષ્યગાથાઓ ૨૮૭
વાર્તિકથી શોભેલું આવશ્યક ૨૮૭
ભાષ્યાદિથી શણગારાયેલું આવશ્યક ૨૮૮
અનેક આચાર્યની ટીકાદિથી શોભતું આવશ્યક ૨૮૮
વિશિષ્ટ કથાઓનું મૂળ આવશ્યક ૨૮૮
આવશ્યકની વ્યાખ્યા માટે જુદું સ્વતંત્રસૂત્ર ૨૮૯
સૂત્રનું સ્થાન લેનાર ગાથાવાળી નિર્યુક્તિ ૨૮૯

મૂલસૂત્રોમાં નિર્યુક્તિની ગાથાઓ ૨૯૦

નિર્યુક્તિ અંગ વગેરેમાં કુલ, ગણ અને નિહ્નવોની વક્તવ્યતા કેમ ? ૨૯૧

સિદ્ધાન્તોનું જિનભાષિતપણું ૨૯૨

દિગંબર શાસ્ત્રોની કલ્પિતતા ૨૯૨

વર્તમાન સૂત્રો ઉપર આક્ષેપ કરનાર દિગંબરોનું વિતંડાવાદી પણું ૨૯૩

દિગંબર શાસ્ત્રોમાં જિન પ્રણીત પણાના અભાવનો તેઓએ કરાતો સ્વીકાર ૨૯૩

આવશ્યક નિર્યુક્તિની ગાથાઓનું વ્યાજબી સૂત્રમાં સ્થાન ૨૯૪

આવશ્યક નિર્યુક્તિને નાકબુલ કરનારની દશા ૨૯૪

લુંપકમતવાળાને નિર્યુક્તિ આદિ નાકબુલ કરવાનું કારણ ૨૯૫

ટીકાદિ નહિ માની કલ્પિત અર્થો કરનાર લુંપકોનું મૃષાવાદી પણું ૨૯૬

લુંપકોએ આવશ્યક નિર્યુક્તિ આદિની માફક કરેલ સૂત્રોનો અપલાપ ૨૯૬

અંગાદિ સૂત્રોમાં શ્રાવકના આચાર ન હોવાનું કારણ ૨૯૭

લુંપકોના માનેલા સૂત્રોથી પણ પ્રતિમાદિની માન્યતાસિદ્ધિ ૨૯૮

દ્રૌપદીનો પ્રસંગ અને પ્રતિમા પૂજાદિની વ્યાપકતા ૨૯૮

આવશ્યક નિર્યુક્તિનું દિગંબરોમાં અનુકરણ અને અપહરણ ૨૯૯

વટ્ટકેર સ્વામીનો મૂલાચાર ? ૩૦૦

દિગંબરોને સૂત્રો વિચ્છેદ થયાં એમ કેમ માનવું પડયું ? ૩૦૧

દિગંબર પરંપરામાં સૂત્રનો અંશ પણ પરંપરાગત કેમ નહિ ? ૩૦૧

વટ્ટકેર સ્વામિના મૂલઆચારમાં નિર્યુક્તિનો ઉપલંભ ૩૦૨

નિર્યુક્તિના પ્રચારની વટ્ટકેર-સ્વામી વખતે પ્રચુરતા ૩૦૨

"આગમ જ્યોત" અંગે સ્થાયી કોશની યોજના ૩૦૩

સં. ૨૦૨૫ના સ્થાયી કોશમાં લાભ લેનાર સદ્‌ગૃહસ્થોની નામાવલી ૨૦૪-૩૦૪

સં. ૨૦૨૫ માં ભેટ આપનાર પુણ્યાત્માઓની નામાવલી ૩૦૬-૩૦૭

કૃતજ્ઞતા અને ક્ષમાપના ૩૦૮


## છુટક ઉપયોગી સામગ્રી


સાગરનાં મોતી — ટાઈટલ પેજ ચોથું

પ્રાસંગિક સુંદર સુભાષિતો

મનનીય સુવાક્યો ૧૪

ધર્મ પરિણમ્યાની નિશાની ૮૦

અમૃત વાણી ૯૫

ધ્યાનમાં લેવા જેવું ૧૬૦/૪

છદ્મસ્થતા ભૂલનું કારણ છે, પણ ૧૭૩

મનનીય સુવાક્ય ૨૦૧

મનનીય સુવાક્યો ૨૨૨/૮

સદા યાદ રક્ખો !!! ૨૪૦

માર્મિક વાક્યો ૨૫૯

યાદ રાખવા જેવું ૨૬૮

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૪૯૬
વિ. સં. ૨૦૨૬

શ્રમણ ભગવાન્ મહાવીર
મહારાજાએ વિસ્તારેલું
તત્ત્વજ્ઞાન

આગમો સં. ૧૯
વર્ષ-૪

**समणे भगवं महावीरे तत्तसब्भूअभावं**
**आघवेइ परूवेइ दंसेइ णिदंसेइ**

## શાબ્દિક રીતે પણ સર્વદર્શનોનું મોક્ષનું લક્ષ્ય

જગતમાં કોઈપણ ધર્મ કોઈપણ ઉદ્દેશ સિવાય પ્રવર્તતો નથી, અને તેથી સામાન્ય રીતે સર્વ આસ્તિક મતોના ધર્મો અમુક ઉદ્દેશથી જ પ્રવર્તેલા છે. અને તે બધા આસ્તિકોનો મુખ્ય ઉદ્દેશ જે એક તરીકે મળતો આવે છે તે બીજો કોઈ જ નહિં પણ મોક્ષ પ્રપ્તિનો છે.

વૈશેષિકો દ્રવ્યાદિ સાત પદાર્થના સાધર્મ્ય-વૈધર્મ્યજ્ઞાનને જરૂરી ગણાવે છે અને તેનું ફળ મોક્ષ થાય એમ માને છે.

નૈયાયિકો પણ પ્રમાણ, પ્રમેય આદિ સોળ પદાર્થોના તત્ત્વજ્ઞાનને જરૂરી જણાવી, તેના તત્ત્વજ્ઞાનથી મોક્ષ થવાનું માને છે.

સાંખ્ય કે જે કપિલના નામે ઓળખાય છે. તે પ્રકૃતિ આદિ પચીશ તત્ત્વોને જાણવાનું જરૂરી જણાવી પ્રકૃતિ અને પુરૂષના સ્વભાવનો ભેદ જાણવાથી મોક્ષ થાય એમ માને છે.

**બૌદ્ધો** પદાર્થોને સામાન્ય રીતે પ્રાથમિક દ્રષ્ટિએ ક્ષણિક મનાવી પછી પરમાર્થથી નૈરાત્મ્યવાદ દાખલ કરી વાસનાના નિરોધને મોક્ષ માને છે.

**વેદાંતવાદીઓ** આત્માને સ્વતઃ શુદ્ધ સ્વરૂપવાળો માનીને સતી, અસતી કે સદસતી એ ત્રણમાંથી એકે રૂપે ન કહી શકાય એવી અનિર્વચનીય માયાને વ્યાવહારિક રીતિએ બંધન કરનાર માની આત્માના સ્વરૂપજ્ઞાનથી તે વ્યવહારી બંધનનો નાશ માની મોક્ષ માને છે.

તેથી જ તેઓ **आत्मा वा अरे अयं श्रोतव्यो, मंतव्यो निदिध्यासितव्यः** એમ જણાવી આત્માનું શ્રવણ મનન અને નિદિધ્યાસનને તાત્ત્વિક મોક્ષનો ઉપાય છે. એમ જણાવે છે.

## અજ્ઞાનની સંસારકારણતાથી પણ અસદ્વર્તનની વધુ ભયહેતુતા

પણ આ બધા ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે શ્રમણ ભગવાન્ **મહાવીર મહારાજે** પ્રરૂપેલ જૈનધર્મ સિવાયના આસ્તિક કહેવાતા સર્વમતો મુખ્યતાએ જ્ઞાનથી જ મોક્ષ માનનારા છે, અને તેથી ચોકખા શબ્દોમાં એમ કહીએ તો ખોટું નથી કે–જિનેશ્વર ભગવાન્ **મહાવીર મહારાજ** સિવાયના સર્વ બીજા આસ્તિક મતવાળાઓ સંસારના કારણ તરીકે અને મોક્ષને રોકનાર તરીકે કેવળ અજ્ઞાનને જ માને છે, પણ શ્રમણ ભગવાન્ **મહાવીર મહારાજા** જૈન ધર્મના નિરૂપણમાં એકલા અજ્ઞાનને સંસારના કારણ તરીકે કે મોક્ષના પ્રતિબંધક તરીકે ન માનતાં અજ્ઞાનની સાથે અસદ્વર્તનને પણ સંસારના કારણ તરીકે અને મોક્ષના પ્રતિબંધક તરીકે માને છે, અને તેમાં પણ અજ્ઞાનના ટેકામાં અસદ્વર્તનને જ મુખ્ય કારણ તરીકે જણાવેલ છે.

કોઈપણ સદ્વર્તનવાળો થયેલો મનુષ્ય ચિરકાળ અજ્ઞાનીપણામાં નથી રહેતો, પણ બાહ્ય ઈન્દ્રિય ગ્રાહ્ય પદાર્થો તો શું ? પણ ઇન્દ્રિયોથી

ન જાણી શકાય એવા એવા અતીન્દ્રિય પદાર્થોને પણ જાણી શકે એવું ઉંચી હદનું જ્ઞાન થયું હોય તો પણ જો તે સદ્વર્તનમાં કે સદ્વર્તનની ઈચ્છામાં દાખલ ન થયો હોય તો તેને કલ્પાંતે પણ મોક્ષ થાય નહિ, એમ જણાવી સદ્વર્તનને જ મોક્ષના સાધન તરીકે કે સંસારને રોકનાર તરીકે મુખ્યપદ આપેલું છે.

**સમ્યક્ જ્ઞાન એટલે ?**

શ્રમણ ભગવાન **મહાવીર મહારાજે** તાત્ત્વિક જ્ઞાન તેને જ માન્યું છે કે જે જ્ઞાન થયા પછી મન, વચન અને કાયાની વર્તણુક-માં અશુદ્ધિ રહે નહિ, અને જે જે જગો પર મન, વચન કાયાની અશુદ્ધિ હોય અને તે અશુદ્ધિને અશુદ્ધિરૂપ જાણી ટાળવાની ઈચ્છા ન હોય તો તે જ્ઞાનને જ્ઞાનરૂપે માનવાની પણ શ્રમણ ભગવાન **મહાવીર** ના પાડે છે.

**આશીર્વાદ રૂપ જ્ઞાન કયું ?**

જગતમાં જેમ ચોર, લુચ્ચા અને જુગારીઓની ચાલાકી બુદ્ધિ અને હોંશિયારી શાપ સમાન છે, તેવી રીતે સદ્વર્તનના પક્ષમાં કે તેની ઉત્તમતાની માન્યતામાં દાખલ નહિ થયેલાઓનું ચાહે જટલું વ્યાવહારિક જ્ઞાન હોય, પણ તે અજ્ઞાન જ કહેવાય છે, અને તેવું અજ્ઞાન તેના ઉપાસકોને એકલાને જ નહિ પણ તેવા જ્ઞાનવાળાને પણ ભવભ્રમણ કરાવનાર છે. એમ જૈનદર્શન માને છે.

**મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન જેટલી જ વર્ત્તનની જરૂર.**

આજ કારણથી શ્રમણ ભગવાન **મહાવીર મહારાજા** જૈન-ધર્મમાં દીક્ષિત થનારને પ્રથમ નંબરે એ માનવાનું જરૂરી જણાવે છે કે—

**જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** અર્થાત્ ઉપર જણાવેલા મતોમાં કેટલાકોએ સાધર્મ્ય-વૈધર્મ્ય આદિ જ્ઞાન માત્રથી મોક્ષ માન્યો, જ્યારે કેટલાકોએ ક્રિયામાત્રથી મોક્ષ માન્યો પણ જૈનદર્શન નથી તો એકલા જ્ઞાન માત્રથી મોક્ષ માનતું, અને નથી તો એકલી ક્રિયામાત્રથી મોક્ષ

**માનતું! પણ જૈન દર્શન જ્ઞાન અને ક્રિયા બન્નેના સંયોગથી જ મોક્ષ માને છે.**

જ્ઞાન અને ક્રિયાનો સંયોગ કહીને તેઓ એમ જણાવે છે કે જે કેટલાક મત વાળાઓ જ્ઞાન અને ક્રિયા બન્નેને મોક્ષના ઉપાય તરીકે માને છે. એટલે કે જ્ઞાન અને ક્રિયામાં મોક્ષ પ્રાપ્ત કરવાની સ્વતંત્ર શક્તિ માને છે. અર્થાત્ કેટલાકો જ્ઞાનવાળા હોય અને ક્રિયાવાળા ન હોય, તો પણ તેઓ જ્ઞાનના પ્રભાવથી મોક્ષે જઈ શકે અને તેવી જ રીતે કેટલાકો ક્રિયાવાળા હોય અને જ્ઞાનવાળા ન હોય, તો પણ તે ક્રિયાના પ્રભાવે મોક્ષે જઈ શકે છે.

એવી રીતે જ્ઞાન અને ક્રિયા બન્નેમાં જે કેટલાકોએ મોક્ષ દેવાની સ્વતંત્ર શક્તિ માની છે, તેવી રીતે જૈનધર્મ એકલા જ્ઞાનમાં કે એકલી ક્રિયામાં મોક્ષ દેવાની શક્તિ માનતો નથી.

વળી કેટલાકો જ્ઞાન અને ક્રિયા બન્નેને મોક્ષ દેનાર તરીકે સ્વતંત્ર ન માનતાં જ્ઞાન-ક્રિયા બન્નેની સહચારિતાથી મોક્ષ થાય એમ માને છે, પણ તેમાં કેટલાકો જ્ઞાનની મુખ્યતા અને ક્રિયાની ગૌણતા હોય તો પણ અથવા ક્રિયાની મુખ્યતા અને જ્ઞાનની ગૌણતા હોય તો પણ મોક્ષ થવાનું સ્વીકારે છે, તેવી રીતે **જૈન દર્શન જ્ઞાન અને ક્રિયામાં જુદી જુદી મોક્ષ દેવાની શક્તિ હોય તેવો સ્વીકાર કરતા નથી.**

અથવા તો કેટલીક વ્યક્તિમાં જ્ઞાન મુખ્ય હોય અને ક્રિયા ગૌણ હોય તો પણ મોક્ષ થાય અને કેટલીક વ્યક્તિઓમાં ક્રિયા મુખ્ય હોય અને જ્ઞાન ગૌણ હોય તો પણ મોક્ષ થાય એવું પણ સ્વીકારતો નથી.

આજ કારણથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરતાં ૧. सुयं सेयं, ૨. सीलं सेयं, ૩. सुयं सीलं सेयं ૪ सीलं सुयं सेयं, આ ચાર પ્રકારનો નિષેધ કર્યો.

અર્થાત્ એકલું જ્ઞાન એ પણ શ્રેષ્ઠ નહિં, એકલી ક્રિયા એ પણ

શ્રેષ્ઠ નહિ, શ્રુત ગૌણુ અને શીલ મુખ્ય એ માર્ગ પણ શ્રેષ્ઠ નહિ તેમજ શીલ ગૌણુ અને શ્રુત શ્રેષ્ઠ એ માર્ગ પણ શ્રેષ્ઠ નહિ, એટલે ચારમાંથી એક પણ પ્રકાર મોક્ષને આપનારો બનતો નથી.

## શ્રુત અને શીલના ભાંગા અને તેની સમજ

આવી રીતે આ ચાર પ્રકારોને વ્યર્થ જણાવીને બીજા મુદ્દાના ચાર પ્રકાર જણાવ્યા છે કે

**(૧) સદ્વર્તનને શ્રેષ્ઠ જાણે અને માને છતાં સદ્વર્તન કરે નહિ !**

**(૨) સદ્વર્તનને સારી રીતે આચરે ખરો ! પણ સદ્વર્તનનું સ્વરૂપ જાણે કે માને નહિ !**

**(૩) સદ્વર્તનનું સ્વરૂપ યથાસ્થિત તરીકે જાણે માને અને સંપૂર્ણ રીતિએ આચરે !**

**(૪) સદ્વર્તનના સ્વરૂપને જાણે-માને પણ નહિ એને સદ્વર્તનને આચરે પણ નહિ !**

આ ચાર પ્રકારના પુરૂષો જૈન શાસનમાં પણ હોય છે.

પણ તેમાં માત્ર મોક્ષ મેળવનાર જો કોઈ હોય તો તે ત્રીજો ભાંગો કે જેમાં સદ્વર્તનને જાણવા-માનવાનું અને આચરવાનું છે. તે ભાંગાવાળો જ મનુષ્ય મોક્ષ મેળવી શકે છે.

આ ઉપરથી ચોથો ભાંગો કે જેમાં સદ્વર્તનને આદરવાનું પણ નથી તેવા ચોથા ભાંગામાં રહેલા મનુષ્ય મોક્ષ ન સાધી શકે અને તે મોક્ષને ન સાધવા રૂપ વિરાધકપણું જ તેને હોય તેમાં આશ્ચર્ય જ નથી.

## અભિમુખ અને વિમુખતારૂપ આરાધક-વિરાધકતાની સમજણ

જો કે પહેલાં ભાંગામાં સદ્વર્તન[illegible]રણ નથી, પણ સદ્વર્તનને શ્રેષ્ટ તરીકે જાણે અને [illegible], અને તેથી સદ્વર્તનની

ઉત્તમતા રોમે રોમ વસી જાય, તો પણ તે સદ્દ્વર્તન કરતો નથી માટે તે ક્રિયા રહિત હોવાથી તે ક્રિયા-અંશનો વિરાધક છે.

એવી જ રીતે બીજા ભાંગામાં કોઈ તેવા મહાપુરુષના સમાગમથી કે અન્ય કોઈપણ કારણથી સદ્દ્વર્તનને આચરનારો છે. પણ સદ્દ્વર્તનની શ્રેષ્ઠતાને જાણનારો-માનનારો નથી, તેથી તે માત્ર અંશનો જ આરાધક છે.

આવી રીતે આરાધક, વિરાધક, સર્વઆરાધક અને સર્વ વિરાધકના સ્વરૂપને યથાસ્થિતપણે સમજનારો મનુષ્ય શ્રમણ ભગવાન **મહાવીર મહારાજના** તત્ત્વવિજ્ઞાનના વિસ્તારને સમજતાં સ્પષ્ટપણે સમજી શકે કે શ્રમણ ભગવાન્ **મહાવીર મહારાજે** જૈન ધર્મના જ્ઞાન અને ક્રિયા એ બન્નેને એક સરખી રીતે જ મુખ્યમાર્ગ તરીકે જણાવેલ અને તેથી જૈનશાસ્ત્રકારો જ્ઞાન અને ક્રિયા એ બન્નેને જૈનધર્મરૂપી રથના ચક્ર તરીકે માને છે.

## જ્ઞાન અને ક્રિયાને રથના ચક્રની ઉપમા કેમ ?

એ તો જાણીતી વાત છે કે રથના બે ચક્રોમાં એક ચક્ર પણ ન હોય તો રથની ગતિ થાય નહિં, તેવી જ રીતે કોઈપણ ચક્ર મોટું કે નાનું હોય તો પણ તે રથની ગતિ બને નહિં, એવી જ રીતે શ્રમણ ભગવાન **મહાવીર મહારાજે** જૈન ધર્મ આદરનારાઓને સ્પષ્ટ પણે જણાવી દીધું છે કે જો તમારે આ જૈનધર્મરૂપી રથથી મોક્ષપુરે પહોંચવું હોય તો તમારે આ જૈનધર્મરૂપી રથના જ્ઞાન અને સદ્દ્વર્તન રૂપી બન્ને ચક્રો રાખવા જ જોઈશે અને તે પણ બન્ને ચક્રોમાં એકની પણ મુખ્યતા કે ગૌણતા કરવા દ્વારાએ મોટા-નાનાપણું નહિ કરતાં એ સમ્યગ્ જ્ઞાન અને સદ્દ્વર્તનના બન્ને ચક્રો સરખાજ રાખવા જોઈએ.

## ભગવાન ઉમાસ્વાતિ વાચકજીના માર્ગની શ્રોતૃ-અપેક્ષતા

જો કે ભગવાન ઉમાસ્વાતિ વાચકજીના વચન પ્રમાણે સમ્યગ્દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણ મળીને મોક્ષનો

રસ્તો છે. એમ જણાવાય છે પણ તે ભગવાન ઉમાસ્વાતિ વાચકજીનું સૂત્ર અન્યમતથી જૈનમતની સમાલોચનાને અંગે નથી, પણ જૈનદર્શનમાં પ્રવર્ત્તેલા ભવ્ય જીવોને મોક્ષના માર્ગને જણાવવા પુરતું છે, અને આજ કારણથી તેમાં સમ્યક્‌શબ્દ જોડવાની જરૂર પડી છે.

**જ્ઞાન અને ક્રિયામાં 'સમ્યક્' શબ્દ કેમ નથી?**

**ज्ञानक्रियाभ्यां मोक्षः** એ સૂત્ર ઈતર દર્શનોની માન્યતાના જવાબ રૂપે છે.

"એકલા જ્ઞાનથી, એકલી ક્રિયાથી, જ્ઞાન અને ક્રિયા બન્નેની સ્વતંત્રતાથી, જ્ઞાન મુખ્ય અને ક્રિયાની ગૌણતાથી, ક્રિયા મુખ્ય અને જ્ઞાનની ગૌણતાથી મોક્ષ સધાય છે." એવું જેઓ માને છે, તેઓને એ જાણવું જરૂરી છે કે હતું કે જ્ઞાન અને ક્રિયા બન્નેની મુખ્યતા હોય તો જ મોક્ષ થઇ શકે. એવી વિશિષ્ટતા જણાવવાની હોવાથી **ज्ञानक्रियाभ्यां मोक्षः** એ સૂત્રમાં સમ્યક્‌શબ્દ જોડવાની જરૂર રહી નહિં

જ્યારે **ભગવાન મહાવીર મહારાજના** વચનને સાચા માને અને તેમના કહેવા પ્રમાણે પદાર્થોની માન્યતા કરે ત્યારે **મહાવીર** મહારાજના બોધનું જ્ઞાન લેતાં સમ્યગ દર્શન આપોઆપ આવી જ જાય અને જ્યારે સમ્યગ્ દર્શન આવી ગયું અને તેને આધારે જ્ઞાન અને ક્રિયામાં પ્રવૃત્તિ થઈ ગઈ તો પછી સમ્યગ્ દર્શન, સમ્યગ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ ભગવાન્ **ઉમાસ્વાતિ વાચકજીનો** જણાવેલો મોક્ષમાર્ગ આપોઆપ સિદ્ધ થઈ ગયો, અર્થાત્ ભગવાન્ **ઉમાસ્વાતિ વાચકજીનું** વચન જૈનદર્શનમાં દાખલ થયેલા તર્કાનુસારીઓ માટે છે.

શ્રમણ ભગવાન **મહાવીર મહારાજનું** વચન છએ દર્શનમાં રહેલા જીવોના સમુદાયને ઉદ્દેશીને જૈનદર્શનની વિશિષ્ટતા જણાવવા સાથે મોક્ષના કારણો જણાવવાવાળું છે.

આવી રીતે શ્રમણ ભગવાન **મહાવીર મહારાજે** તત્ત્વ વિજ્ઞાનનો વિસ્તાર કરતાં માત્ર મોક્ષના હેતુઓ જ ઈતર દર્શનથી વિલક્ષણરૂપે

જણાવ્યા છે. એમ નહિ, પણ ખુદ મોક્ષનું સ્વરૂપ પણ બીજા દર્શનકારોએ જે માન્યું છે, તેના કરતાં ઘણું જ ઉત્તમ્ અને યુક્તિયુક્ત જણાવેલું છે. માટે તે મોક્ષના સ્વરૂપનો વિચાર કરવો ઘણો જરૂરી છે.

## નૈયાયિક-વૈશેષિકોના મોક્ષનું સ્વરૂપ

દરેક આસ્તિકવાદને માનનારા ધર્મો મોક્ષને માનનારા છે. એમાં મતભેદ છે, જ નહિં, પણ તે મોક્ષનું સ્વરૂપ જુદા જુદા રૂપમાં માને છે. એમાં કોઈથી ના પાડી શકાશે નહિં.

**નૈયાયિક** અને **વૈશેષિક** દર્શનો જો કે કેટલીક બાબતોમાં મતભેદવાળા છે. તો પણ મોક્ષના સ્વરૂપની બાબતમાં તે બન્નેને મતભેદ નથી અને તેઓ બન્ને મોક્ષના સ્વરૂપમાં એવી રીતે એકમત થાય છે. કે સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, બુદ્ધિ, સંસ્કાર, ધર્મ અને અધર્મ એ નવ ગુણોનો સર્વથા નાશ થાય તેનું નામ જ મુક્તિ છે.

સંસાર-ચક્રમાં ભમતાં જીવોને ડગલે ને પગલે દુઃખ થાય છે. એ વાતની કોઈથી ના કહી શકાય તેવી નથી, માટે તે દુઃખનો અંત ન થાય ત્યાં સુધી મોક્ષ ન કહેવાય અને તેથી સર્વ દર્શનોની માફક દુઃખનો નાશ તે નૈયાયિક અને વૈશેષિકો માને તેમાં અડચણ નથી, પણ તે નૈયાયિક અને વૈશેષિકો સાંસારિક દુઃખોના નાશની સાથે સર્વથા સુખોનો પણ નાશ જ થાય તેને મોક્ષ કહે છે, આવી રીતે સુખનો નાશ માનીને મોક્ષમાં સુખનો પણ અંશ નથી, એમ માનવાથી જ કોઈક કવિએ વૈશેષિકની મશ્કરી કરી છે કે-

**वरं वृन्दावने रम्ये, क्रोष्टुत्वमभिवाञ्छितं**
**न तु वैशेषिकीं मुक्तिं, प्रार्थयामि कदाचन ॥**

અર્થાત્ વૈશેષિકોના મત પ્રમાણે સર્વથા સુખનો નાશ તે જ મુક્તિ છે, એમ માનેલું હોવાથી દુનિયામાં જેમ લેણદારનું દુઃખ અસાધ્ય હોવા છતાં કોઈ પણ અક્કલવાળો મનુષ્ય દરિદ્રતાને નોતરૂ દેતો નથી, તેવી રીતે સંસારમાં દુઃખની બહુલતા છતાં પણ જો મોક્ષમાં સર્વથા સુખનો અભાવ જ માનવામાં આવે તો કવિ જણાવે

છે કે મનોહર એવા વૃંદાવનમાં શિયાળપણું સારૂં કે જે દુનિયાદારીની સ્થિતિથી જાનવરની અપેક્ષાએ અને તેમાં પણ અધમ જાનવરપણું હોવાથી શિયાળપણું સર્વથા નકામું છે. તો પણ તે શિયાળપણામાં પાંચે ઇન્દ્રિયના તથા મન, વચન, કાયાના સ્થાન અને સંતાનોના સુખો છે. માટે તે સારૂં ગણીને તેને ઇચ્છવા લાયક જણાવે છે. અને તે શિયાળપણાની અપેક્ષાએ વૈશેષિકની માનેલી મુક્તિનો ઉપહાસ કરતાં જણાવે છે કે વૈશેષિકની મુક્તિ તો કોઈપણ વખતે એટલે ભૂલે-ચૂકે પણ હું ઇચ્છું નહિ.

## મોક્ષના સાધનભૂત એવા ધર્મમાં સુખનું સ્થાન

આ એક ઉપહાસ તરીકે જણાવેલી વાતને નૈયાયિક અને વૈશેષિકની માનેલી મુક્તિની આરાધના માટે સ્થાન ન આપીએ તો પણ સ્વાભાવિક રીતે કોઈ પણ મુમુક્ષુજીવ સુખના નાશની અપેક્ષાએ ધર્મમાં પ્રવર્તવાવાળો ન હોય એ સ્પષ્ટ જ છે.

સામાન્ય રીતે ધર્મમાં પ્રવર્તવાવાળો પણ પાપ કે જે દુઃખનું કારણ છે. તેનો નાશ ઇચ્છે છે. અને દરેક શાસ્ત્રોમાં પાપના નાશને માટે જ ધર્મના અનુષ્ઠાનો બતાવેલા છે, કોઈપણ શાસ્ત્રકારે પુણ્ય કે જે સુખનું કારણ છે. તેના નાશને માટે એકપણ ધર્માનુષ્ઠાન કરેલું નથી

ખુદ નૈયાયિકો અને વૈશેષિકોએ પણ પોતાના મતમાં વિઘ્ન અને પાપના નાશને માટે જ પ્રાયશ્ચિત્ત અને મંગલાદિ માનેલા છે. પરંતુ કોઈ પણ સ્થાને તેઓએ પુણ્યના નાશને માટે કોઈ પણ અનુષ્ઠાન, પ્રાયશ્ચિત્ત કે મંગલાદિ કરવાનું જણાવેલું નથી, સામાન્ય રીતે નીતિની અપેક્ષાએ ધર્મનું જે **यतोऽभ्युदय-निःश्रेयससिद्धिः स धर्मः** એમ ધર્મનું લક્ષણ જણાવતાં આનુષંગિક ફળ તરીકે પણ અભ્યુદયને જણાવેલો છે, પરંતુ કોઇપણ નીતિશાસ્ત્રકારે અભ્યુદય કે સુખના નાશનું કારણ ધર્મ હોય એમ જણાવેલું નથી.

## કર્મનાશા નદીના જલસ્પર્શની અનિષ્ટતા કેમ?

વળી વૈશેષિકોએ કર્મનાશા નામની નદી કે જે કાશી અને

મગધ દેશની વચ્ચે આવેલી છે તેના જલના સ્પર્શમાત્રથી કર્મનો નાશ થયેલો માને છે. તે માત્ર પુણ્ય કર્મ કે જે સુખનું કારણ છે, તેનો જ નાશ માને છે. જો વૈશેષિકની દૃષ્ટિએ પુણ્યનો પણ નાશ કરવો ઈષ્ટ જ હોય તો પછી જેમ ગંગાસ્નાનાદિ પુણ્યના કારણો માનીને તેના વિધાનો સ્થાને સ્થાને કર્યા છે તેવી રીતે કર્મનાશા નદીના જલમાં પણ સ્નાન કરવાના વિધાનો સ્થાને સ્થાને કરવાની જરૂર હતી, છતાં તે કર્મનાશાના જલના સ્પર્શને ઈષ્ટ સાધન તરીકે ગણાવવું તો દુર રહ્યું પણ અનિષ્ટ સાધન તરીકે તે કર્મનાશાના જલના સ્પર્શને ગણાવ્યો છે.

## કર્મનાશા જલના સ્પર્શના નિષેધમાં સામુદાયિક મોહ જ

સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરનારાઓ તો આ કર્મનાશા નદીના જલના સ્પર્શનો કરેલો નિષેધમાત્ર સામુદાયિક મોહને અંગે છે. એમ સ્પષ્ટપણે સમજી શકે તેમ છે. અને તેથી એ ઈશ્વરીય વિધાન નથી, પરંતુ કેવળ ઉપર જણાવ્યું તે પ્રમાણે સામુદાયિક મોહવાળાનું જ વિધાન છે. કારણ કે આ વાત તો સારી રીતે જાણીતી છે કે જૈન લોકોનું કેન્દ્ર સ્થાન પરાપૂર્વથી અંગ, બંગ, મગધ અને કલિંગમાં હતું અને તે અંગ આદિ દેશોમાં રહેતા લાખો બ્રાહ્મણો જૈનધર્મ માનવા લાગ્યા હતા, એટલું જ નહિં પણ જૈનધર્મમાં દેવ, ગુરૂ અને ધર્મની પરમ મનોહરતા દેખીને હજારો બ્રાહ્મણોની સંખ્યા જૈનધર્મમાં દીક્ષિત થવા લાગી હતી.

## પરમેશ્વરની આધ્યાત્મિક મહત્તા

કારણ કે જગતમાં એક જૈનધર્મ જ એવી ચીજ છે કે જેમાં પરમેશ્વરની માન્યતા ભૌતિક પદાર્થો દેવાના મહિમાને અંગે માનવામાં આવી નથી, તેમજ શત્રુના સંહાર કે મિત્ર યા ભક્તના પોષણને અંગે પણ પરમેશ્વરની મહત્તા માનવામાં આવી નથી. જૈનધર્મમાં પરમેશ્વરની જે મહત્તા માનવામાં આવી છે, તે કેવળ આત્માના સ્વરૂપને સાચી રીતિએ જણાવી આત્માના અસાધારણ

રીતિએ રોકવાવાળા એવા કર્મોના આવવાના અને બાંધવાના રસ્તા સમજાવી તેના વિપાકોની ભયંકરતા સાચી રીતે વર્ણવીને તેવા અધમ કર્મોને રોકવાના સાધનો અને બંધાયેલા કર્મોને સર્વથા તોડી નાંખી સર્વથા અને સર્વદાને માટે આત્માના શુદ્ધ સ્વરૂપે આત્માને રહેવાનું સમજાવનાર હોવાથી જૈનોએ પરમેશ્વરની મહત્તા માની છે.

આજ કારણથી જૈનો પૃથ્વી, પાણી, પહાડ કે હવા-ઉજાશના આવિર્ભાવથી પરમેશ્વરની મહત્તા માનતા નથી. અસુર કે રાક્ષસોના નાશને પણ પારમૈશ્વર્યરૂપ ગણતા નથી. અને વળી ભકતોને ચંદ્રલોક, સૂર્યલોક કે વૈકુંઠ અર્પણ કરવાનું સામર્થ્ય ઈશ્વરમાં માનતા નથી.

## પરમ પરમેશ્વરની વાણી અને સૂર્ય પ્રકાશ

જગતમાં જેમ સૂર્ય પોતાના અજવાળાથી ઉત્તમ મધ્યમ કે અધમ પદાર્થોનું સ્વરૂપ જ પ્રકાશિત કરે છે. સૂર્યનો પ્રકાશ ઉત્તમ પદાર્થો તરફ ધક્કા મારતો નથી. મધ્યમ પદાર્થો તરફ વળગાડી રાખતો નથી અને નુકશાનકારક કનિષ્ઠ પદાર્થોથી દુર રહેવાની ફરજ પાડતો નથી, પણ માત્ર તે સૂર્યનો પ્રકાશ વિવિધ પદાર્થોના વિવિધ સ્વરૂપને જણાવી દે છે. જેથી ચક્ષુવાળા પુરુષોને ઈષ્ટ તરફ પ્રવૃત્તિ અને અનિષ્ટથી નિવૃત્તિ કરવાનું બની શકે, તેવી જ રીતે જૈનોના મંતવ્ય પ્રમાણે પરમેશ્વર પણ પુણ્ય અને પાપનું સ્વરૂપ તથા છાંડવા લાયક, આદરવા લાયક અને જાણવા લાયક પદાર્થોની યથાવસ્થિતિ કે જે પોતાના કૈવલ્યથી પોતે સાક્ષાત જાણી છે, તેસર્વ શ્રોતા જનોને કોઈપણ પ્રકારના ફરક વગર જણાવે છે.

તેથી જૈનોમાં આપ્તનું લક્ષણ પણ એ જ રાખવામાં આવ્યુ છે કે કહેવા લાયક વસ્તુને સંપૂર્ણ રીતે જાણે અને જેવી રીતે જાણી છે. તેવી જ રીતે કોઈપણ પ્રકારે ઉત્કર્ષ કે અપકર્ષ કર્યા સિવાય અગર શ્રોતાની અવસ્થાની છાયાને પદાર્થમાં નહિ નાખતાં સાચેસાચી રીતે નિરૂપણ કરે તેજ આપ્ત કહેવાય.

## પરમેશ્વરની સર્વહિતકારતા-વીતરાગતા

આવી રીતે કોઈ પણ વ્યક્તિ, કુલ કે જાતિની નિશ્રા કર્યા સિવાય શુદ્ધ લક્ષણવાળા આત્માને જૈનો પરમેશ્વર માને છે, અને તેથી જ તેઓ જણાવે છે કે—

**"सर्वज्ञो जितरागादि-दोषस्त्रैलोक्यपूजितः ।**
**यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥"**

જેવી રીતે દેવનું લક્ષણ જણાવ્યું, તેવી જ રીતે ઉપદેશમાં શ્રોતાની પણ સાંસર્ગિક છાયા ન પડે અને હોય જ નહિં તેને માટે જણાવ્યું કે **जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ, जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ ।** અર્થાત્ એક ચક્રવર્તીની આગળ જેવું રીતે ધર્મનું સ્વરૂપ કહેવું, તેવી જ રીતે કોઈ દરિદ્રનારાયણ હોય તેને પણ ધર્મનું સ્વરૂપ કહેવું, અને જેવી રીતે દરિદ્રનારાયણ વ્યક્તિને ધર્મનું સ્વરૂપ કહેવું તેવી જ રીતે શ્રોતા ભલે ચક્રવર્તી હોય તો પણ ધર્મનું સ્વરૂપ તેવું જ બતાવવું.

આવી રીતે માત્ર આત્માના કલ્યાણને માટે જ કટિબદ્ધ થયેલા અને જગતના સર્વજીવોને માયાજાળની મુંઝવણમાંથી છોડાવીને આત્મકલ્યાણ તરફ જ કટિબદ્ધ કરનારા એવા મહાપુરુષને જ દેવ માનવામાં આવેલા છે.

## આધિભૌતિકથી ઈશ્વરનું ઐશ્વર્ય કેમ નહિં ?

તત્ત્વદૃષ્ટિથી વિચાર કરીએ તો દરેક આસ્તિક મતવાળાઓ પોતપોતાના ધર્મશાસ્ત્રોમાં પૌદ્ગલિક, બાહ્ય આધિભૌતિક પદાર્થોને કેવળ ઉપાધિરૂપ અને સંસાર રૂપ માને અને મનાવે છે, તો પછી તે જ આધિભૌતિક પદાર્થોના સર્જન અને દાનને અંગે પરમેશ્વરની મહત્તા માનવામાં પૂર્વાપર પદાર્થ અને મંતવ્યનો વિરોધ, તે મતના મનાતા મહર્ષિઓ પણ ધ્યાનમાં ન લે, એ જૈનધર્મવાળાને તો મહદ્ આશ્ચર્ય લાગે છે.

જૈનધર્મવાળા તો માને છે કે જ્યારે પરમેશ્વરને આત્મ કલ્યાણને માટે જ માનીએ અને જગતના આધિભૌતિક પદાર્થોમાં પણ તત્ત્વ-

દૃષ્ટિ ધારણ કરાવનાર એવા નાસ્તિક દર્શનને ન માનીએ તો પછી પરમેશ્વરની મહત્તા આધિભૌતિક પદાર્થોના સર્જન, વિસર્જન કે દાન દ્વારા ન માનતાં આત્મદર્શન અને આત્મસ્વરૂપના આવિર્ભાવ તરીકે જ માનવી ઉચિત છે.

## પરમેશ્વરના સ્વરૂપ આડે લીલાના પડદા કેમ ?

આ જ કારણથી બીજા મતવાળાઓને પોતાના પરમેશ્વરનું આધિભૌતિક સ્વરૂપ આચ્છાદિત કરવા માટે લીલા નામનો પડદો બાંધવો પડે છે.

કેમકે જૈનધર્મમાં મનાયેલા પરમેશ્વરો સિવાય અન્ય મતમાં મનાયેલા સર્વ પરમેશ્વરોને તે તે મતવાળાઓએ કોઈપણ પ્રકારે સંયમ, તપ, પરીષહ સહન, ઉપસર્ગ પરાજય, ધર્મ-શુકલ ધ્યાન કે વીતરાગતાવાળા માન્યા નથી. પણ દરેક અન્યમત વાળાએ પોતાના પરમેશ્વરોને દુન્યવી નવાઈમાં મહત્ત્વારોપણ કરી મોટાઈના પદે ચઢાવેલા છે.

## ઈશ્વરમાં અવતાર કે અવતારમાં ઈશ્વર.

વળી જૈનધર્મ સિવાયના સર્વ આસ્તિક દર્શનકારોએ શુદ્ધ સ્વભાવવાળા ઈશ્વરમાંથી અવતારની કલ્પના કરી, અનુકરણ કરનારા કે તેનું ધ્યાન કરનારાને નિર્મળતામાંથી મલિનતાનું દર્શન કરાવ્યું છે.

પણ જૈનધર્મ અવતાર અને ઈશ્વર બન્નેને માનવાવાળો છતાં ઈશ્વરમાંથી અવતારના તત્ત્વને થતું ન માનતાં **અવતારમાંથી ઈશ્વરનું તત્ત્વ ઉત્પન્ન થતું માને છે.** અને તેથી જે જે આત્માઓ સંસારમાં મલિનતાના ખાડામાં ખદબદી રહ્યા છે, તે તે મલિન આત્માઓને સર્વથા નિર્મળ થઈ, શુદ્ધ સ્વરૂપમય આત્મસ્વભાવવાળા થવાને આદર્શ પુરૂષ તરીકે દર્શન, ભજન અને ધ્યાન કરવા લાયક ઈશ્વરી સ્વરૂપ સર્જાયેલું માને છે.

ઉપર જણાવ્યા પ્રમાણે જૈનદર્શનમાં ઈશ્વરને અંગે અસાધારણતા અને અનુપમતા વરાએલી અને મનાએલી છે, તેવી જ રીતે ગુરૂ અને ધર્મ તત્ત્વને અંગે પણ અનુપમતા અને ઉતમત્તા વરાએલી તથા મનાયેલી છે.

# મનનીય સુવાક્યો

* સ્વર-વ્યંજન-બારાખડી ભણવાથી ભણનાર વાંચી શકે, મૂળાક્ષર-જોડાક્ષર સમજી શકે, પણ કમલ અને મલના અર્થમાં રહેલો તફાવત સમજી ન શકે, કેમકે તેને અક્ષરજ્ઞાન જ થયું છે, અર્થજ્ઞાનમાં પ્રવેશ નથી થયો. આ રીતે દુનિયાનું તમામ જ્ઞાન-વિજ્ઞાન બહોળા પ્રમાણમાં જાણવા છતાં કે સારા-ખોટાના વિવેક વિના શાસ્ત્રોનું વિપુલ અક્ષરજ્ઞાન મેળવ્યા છતાં પણ પોથી પંડિત તરીકે રહે, પણ યથાર્થ વિદ્વત્તા ન કહેવાય.

* ભાવ એટલે આત્માના પરિણામ. તે પરિણામ કોઈથી આપી કે લઈ શકતા નથી, પણ તેના ઘડતર માટે પ્રબલ અલંબન તરીકે વીતરાગદેવ પરમાત્માના શાસનને લગતા દેવ, ગુરુ અને ધર્મનાં વિશિષ્ટ સાધનોનો ગુણાનુરાગપૂર્વક સ્વીકાર જરૂરી છે.

* બાહ્ય વિશુદ્ધ આલંબન વિના વિશુદ્ધ આત્મિક પરિણામો આપોઆપ ત્રણકાળમાં પણ કોઈને ઉપજતા નથી.

* જ્ઞાન વિજળીના ચમકારા જેવું છે, ભાવના કે જ્ઞાન ક્ષણે ક્ષણે પરિવર્તનશીલ છે. તે માટે પ્રશસ્ત આલંબનોની જરૂર છે. જ્ઞાનીની નિશ્રામાં યથાયોગ્ય રીતે આંતરિક પરિણામોના વિશિષ્ટ ઘડતરથી જ્ઞાન-ભાવના સ્થાયી સ્વરૂપ પામે છે.

—પ. પૂ. આગમોદ્ધારક શ્રી ના
"તીર્થંકર પદવીસોપાન" પુસ્તકમાંથી

# આગમ રહસ્ય

(વર્ષ ૩ અંક ૧ પછી ચાલુ ક્રમશઃ)

(પૂ૦ આગમોદ્ધારકશ્રીની માર્મિક ચિંતનભરી આગમિક પદાર્થોથી ભરપૂર તાત્ત્વિક લેખમાળા)

[પૂ૦ આગમોદ્ધારકશ્રીએ ઘણા મુમુક્ષુઓની પ્રેરણા-પ્રાર્થનાથી અપ્રમત્તપણે જીવનભર કરેલ આગમિક પદાર્થોના ચિંતનના ફળ સ્વરૂપ નક્કર વિચારોને લેખબદ્ધ રૂપે રજુ કરવાનો પ્રયાસ વિ. સં. ૧૯૮૩માં "શ્રી સિદ્ધચક્ર" માસિકના ઉદ્‌ભવ સાથે કરેલ.

તે લેખમાળા ખૂબ સરસ રીતે ચાર વર્ષ ચાલેલી, "**આગમ જ્યોત**"ની વિચારણાનો ઉદ્‌ભવ પણ આ લેખમાળાની માર્મિક મૌલિક હકીકતોની વિચારણામાંથી થયેલ છે.

આ લેખમાળા પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષના પ્રથમ અંકમાં ક્રમશઃ આવી છે,

ચોથો હપ્તો હવે શરૂ થાય છે. સં૦]

## મહાવીર મહારાજની ગર્ભાવસ્થા.

**શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજા છેલ્લા ભવમાં જ્યારે માતા **ત્રિશલાદેવીના** ગર્ભમાં આવ્યા ત્યારે તેવી ગર્ભાવસ્થામાં પણ માતાને દુઃખ ન થાય તેનો વિચાર કર્યો હતો, એ હકીકત કોઈપણ **ભગવાન્ મહાવીર** મહારાજના વૃત્તાંતને જાણનારાથી અજાણી નથી.

આવી રીતે ગર્ભાવસ્થામાં પણ પોતાના હાલવા-ચાલવા માત્રથી માતાને દુઃખ થવાનો વિચાર કોઈપણ જાહેર-જીવનવાળાએ કર્યો હોય, તો તે કેવળ ભગવાન **મહાવીરેજ** કરેલો છે. જગતમાં સ્વાભાવિક રીતે દરેક ગર્ભમાં હાલવું ચાલવું થાય જ છે, અને ગર્ભના

હાલવાચાલવાથી દરેક માતાને સ્વાભાવિક રીતે દુઃખ થાય જ છે, છતાં તેવા સ્વાભાવિક દુઃખને ટાળવાનો વિચાર આવવો એ તે ગર્ભમાં આવેલા જીવની ઉત્તમતા સૂચવવા માટે ઓછું સાધન નથી.

**ગર્ભ-નિશ્ચળતાનાં કારણો**

જો કે આ ગર્ભાવસ્થામાં પોતાના શરીરનું કંપવું બંધ કરવાનું કારણ તો પહેલાં ગર્ભ ધારણ કરનારી માતા **દેવાનંદાએ** સિંહ આદિ ચૌદ સ્વપ્નાનું માતા **ત્રિશલાએ** અપહરણ કર્યું, એમ દેખ્યું અને તેથી **શ્રીદેવાનંદાએ** નિશ્ચય કર્યો કે સિંહાદિક ઉત્તમ સ્વપ્નોથી પોતાની અદ્વિતીય ઉત્તમતાને સૂચવનારો ગર્ભ મારા પેટમાંથી ચાલ્યો ગયો, અને મહારાજા **સિદ્ધાર્થ**ની પટરાણી **ત્રિશલાદેવીની** કૂખમાં તે ગર્ભ દાખલ થયો. આવી રીતના નિશ્ચયથી પોતાનું રત્નકુક્ષિધારકપણું ચાલ્યું ગયું એમ નિશ્ચય કરી જગતની પૂજ્યતાની પદવી પોતે ખોઈ દીધી છે એમ સમજી તેને અંગે અત્યંત શોકસમુદ્રમાં ડૂબી ગઈ, એકલા શોક કરવા માત્રથી નહિ અટકતાં તે દેવાનંદા છાતી અને માથું કૂટીને અત્યંત કલ્પાંત કરવા લાગી.

આ બધી હકીકત **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજા જે તે ગર્ભરૂપે હતા અને જેમનું પરાવર્તન **શક્ર-ઈંદ્ર** મહારાજના હુકમથી **હરિણૈગમિષિદેવે** કર્યું હતું, તે **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજા શુદ્ધ અને અપ્રતિપાતી એવા ત્રણ જ્ઞાને સંયુક્ત હતા અને તેથી તેઓને આ **દેવાનંદાના** ગર્ભહરણને લીધે થએલા શોક અને કલ્પાંતની ખબર પડી.

**મહત્ત્વની વાત**

આ સ્થળે આ વાત ધ્યાનમાં રાખવાની છે કે છદ્મસ્થપણાના સર્વજ્ઞાનો એવા સ્વભાવનાજ હોય છે કે તેમને માટે ઉપયોગ દેવાની આવશ્યકતા જ હોય. ઉપયોગના વ્યાપાર શિવાય એકે પણ છાદ્મસ્થિક જ્ઞાન થઈ શકતું નથી, અને એજ કારણથી છાદ્મસ્થિક જ્ઞાનનો એક સમયવાળો ઉપયોગ કેવળજ્ઞાનની માફક મનાતો નથી, પણ આંતમુંહૂર્તિક કાળનોજ મનાય છે.

ભગવાન્ મહાવીર મહારાજને પણ ગર્ભાવસ્થામાં જે શુદ્ધ અને અપ્રતિપાતી જ્ઞાનો હતાં, તે પણ છાદ્મસ્થિક જ્ઞાનો હતાં અને તેથી તે સમયના ઉપયોગવાળા નહિ, પણ અંતમુહૂર્તનાજ ઉપયોગવાળા અને ઉપયોગ દેવાથીજ જ્ઞેય વસ્તુને જણાવવાવાળા હતા.

આ બધી હકીકતને આધારે વિચાર કરતાં એમ માનવું જ પડે કે ગર્ભરૂપે રહેલા **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજનો **દેવાનંદાની** કૂખમાંથી અપહાર થયો, તો પણ **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજા માતા **ત્રિશલાની** કૂખમાં રહ્યા છતાં તે દેવાનંદાની તરફ પૂર્ણ લક્ષ્ય આપતા હતા, કેમ કે જો એમ ન હોત તો **ભગવાન્ મહાવીર** મહારાજા તે **દેવાનંદાની** શોક અને કલ્પાંતસ્થિતિને દેખી શકત નહિ, અને તે શોક અને કલ્પાંતવાળી સ્થિતિને દેખ્યા પછી પણ માતા **ત્રિશલાને** કોઈપણ પ્રકારે દુઃખ ન થાય એવી કલ્પના તે ગર્ભાવસ્થામાં રહેલા ભગવાનને આવત નહિ, અને જો તેવી માતાને દુઃખ નહિ થવાની કલ્પના જો તેમને ગર્ભાવસ્થામાં આવી ન હોત તો ગર્ભાવસ્થાના સ્વાભાવિક ચલનને તેઓ બંધ કરત નહિ.

## પ્રભુમહાવીરે ઉપયોગ કર્યો ન હતો

આ સ્થળે આ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે **ભગવાન્ મહાવીર** મહારાજે **ત્રિશલામાતાને** દુઃખ ન થાય તે માટે અંગ નિશ્ચળ રાખવાનો કરેલો ઉપાય ભવિષ્યના કાળમાં **ત્રિશલામાતાને** અને **સિદ્ધાર્થ** મહારાજાને તથા સમગ્ર રાજકુટુંબને કેટલો દુઃખદાયી નિવડશે ? અને આ ગર્ભનિશ્ચળતાનું પરિણામ તે લોકોને માટે કેવું ભયંકર આવશે ? તે તરફ ઉપયોગ દીધેલોજ ન હતો.

કદાચ એમ ધારીએ કે **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજે ગર્ભાવસ્થામાં નિશ્ચળ રહેતી વખતે જેમ **દેવાનંદાની** દશા અવધિજ્ઞાનના ઉપયોગથીજ જાણી હતી, તેવી રીતે **શ્રીત્રિશલામાતા** વિગેરેની પણ ભવિષ્યની દશા અવધિજ્ઞાનના ઉપયોગથી જ હતી, તો

ચોકખો નિશ્ચય કરી શકીએ કે ગર્ભનિશ્ચળતાને લીધે ત્રિશલામાતા વિગેરેની ભવિષ્યમાં થવાવાળી દશા જાણી હોત તો **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજા કદીપણ તે ગર્ભાવસ્થામાં નિશ્ચળ થાત જ નહિ, અને શાસ્ત્રકારો પણ ચોકખા શબ્દોમાં જણાવે છે કે **ત્રિશલામાતાના** થએલા દુઃખનું **ભગવાન્ મહાવીર મહારાજાને** જ્ઞાન તેમને દુઃખ થયા પછી જ થએલું છે. (જુઓ **કલ્પસૂત્ર** મૂળ તથા **આવશ્યક-ચૂર્ણિ**, **વૃત્તિ** વિગેરે)

આવી રીતે સૂત્રોના સ્પષ્ટ પાઠો હોવા છતાં જો કદાચ અજ્ઞાનતાને લીધે કે બીજા કોઇપણ કારણસર એમ માનવા તરફ દોરાઇએ કે **ભગવાન્ મહાવીર** મહારાજે **ત્રિશલમાતા** વિગેરેની ભાવી દુઃખદ દશા જાણીને નિશ્ચળપણું કર્યું હતું, તો તેવી સ્થિતિમાં માતાની અનુકંપા માટે ગર્ભનું નિશ્ચળપણું કરનારા ઉભય દુઃખની તુલના કરનારા થયા એમ કહેવાયજ નહિ.

**પ્રભુ મહાવીરની અનુકંપા**

વળી શાસ્ત્રકારો માતાની અનુકંપા માટે જ ભગવાન્ નિશ્ચળપણે રહ્યા એમ સ્પષ્ટ જણાવવા સાથે એ પણ સ્પષ્ટ જણાવે છે કે **ભગવાન્ મહાવીર** મહારાજા જ્યારે ગર્ભમાં નિશ્ચળ રહ્યા ત્યારે **માતા-ત્રિશલા** શોકના સમુદ્રમાં ડૂબી ગઇ, મહારાજા **સિદ્ધાર્થ** વિગેરે આખું રાજકુલ વ્યગ્રચિત્તવાળું થયું અને નાટક વિગેરેની પ્રવૃત્તિઓ સર્વથા બંધ થઈ ગઈ, અને **ભગવાન્ મહાવીર** મહારાજને તે નાટકની પ્રવૃત્તિઓ બંધ થવાથી જે વાજાંગાજાં બંધ થયાં તેને લીધે વિચાર કરવાનો વખત આવ્યો.

શાસ્ત્રકાર લખે છે કે ભગવાન્ **મહાવીરસ્વામીજી**એ તે વખત પ્રથમ એજ વિચાર કર્યો કે આ રાજકુલમાં વાજાંગાજાં વિગેરેનો શબ્દ જે સતત પ્રવર્તતો હતો તે કેમ બંધ થયો છે? આ શંકાનું સમાધાન કરતાં બાહ્ય તેવા કોઈપણ સંયોગો શોકના કારણ તરીકે ન દેખવાથી **ભગવાન મહાવીર** મહારાજે તે શોકનાં આંતરિક કારણો જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો, અને તે અવધિજ્ઞાન

ઉપયોગથી જ આ સર્વ શોકનું કારણ પોતાની નિશ્ચળદશાજ છે એમ જાણી શકયા.

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભગવાન્ મહાવીર મહારાજાનું અવધિજ્ઞાન તેઓશ્રી દશમા દેવલોકમાંથી આવેલા હોવાને લીધે ઘણું જ નિર્મળ હતું, અને તેવું નિર્મળ અવધિજ્ઞાન હોવાથી તેઓ માતા-પિતાના સંકલ્પને જાણી શકયા. જો શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા તેવા નિર્મળ અવધિજ્ઞાનવાળા ન હોત તો માતા ત્રિશલાના અને સિદ્ધાર્થ મહારાજાના શોકને જાણ્યા છતાંપણ તે શોકના અભ્યંતર ગર્ભાપહારની ચિંતારૂપ કારણને જાણી શકત નહિ, પણ દશમા દેવલોકથી ભગવાન્ ચ્યવેલા હોવાથી અને તે દશમા દેવલોક જેટલું જ અવધિજ્ઞાન ગર્ભાવસ્થામાં પણ હોવાથી ભગવાન્ ગર્ભાપહાર આદિ કારણને જાણી શકયા.

જો સ્વતંત્ર અવધિજ્ઞાનનો ઉપયોગ ચાલુ કરતો જ રહ્યો હતો એમ માનીએ તો શાસ્ત્રકારોએ અવધિજ્ઞાનનો ઉપયોગ મેલવાના કારણ તરીકે જે વાજીંત્ર અને નાટયારંભનું બંધ થવું જણાવેલું છે, તે ઘટે નહિ એટલું જ નહિ, પણ પોતાની નિશ્ચળતાથી આખા રાજકુટુંબને શોકસમુદ્રમાં ડુબવાનું થશે તેની દરકાર કે દયા કરી નહિ એમ જરૂર માનવું પડશે, અને જો આખા રાજ્યકુટુંબને શોકસમુદ્રમાં ડૂબવાનું મારી નિશ્ચળતાથી થશે એમ જાણ્યા છતાં તેની ગણતરી નહિ કરતાં અને બેદરકારી કરતાં જો પોતે ગર્ભાવસ્થામાં નિશ્ચળપણું કર્યું હોય તો પછી રાજ્યકુટુંબ અને ત્રિશલામાતાને શોકસમુદ્રમાં ડૂબતાં દેખીને પોતાને એક દેશે ચાલવાનો પ્રસંગ ઉપસ્થિત થાત જ નહિ.

આ બધી પ્રાસંગિક હકીકત છે. માત્ર મૂળ હકીકત તો એટલીજ લેવાની છે કે ગર્ભમાં રહ્યા થકાં પણ માતાનું દુઃખ ટાળવારૂપ પરહિતપણામાં કે દયાળુપણામાં તેઓ કોઈપણ બીજા જાહેર જીવનવાળા કરતાં ચઢિયાતા છે એમ માન્યા શિવાય છૂટકોજ નથી.

## ગર્ભાવસ્થામાં અભિગ્રહનું કરવું

**શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજાને અંગે ગર્ભાવસ્થામાં કરેલી એકલી નિશ્ચળતાજ વિચારવા જેવી નથી, પણ ગર્ભાવસ્થામાંજ **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજે કરેલો અભિગ્રહ પણ વિચારવા જેવોજ છે.

પૂર્વે જણાવેલી ગર્ભાવસ્થાની નિશ્ચળતા **ભગવાન્ મહાવીર મહારાજે** જ્યારે ચ્યવનના ત્રીજે મહિને કરી છે, અને તેજ અરસામાં માતા ત્રિશલાને અને આખા રાજ્યકુટુંબને શોકસમુદ્રમાં ડૂબતાં દેખીને તરત અંગોપાંગો ચલાવ્યાં છે, જ્યારે અભિગ્રહનું ચ્યવન પછી સાતમે મહિને કરેલ છે, અર્થાત્ નિશ્ચળતા અને અભિગ્રહની વચ્ચે ચોકખું ત્રણ મહિનાથી વધારે આંતરૂ છે.

કેટલાકો જે અભિગ્રહવિધાનને ગર્ભની નિશ્ચળ અવસ્થા અને ચલિત અવસ્થા સાથે જોડી દે છે, તેઓ બે અવસ્થાના અંતરને સમજી શક્યા નથી એમ આ ઉપરથી નક્કી થાય છે, કેમકે ઉપર જણાવ્યા પ્રમાણે તે બે અવસ્થા વચ્ચે ચોકખું ત્રણ મહિનાનું ઓછામાં ઓછું આંતરૂં છે, અને એટલાજ માટે **શ્રી આવશ્યકવૃત્તિકાર** ભગવાન્ **હરિભદ્રસૂરિજી** વિગેરે તે ગર્ભમાં કરેલા અભિગ્રહનું કારણ ગર્ભની નિશ્ચળ અવસ્થાને ન ગણતાં માતાપિતા તરફથી ગર્ભના રક્ષણાદિકને માટે થયેલા માતાપિતાના પ્રયત્નોજ જણાવે છે.

## અભિગ્રહનું કારણ

વળી એ પણ વિચારવાનું છે કે ગર્ભની નિશ્ચળ અવસ્થાને લીધેજ માતા **ત્રિશલા** અને સકલ રાજ્યકુટુંબને થએલો કલેશ જો અભિગ્રહનું કારણ હોત તો માતાના જીવતાં છતાં જેમ તેની પીડા ટાળવા માટે અભિગ્રહ કરવામાં આવે, તેમ સકળ રાજ્યકુટુંબની પીડા ટાળવા માટે તેની હયાતિ સુધી પણ દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કરવાનો વખત આવત, પણ નથી. તોં એકલી માતા જીવે ત્યાં સુધી દીક્ષા

નહિ લેવાનો અભિગ્રહ અને નથી તો માતા અને સકલ રાજ્ય-કુટુંબ જીવે ત્યાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ, કિન્તુ માતા અને પિતા એ બંનેનીજ અનુકંપાને અંગે એટલે કે માતાપિતા જીવે ત્યાં સુધીજ દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કરેલો છે. અર્થાત્ દીક્ષા નહિ લેવાના અભિગ્રહમાં કારણ કરીકે સૂત્રકાર અને ટીકાકાર મહારાજાઓએ માતાપિતાની અનુકંપા રહેલી હોવાથી અને તે અભિગ્રહનો વખત સાતમા મહિનાનો નિશ્ચિત હોવાથી ટીકાકારોએ જણાવેલું ગર્ભ રક્ષણાદિક દ્વારાએ માતા અને પિતાના સ્નેહનું જાણવું એ કારણજ વાસ્તવિક જાણી શકાય તેમ છે.

આ બાબતમાં પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ચોથે, પાંચમે અને છઠ્ઠે મહિને માતા અને પિતાએ કેવી અંતઃકરણની લાગણીથી ગર્ભનું રક્ષણ કર્યું હશે, તે નિશ્ચળ અવસ્થામાં થએલા તેમના શોકથી આપણે સહેજે સમજી શકીએ તેમ છે. વળી એ પણ સાથે સમજી શકાય તેમ છે કે જે વસ્તુને અત્યંત કિંમતી અને સારાપણાને અંગે તેની ઉપર અદ્વિતીય રાગ થયો હોય પછી તે વસ્તુ ચાલી જઈને ફરી મળે તો તેની ઉપરના રાગની તો સીમાજ રહેતી નથી, તેવી રીતે અહીં પણ સિંહાદિકના ઉત્તમ ચૌદ સ્વપ્નોથી ગર્ભની ઉત્તમતા જાણ્યા પછી નિશ્ચળ અવસ્થાની વખતે તે ગર્ભના નાશની શંકા થઈ, અને પછી જ્યારે તે ગર્ભ હાલ્યો ચાલ્યો ત્યારથી તે **ત્રિશલામાતા** અને **સિદ્ધાર્થ** મહારાજને જે ખુશી અને આનંદ થવા સાથે ભગવાનની ઉપર રાગની માત્રા વધી હશે તે ખરેખર તેઓનો આત્મ અને અતિશય જ્ઞાનીઓજ જાણી શકે,

## માતાપિતાનો સ્નેહ

વળી એ વાત પણ સહેજે સમજાય તેમ છે કે ગર્ભાવસ્થામાં પણ રહેલા પુત્ર ઉપર દુનિયાના બીજા લોકોનો સ્નેહ ન હોય, પણ માતાપિતાનો સ્નેહ તો ગર્ભાવસ્થામાં પણ રહેલા પુત્ર ઉપર સીમા રહિતજ હોય છે, અને તેથીજ ગર્ભની નિશ્ચળતા પછીની થએલી

ગર્ભ અવસ્થાથી માંડીને માતા ત્રિશલા અને મહારાજા સિદ્ધાર્થે તે મહાવીર મહારાજા રૂપી ગર્ભના રક્ષણાદિને માટે અનહદ પ્રયત્નો કર્યા હશે, અને તેજ માતા ત્રિશલા અને મહારાજા સિદ્ધાર્થના અનહદ ગર્ભરક્ષણ આદિના પ્રયત્નો જોઇનેજ ભગવાન્ મહાવીર મહારાજને અવધિજ્ઞાનથી તેમના સ્નેહને જાણવાની જરૂર થઈ.

શાસ્ત્રકારો અભિગ્રહના કારણ તરીકે અવધિજ્ઞાનથી જાણેલો માતા-પિતાનો સ્નેહ જણાવે છે, અને તે માતા-પિતાનો તે વખતે જાણવામાં આવેલો સ્નેહ એટલો બધો તીવ્ર દશાનો લાગેલો હતો કે જેથી ભગવાન્ મહાવીર મહારાજને એ કલ્પના કરવી પડી કે જો હું આ માતાપિતાંની હયાતીમાં દીક્ષા લઈશ તો આ બંને કલ્પાંત કરી આઘાત પામી મરણ પામશે, અને તે એવી રીતે માનસિક દુઃખથી હેરાન થઈને મરણ પામશે કે જે મરણથી આ બંનેની દુર્ગતિજ થશે. આવી કલ્પનાથી ભગવાન્ મહાવીર મહારાજે માતા ત્રિશલા અને મહારાજા સિદ્ધાર્થનું અપમૃત્યુ નિવારવા અને દુર્ગતિ રોકવા માટે મનમાં નિશ્ચય કર્યો કે જ્યાં સુધી માતા-પિતા જીવે ત્યાં સુધી હું ઘરમાં એટલે સંસારમાં જ રહીશ, અને તેમના જીવતાં સુધી હું સાધુપણું લઈશ નહિ, અભિગ્રહ સંબંધીના વધુ વિચારણા હવે પછી કરીશું.

## તીર્થંકરોની પરહિત-વૃત્તિ

તીર્થંકર મહારાજાઓનું પૂજન કરતાં દરેક પૂજા કરનારે પૂજા કરતી વખતે તીર્થંકર મહારાજનું અનુપકૃતપણું એટલે બીજાના ઉપકાર તળે નહિ દબાવવું એ ગુણ વિચારવો, અને સાથે ભગવાન્ જિનેશ્વરનું પરહિતરતપણું એટલે સામાન્યથી સકલ જગતના જીવોના હિતને માટે કટિબદ્ધપણું અને વિશેષે પ્રસંગપ્રાપ્ત જીવોના હિતમાં તલ્લીનપણું હોય છે, એ ગુણ જરૂર વિચારવો જોઈએ. તેમાં વર્તમાન ચોવિશીમાં આસન્નોપકારી ભગવાન મહાવીર મહારાજને અંગે તે પરહિતરતપણાનો ગુણ વિચારતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે માતા ત્રિશલાના દુઃખને નિવારણ કરવા માટે કોઈપણ અન્ય

તીર્થંકરે કે કોઈપણ ગર્ભમાં આવનાર બીજા જીવે નહિ કરેલું એવું કાર્ય અંગોપાંગને ગોપવી સ્થિર રહેવા રૂપ કર્યું.

જો કે આવી રીતે માતાના હિતને માટે **ભગવાન્ મહાવીરે** અંગોપાંગ ગોપવી સ્થિર રહેવાનું કર્યું હતું, પણ તે ભગવાનના સ્થિર રહેવાથી માતાને જો કે શારીરિક દુઃખની વિશ્રાન્તિ ઘણી મળી અર્થાત્ **ભગવાન મહાવીર** મહારાજે જે શારીરિક દુઃખ ટાળવા માટે અંગોપાંગ ગોપવી સ્થિરપણું કર્યું હતું તેમાં જરૂર સફળતા મળી પણ મોહની વિચિત્રતા લીધે **ભગવાન મહાવીર મહારાજનું** સ્થિરપણું શારીરિક દુઃખને ટાળવાવાળું થયા છતાં **ત્રિશલાદેવીને** મુંઝવનારૂં થયું, કેમકે તે **ત્રિશલાદેવી** ગર્ભના ચલાયમાનપણાથીજ પુત્રનો જન્મ, તેનું પોષણ-વૃદ્ધિ વિગેરે અનેક મનોરથોને યોજતી હતી. તે મનોરથોની શ્રેણી ગર્ભના નિશ્ચલપણાને લીધે જમીનદોસ્ત થઈ ગયેલી લાગી, એટલુંજ નહિ પણ પુત્રી જેવો સામાન્ય ગર્ભ હતો તે પણ ન રહ્યો, અને આ સિંહાદિ સ્વપ્નવાળો મહાપુરુષ પણ મારા ઉદરમાં ન રહ્યો એમ ધારી અત્યંત દુઃખને ધારણ કરવા લાગી.

આ સ્થળે **ભગવાન્ મહાવીર** મહારાજે જે શારીરિક દુઃખ ટાળવા પ્રયત્ન કર્યો હતો, તે જો કે સફળ થયો તો પણ મોહના અગાધ મહિમાને લીધે માનસિક વિકલ્પોથી તે માતા **ત્રિશલા** દુઃખના દરિયામાં ડુબી ગઈ. આ સ્થળે ન્યાયની ખાતર કહેવું જોઇએ કે **ભગવાન્ મહાવીર** મહારાજે માતા **ત્રિશલાના** શારીરિક દુઃખને નિવારવા અંગોપાંગનું સ્થિર રાખવું જે વખતે કર્યું હતું, તે વખતે માતા **ત્રિશલા** મોહના વિકલ્પથી કેવા દુઃખના દરિયામાં ડુબી જશે તે પોતાના નિર્મળ અવધિજ્ઞાનથી જાણી શકાય એવું હોવા છતાં પણ ઉપયોગ નહિ મેલવાથી જાણ્યું ન્હોતું.

**તીર્થંકરોનું જ્ઞાનજીવન એટલે ?**

કેટલાક જિનેશ્વર ભગવાનના જીવનને જ્ઞાનજીવનના નામે જાહેર

કરતાં જે એમ જણાવે છે કે-ભગવાને અવધિજ્ઞાનથી સ્થિર રહેવા પહેલાં બધું જોયું હતું, અર્થાત્ હું અંગોપાંગ ચલાવવા બંધ કરીશ, સર્વથા સ્થિર રહીશ, (માતાનું ગર્ભ સંબંધી શારીરિક દુઃખ મટશે,) માતાને ગર્ભ ગળી ગયાનો, મરી ગયાનો કે હરણ થયાનો, સંકલ્પ થશે, ચિંતાના શોકસાગરમાં ડુબી જશે, આર્તધ્યાનના અગાધ અવટમાં અવટાઈ જશે, આખું રાજકુલ રડાપીટ કરી મેલશે, **મહારાજા સિદ્ધાર્થ** પણ દીનતાના દરવાજામાં દાખલ થશે અને સમસ્ત રાજવર્ગને રંજાડવાનું થશે, આ બધું જ્ઞાનથી જાણીનેજ **ભગવાન્ મહાવીર મહારાજે** અંગોપાંગનું સ્થિરપણું કર્યું હતું.

આવું કહેનારા જો કે જ્ઞાનજીવનના નામે ભગવાનની ભક્તિ કરીએ, છીએ, એમ ધારીને કહેતા હશે, પણ ભગવાનના જ્ઞાન-જીવનના નામે ભગવાનની કેવી સ્થિતિમાં મૂકે છે, તે સમજવું મુશ્કેલ નથી, કેમકે તેઓના કહેવા પ્રમાણે અંગોપાંગ સ્થિર રાખવા પહેલાં ભગવાને માતા **ત્રિશલાની**, તેની સખીઓની, **મહારાજા સિદ્ધાર્થની** અને આખા રાજકુટુંબની આ સ્થિર રહેવાને લીધે થવાવાળી હાલત જોઈ હતી, અને તેની દરકાર નહિ કરીને અંગો-પાંગનું સ્થિરપણું કર્યું હતું એમ માનવું પડે અને જો તેમના એ અભિપ્રાય પ્રમાણે બધી થવાવાળી અવસ્થા જાણીનેજ અંગોપાંગનું સ્થિરપણું હોય, તો પછી અંગોપાંગ ચલાવવાની વખતે શાસ્ત્રકાર તે **ત્રિશલા માતા** વિગેરેની અવસ્થાની ખરાબી જાણવાનું કારણ જણાવે છે, તે વાસ્તવિક હોય એમ મનાય નહિ, વળી એ કારણથી અંગોપાંગ ચલાવવાનું થયું, એમ પણ કહેવાય નહિ. તેમના અભિ-પ્રાયે તો કોઈ ત્રાહિત માણસને તો એટલા સુધી કહેવાનો વખત આવે કે સામાન્ય રીતે આખા જગતને થતું અને દરેક માતાઓને જરૂરીઆતપણે ભોગવવું પડતું એવું સામાન્ય શારીરિક દુઃખ ટાળવા માટે માતાને, તેની સખીઓને, પિતાને તથા સમગ્ર રાજકુટુંબને આવી પડતા દુઃખના દરિયાનો વિચાર **ભગવાન્ મહાવીર મહારાજે** કર્યો નહિ, માટે વાસ્તવિક રીતે તો એજ માનવું ઉચિત જણાય છે

કે માતાના શારીરિક દુઃખને ટાળવા માટે કરેલો સ્થિર રહેવાનો પ્રયત્ન તે માતા વિગેરેને મોહ મહોદધિના મહાકલ્લોલના કારમા ઘાતને દેવાવાળો થયો.

## જ્ઞાનજીવનનું રહસ્ય

કોઈપણ પ્રકારે ભગવાનનું જ્ઞાનમય જીવન માનવામાં આગમાનુસારી શાસનપ્રેમીઓને અડચણ હોય નહિ અને છે પણ નહિ, પણ તે જ્ઞાનજીવન દુન્યવી મોહમાં મુંઝવનારૂ થાય નહિ, સારને અસાર કે અસારને સાર મનાવવા તૈયાર થાય નહિ, કોઈપણ પ્રકારે કષાયના અનુબંધોમાં જવાય નહિ, યાવત્ કોઈ પણ પ્રકારે એવી સ્થિતિ ન થાય કે કોઈ પણ ગતિના આયુષ્યનો બંધ તેઓને થઈ જાય. એવી જાતનું જ્ઞાનમય જીવન ત્રિલોકનાથ તીર્થંકરનું માનવામાં કોઈપણ ભવ્યજીવને હરકત નથી, પણ કેવલજ્ઞાન ન્હોતું થયું તેની પહેલાં અવધિજ્ઞાનનો ઉપયોગ સર્વકાલે દરેક વર્તનમાં મેલાતો હતો અને તે મેલીનેજ વર્તન કરાતું હતું અને તે જ જ્ઞાનજીવન કહેવાય, એવી રીતે જ્ઞાનજીવનનો કરાતો અર્થ એ કોઈ પણ પ્રકારે વ્યાજબી ઠરી શકતો નથી.

## પ્રભુ મહાવીરે અભિગ્રહ ક્યારે કર્યો ?

વાંચકોને માલમ છે કે **ભગવાન્ મહાવીર** મહારાજાએ ગર્ભની મૂળ અવસ્થાથી સાતમે મહિને, અને **ત્રિશલા** માતાની કુક્ષિમાં આવ્યા પછી લગભગ ચાર મહિને માતા-પિતા જીવે ત્યાં સુધી દીક્ષા નહિ લેવાના અભિગ્રહના કારણ તરીકે **આવશ્યક**ની બન્ને વૃત્તિમાં માતા-પિતાએ કરેલા ગર્ભરક્ષણના પ્રયત્નથી ભગવાને અવધિજ્ઞાનનો ઉપયોગ મેલીને માતપિતાના સ્નેહને જાણ્યો, તે માતાપિતાના તીવ્ર સ્નેહને જાણ્યા પછી સ્વાભાવિક રીતે સ્નેહના અંતનું પરિણામ વિચારવામાં આવે, જગતના સામાન્ય લોકની રીતિએ માતા-પિતા તરફથી મળતું પોષણ બંધ થતાં તો માતા-પિતાના સ્નેહનો અંત જવલ્લેજ આવે, પણ પાણિગ્રહણ થતાં સ્ત્રીની સ્નેહશૃંખલામાં સંડો-

વાતાં માતાપિતાના સ્નેહનો અંત ઘણા ભાગે આવે છે, પણ તે લગ્નથી થતા માતા-પિતાના સ્નેહના વિચ્છેદનો વિચાર શ્રમણ ભગવાન મહાવીર મહારાજને ન આવ્યો, ને ન આવે તે સ્વાભાવિક છે,

કારણ કે સામાન્ય રીતે ભગવાન્ તીર્થંકરો પૌદ્ગલિક પદાર્થો અને સ્નેહવિકારોથી ઘણાજ દૂર હોય છે, અને તેથીજ શાસ્ત્રકારોએ તીર્થંકરોની કેવલજ્ઞાનથી પૂર્વની દશાને ઉદ્દેશીને પણ તેવા સંક્લેશ જન્મ આપનારા એવા રાગનો અભાવ માન્યો છે, અને તેથી તેવા રાગનો પોતાની અંદર સંભવજ ન હોય, તેથી અથવા સમ્યગ્દૃષ્ટિપણાને અંગે કેવલ મોક્ષમાર્ગની સાધ્યતા હોઈ વિષયાભિલાષથી દૂર પણું હોવાને લીધે સ્ત્રીને લીધે થવાવાળા માતા-પિતાના સ્નેહનો નાશ થવાનો સંભવ જ ન હોય, અને તેથી જ એ બાબતનો વિચાર ન કર્યો હોય અને તેને લીધે તેવો એટલે કે સ્ત્રી આદિના પ્રસંગે પણ માતા-પિતાથી જુદા રહી તેના સ્નેહનો વિચ્છેદ ન કરવો, એવો અભિગ્રહ ન કરવો પડયો હોય, એ સ્હેજે સમજી શકાય તેવી હકીકત છે.

## પ્રભુ મહાવીરના અભિગ્રહનો દુરૂપયોગ

આજકાલના દીક્ષાવિરોધી, અને અજ્ઞાન મનુષ્યો ભગવાનના અભિગ્રહને આગળ કરીને દીક્ષાનો નિષેધ કરવા તૈયાર થાય છે, તેઓ આ ઉપર જણાવેલી હકીકત સમજે, અને જો એવો અભિગ્રહ અથવા નિયમ કરે કે 'માતા-પિતાએ કરેલા જ લગ્નને હું અનુસરીશ તે સિવાયની લગ્નવિધિને કરીશ નહિ' અથવા તો માતાપિતાએ લગ્નવિધિ કર્યા છતાં પણ હું સ્ત્રી અને પુત્રાદિકને, એવો આધીન ન થાઉં કે જેથી માતા-પિતાના સ્નેહનો અંત આવે' સ્પષ્ટ રીતે કહીયે તો માતા-પિતાથી જુદા રહેવાનો પ્રસંગ જ ન આવે, આવી રીતે અભિગ્રહ કે નિયમ જ્યાં સુધી યુવાનો કરે નહિ ત્યાં સુધી દીક્ષાને રોકવા માટે શ્રી મહાવીર મહારાજના અભિગ્રહને આગળ કરવો એ વેશ્યાએ દેવાતા સતીને ખોટા ઓળંભા દેવા જેવું જ છે.

આ સ્થળે જેઓ પ્રેમનું પુરાણ વાંચવા આગળ પડે છે, અને મા-બાપના વાત્સલ્યને ભૂલી જઈ સ્ત્રીની સ્નેહસાંકળમાં સંડોવાઈ જાય છે, તેઓએ આ અભિગ્રહનું અંતર્ગત પ્રથમ પગથીયું પણ જાણ્યું નથી. એમ ચોકખું કહી શકાશે. માટે આ અભિગ્રહની વાત કરનારે પ્રથમ પોતે એવો અભિગ્રહ કે નિયમ કરવો જ જોઈએ કે 'સર્વસ્વનો નાશ થાય તો પણ, અને સ્ત્રી-પુત્રાદિકની ચાહે જેવી દશા થાય તો પણ હું માતા-પિતાથી જુદો રહી તેના સ્નેહનો અંત આણીશ નહિ' આવો અભિગ્રહ કે નિયમ કર્યા સિવાય આ હકીકતથી વિપરીતપણે વર્તનારા માટે એમ કહેવું જોઇએ કે તે કેવલ અભિગ્રહની વાતને બોલવાને લાયક થવાને ઉપરનો નિયમ બાંધવાની અને તે પ્રમાણે વર્તવાની યુવકોની પ્હેલે નંબરે ફરજ છે.

જો કે આવી રીતે નિયમ બાંધીને પણ આ અભિગ્રહના નામે તે યુવકો દીક્ષા રોકવાના અર્થમાં તો વ્યાજબી ઠરવાના નથી, કેમકે અભિગ્રહનું તત્વ જે આગળ ઉપર જણાવવામાં આવશે તે તત્વ તે યુવકો બુદ્ધિવાદ અને જમાનાને નામે બહેકાયેલા હોવાથી સ્વતંત્રપણે નહિ સમજે તો યોગ્ય રીતે સમજાવવાથી કે કહેવાથી તો જરૂર સમજશે.

## પ્રભુ મહાવીરના અભિગ્રહનું રહસ્ય

શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે ગર્ભના સાતમે મહિને જે અભિગ્રહ કર્યો તે દીક્ષાને રોકવાને માટે જ કેમ? આ શંકાનું સમાધાન સમજતાં સ્હેજે સમજાશે કે ગર્ભાવસ્થામાં પણ રહેલા શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને મોક્ષનુંજ સાધ્ય હોવાથી તેનું મુખ્ય અને અવિચલ કારણ દીક્ષા જ છે, એમ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જરૂર ધ્યાનમાં લીધેલું હોવું જોઇએ. અને તેથી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનો આત્મા તેવી ગર્ભાવસ્થામાં પણ દીક્ષાના રંગે જ રંગાયેલો હોવો જોઈએ, અર્થાત્ જગતમાં ખેતરની પાસે થઇને રસ્તે જતો સુથાર કોઈના ખેતરના બાવળીયાનો પણ મનથી ઘાટ કર્યાજ કરે, તેવી રીતે શ્રમણ ભગવાન્ મહાવીર

મહારાજ તેવી ગર્ભાવસ્થામાં પણ દીક્ષાના વિચારો જ ઘડતા હતા, અને તે જ કારણથી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાને માતા-પિતાના તેવા ગાઢ સ્નેહના વિચ્છેદનું સ્થાન ગૃહસ્થપણું છોડીને લેવાતી દીક્ષારૂપી અનગારિતા ઉપર જ આવ્યું.

આ અભિગ્રહને અંગે પ્રથમ દરજ્જે સફળતા–નિષ્ફળતાનોજ વિચાર કરવાની જરૂર છે, કેમકે ભગવાન્ મહાવીર મહારાજાને મતિ, અને શ્રુતજ્ઞાનની સાથે નિર્મળ એવું અવધિજ્ઞાન પણ દેવલોકથી સાથે આવેલું છે, અને જો તે અવધિજ્ઞાનનો ઉપયોગ મ્હેલ્યો હોત અને તેથી માતા–પિતા પોતાની દીક્ષાની પ્હેલાં એટલે પોતાની અઠ્ઠાવીસ વર્ષની ઉંમર પ્હેલાં કાળ કરવાના છે, અને પોતાની દીક્ષા તો પોતાની ઉંમરના ત્રીશ વરસ પછી થવાની છે, એમ જાણવામાં જરૂર આવ્યું હોત, અને જો એવી રીતે અવધિજ્ઞાનથી માતા–પિતાના કાળધર્મ પામ્યા પછી બે વર્ષે દીક્ષા થવાની છે, એમ નક્કી માલુમ પડયું હોત તો આ ઉપર જણાવેલો અભિગ્રહ વ્યર્થ નહિ પણ એક ન છાજતી પ્રવૃત્તિ જ ગણાત, અર્થાત્ કહેવું પડશે કે ભગવાન્ મહાવીર મહારાજાએ ઉપર જણાવેલો અભિગ્રહ કરતી વખતે માતા-પિતાને કાળધર્મ પામવાના વખતને અને પોતાને દીક્ષા લેવાના વખતને અવધિજ્ઞાનથી જાણવા ઉપયોગ મૂકયો ન્હોતો.

## અભિગ્રહનો પરમાર્થ

વાચકોને એ વાત તો નવી સમજાવવી પડે તેમ નથી કે કેવલજ્ઞાન અને કેવલદર્શનનોજ સતત પ્રવૃત ઉપયોગ હોય છે, અને તેથી જ તેના લબ્ધિ અને ઉપયોગના જુદા જુદા કાર્યો હોતા નથી પણ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાનો લબ્ધિ ને ઉપયોગથી એક સરખા હોતા નથી, અને તેથી મતિ આદિક જ્ઞાનોથી જણાતા પદાર્થો સર્વદા નહિ જણાતા તે સમ્બન્ધી ઉપયોગ કરવામાં આવે ત્યારેજ તે જણાય છે, તેવી રીતે આ અવધિજ્ઞાન પણ ઉપયોગ અને લબ્ધિ એ બે ભેદવાળું હોવાથી અવધિજ્ઞાનથી જાણી શકાય. એવા પણ પદાર્થો અવધિજ્ઞાનવાળો જીવ જાણી શકે, અને તેથીજ

**ભગવાન્ મહાવીર** મહારાજે માતાપિતાના કાળની અને પોતાની દીક્ષાની હકીકત પોતાના નિર્મળ અવધિજ્ઞાનથી જાણી શકાય એવી હતી, છતાં પણ તે જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ મ્હેલ્યો નથી, એમ સ્પષ્ટ માનવું અને કહેવું પડે.

ત્રિલોકનાથ તીર્થંકરોનું જ્ઞાનમય જીવન હોય છે, એ વાતને અવળારૂપે ચીતરતાં જેઓ એમ જણાવે છે કે **શ્રમણ ભગવાન્ મહાવીર** મહારાજાએ માતાપિતાના કાળધર્મનો વખત અને પોતાની દીક્ષાનો વખત જાણીનેજ એટલે કે માતા પિતાના કાળધર્મ પ્હેલાં મારી દીક્ષા થવાની નથી, અને માતપિતાના કાળધર્મ પામ્યા પછી બે વર્ષ પછીજ મ્હારી દીક્ષા થવાની છે, એમ જાણીનેજ માતા-પિતાના જીવતાં સુધી હું દીક્ષા નહિ લઉં એવો અભિગ્રહ લીધો છે, એવું કહેનારાઓએ અભિગ્રહની સાર્થકતા અને તે દ્વારાએ કરેલી માતા-પિતાની અનુકમ્પારૂપ ભક્તિની વાસ્તવિકતા વિચારવી ઘણી જરૂરી છે.

એમ નહિ કહેવું કે **શ્રમણ ભગવાન મહાવીર** મહારાજનું જેમ અવધિજ્ઞાનના ઉપયોગને લીધે અભિગ્રહનું કરવું વ્યર્થ એટલું જ નહિ, પણ અનુચિત થાય છે, તેમ તેઓનું મોહનીય કર્મના ઉદયને લીધે ઘરમાં રહેવાનું થતું હોવાથી અભિગ્રહનું વ્યર્થ-પણું થાય છે, કારણ કે કર્મ બે પ્રકારનાં હોય છે, તેમાં જે કર્મ વગર ભોગવ્યાં અધ્યવસાયાદિકથી નાશ કરી શકાય છે એવા કર્મો સોપક્રમ કર્મ કહેવામાં આવે છે, અને તેવા સોપક્રમ કર્મનો ક્ષય પ્રયત્નથી થઈ શકે છે, પણ તેવો સોપક્રમ મોહનીયકર્મનો નાશ કરવા માટેનો પ્રયત્ન **ભગવાન મહાવીર** મહારાજા માતા-પિતાના સ્નેહના અવિચ્છેદને માટે કરે નહિ એ અભિગ્રહને પ્રતાપે જ છે. અર્થાત્ અભિગ્રહ ન કરે તો **મહાવીર મહારાજા** વિશિષ્ટ પ્રયત્નોથી તે મોહનીય કર્મનો નાશ કરી દીક્ષા મેળવી શકે, પણ તેવી રીતે દીક્ષા મેળવતા માત-પિતા સ્નેહને લીધે મરણ પણ પામી જાય, કેમકે શાસ્ત્રોમાં આયુષ્યના ઉપક્રમમાં સ્નેહના અધ્યવસાયને આયુના વિચ્છેદ

કરનારા જણાવ્યા છે, માટે માતપિતાના આયુષ્યનો ઉપક્રમ બચાવવા ભગવાન મહાવીર મહારાજે દીક્ષા માટે પ્રયત્ન નહિ કરવાનો અભિગ્રહ કર્યો.

## અભિગ્રહ વખતે અવધિના ઉપયોગનો અભાવ.

આ સ્થાને ભગવાન મહાવીર મહારાજે માતા-પિતાના કાળનો તેના કારણનો પોતાના દીક્ષાનો અને તેના કારણપણાને જાણવામાંનો ઉપયોગ અવધિજ્ઞાનથી મ્હેલેલો નથી, પણ કદાચિત્ એમ માનીએ કે મ્હેલે તો પણ જેઓ માતા-પિતાનો કાળધર્મ પોતાની અઠ્ઠાવીશ વર્ષની ઉંમરે થવાનો જાણે તેવી જ રીતે એ પણ સાથે જ જાણે કે હું દીક્ષાને પ્રતિબંધ કરનાર મોહનીયકર્મના નાશને માટે પ્રયત્ન નહિ કરૂં. જો કે અવધિજ્ઞાનથી દીક્ષાનો વખત પોતાની ત્રીશ વર્ષની ઉંમરે આવવાનો છે, અને માતા-પિતા પોતાની અઠ્ઠાવીસ વર્ષની ઉંમર થશે ત્યારે જ કાળધર્મ પામવાના છે. આવી રીતે નક્કી જણાયેલું હોય તો અભિગ્રહનું સાર્થકપણું રહે નહિ, અને માતાપિતાના સ્નેહને લીધે અને તેમના મરણને બચાવવા માટે દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો છે એમ કહી શકાય નહિ, માટે અભિગ્રહ કરતી વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ મ્હેલ્યો નથી એ સ્હેજે સમજાય તેમ છે.

શાસ્ત્રકારોએ જે ચારિત્રમોહનીયકર્મનું ઉપક્રમણીયપણું જણાવીને ભગવાન મહાવીર મહારાજના પ્રયત્નનો અભાવ જણાવ્યો છે, તે ઘરમાં રહેવાની અપેક્ષાએ જણાવ્યો છે. અવધિજ્ઞાનથી ત્રીશ અને અઠ્ઠાવીશ વર્ષ પછી બનવાવાળા બનાવો અવધિજ્ઞાનથી દેખ્યા અને તે છતાં અભિગ્રહ કર્યો કેમ? એવા વિષયને અંગે, તે પ્રશ્નોત્તર નથી ને પ્રયત્ન નહિ કરવાનું સમાધાન પણ તેને અંગે જણાવેલ નથી, અને ઉપર કહેલ રીતિ પ્રમાણે તે અવધિજ્ઞાનનો ઉપયોગ પહેલેથી કર્યો હતો એમ માની શકાય તેમ નથી.

## સર્વદીક્ષામાં માતાપિતાની રજા જરૂરી નહિ.

આ અભિગ્રહ ઉપરથી એક વાત એ પણ નક્કી થાય છે કે "દીક્ષા લેનાર મનુષ્યને સર્વ અવસ્થામાં માતાપિતાની

રજા જોઈએજ એવો નિયમ નથી.” કેમકે જો માતાપિતાની રજા સિવાય દીક્ષા થઈ શકે તેમજ ન હોય તો ભગવાન મહાવીર મહારાજને માતાપિતા જીવતાં સુધી હું દીક્ષા નહિ લઉં એવો અભિગ્રહ કરવાની જરૂર રહેત નહિ, કેમકે જગતના સામાન્ય નિયમ પ્રમાણે કોઈપણ મનુષ્ય પોતે સંસારમાં રહે અને પોતાના પુત્રને દીક્ષા અપાવવા રાજી થાય એ સંભવિત નથી.

## પિંડદાનનું પોકળ

એજ કારણથી શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસનની બૃહદ્‌વૃત્તિમાં તેમજ લઘુવૃત્તિમાં તેમજ તેના ન્યાસમાં षष्ठी चानादरे સૂત્રની વ્યાખ્યામાં રોતા-કકળતા અને આક્રોશ કરતા માતાપિતાદિ કુટુમ્બનો અનાદર કરીને દીક્ષા લેવાનું જણાવતાં તે દીક્ષાને રૂદનને પરસ્પર લક્ષ્ય-લક્ષણ તરીકે જણાવેલું છે.

એકલા જૈનશાસ્ત્રોએજ દીક્ષાને આવી સ્થિતિ જણાવી છે તેમ નહિ, પણ સિદ્ધાન્તકૌમુદી, સિદ્ધાન્ત ચન્દ્રિકા તેમજ સારસ્વત જેવા આશ્રમની વ્યવસ્થા માનવાવાળા વ્યાકરણોએ પણ તે જ સૂત્રમાં તેજ ઉદાહરણો તેવીજ રીતે સ્પષ્ટપણે જણાવેલાં છે, અર્થાત્ દીક્ષા કે સંન્યાસને લેવાવાળો મનુષ્ય માતાપિતાના રૂદનને, કુટુમ્બના આક્રોશને અને લોકોના નિષેધને ન જ ગણે અને તેમ હોય તોજ દીક્ષા કે સંન્યાસ ગ્રહણ કરી શકે.

આ સાથે ધ્યાન રાખવાની જરૂર છે, કે અન્ય ધર્મીઓની માન્યતા પ્રમાણે મુખ્યતાએ આશ્રમના નિયમો જાળવીને પણ પુખ્ત ઉંમરે લેવાતો સંન્યાસ મા-બાપ, કુટુમ્બ તથા લોકોને રૂદન, આક્રોશ તેમજ નિષેધને પ્રગટાવનારો થતો હતો, તો પછી જૈનશાસન કે જેમાં આશ્રમનો કોઈ પણ પ્રકારે નિયમ નથી, અને સ્પષ્ટપણે સ્થાન સ્થાન ઉપર આશ્રમના નિયમોનું ખંડન કરવામાં આવેલું છે, તેવા જૈનશાસનમાં તો મા-બાપની રજાથીજ દીક્ષા કે સંન્યાસ લેવાય એવો નિયમ તો હોયજ ક્યાંથી?

આ સંન્યાસ-પ્રસંગને અંગે આશ્રમનો વિચાર કરીયે તો તે અસ્થાને તો નહિજ ગણાય.

## કુટુંબનું રોદન આદિ દીક્ષાનું ચિહ્ન.

જૈનશાસ્ત્રોના નિયમ પ્રમાણે પિંડપ્રદાનની ક્રિયા એક પાખંડ છે, અને તેથી પિંડપ્રદાન માટે પુત્રની પ્રાપ્તિ જૈન શાસ્ત્રકારોએ ઈષ્ટ ગણી નથી. વળી પુત્રે દીધેલા પિંડથી મરી ગયેલા માતા-પિતાની સદ્‌ગતિ થાય તેમ પણ માનેલું નથી. અર્થાત્ અપુત્રને સદ્‌ગતિ ન થાય એમ કોઈ પ્રકારે શાસ્ત્રકારોએ માનેલ નથી અને તેથીજ આશ્રમના નિયમને ધર્મની કક્ષામાં કોઈ પણ પ્રકારે ગણેલ નથી, એટલુંજ નહિ પણ જૈન શાસ્ત્રકારોએ તો માતા-પિતા, સ્ત્રી, પુત્ર વિગેરે સર્વ દુર્ગતિના કારણ તરીકે મનાવી ભવસમુદ્રમાં ડુબાડનાર તરીકે માનેલા છે. તેથી આશ્રમની વ્યવસ્થામાં માન્યતા ન રાખે તે સ્વાભાવિક છે.

## આયુષ્યના અનિયમે આશ્રમના નિયમની વ્યર્થતા

વળી મનુષ્યગતિમાં તો શું પણ મનુષ્ય અને તિર્યંચ બન્નેની ગતિમાં જિંદગીનો અંત આવવાનો જ્યાં નિયમિત નિયમ નથી, ત્યાં સો વર્ષની જિંદગી નિયમિત માની લેવી અને તે પ્રમાણે માત્ર કલ્પના કરી લીધેલી ઉંમરના વિભાગો પાડી આશ્રમની વ્યવસ્થા બાંધવી, તે કોઇ પણ પ્રકારે સમજુ મનુષ્યને લાયકનું ગણી શકાયજ નહિ.

## અધિકના નિષેધ માટે પણ યોગ્ય નથી

જો કદાચ આશ્રમની વ્યવસ્થાનો અર્થ એ કરવામાં આવે કે તે તે સંખ્યાના વર્ષો કરતાં વધારે વર્ષ તે તે આશ્રમમાં રહેવું ન જોઈએ એવા નિષેધની મુખ્યતાએ આશ્રમના નિયમનો અર્થ કરવામાં આવે તો સામાન્ય દૃષ્ટિએ તેમાં વિરોધ જેવું નહિ જણાય, પણ તત્વદૃષ્ટિએ તો તે અર્થની અપેક્ષાએ પણ આશ્રમની વ્યવસ્થા વ્યાજબી નથી, કેમકે અધિકતા નિષેધનું વિધાન કરતાં પણ તે તે

મુહતનું વિધાન અર્થાપત્તિએ થઈ જાય છે, અને પાપમય ગૃહસ્થાશ્રમનું વિધાન કરવું તે આત્માના સ્વસ્વભાવને પ્રગટ કરનાર અને તદ્રૂપ એવો પવિત્ર આશ્રમ એક ક્ષણ પણ રોકવો તે કરૂણાના આકર એવા હિતકર પુરુષોને કોઇપણ પ્રકારે ઉચિત નથી.

## શ્રુતિનું બલવત્તરપણું હોવાથી અનિયમ

જો કે અન્ય મતાવલંબીઓમાં "**यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्**" એ શ્રુતિદ્વારા જે દિવસે સંસારથી વિરક્તપણું આત્માને થાય તેજ દિવસે કોઈપણ આશ્રમમાં તે રહેલો હોય તો પણ તેને પ્રવજ્યા અંગીકાર કરી લેવી જ જોઇએ." આ વાત પ્રસિદ્ધ છે. અને આ રીતે શ્રુતિનો ચોકખો મત છતાં માત્ર સ્મૃતિકારોએજ આશ્રમના નિયમને બાંધી લોકોને પાપમાર્ગમાં કર્મોદય અને દુર્બુદ્ધિથી પ્રવર્તી રહેલા હતા તેમને વધારે મજબુત કર્યા, પણ તે લોકોના મત પ્રમાણે જ શ્રુતિ અને સ્મૃતિના પ્રસંગમાં શ્રુતિનો આધાર બલવત્તર ગણાતો હોવાથી કોઈ પ્રકારે આશ્રમનો નિયમ નિયમિત છે" એમ માની શકાય તેમ નથી.

*જો કે કોઈ ગાયકવાડ જેવી શ્રદ્ધાથી છૂટેલી અને જડવાદમાં જકડાયેલી અને કેવળ વિષયવાસનામાં વમળમાં વ્હેતી રહેતી, ગૃહસ્થપણામાં મોજ માનતી, ત્યાગી અવસ્થાને કષ્ટમય ગણતી સરકાર કદાચ તેવો અવિવેકભર્યો અને આસ્તિકને ન છાજતો એવો પ્રતિબંધ કરે, પણ સ્મૃતિકાર કે જેઓ મહર્ષિ તરીકે ગણાય તેવાઓ જો આશ્રમનો નિયમ બાંધી પવિત્ર પ્રવજ્યા આશ્રમને અર્થાપત્તિથી પણ દૂર ધકેલવાનું કરે તો તે આર્ય લોકોને માટે તેઓ અક્ષમ્યજ છે.

---

* આ પેરેગ્રાફમાં ગાયકવાડ સરકાર માટે તેમજ આગળ જે જરાક કડક શબ્દો જણાય છે તે વખતે જૈન શાસનની પવિત્ર દીક્ષાના કાયદાને અંગે અનુભવેલા વાતાવરણના પ્રત્યાઘાતરૂપ જણાય છે.

## સ્મૃતિવાક્યોનો ફલિતાર્થ

આ વાત તો જાણીતી છે કે સ્મૃતિકારોના આશ્રમના નિયમિત નિયમને જણાવનારાં વાક્યો પાપની પ્રવૃત્તિ કરનારાઓને તો બાધ કરનારાં થવાનાં જ નથી, કેમકે એ સ્મૃતિકારના વાક્યો પ્રમાણે વર્તી, વાનપ્રસ્થાશ્રમ લેવાની ફરજ પાડી શકે તેમ નથી, પણ માત્ર તે સ્મૃતિકારોના વાક્યોને નામે તે ગતાગમ વગરની ગાયકવાડી સરકારની માફક પાપપરાયણ લોકો પવિત્ર સ્થાનમાં પ્રતિબંધ કરવાને માટેજ તૈયાર થાય, એ વસ્તુ પણ સ્મૃતિકાર મહર્ષિઓએ ધ્યાનમાં લીધી નથી.

## ગૃહસ્થાશ્રમની પાપપરાયણતા

સર્વ દર્શનોથી આ વસ્તુ તો નીશ્ચિત તરીકે સ્વીરાઇ છે કે

**ગૃહસ્થાશ્રમ એ અધમાધમ પ્રવૃત્તિઓનું સ્થાન છે, અને આત્મવિકાસ માટે અનુકૂળ તથા જગતના જીવોને પારમાર્થિક ઉપકારનું સ્થાન જો કોઈ પણ હોય તો તે માત્ર પ્રવ્રજ્યાવાળી અવસ્થાજ છે."**

તો પછી તેવા પાપમય સ્થાનને પોષવા અને ઉત્તમોત્તમ સ્થાનની પ્રાપ્તિનો પ્રતિબંધ કરવા સાક્ષાત્ કે અર્થાપત્તિથી કોઈ પણ કલ્યાણકાંક્ષી તૈયાર હોયજ નહિ.

## ભગવાનનો અભિગ્રહ ઔદયિક

**આજ કારણથી ઉપર જણાવેલો ખુદ મહાવીર મહારાજનો માબાપની ભક્તિ માટે તેમની દયાને લીધે પ્રેરાઇને તેમના જીવતાં સુધી સાધુપણું નહિ લેવાનો અભિગ્રહ કર્મના ક્ષયોપશમને લીધે થયેલો નહિ ગણતાં ચારિત્રમોહનીયના ઉદયને લીધેજ ઘરમાં રહેવાની અવસ્થા કરવાવાળો ગણવામાં આવેલો છે.**

## જૈનાભાસની જીહ્વાનું ઝેર

જગતમાં અધમ વિચારવાળા મનુષ્યો માટે વેશને અને સ્થાનનો

કોઇપણ નિયમ નથી, તેવી રીતે જૈનશાસનમાં જોડાયલા જીવો પણ ઉંચામાં ઉંચી સાધુ અવસ્થાને પ્રાપ્ત થયા છતાં ધર્મના સ્વરૂપને નહિ જાણનારા અથવા જાણવા છતાં નહિ માનનારા હોઇ આશ્રમના નિયમને વળગવા જાય તો તેમાં જૈનશાસનને જાણનાર અને માનનાર જનો તો તેવાના વચનને ન્યાયની કોટીથી કરોડો ગાઉ દૂર ગણે એ સ્વાભાવિક છે, કેમકે જૈન-ધર્મની ઉત્તમતાને અંગે છેદ અને તાપની શુદ્ધિ તરીકે ગણાયેલાં ઉંચાં સ્થાનો તો દૂર રહ્યાં પણ માત્ર કષની શુદ્ધિ તરીકે ગણાયેલાં પ્રથમ સ્થાનમાં જીવહિંસાદિકો સર્વથા નિષેધ અને અધ્યયનાદિકનું ઉંચામાં ઉંચુ વિધાન ગણેલું હોવાથી જૈનધર્મના પ્હેલા પગથીએ રહેલો મનુષ્ય પણ આશ્રમના નિયમને પાલનીય તરીકે માની શકે નહિ.

વળી પાશ્ચાત્ય લોકોના જડવાદના શ્રવણને પ્રતાપે જેમ લોકો જડવાદમાં જકડાય છે, અને તે જડવાદમાં જકડાયા પછી તે જકડાયેલો મનુષ્ય પોતાની બુદ્ધિનો ઉપયોગ તે જડવાદના પોષણને અંગે જ કોઇપણ રસ્તે કરે છે, તેમ શ્રુતિ અને સ્મૃતિને માનવાવાળા મનુષ્યોના આગેવાનોના અધ્યક્ષપણાના અંકોડામાં અંજાયેલો આદમી જન્મે જૈન હોય તો પણ અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના પવિત્રતમ વેશને પહેરનારો હોય તો પણ પોતાને મળેલી યત્કિંચિત્ બુદ્ધિનો ઉપયોગ ન્યાયયુક્ત માર્ગના ખંડન કરવામાંજ કરે, તો તેથી કોઈપણ જૈને કે જૈનેતરે આશ્ચર્ય પામવા જેવું નથી, કેમકે તે ન્યાય-માર્ગથી હીન એવા સંસ્કારો તેણે જૈનધર્મથી વટલીનેજ લીધેલા છે.

## ગૃહસ્થાશ્રમને ઉત્સર્ગ માર્ગ જણાવનારની જડતા

જો તેવા અન્યાયપૂર્ણ અનાડી સંસ્કારોથી વાસિત થયેલો તે મનુષ્ય ન હોય તો જે ગૃહસ્થાશ્રમને જિનેશ્વર મહારાજાઓએ પાપમય ગણ્યો છે અને ગણાવ્યો છે, તે ગૃહસ્થાશ્રમને જિનેશ્વર મહારાજના નામે ઉત્સર્ગ માર્ગ તરીકે ગણાવવા જૈનધર્મના સંસ્કારવાળો મનુષ્યો તૈયાર થાયજ નહિ.

વળી તેમાં ન્યાયને નામે નાચ કરનારો પણ પ્રાણી જગતમાં પણ ઘણા મનુષ્યની પ્રવૃત્તિ એ ઉત્સર્ગ માર્ગ છે, તેમ માની શકે નહીં, કેમકે તેમ ગણીએ તો પત્થર અને લોઢાના ઢગલા ઘણા છે. વેશ્યા અને કુલટાઓનો કંઇ પાર નથી પણ હીરા અને સોનું તથા સતીપણાને ધારણ કરનારી વ્યક્તિઓ ઘણી ઓછી હોય છે, પણ તેટલા માત્રથી જગતના સામાન્ય ન્યાયને જાણનારો મનુષ્ય પણ પત્થરપણું, લોઢાપણું, વેશ્યાપણું કે કુલટાપણું એ ઉત્સર્ગ માર્ગ છે, અને સોનાપણું, હીરાપણું કે સતીપણું એ અપવાદ માર્ગ છે એમ કહેવા તૈયાર થતો નથી, તો પછી ન્યાયની નદીમાં નાહીને નિષ્ણાતપણું ગણાવનાર મનુષ્ય બાવીશ તીર્થંકરોએ કરેલા ગૃહસ્થાશ્રમને સાવદ્યપૂર્ણ હોવા છતાં ઉત્સર્ગ માર્ગ ગણાવવા તૈયાર થાય, તો તેની ન્યાયદૃષ્ટિની કેટલી મોટી હોળી સળગી હશે? તે વાચકોનેજ વિચારવા જેવું છે.

## સંસારમાં ગોંધવાનો કોઈને પણ અધિકાર નથી

વળી વાચકોએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે શ્રુતિ, સ્મૃતિ કે કોઈ પણ અન્ય શાસ્ત્રને કરવાવાળો મનુષ્ય કોઈ પણ જીવ ઉપર થતા પાપના ફળરૂપે થતા દુઃખના હલ્લાને રોકવા માટે શક્તિમાન હતો નહિ, છે નહિ, અને થશે પણ નહિ તો પછી જીવો પોતાની મેળે પાપના કાર્યોથી બચે તેમાં નિષેધ કરવાને માટે કોઇ પણ દિવસ ન્યાયની દૃષ્ટિએ પણ શાસ્ત્રકારો તૈયાર થઇ શકેજ નહિ. જગતમાં પણ જેઓ શત્રુના હલ્લાથી બચાવી શકે નહિ તેઓને શત્રુઓ ઉપર કરાતા હલ્લાને રોકવાનો હક નથી, તો પછી ભવ્ય જીવો પાપ ઉપર હલ્લો કરે તેમાં સડેલી સરકારો કે અધમ અવાજ-વાળા આદમીઓ ન્યાયની દૃષ્ટિએ કોઇ પણ પ્રકારે રોકાણ કરવાનો હક્ક ધરાવી શકેજ નહિ.

પ્રાસંગિક આપણે એ વિચારવાનું કે વ્યતિરિક્ત નોઆગમ થકી દ્રવ્યનિક્ષેપાના વિચારમાં જિનેશ્વર ભગવાનની પૂજાને અંગે ભગવાન્ મહાવીર મહારાજના પરોપકારનિરતપણા સંબંધમાં તેઓશ્રીએ

ગર્ભમાં રહ્યા થકાં માતપિતાની હયાતી સુધી દીક્ષા નહિ લેવાના અભિગ્રહને અંગે આશ્રમનો નિયમ કોઈપણ જૈનશાસ્ત્રકારે માન્યો નથી, તેમ તે માનવાને યોગ્ય નથી એ હકીકત આપણે આગળ વિચારી ગયા. હવે એજ અભિગ્રહ ઉપરથી બીજી બાબતો વિચારીએ.

## માતપિતાની રજાનો સામાન્યપણે અભાવ

પ્રભુ મહાવીરના અભિગ્રહ ઉપરથી એમ પણ સ્પષ્ટ થાય છે કે **માતાપિતાની રજાનો નિયમ દીક્ષાને અંગે હોયજ નહિ;** કેમકે જો તેવો નિયમ હોત તો **શ્રમણ ભગવાન મહાવીર** મહારાજને માતાપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કરવો પડત જ નહિ, કેમકે જગતમાં સામાન્ય ગુણવાળા કે યાવત્ અવગુણવાળા પુત્રની ઉપર પણ માબાપનો પ્રેમ અવ્યાહત જ હોય છે, અને તેથીજ કોઈપણ માબાપ સામાન્ય રીતે પુત્રના વિયોગને ચાહે નહિ ને દીક્ષા લેવાને માટે પુત્રને રજા કોઈપણ પ્રકારે આપેજ નહિ.

## જમને દેવાય પણ જતિને ન દેવાય

આ હકીકતની પ્રબળતાને અંગેજ જગતમાં કહેવત ચાલી છે કે **'જમને દેવાય પણ જતિને ન દેવાય.'** અર્થાત્ પુત્રનું મૃત્યુ થાય અને તેને અંગે તેનો વિયોગ થાય તેને જગતના જીવોએ ક્ષમ્ય ગણ્યો છે, પણ દીક્ષા કે સંન્યાસની રજા આપી તેની દીક્ષા અને સંન્યાસ થવાને લીધે થતા વિયોગને દુનિયા અક્ષમ્ય ગણે છે.

## રત્નગર્ભામાં ભાગ્યશાલીઓની સ્થિતિ

જોકે આ કહેવાનો અર્થ એ નથી કે જગતમાં ભાગ્યશાળી જીવોનો અભાવ છે કે જેઓ પોતાના પુત્ર, પુત્રી, માતા, સ્ત્રી, બહેન, પિતા વિગેરેની દીક્ષામાં અનુમતિવાળા હોતાજ નથી, પણ તેવા ભાગ્યશાળીઓ તો માત્ર આંગળીના ટેરવે ગણી શકાય તેટલાજ હોય છે, પણ ઘણો ભાગ તો ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્ય ગુણવાળા કે અવગુણવાળા પુત્રને પણ કથંચિત્ ભવિતવ્યતાએ તે

જીવનો સુધારો થઈ દીક્ષાની પરિણતિ થાય તો તેમાં સંમતિ આપવાની કોઈ દિવસ પણ તૈયારી બતાવી શકતો નથી.

### અસંમત સગીર દીક્ષાના નામે થતા કોલાહલની અસત્યતા

એટલુંજ નહિ પણ જો તેની દીક્ષાને રોકવા માટે કોર્ટથી યત્ન થઈ શકે એવો હોય તો તેવો પ્રયત્ન સંપૂર્ણ પ્રકારે કુટુંબીઓ કરે છે. જોકે તેવા પ્રયત્નો કરવાનો વખત ઘણે ભાગે કુટુંબીઓને આવતો નથી, કેમકે સગીર ઉમરવાળાની દીક્ષા તેના વાલીની રજા સિવાય સાધુઓ શિષ્યનિષ્ફેટિકાના દોષને અંગે કરતાજ નથી. વર્તમાનમાં બાળદીક્ષાને નામે જેઓ વિરોધ ઉઠાવે છે તેઓ આજ વર્ષો થયાં બાળદીક્ષાનો વિરોધ કરવાવાળા છતાં એવો કોઈપણ કેસ આગળ કોર્ટમાં લઈ જઈ શકયા નથી.

### જુઠાં લખાણોથી દીક્ષા બાબતમાં અનુચિત પ્રયત્નો

જોકે તે બાળદીક્ષાના વિરોધવાળાઓમાં કેટલાક શીંગડે ખાંડા અને પુંછડે બાંડા બળદની માફક ઢંગધડા વગરના હોઈ કાગળ કાળા કરી લોકોને ખોટી રીતે ભરમાવવાના પ્રયત્નો કરતાં વીસ, બાવીસ વર્ષની ઉંમરવાળાને પણ સોળ, સત્તર વર્ષનો છે એમ છાપી મારે. ઓગણીશ, વીસ વર્ષનો થયો હોય, છતાં પણ ચૌદ વર્ષ કરતાં પણ ઓછી ઉંમરનો છે એમ ચીતરી મારે તેમાં દીક્ષા લેનાર કે દેનાર કે તેના સલાહકાર કે તેમાં સહાય કરનારામાંથી કોઈપણ વ્યક્તિ કોઈપણ અંશે દોષપાત્ર થઈ શકેજ નહિ.

### શાસનની હેલનામાં ગુન્હેગાર કોણ ?

પણ તત્વદૃષ્ટિએ શાસનની હેલના કરવામાંજ જોર ચલાવનાર જડવાદમાં જકડાએલા જુવાનીઆઓ, જેઓ ખોટો વિચાર કરે છે; અને પ્રચાર કરે છે, તેઓજ તે શાસનની હેલનાના જવાબદાર છે, અને તેઓની સાથે જેઓ તેમના તેવા જુઠા લેખોને રસતરબોળ થઈને વાંચે; વંચાવે કે પ્રચાર કરે, અગર તેવા જુઠા લેખોને સત્ય માની તેમા ઉપર આધાર રાખે, તે તેવાઓના દુર્ભાગ્યનોજ ઉદય છે.

વળી, હિન્દુસ્તાનની જૈનજનતામાં પંકાયેલી શ્રી આણન્દજી કલ્યાણજીની પેઢીને જો તે કૉન્ફરન્સ અને યુવકો એમ લેખિત કબુલાત આપે કે (આ ચાર વર્ષમાં) દીક્ષા કે તેને લેનારની બાબતમાં કોઈપણ લખાયેલો લેખ કે ઠરાવ શાસ્ત્ર અને સત્યની દૃષ્ટિએ જુઠો ઠરે તો તેના કરનારને અમે તમે કહો તેવી શિક્ષા ભોગવાવવા પ્રતિજ્ઞાપૂર્વક તૈયાર છીએ, તો શ્રમણવર્ગે જે કોઈને પણ સગીર-પણામાં વાલીની સંમતિ શિવાય દીક્ષા આપી હોય તો તેને ગુન્હે-ગાર ઠરાવી તે કૉન્ફરન્સ અને યુવક સંઘ મળી જે બે આચાર્ય નીમે તેની આપેલી શિક્ષા શ્રમણવર્ગપણ ખમવા તૈયાર છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સગીરની દીક્ષા તેના વાલીની લેખિત, સાક્ષાત્ કે મૂંગી રજા સિવાય શાસ્ત્રાનુસારી શ્રદ્ધાવાળાઓ તો કોઈ દિવસ દીક્ષા કરતા જ નથી, અને તેથી તે હીલના કરવાને હડખાએલા થએલાઓને તેવી દીક્ષાનું આલંબન તો સત્ય રીતે મળતું નથી, પણ જે દીક્ષાર્થીઓની ઉંમર પાકી થએલી હોય છે, અને જેને કાયદો શારીરિક વિગેરે સ્વતંત્રતા આપે છે, તેવા પ્રસંગમાં પણ તે દીક્ષાર્થીના કુટુંબનું કે હેલનાના હાથ હલાવનારાઓનું કોર્ટદ્વારાપણ ન્યાય મેળવવામાં કાંઈપણ ચાલતું નથી, તો તેવા પ્રસંગોમાં તે હતભાગ્યોને રોકકળાટ કે ઉપાશ્રયે તોફાન કરી લોકોને એકઠા કરવા સિવાય બીજો રસ્તો રહેતોજ નથી.

## દીક્ષાર્થીઓ ઉપર સંસારીઓ તરફથી થતો સિતમ

કેટલાક તો એવા હતભાગી દીક્ષાવિરોધી હોય છે કે દીક્ષા લેવાને તૈયાર થએલ વ્યક્તિના ઉપર જુલમ ગુજારવામાં કમી રાખતા નથી. આ લેખક અનુભવથી અને સત્ય રીતિએ એમ કહી શકે છે કે દીક્ષાર્થી જીવોની ઉપર સંસારાનંદી જીવોએ કરેલા સિતમોનો સંગ્રહ કરી તેને લેખરૂપમાં મુકવામાં આવે તો સુપર રોયલ આઠ પેઇજીના હિસાબે સીધા લખાણવાળો સો ફર્માનો ગ્રંથ થાય, પણ દીક્ષાના હિમાયતીઓ તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરવાથી લાભ ન દેખતાં તેની ઉપેક્ષામાંજ રહ્યા છે.

## દીક્ષાને અંગે થએલ ઠરાવોની અધમતા

જેઓ દીક્ષાના વિરોધી છે, તેઓ શાસ્ત્રના અને સરકારના કાયદાઓ કરતાં પણ મનઘડંત નવા નવા કાયદાઓ દીક્ષાને રોકવા માટે કરવાની કૂટનીતિમાં કાચા રહેતા નથી. બાળમરણનું પ્રમાણ તેના આંકડા જાણનારની છાતીને વિંધાવી નાખે એટલું ભયંકર આવવા છતાં તેનો કારગર ઉપાય તેઓને કરવો નથી. બાળકોના પોષણોની મુશ્કેલી દૂર કરવા માટે તે બાળકના માતાપિતાને ખોરાક, પોષાક કે અન્ય કોઈપણ રીતિએ મદદગાર થવાને તૈયાર થવું નથી. બાળકની વ્યાધિઓના નિવારણ માટે ચિંતાનો છાંટો પણ જેઓને અંગે લાગતો નથી. શાસનની હેલનાના નામે હડધૂત થવાનાં કાર્યો કરવાવાળાઓ કમનસીબોની બેકારી ટાળવા માટે કોઈપણ તેવો બંદોબસ્ત કરવા કોઈપણ ગામવાળો તૈયાર થયો નથી.

## જન્મ કે દીક્ષાના સ્થાનના સંઘની માલિકી કઈ?

ઉપર જણાવેલું બધું કરવાવાળો હોય તો પણ શાસ્ત્રકાર કે નીતિકાર તેવાઓને માલિકી આપતા નથી, તો પછી આજકાલના શ્રદ્ધાશૂન્ય અને વ્રતની વાડમાંથી વેગળા પડેલા લોકો દીક્ષા માત્રને અંગે એટલે પાકી ઉંમરની દીક્ષા હોય તો પણ ગામને, રાજ્યને કે પોતાને કઈ રીતિએ રજા દેનાર તરીકે ગણાવવા માગે છે? જો કે તેવા વિરોધી હિલચાલવાળા સંસ્થાના સંચાલકો હો, ગામના શેઠીઆ હો કે મોટા રાજ્યના માલિક હો, પણ તે બધાઓ તેમની અન્યાયભરી બંધણી બીજાને માથે લાદવામાં ધૂળ ફાકતા જ થાય છે, દીક્ષાર્થીઓએ પોતાના આત્માનો ઉદ્ધાર કરવામાં તેવા સંચાલક, તેવી સંસ્થા વિગેરેની અંશે પણ દરકાર કરીજ નથી.

## શ્રમણ ભગવાન મહાવીર મહારાજને દીક્ષામાં માબાપની રજાનો અસંભવ

આ હકીકત એક પ્રસંગ તરીકે માત્ર અંશે જણાવી છે, પણ ચાલુ પ્રસંગમાં તો એટલુંજ લેવાનું છે કે દુનિયાદારીની દૃષ્ટિએ તો

સામાન્ય ગુણુવાળા કે અવગુણુવાળા પુત્રને કોઇ દીક્ષાની રજા આપે નહિ, તો પછી **ભગવાન મહાવીર મહારાજા** સરખા પુણ્યના અખૂટ ભંડાર, જેને ગર્ભમાં આવવાની વખતે તેમના ગુણુનિધાનપણાને સૂચવનાર એવાં ચૌદ સ્વપ્નો જેમની માતાએ દેખ્યાં હતાં, જેમના જન્મવાની વખતેજ ઇંદ્રોએ મેરુ પર્વત ઉપર અભિષેક કર્યો હતો, અને દેવતાઓએ તે જન્મસ્થાનની ચારે બાજુ રત્ન, સુવર્ણ અને રજતઆદિની વૃષ્ટિઓ કરી હતી, એટલુંજ નહિ પણ ખુદ **ભગવાન મહાવીર મહારાજને** અંગે તો ગર્ભમાં તેઓએ કરેલી નિશ્ચળતાને અંગે **ત્રિશલામાતાનો** અને **સિદ્ધાર્થ મહારાજા** વગેરે આખા રાજકુટુંબનો શોક દર્શાવનાર પ્રસંગ જૈનોમાં સારી રીતે જાણીતો છે, તે ઉપરથી તથા **ભગવાન મહાવીર મહારાજા** ગર્ભમાં હોવાને લીધે થએલા અનુપમ ઉત્તમ મનોરથો અને તેની પૂર્તિની હકીકત સાંભળવા ઉપરથી તે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજા** ઉપર **ત્રિશલામાતા** અને **સિદ્ધાર્થ મહારાજાનો** તેમનો પુણ્યપ્રાગ્ભાર સમજીને કેવો હદ બહારનો સ્નેહ હોય ? તે કલ્પનામાં લાવવો પણ મુશ્કેલ છે! એવા સ્નેહવાળા માતાપિતા **ભગવાન મહાવીર મહારાજને** દીક્ષાની રજા આપે એ સ્વપ્ને પણ માની શકાય તેમ નથી, અને જ્યારે માતાપિતાની રજા સિવાય શાસ્ત્ર કે ન્યાયની દૃષ્ટિએ દીક્ષા બનતી જ ન હોય, તો પછી **શ્રમણ ભગવાન મહાવીર મહારાજને ત્રિશલામાતા** અને **સિદ્ધાર્થ મહારાજની** હયાતિમાં દીક્ષા લેવાનો પ્રસંગજ ઉભો થવો સંભવિત નથી.

## શ્રમણ ભગવાન મહાવીર મહારાજના દીક્ષાના અભિગ્રહથીજ રજાની બિનજરૂરી

એટલે જેઓ માતપિતાની રજા સિવાય કોઈપણ ઉંમરે દીક્ષા બની શકે જ નહિ એવું માનનારા હોય, તેઓની અપેક્ષાએ તો **શ્રમણ ભગવાન મહાવીર** મહારાજનો આ અભિગ્રહ વ્યર્થજ ગણાય, પણ શાસ્ત્ર અને ન્યાયની દૃષ્ટિએ સોળ કે અઢાર વર્ષની ઉંમર થયા પછી પુત્ર કે પુત્રી સ્વતંત્ર છે, અને તેથી તેવાના

લગ્નાદિના પ્રસંગમાં પણ માતાપિતા વિગેરેનું જોર ચાલી શકતું નથી, તેમની દીક્ષાને અંગે રજા લેવાની હોય જ નહિ.

## પુખ્ત ઉંમરવાળા ઉપર કોઈની માલીકી નથી

શાસ્ત્રકાર અને નીતિકાર જ્યારે સોળ કે અઢાર વર્ષ સુધીજ સગીર ગણી, તેને વાલીના તાબામાં રહેવાનું નિયત કરી, સોળ કે અઢાર પછી પુત્ર કે પુત્રીને સ્વતંત્ર જાહેર કરે છે, તો તેવી પુખ્ત ઉંમરમાં પણ તેની ઉપર વાલીનું રજા લેવાનું દબાણ કરવું તે જુલમ સિવાય બીજું કાંઈ છે જ નહિ. શાસ્ત્ર અને ન્યાયની દૃષ્ટિએ જ્યારે પુખ્ત ઉંમરવાળા ઉપર કોઇનું પણ સ્વામિત્વ રહેતું નથી, અને સ્વતંત્રતા સ્વીકારવામાં આવે છે, તો પછી તેવી લાયક ઉમરમાં આવેલા મનુષ્યોને તેમના માબાપની રજા સિવાય દીક્ષા આપે તો પણ કોઈપણ જાતનો દોષ લાગે, એમ શાસ્ત્ર કે નીતિથી કહી શકાય નહિ, કેમકે સ્વામિઅદત્ત ત્યાં સુધી ગણાય કે જ્યાં સુધી શાસ્ત્ર અને નીતિના કાયદાઓ તેને સગીર ગણતા હોય.

## જન્મ કે દીક્ષાના ગામના સંઘની રજાના વિચારોનું વાહીયાતપણું

વળી વર્તમાન યુગમાં વહી ગએલાઓએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજે** માતાપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો, પણ આજના જેવી ધર્મહીન અને ધર્મ વિરોધી ટોળીની સંમતિ ન થાય ત્યાં સુધી હું દીક્ષા નહિ લઉં એવા વિચારનો તો એક અંશ પણ તેઓના ચરિત્રમાં જણાએલો નથી. તેઓના ચરિત્રમાં માતાપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લઉં એવો અભિગ્રહ તો જણાવવામાં આવેલો છે, પણ તેઓશ્રીના કોઈ પણ ચરિત્રમાં કોઈ પણ સ્થાને માતાપિતાની રજાથી દીક્ષા લઈશ કે માતાપિતાની રજા વગર દીક્ષા નહિ લઉં એવું તો કોઈ પણ જગો ઉપર જણાવવામાં આવેલું નથી, તો પાકી ઉંમરમાં દીક્ષાર્થીને પોતાના માતાપિતાની રજા લેવાની પણ

નિશ્ચિતતા ન હોય, ત્યાં કોમી ફારસ ભજવનારાઓની ટેકડી થાય તેવી બંધણીને અંગે તો કયો ધર્મિષ્ઠ મનુષ્ય મનથી, વચનથી કે વર્તનથી સહાનુભૂતિ આપે ?

**અભિગ્રહથી પુખ્ત ઉમ્મરવાળાને દીક્ષામાં મા-બાપની રજાની જરૂર નથી.**

જેવી રીતે આ અભિગ્રહ ઉપરથી માતા-પિતાની રજા સિવાય દીક્ષા ન જ બની શકે એ વાત ઉડી જાય છે, તેવી રીતે એક બીજી વાત પણ ખરેખર ઉડી જાય છે, અને તે એ કે સોળ વર્ષથી વધુ વયવાળા પુખ્ત ઉંમર વાળા માટે મા-બાપની કે કોઈની રજાની જરૂર નથી, કેમકે જો મહાવીર મહારાજ પોતે પોતાના દીક્ષાકાળને જાણી શકતા હતા અને તેમની દીક્ષા અઠ્ઠાવીસ વર્ષેજ થવાની હતી, તો પછી તેઓને તે અભિગ્રહ કરવાની જરૂર જ ન હતી. અર્થાત્ શાસ્ત્રકારો જે સોળ વર્ષની ઉંમર થવા પહેલાં વાલી જે દીક્ષામાં સંમત ન હોય તે દીક્ષા શિષ્યનિષ્ફેટિકા દોષવાળી ગણાય, પણ સોળ વર્ષની ઉંમર થઈ ગયા પછી માતાપિતાની રજા સિવાય પણ થતી દીક્ષામાં શિષ્યનિષ્ફેટિકા નામનો દોષ લાગતો નથી, તેથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનો અભિગ્રહ પુખ્તવયે કોઈની રજા જરૂરી નથી એમ સૂચવે છે.*

આ ઉપર જણાવેલી સર્વ હકીકત શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો અભિગ્રહ દીક્ષાને અંગે હોઈ તે પ્રસંગે કંઈક સવિસ્તર

---

* ચાલુ લખાણ વિ. સં. ૧૯૮૮ના જબ્બર દીક્ષા વિરોધી આંદોલનના કાળમાં લખાયેલું કોઈ હૈયામાં વસેલી શાસન અને શાસ્ત્રો પ્રતિ અવિહડ ભક્તિના લીધે કડક જેવી દેખાતી ભાષાનો પ્રયોગ કદાચ સ્થૂલમતિવાળા કો'કને લાગે પણ પ્રસંગોચિત લખાયેલ તે લખાણ આજે આપણામાં ઘર કરી રહેલી નિર્માલ્યતાને ખંખેરવા અને શાસન-શાસ્ત્રોપ્રતિ દૃઢ રાગ-શ્રદ્ધા કેળવવા પ્રેરણાદાયક બનશે એમ ધારી જરા પણ સુધાર્યા વિના અક્ષરશઃ લખાણ કાયમ રાખ્યું છે.

જણાવી છે, પણ ચાલુ પ્રકરણને અંગે તો **શ્રમણ ભગવાન મહાવીર મહારાજા** ગર્ભમાં રહ્યા હતા તે અવસ્થામાં પણ કેટલા બધા પરહિતમાં તત્પર હતા કે જેને લીધે પૂર્વે જણાવેલા અભિગ્રહનો પ્રસંગની માફકજ તેમના જીવનમાં અન્ય પણ પરહિતના કે પરોપકારના પ્રસંગો ઘણા છે અને તે બધાની વિચારણા હવે આપણે કરીએ.

## અવધિજ્ઞાનથી શ્રી દેવાનન્દાનું દુઃખ જાણવું

**શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ** "ગર્ભમા રહ્યા થકાં માતાપિતા જીવે ત્યાં સુધી હું દીક્ષા નહિ ગ્રહણ કરૂં" એવો જે અભિગ્રહ કર્યો છે તે મુખ્યતાએ ભગવાન **દેવાનન્દાની** કૂખમાંથી દેવતાદ્વારાએ સંહરાઈને **ત્રિશલામાતાની** કૂખમાં આવ્યા તે વખતે **દેવાનન્દાએ** કરેલા કલ્પાંતને પોતે જાણ્યો. તે **દેવાનન્દાના** કલ્પાંતનું જ્ઞાનનું ભગવાનને અવધિજ્ઞાનના ઉપયોગથીજ થયું. ગર્ભાપહારની વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ ચાલતો હતો તે વાત સૂત્રમાં કહેલા **साहरिज्जिस्समाणे जाणइ, साहरिजमाणे ण जाणइ, साहरिपमित्ति जाणइ** આવા શ્રી **આચારાંગના** અને શ્રી **કલ્પસૂત્રના** સ્પષ્ટ વચનથી સંહરણનો ભવિષ્ય, વર્તમાન અને ભૂતપણાનો સ્વભાવ બધો અવધિજ્ઞાનથી જાણ્યો હતો.

(જો અવધિજ્ઞાનના ઉપયોગ સતત રહેતો હોત તો સંહરણના ભવિષ્ય, વર્તમાન અને ભૂતને વિશેષ તરીકે જણાવવાની જરૂર ન હોતી.) પણ તે સંહરણનો ભૂતકાળ જાણતાં તેજ અવધિના ઉપયોગથી મૂળ ગર્ભનું સ્થાન જાણતાં અવધિજ્ઞાનથી **દેવાનન્દાની** સ્થિતિ જણાય તે સ્વાભાવિક છે, અને **દેવાનન્દાની** દુઃખિત દશા અવધિજ્ઞાનથી દેખીને **ત્રિશલામાતાને** દુઃખ ન થાય એવા રચ-અવધિજ્ઞાનના ઉપયોગ બહારનોજ ગણવો પડે, અને તેથીજ ગર્ભાપહારાદિકની ચિંતાને અંગે **ત્રિશલામાતાને** ભવિષ્યમાં થનારૂં દુઃખ તે સામાન્ય વિચારના વિષયમાં ન આવે તે સ્વાભાવિક છે.

## સામાન્ય જ્ઞાનથી વાદ્યના નાદનો નિરોધ જાણવો

પણ જ્યારે પોતે દેવાનન્દાના દુઃખથી ત્રિશલામાતાની કૂખમાં સ્થિર રહ્યા અને ત્રિશલામાતા તથા સિદ્ધાર્થ મહારાજા વિગેરે ઉત્તમ ગર્ભના અપહાર વિગેરેને માનીને તેના શોકને લીધે વાજાંગાજાં વિગેરે હર્ષના કારણો બંધ કર્યાં, ત્યારે ભગવાને તે વાજાંગાજાંના શબ્દો બંધ થવાનું સામાન્ય જ્ઞાનથી જાણ્યું.

## અવધિજ્ઞાનથી ગર્ભાપહાર ચિંતાનું જ્ઞાન

અને પછી તેનું કારણ જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો, અને તે ઉપયોગથી માતા-પિતાની અવસ્થા, શોક અને તેમના વિચારો જાણવામાં આવવાથી તેઓને માલમ પડયું કે ગર્ભમાં સ્થિરપણે રહેવું તે મેં તો માતાના દુઃખને ટાળવા માટે કર્યું હતું, પણ મારું તે સ્થિર રહેવું માતાના દુઃખને ટાળનાર નહિ થતાં, માતા-પિતા અને સકળ રાજ કુટુંબને દુઃખ આપનારૂં થયું છે, માટે મારે હવે ચલાયમાન થવાની જરૂર છે, અને જો હું ચલાયમાન થઈશ તો આ માતપિતા અને સકળ રાજકુટુંબને જે દુઃખ લાગે છે તે બંધ થશે એમ ધારી અંગોપાંગથી ચલાયમાન થયા,

## ગર્ભરક્ષણ માટે માતા-પિતાના અસાધારણ પ્રયત્ન

આ બધું બન્યા પછી ગએલી વસ્તુ પાછી મળતાં જેમ રાગનો પ્રસંગ વધે છે તેમ અહીં ત્રિશલામાતા અને સિદ્ધાર્થ મહારાજાનો રાગપ્રસંગ પરાકાષ્ટાએ પહોંચ્યો, અને તેથી તેઓ ગર્ભના રક્ષણ અને પોષણ માટે પોતાની જાતે પણ ઘણા પ્રયત્નો કરવા લાગ્યા.

## અવધિજ્ઞાનથી માતા-પિતાના સ્નેહનું જ્ઞાન

તે તેમના રક્ષણ અને પોષણના પ્રસંગોને જાણવાથી તેમની ચિત્તવૃત્તિને અવધિજ્ઞાનનો ઉપયોગ મેલી જાણે, અને તે અવધિજ્ઞાનના ઉપયોગથી ચિત્તવૃત્તિ જણાય.

## સામાન્ય જ્ઞાનથી સ્નેહ પરિણામની કલ્પના

પછી સામાન્ય જ્ઞાને એમ માલમ પડયું કે આ માતા-પિતાનો સ્નેહ ઘણોજ ઉંચી દશાને પહોંચેલો છે, અને હજુ તો હું ગર્ભદશામાં છું, અને તેથી દેવતા ને ઇંદ્રો તરફથી થવાવાળો મારો મહિમા કે મારા ગુણો હજુ એમના જાણવામાં નથી, તો પણ જ્યારે મારી ઉપર આટલો બંધો રાગ ધરાવે છે, તો પછી મારો જન્મ થતાં, દેવ-દેવેન્દ્રનો મહિમા દેખતાં, અને મારા ગુણોનો કરતાં તો આ માતપિતાના સ્નેહની કેટલી બધી માત્રા વધી જશે?

## દીક્ષા ન લેવાનો જ અભિગ્રહ કેમ?

સુજ્ઞ મનુષ્યોએ ધ્યાન રાખવાની જરૂર છે કે માતાપિતાના સ્નેહને ભેદનાર જે સ્રીપરિગ્રહ તેને નહિ કરવાનો ભગવાન્ અભિગ્રહ કરતા નથી, તેવી જ રીતે પૃથગ્વાસ કરવો તે, તેમજ પ્રતિકૂળતા કરવી તે વિગેરે માતાપિતાના સ્નેહના ભેદનાં કારણો જે જે જગતમાં જોવાય છે તેવાં કારણોને અંગે ભગવાને સ્નેહનો ભેદ ન થવા માટે અભિગ્રહ કર્યો છે તેનું બારીક દૃષ્ટિથી અવલોકન કરવાની જરૂર છે.

## કોઈ પણ પ્રકારે પણ દીક્ષા લેવાનો નિશ્ચય

અવલોકન કરવાવાળા સહેજે સમજી શકશે કે ભગવાન મહાવીર મહારાજે બે વાતનો નિશ્ચય કરેલો હોવો જોઇએ. એક તો હું દીક્ષા લેવાને અંગે એટલો બધો નિશ્ચયવાળો છું કે વરસોના વરસો અને યુગોના યુગો જાય તો પણ મારો દીક્ષાનો નિશ્ચય ફરવાનો નથી.

## માતપિતાદિના રાગમાં નહિ લેપાવું

બીજી વાત એ કે હું દીક્ષાના નિશ્ચયવાળો છું, પણ આ માતપિતાનો સ્નેહ જ વચમાં આડો આવે છે, અર્થાત્ એમ કહેવું જોઇએ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ગર્ભકાળથી જ દીક્ષાના તીવ્રતર અભિલાષી હતા, અને માતપિતાના સ્નેહને જ દીક્ષાના વિઘ્ન કરનાર તરીકે ગણતા હતા.

આ વાત વિચારતાં દરેક મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજા** તો માતપિતા તરફ એક અંશે પણ સ્નેહ રાખવાવાળા થયા નથી, અને એ ઉપરથી એ પણ ચોકખું થાય છે કે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનો** તે તે અભિગ્રહ તો શું પણ સમગ્ર ગૃહસ્થપણાના પર્યાયે રહેવું તે ફક્ત માતપિતાની અનુકંપા કે ભક્તિને માટે જ હતું.

## માતા-પિતાની ભક્તિ કે અનુકંપાની અનુલ્લંઘનીયતા

ધ્યાન રાખવાની જરૂર છે કે તેમના શબ્દોનો ભાવાર્થ વિચારતાં તેઓની તે ભક્તિ કે અનુકંપા અનુલ્લંઘનીય લાગ્યા છતાં પણ ઘણી જ વિષમતર લાગેલી છે, જો એમ ન હોત તો તેમના જીવતાં સુધી દીક્ષા નહિ લઉં આવો અભિગ્રહ દીક્ષાની રોકાણમાં તેમનું જીવન છે એમ ગણાય તેવી રીતે કરત નહિ.

## શ્રી નન્દિવર્ધનજીના સ્નેહની આડખીલી

જો કે અર્થાપત્તિથી ત્રિશલામાતા અને સિદ્ધાર્થ મહારાજનો કાળ પામવાનો વખત ભગવાનની ૨૮ વર્ષની ઉંમરે થયો, અને તે અભિગ્રહના હિસાબે ઓગણત્રીસમે વર્ષે ભગવાને જો દીક્ષા લેવી જ જોઈતી હતી, છતાં નંદીવર્ધનના સ્નેહની પણ વિકટ દશા ત્યાં ખડી થઈ, અને તે વિકટ દશાને અંગે બે વર્ષ વધારે રહેવું પડયું.

## દીક્ષા લેવાની સ્વાભાવિકતા

એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ભગવાન એવો અભિગ્રહ કરે છે કે માતાપિતા જીવતાં સુધી હું દીક્ષા નહિ લઉં, પણ એવો અભિગ્રહ નથી કરતા કે માતપિતાનો કાળધર્મ થશે ત્યારે તરત હું દીક્ષા લઈશ, કારણ કે દીક્ષા લેવી એ સ્વભાવસિદ્ધ છે એમ ભગવાને માનેલી છે. જો દીક્ષા લેવાનું સ્વભાવસિદ્ધ ન મનાય તો વિધિ વિના પ્રતિષેધ હોય નહિ, તેની માફક અહીં અભિગ્રહ કરી દીક્ષાના નિષેધની જરૂરજ રહેત નહિ.

## સ્નેહના પરિણામની કલ્પના

પૂર્વે જણાવ્યા પ્રમાણે માતપિતાના સ્નેહની પરાકાષ્ટા અવધિજ્ઞાનથી જાણી અને પછી સામાન્ય જ્ઞાનથી વિચાર્યું કે જો માતાપિતાનો આટલો બધો સ્નેહ છે અને એમના જીવતાં જો હું તેમને છોડી દીક્ષા ગ્રહણ કરીશ. તો શાસ્ત્રમાં જેમ સ્નેહના અધ્યવસાયથી આયુષ્યનો ઉપક્રમ થઇ મરણ થવાનું કહેવાય છે, તેવી રીતે આ માતાપિતા પણ સ્નેહની પરાકાષ્ઠાએ પહોંચેલા હે હોવાથી તે સ્નેહના અધ્યવસાયને અંગે મરણ પામશે પણ જીવતા રહેશે નહિ, એટલુંજ નહિ પણ આ માતા-પિતાનો સ્નેહ એટલી બધી પરાકાષ્ઠાએ પહોંચેલો છે, અને એવો ગાઢ થઈ ગયેલો છે કે જેને લીધે તેઓ સ્નેહના અધ્યવસાયે મરવા છતાં પણ સ્નેહના સામ્રાજ્યને લીધે 'હા મહાવીર!' એવી રીતે પુત્રપણાને અંગે સંકલ્પ વિકલ્પ કરતાં અને આર્ત, રૌદ્રમાં પ્રવેશ કરશે (કુટુંબ-કબીલાની અપ્રાપ્તિ કે પ્રાપ્તિનો નાશ એ બંને ચિંતવવાવાળાંને મુખ્યતાએ આર્તધ્યાન હોય છે, અને કોઈ કોઈ વખત તેને લીધે રૌદ્રધ્યાન પણ પરિણમે છે.) તેઓ સ્નેહાધીનપણે કાળ કરશે અને તેથી માતા અને પિતા બંને દુર્ગતિ અને અકાળ મરણ એ બંને થાય તે મારે માટે યોગ્ય નથી, માટે મારે તે માતા-પિતાની હયાતી સુધી દીક્ષા ન લેવી.

## માતા-પિતાની બારમા દેવલોકની પ્રાપ્તિ

દીક્ષાની પરિણતિની અદ્વિતીયતા છે, છતાં પણ રોકવી પડશે. આ ઉપરથી સહેજે સમજી શકીશું કે **માતા ત્રિશલા** અને **સિદ્ધાર્થ મહારાજાનું** શ્રાવકધર્મ અને સંલેખનાને આરાધવાપૂર્વક બારમે દેવલોકે નિશ્ચિત જવાનું હતું તે જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો એમ માની શકીએ નહિ, કદાચ એમ કહેવામાં આવે કે તે માતાપિતાને બારમે દેવલોકે જવાના બનાવને જેવો અવધિજ્ઞાનના ઉપયોગથી દેખ્યો, તેવોજ અવધિજ્ઞાનથી એ પણ બનાવ

દેખ્યો હશે કે મારા દીક્ષા નહિ લેવાના અભિગ્રહથી જ આ માતા-પિતા સ્નેહાધીન મૃત્યુ અને દુર્ગતિથી બચીને તેઓ બારમા દેવલોક જેવી સદ્‌ગતિ પામનારજ થશે. આવી રીતે બંને બાજુમાં અવધિજ્ઞાનનો ઉપયોગ કેમ ન લેવો ? બન્ને હકીકત અવધિજ્ઞાનથી જાણવામાં પણ માતા-પિતાની અવદશા એજ પ્રવ્રજ્યા રોધનું કારણપણું ગણાય ને તેથી સાધ્ય પ્રવ્રજ્યા જ થાય.

પણ આવો વિચાર નહિ કરવાનું કારણ એ છે કે **ભગવાન મહાવીર મહારાજે** પોતાનો અભિગ્રહ માતા-પિતાને ગર્ભમાં રહ્યાં થકાં તો શું પણ જન્મ્યા પછી પણ માતા-પિતાને કહ્યો હોય એવો **કલ્પસૂત્રાદિકમાં** ઉલ્લેખ છે નહિ, અને જો એવું કહ્યાનો ઉલ્લેખ નથી, તો પછી માતા-પિતા તો હંમેશાં વિયોગની શંકામાંજ રહેતાં હશે એમ કેમ નહિ મનાય ? તત્ત્વથી **શ્રમણ ભગવાન મહાવીર મહારાજે** પોતે પોતાના વિયોગથી જે આકસ્મિક દુઃખથી આર્તધ્યાન પામી, મરણ થવાથી દુર્ગતિ થાય તે ટાળવા માટે માત્ર દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો છે, પણ માતા-પિતા તરફ પોતે સ્નેહવાળા ન હોવાથી સ્નેહની પરાકાષ્ઠાને લીધે તેઓ વિયોગની શંકામાં સતત્ ઝુરે તેનું નિરાકરણ કરવાની ભગવાને જરૂર વિચારી નથી, અને તેથીજ એમ કહી શકીએ કે પોતાનો અભિગ્રહ પોતાના માતાપિતાને જણાવ્યો નથી.

**ગર્ભ વૈરાગ્યથી ત્યાગ કલ્પનાનો પ્રતિદિવસ સદ્‌ભાવ**

સામાન્ય સમકીતી જીવો સંસારવાસમાં કથંચિત્ વિચિત્ર સંયોગ અને સામગ્રીને લીધે રહેલા હોય તો પણ તેઓ સંસારના દરેક કાર્યમાં લુખાપણે વર્તે છે, તો પછી **શ્રમણ ભગવાન મહાવીર મહારાજા** સંસારમાં રહ્યા છતાં પણ ગર્ભથી જ ધારણ કરેલું અને શુદ્ધ એવું સમ્યક્ત્વ હોવાથી સંસાર અને રાજપાટના સર્વ કામોમાં લુખા પરિણામવાળા હોવા જોઈએ, અને તેવા લુખા પરિણામવાળા **શ્રમણ ભગવાન મહાવીર** છે એવું જાણતાં માતા-પિતાને દરેક વખત તેમના વિજોગની કલ્પના કરવાવાળા કેમ નહિ હોય ?

## વિયોગ શંકાના દુઃખનું અનિવારણ

અર્થાત્ આ બધું જોતાં સામાન્ય બુદ્ધિવાળાને પણ માલમ પડશે કે ભગવાન્ મહાવીર મહારાજે કરેલો અભિગ્રહ માત્ર માતા-પિતાના દુર્ધ્યાન અને દુર્ગતિના બચાવને માટે જ હતો અને તેથી તે અભિગ્રહ કોઈને કહ્યો નહિ એ સ્વાભાવિક છે. ભગવાન્ મહાવીર મહારાજે પોતાનો માતાપિતા જીવે ત્યાં સુધી દીક્ષા નહિ લેવાનો તે અભિગ્રહ કોઈને નથી કહેલો.

## દીક્ષાનું રોકાણ કેમ નહિ ? રજા માગવાનું કેમ ?

તે એ ઉપરથી સાબીત થાય છે કે સિદ્ધાર્થ મહારાજા અને ત્રિશલામાતાના કાળ પછી મોટાભાઈ નંદિવર્ધનજીની આગળ દીક્ષાની તૈયારી જણાવતાં તે અભિગ્રહ જણાવે છે. જો પહેલાં પણ તે અભિગ્રહ માતપિતાને જણાવ્યો હોત તો તે હકીકત નંદિવર્ધનજીના જાણવામાં આવત, અને જો નંદિવર્ધનજીએ એ હકીકત પહેલેથી સાંભળી કે જાણી હોત તો તે નંદિવર્ધન પોતે જ ભગવાન્ દીક્ષાની વાત કહે તેની પહેલાં ભગવાનને દીક્ષા નહિ લેવાનું સમજાવવા પોતે એકલા કે કુટુંબ સાથે ભગવાનને સમજાવવા આવત અને દીક્ષા નહિ લેવાનો આગ્રહ કરત, પરંતુ તેમ થયું નથી. પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે પ્રતિજ્ઞા પૂર્ણ થયા પછી પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. આ બધા ઉપરથી એ તત્ત્વ સાફ સમજાશે કે ભગવાન્ મહાવીર મહારાજે દીક્ષા નહિ લેવા માટે કરેલો નિર્ણય એ કેવળ પોતાના મનમાં જ ગુપ્તપણે રાખેલો હતો, અને પોતાના દીક્ષા નહિ લેવાના નિર્ણયની વાત અઠ્ઠાવીસ વર્ષ સુધી કેવળ ગુપ્તપણે જ રાખી.

## પરહિતરતપણામાં અભિગ્રહનો ઉપનય

આ બધું વિચારતાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા માતાપિતા વિગેરેના આર્તધ્યાન, કુમરણ અને દુર્ગતિ બચાવવા માટે પ્રવ્રજ્યા જેવી ઉત્તમ વસ્તુનો પણ કેવળ વિચારદ્વારા ઉભય

પ્રકારની દૃઢતા રાખીને ભોગ આપે છે, તે તેમના પરહિતરતપણુાના સ્વભાવને માટે લાયક જ છે એમ કહેવામાં કંઈપણુ અતિશયોક્તિ નથી, હવે આગળ વિશેષ વિસ્તાર નહિ કરવાને અંગે તેઓએ કરેલા પરહિતરતપણુાના બીજા કાર્યોનો વિચાર કરીએ.

## પ્રભુ મહાવીરની પરોપકારીવૃત્તિનો વિશિષ્ટ વિચાર

દરેક જિનેશ્વર મહારાજ બીજાના ઉપકાર તળે દબાયા સિવાય જગતના જીવ માત્રના ઉપકારમાં તત્પર રહે છે, એવો અદ્વિતીય ગુણુ વિચારીને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની સ્નાત્રાદિકે પૂજા તે વ્યતિરિક્ત દ્રવ્ય પૂજા કહેવાય એવા દ્રવ્યનિક્ષેપાના પેટા ભેદરૂપનો આગમથી જ્ઞશરીર, ભવ્ય શરીર, વ્યતિરિક્ત દ્રવ્યભેદને વિચારતાં આસન્ન ઉપકારી **શાસનાધિપતિ ભગવાન્ મહાવીર મહારાજનો** પરોપકારભાવ વિચરતાં તેઓશ્રીએ ગર્ભાવસ્થામાં કરેલા અભિગ્રહને અંગે વિચાર કર્યો.

## શ્રમણુ ભગવાન્ મહાવીરે કરેલ મેરૂનું ચાલન

**ભગવાન મહાવીર મહારાજાએ** જન્માભિષેક વખતે મેરૂને ડાબા પગના અંગુઠાથી ચલાવ્યો અને તેથી સૌધર્મ ઇંદ્રિને અભિષેકને અંગે થએલી શંકા ટળી, અને નિઃશંકપણે તેમને તથા સમસ્ત ઇંદ્ર અને દેવતાઓએ સદાકાળની રીતિ મુજબ સુરાચલ ઉપર પૂર્ણ શ્રદ્ધાપૂર્વક ધર્મના બહુમાનને અંગે સંપૂર્ણ અભિષેકવિધિ કર્યો.

## ગર્ભઅવસ્થાથી તીર્થંકર માનવાનું કારણુ

આ સ્થાને જો કે ચાલુ અધિકારને સીધો સંબંધ નથી, પણુ પૂજા અને પૂજક બંનેને સંબંધ હોવાથી ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ મહિમાની અપેક્ષાએ દેવલોકમાંથી ચ્યવે કે નરકમાંથી નિકળે તેજ સમયે તીર્થંકર નામ-કર્મને પ્રદેશોદયથી ભોગવવવાળા હોઈ તીર્થંકર તરીકે ગણુાય છે.

જો કે સામાન્ય રીતે તો તીર્થંકરનામકર્મનો અબાધાકાલ અંતર્મુહૂર્ત છે, અને તેથી અંતઃકોડાકોડ સાગરોપમ પૂર્વે પણુ

બંધાયું હોય તેવા તીર્થંકર નામકર્મને પણ અંતર્મુહૂર્ત ગયા પછી જરૂર કથંચિત્ ઉદય થાય એમ શાસ્ત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં કહે છે. તો પછી તે પાછલા ત્રીજા ભવમાં તે જિન નામકર્મ નિકાચિત કરીને તીર્થંકરના ભવમાં આવેલા જિનેશ્વરોને જિનનામકર્મનો પ્રદેશોદય ચાલુ હોઈ ભગવાન્ તરીકે ગર્ભાવસ્થાથી ગણાય તેમાં કોઈ પણ જાતનું આશ્ચર્ય નથી.

## અવધિજ્ઞાનની અભ્યંતર તીર્થંકરો હોવાથી કેવળજ્ઞાન પ્હેલાં પણ તીર્થંકરપણું

ધ્યાન રાખવું કે શાસ્ત્રકારો સ્થાન સ્થાન પર તીર્થંકર મહારાજને અવધિજ્ઞાન વગરના ન હોય એમ જે જણાવે છે, તે છદ્મસ્થાવસ્થામાં પણ તીર્થંકરપણું માનવાથી જ બને, કેમકે કેવળજ્ઞાન પામ્યા પછી મુખ્યતાએ તો મતિઆદિ ચાર જ્ઞાનોમાંથી એકે પણ જ્ઞાન રહેતું નથી, તેથી જ સૂત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં **णट्ठम्मि उ छाउमत्थिए णाणे** અર્થાત્ કેવલજ્ઞાન ઉત્પન્ન થવાની સાથે છાદ્મસ્થિક એવા મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન નષ્ટ થએલાં હોય છે, અર્થાત્ કેવલીપણાની વખતે જ સર્વથા તીર્થંકરપણું હોય છે એમ માનીએ તો **તીર્થંકરો અવધિની અભ્યંતરજ હોય છે** એવું જણાવનાર શાસ્ત્રવાકયોનો સ્પષ્ટ વિરોધ થાય.

## ગર્ભથી તીર્થંકરપણું માને તોજ જિનેશ્વરનાં પાંચ કલ્યાણકો

વળી શ્રી તીર્થંકર ભગવાનના ગર્ભ, જન્મ અને દીક્ષા યાવત્ કેવળજ્ઞાનના બનાવોને જિનેશ્વર ભગવનના કલ્યાણક તરીકે પણ માની શકાય નહિ, કેમકે દેશનાની વખતે જ એકાંતે તીર્થંકર નામકર્મનો ઉદય હોય એવું માનવા દેવદ્રવ્યને દફ્ડાવવાની દાનતવાળાઓ જે પ્રેરે છે તે ગર્ભ, જન્મ દીક્ષા અને કેવલની ઉત્પત્તિ વખતે નથી, એટલે તેઓના મતે તો જો તીર્થંકરપણામાં કોઈ પણ કલ્યાણક બનતું હોય તો તે કોઈક પ્રકારે મોક્ષકલ્યાણક જ થઈ શકે, પણ ગર્ભાદિક કલ્યાણકો તો તીર્થંકરના ગણાય જ નહિ, તે

દેવદ્રવ્ય ઠરાવનારાઓની દૃષ્ટિએ જોઈએ તો મોક્ષકલ્યાણક પણ તીર્થંકરોનું બને નહિ, કેમકે મોક્ષ થાય છે અયોગીપણામાં અને તે અયોગિપણામાં ધર્મદેશનાદિકરૂપી જિન નામનું ફળ નથી. જિન નામનો ક્ષય થયા પછી મોક્ષ થાય છે, અર્થાત્ તીર્થંકરના પાંચે કલ્યાણક છે એમ માનનારાઓએ ગર્ભથી જ તીર્થંકરપણું માનવું જોઈએ, અને તેથી જ ગર્ભની વખતે જ ઇંદ્ર મહારાજનું આસન ચલાયમાન થાય છે, અને તેથી તે ઇંદ્ર મહારાજ તીર્થંકર મહારાજ ગર્ભમાં આવ્યા જાણીને તેમને તીર્થંકર બુદ્ધિથી નમસ્કાર કરે છે.

### ગર્ભથી જ શાસ્ત્રકારોએ માનેલ તીર્થંકરપણું

શાસ્ત્રકાર મહારાજાઓ પણ ચોકખા શબ્દોમાં જણાવે છે કે **जं रयणिं वक्कमइ कुच्छिंसि अरिहा** અર્થાત્ જે રાત્રિએ મહાયશ ધારણ કરનારા ભગવાન્ અરિહંતો માતાની કુક્ષિમાં આવે છે તે વખતે સર્વ તીર્થંકરની માતાઓ ગજ-વૃષભાદિક ચૌદ સ્વપ્નો દેખે છે. **શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુસ્વામીજી શ્રીપર્યુષણાકલ્પ** સરખા અતિશય આદરણીય સૂત્રમાં આવું સ્પષ્ટપણે લખીને **તીર્થંકર મહારાજાપણું કુક્ષિમાં આવે ત્યારથી** જ છે એમ સ્પષ્ટ અક્ષરોમાં જણાવેલ છે.

### ભગવાનની માતાના ચૌદ સ્વપ્નોનો અનોખો ચલકાટ

વળી ગજ-વૃષભ આદિક ચૌદ સ્વપ્નો સામાન્ય તેજવાળા એટલે ઝાંખા તો ચક્રવર્તીની માતા પણ દેખે છે, પણ અત્યંત તેજવાળાં ગજ-વૃષભ આદિ ચૌદ સ્વપ્નો કેવળ તીર્થંકર ભગવાનની જ માતા દેખે છે. એ હકીકત વિચારનારને પણ ગર્ભથી જ તીર્થંકરપણું છે એમ માનવામાં કંઈ પણ જાતની અડચણ આવશે નહિ, વળી દરેક તીર્થંકર ભગવાનનો મેરુ પર્વત ઉપર જે જન્માભિષેક કરવામાં આવે છે તે પણ તીર્થંકરપણુના પ્રભાવને અંગેજ છે.

### સ્વપ્નોની બોલીની રકમ દેવદ્રવ્યમાં જવાનું કારણ

એ અભિષેક કરવામાં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે

કેટલાક દેવદ્રવ્યને દફ્ડાવી સ્વપ્નાની બોલીનું ઘી જે ઉપજે તેના પૈસા પોતાના છાપાછુપીના વિગેરેના પરચુરણ ખર્ચમાં લઈ જવા માટે તે દેવદ્રવ્ય નથી અને તેથી તે દેવદ્રવ્યમાં નહિ લઈ જતાં બીજે લઈ જવાય એવો બકવાદ ચલાવે છે, તેને અંગે શાસ્ત્રાનુસારી શ્રદ્ધાવાળાઓ તો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે જે ચૌદ સ્વપ્નો વિગેરેનું ઘી બોલાય છે તે પ્રથમ તો તે તીર્થંકરપણાની સ્થિતિનું અનુકરણ છે, અને તે ગજ-વૃષભાદિ સ્વપ્નો ભગવાન્ તીર્થંકરની માતાને આવેલાં છે, માટે તે સ્વપ્નો તીર્થંકરને ઉદ્દેશીને જ થએલી બોલી ગણાય. શ્રી કલ્પસૂત્ર વાચનાની મુખ્યતા રાખીએ તો તે કથંચિત્ જ્ઞાનદ્રવ્ય ગણાય એમ કોઈ કહી શકે, પણ તે અવસ્થામાં તીર્થંકરપણું નથી એમ તો કોઈ પણ શ્રદ્ધાળુ કહી શકે નહિ.

## ઐન્દ્રીઆદિ માલાના સ્થાને સ્વપ્નો છે, તેથી દેવદ્રવ્ય ગણાય

વળી શાસ્ત્રાનુસારીઓ એ પણ સાથે કહે છે કે સ્વપ્નાની બોલીની પ્રવૃત્તિ મુખ્યતાએ દેવદ્રવ્યની વૃદ્ધિને માટે જ ઐન્દ્રી આદિ માળાનો પ્રસંગ નિયમિત ન હોવાને લીધે તેને સ્થાને કરેલી જણાય છે, કેમકે પર્યુષણની અષ્ટાહ્નિકાના વ્યાખ્યાનમાં પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે દેવદ્રવ્યની વૃદ્ધિને માટે ઐન્દ્રી-આદિ માળા શ્રાવકોએ ગ્રહણ કરવી જ જોઈએ. અર્થાત્ જ્યારે તે ઐન્દ્રીઆદિ માળાની પ્રવૃત્તિ બંધ થઈ ત્યારે આ સ્વપ્નાદિની, બોલીની પ્રવૃત્તિ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પ્રવર્તેલી છે, કેમકે દેવ-દ્રવ્યની વૃદ્ધિ કરવી એ તો જિનેશ્વર, મહારાજના ઉપાસકોનું પરમ કર્તવ્ય જ છે.

## અન્ય ક્ષેત્રોની વૃદ્ધિની અનુપેક્ષા

જો કે આ કહેવાનો ભાવાર્થ એ નથી કે સંઘાદિક ક્ષેત્રોને જાળવવાની, વધારવાની કે પોષવાની જરૂર નથી, કેમકે તે સંઘાદિક ક્ષેત્રો પણ મોક્ષાર્થી જીવોને આરાધવા લાયક જ છે, પણ દેવદ્રવ્યની આવકને ધક્કો મારવો (કે જે ધક્કો શાસ્ત્રકારોના કહેવા પ્રમાણે તે ધક્કો

મારનારને દુર્લભબોધિ કરવાપૂર્વક સંસારમાં રખડાવનાર થાય છે) કોઈપણ પ્રકારે ઉચિત નથી, એટલે તત્ત્વદૃષ્ટિએ જે મનુષ્યને સાત ક્ષેત્રમાંથી જે પણ ક્ષેત્ર પોષવાનો વિચાર થાય તેનું તે યથેચ્છ રીતે પોષણ કરી શકે છે, પણ સાતે ક્ષેત્રમાં ઉત્તમ અને જેમાં સાતે ક્ષેત્રનું દ્રવ્ય વાપરી પણ શકાય એવા દેવદ્રવ્યને અંગે ધક્કો મારવો, પલટો કરવો કે તેની આવક બંધ પણ કરવી એ કોઈપણ પ્રકારે શ્રદ્ધાસંપન્નોને તો સૂઝેજ નહિ.

## દેવદ્રવ્યનો ઉપયોગ અન્ય ક્ષેત્રમાં ન થવામાં એકમત્ય

દેવદ્રવ્યને હકડાવનારાઓ પણ મને કે કમને એમ તો કબૂલજ કરે છે કે દેવદ્રવ્યને સાધારણ ખાતામાં વાપરી શકાયજ નહિ, તો પછી તે હકડાવનારાઓએ એટલું તો જરૂર વિચારવું જોઈએ કે સ્વપ્ના વિગેરેની બોલીની આવક સાધારણ ખાતાને લાયકની હોય તોપણ તેને દેવદ્રવ્યમાં લઇ જનારો કોઈપણ પ્રકારે દૂષિત નથી, પણ સ્પષ્ટ રીતે શાસ્ત્રને અને પ્રવૃત્તિને અનુસારે જેની આવક દેવદ્રવ્ય તરીકે નિયત થએલી છે, અગર દેવદ્રવ્યની વૃદ્ધિને માટેજ જે શરૂ થએલી છે, તો તેમાંથી એક કોડી પણ બીજા ખાતે લઈ જવા કે લઈ જવામાં સંમતિ આપવા ભવભીરૂ જીવ તો સ્વપ્ને પણ તૈયાર થયા નહિ.

## ભક્તિ કરનારાઓમાં બાહ્ય સંયોગની પણ કિંમત

આવી રીતે એક પ્રાસંગિક વાત જણાવી, મૂળ વસ્તુ ઉપર આવતાં જણાવવાનું કે જે વખતે તીર્થંકર મહારાજાઓનો અભિષેક થયો છે, તે વખત ઇંદ્ર મહારાજા મહર્દ્ધિકતાના અનુક્રમથીજ અભિષેક કરેલો છે. અર્થાત્ એ ઉપરથી જેઓ દેવદ્રવ્ય ઉપર દુશ્મનાવટ ધરાવનારા હોઈને જિનેશ્વર મહારાજની ભક્તિમાં તવંગર અને ગરીબનો ભેદ હોયજ નહિ એમ જણાવે છે, તેઓએ સમજવું જોઈએ કે ખુદ જિનેશ્વર મહારાજની જન્માભિષેકરૂપ ભક્તિમાં સર્વ તૈયારી સૌધર્મ ઇન્દ્ર કરે છે, તો પણ પ્રથમ અભિષેક

તો અચ્યુત ઇંદ્ર વિગેરે ઈંદ્રો કરે છે અને તે પહેલો અભિષેક કરવાનું કારણ ઇંદ્રિપણામાં તેમની અતિ મહત્તા છે એમ શાસ્ત્રથી સ્પષ્ટ જાણી શકાય છે.

## સમવસરણમાં પણ ઋદ્ધિની મહત્તા-અમહત્તા

વળી ખુદ જિનેશ્વર ભગવાનના સમોવસરણમાં પણ અલ્પર્દ્ધિક દેવતાઓને મહર્દ્ધિક દેવતાને નમસ્કાર કરવા વિગેરેની વિધિ સ્પષ્ટ છે; માટે ભક્તિમાં બાહ્ય સંયોગની કંઈપણ દરકાર હોયજ નહિ એમ કહેવું એ કહેનારની શાસ્ત્ર સંબંધી અજ્ઞાનતા સૂચવે છે.

## અભિષેક અને પૂજાની માફક આભૂષણોની પૂજા પણ જરૂરી

વળી ઈન્દ્રો ભગવાન્ જિનેશ્વરોના એકલા અભિષેક કરીનેજ ભગવાનને જન્મભૂમિમાં લાવતા નથી પણ વસ્ત્ર-આભૂષણોથી મેરૂ પર્વત ઉપર તેમને શણગારે છે, તો પછી દિગંબરોએ વિચારવું જોઈએ કે જિનેશ્વર ભગવાનની ઈંદ્રોએ કરેલી અભિષેક ક્રિયાનું અનુકરણ કરી ભગવાનનો સ્નાત્રાભિષેક કરવો અને ઇંદ્રોએ કરેલી આભૂષણ વિગેરે ભક્તિનું અનુકરણ ન કરવું એ ઘેલીના પહેરણા જેવું અનવસ્થિત ન ગણાય તો બીજું શું ગણાય?

## વીતરાગદશાની પૂજા કરવાની વાતનું વાહીયાતપણું

કદાચ કહેવામાં આવે કે જિનેશ્વર ભગવાનની વીતરાગદશાને પૂજવાની હોવાથી વસ્ત્ર, આભરણ વિગેરેની ભક્તિ કરવી તે ઉચિત નથી. એમ કહેનારે સમજવું જોઈએ છે કે પ્રથમ તો તમારા મત પ્રમાણે કેવળજ્ઞાન પામેલા ભગવાન્ જિનેશ્વરો જમીનથી અદ્ધરજ રહે છે, માટે કોઈપણ મૂર્તિ કે કોઈપણ પાદુકા જો જમીન ઉપર લાગેલી હોય તો તે તમારે પૂજવી જોઈએજ નહિ. કેમકે તમારા હિસાબે તો તેવી જમીન ઉપર સિંહાસનને લાગેલી મૂર્તિ કે પાદુકા તીર્થંકરપણાના વીતરાગતાના સ્વરૂપથી વિરૂદ્ધ જ છે.

વળી વીતરાગ થએલા તીર્થંકરો એકને એક જગો પર રહે નહિ, તો પછી મૂર્તિ અને પાદુકાને એક જગો પર રહેવાનું

હોવાથી તમારે માનવી જોઇએ નહિ, વળી તમારા હિસાબે તો કેવળીઓ કવલાહાર કરેજ નહિ, માટે તીર્થંકર ભગવાનની મૂર્તિ કે પાદુકા આગળ નૈવેદ્ય કે ફળ-ફળાદિની પૂજા કરવી, તે પણ વીતરાગતાની ઘાતક છે, માટે સ્વપ્ને પણ કરવી જોઇએ નહિ.

વળી જો આભરણ વિગેરે ભકતોએ ચઢાવેલાં છે, છતાં તે ભક્તિએ ચઢાવેલાં આભરણોથી ભગવાનની વીતરાગતા નષ્ટ થઇ જાય તો પછી તમે અને દેવોએ છત્રો ધરવાં અને ચામરો ઢાળવાં એ વિગેરે કર્યું હોય તો તે સ્પષ્ટ રાજચિહ્નો હોઇને તમારી અપેક્ષાએ તમારા ભગવાન્ મહાપરિગ્રહમાં ડૂબેલા કેમ ગણાશે નહિ ?

વળી જો વીતરાગ દશામાં જિનેશ્વર ભગવાનોને આભૂષણ હોતાં નથી, તો શું તમારા જિનેશ્વર ભગવાનો વીતરાગ દશા પ્રાપ્ત થયા પછી સ્નાન કરે છે ? કે જેથી તમે વીતરાગ દશાની વાત કર્યા છતાં અભિષેક કરો છો ?

આ બધું વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે અભિષેક કરવો અને આભૂષણ આદિ ન પહેરાવવાં એ કેવળ દાધારંગાપણુંજ છે.

## જિનપ્રતિમાને ચક્ષુ ચ્હડાવવાની આવશ્યકતા

વળી આભૂષણાદિકની અરૂચિને અંગે તેઓએ ભગવાનની ચક્ષુઓ પણ રાખી નહિ.

ધ્યાન રાખવાની જરૂર છે કે હીરા, ચાંદી કે સોનાનીજ ચક્ષુ જોઈએ એવો કોઈ નિયમ કરી શકે નહિ, પણ એટલો તો કુદરતીજ નિયમ છે કે મનુષ્ય કે જાનવર કોઇ પણ જાતને તપાસીએ તો **શરીરના રંગ કરતાં ચક્ષુ અને તેની કીકીનો રંગ જુદોજ હોય** અર્થાત્ જો મૂર્તિને સાક્ષાત્ તીર્થંકરની મૂર્તિ તરીકે જ ગણાવવી કે ગણવી હોય તો **શરીર, ચક્ષુ, અને કીકી એ ત્રણેના રંગો યથોચિત જુદા જુદા કરવાજ જોઇએ.**

સત્ય કહીએ તો સ્પષ્ટ કહી શકાય કે જેમાં **શરીર ચક્ષુ અને કીકીના રંગ જુદા ન હોય તે ખરેખર મૂર્તિ નથી પણ એક પુતળું છે.**

આ વાતને વધારે નહિ વિસ્તારતાં ટુંકમાં એટલું જ જણાવવાનું કે ઇંદ્ર વિગેરેએ ભગવાન્ જિનેશ્વરોને જિનેશ્વર તરીકે ગર્ભથી માની સ્તવ્યા અને જન્મની વખતે જન્માભિષેક કરી, વસ્ત્રાભૂષણો પહેરાવી આરતિ કરી, અને તેજ વખતે ઇંદ્ર મહારાજે જિનેશ્વર ભગવાન્ તરીકે સ્તુતિ પણ કરી છે,

**છદ્મસ્થ અવસ્થામાં પણ તીર્થંકરપણું**

દીક્ષા કલ્યાણક અને કેવળજ્ઞાનકલ્યાણક પણ તીર્થંકરપણાનેજ ઉદ્દેશીને ધર્માનુરાગી દેવતાઓએ કરેલાં છે, જો કે કુટુંબીઓ તેઓને કુટુંબી તરીકે માને. પ્રજાજન તેને રાજા તરીકે માને, દાન લેનારાઓ દાતાર તરીકે માને પણ શાસનની સારદૃષ્ટિ રાખનારાઓ તો તેમના તીર્થંકરપણાનેજ માને. તીર્થંકરપણાના મહિમાને અંગેજ ગર્ભથી તીર્થંકરપણું કહેવામાં આવે છે.

**કેવલી થયા પછી જિનનામકર્મના ઉદયનું તત્ત્વ**

પણ જે માટે તીર્થંકર નામકર્મ બાંધ્યું છે અથવા જે ભાવનાથી બંધાયું છે, તેની સિદ્ધિને માટેનો વખત એટલે સાધ્યસિદ્ધિકાળ કે ફળકાળ લઇએ તે અપેક્ષાએ તો જિનનામકર્મનો ઉદય કેવલિપણામાં છે એમ કહેવામાં અડચણ નથી, પણ તેથી અન્ય અવસ્થામાં તીર્થંકરપણાનો મહિમા ગર્ભકલ્યાણક આદિથી જે સિદ્ધ થાય છે તે ઉડી જતો નથી, ચાલુ અધિકારમાં ઇંદ્ર મહારાજા જન્માભિષેકની ભક્તિથી તરવાના કાર્યમાં શંકા પામ્યા, તે શંકાના નિવારણને માટે મેરુ પર્વત ચલાવવા જેવું ભગીરથ કાર્ય કર્યું, તે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની પરહિતમાં રતપણાની સ્થિતિ સૂચવે છે.

**ખાસ મહત્ત્વની વાત**

વળી અહીં એક ખાસ વિચારણીય વાત એ છે કે-દ્રવ્યનંદીના પ્રસંગમાં દ્રવ્યનિક્ષેપાનું સવિસ્તર સ્વરૂપ જણાવતાં દ્રવ્યનિક્ષેપાના જ્ઞશરીર, ભવ્યશરીરથી, વ્યતિરિક્ત નોઆગમ દ્રવ્યનિક્ષેપાના સ્વરૂપને પ્રસંગે ત્રિલોકનાથ તીર્થંકરોની સ્નાત્રાદિકથી કરવામાં આવતી પૂજા તે વ્યતિરિક્ત દ્રવ્યપૂજા કહેવાય એમ જણાવી ગયા.

પણ તે સ્નાત્રાદિકથી કરાતી પૂજા વ્યતિરિક્ત દ્રવ્યપૂજા ત્યારે જ કહેવાય કે **સર્વવિરતિ મેળવવાની ઈચ્છાવાળો મનુષ્ય ભગવાનના ત્યાગ અને ત્યાગના ઉપદેશને અંગે અત્યંત બહુમાન ધરાવતો જે સ્નાત્રાદિકથી પૂજન કરે તેજ દ્રવ્યશબ્દના કારણ અર્થવાળું પૂજન હોઈ દ્રવ્ય-પૂજન કહેવાય.**

ભગવાનના ત્યાગના ઉપદેશ અને ત્યાગના બહુમાન સિવાય તથા તેથી થનારી સર્વવિરતિ (સાધુપણા)ની ઈચ્છા સિવાય કરાતું સ્નાત્રાદિકદ્વારાએ પૂજન તે અપ્રધાન ગૌણ કે લૌકિક પૂજન છે, એ હિસાબે જ દ્રવ્યપૂજન ગણાય છે.

વળી તે સર્વવિરતિની ઈચ્છાએ ભગવાનનો ત્યાગ અને તેમના ત્યાગના ઉપદેશના બહુમાનને અંગે કરાતું સ્નાત્રાદિકે પૂજન ત્યારેજ વ્યતિરિકત દ્રવ્યપૂજામાં ગણાય કે જ્યારે ભગવાનના અનુપકૃત છતાં બીજાના હિતમાં તત્પર રહેવા રૂપ ભગવાનનો ગુણ આત્મામાં ઓતપ્રોત કરવામાં આવે.

## તીર્થંકર ભગવાનોમાં પરહિતરતપણાનો વિચાર

તે પરહિતમાં રક્તપણાના ગુણનો વિચાર કરતા **શ્રીહરિભદ્રસૂરિજીએ वरबोधित आरभ्य** એ વચન કહી દરેક તીર્થંકરો સમ્યક્ત્વ પામે ત્યારથી જગતના સર્વ જીવોના હિતને સાધવાને માટે વ્યસનીની માફક તત્પરતાવાળા હોય છે, એમ જે જણાવ્યું છે, તે ઉપરથી તેમજ તેજ **હરિભદ્રસૂરિજીએ શ્રીલલિતવિસ્તરા** નામની ચૈત્યવંદનની વૃત્તિમાં **परार्थव्यसनिनः** ઈત્યાદિ કહી સર્વ તીર્થંકરોનું જગતના જીવોના હિતમાં તત્પર રહેવાપણું જણાવેલું છે, તેથી **સર્વ તીર્થંકર મહારાજાઓ સમ્યક્ત્વ પામ્યા પછી જગતના જીવોનું હિત કરવામાં તત્પર રહે તે સ્વાભાવિક છે-**

જો કે સામાન્ય વ્યાખ્યા તેવી દશા અને સામગ્રીને આધીન છે, અને તેથીજ ભગવાન્ મહાવીર મહારાજાએ

**મરીચિના** ભવમાં સાધુપણું છોડી પરિવ્રાજકપણું આદર્યું. **કપિલને** છેવટે પણ **इत्थंपि इहयंपि** એ સમ્યક્ત્વવાળાને નહિ બોલવા લાયક વચન બોલી પોતાના મતમાં લીધો, **વાસુદેવથી** પહેલાના ભવમાં સાધુપણામાં છતાં ગાયને શીંગડાંમાં પકડી વીંઝી, બલપરાક્રમવાળા થવાનું નિયાણું કર્યું, **વાસુદેવના** ભવમાં સિંહને માર્યો, રાણીનું અપમાન કર્યું, શય્યાપાલકના કાનમાં સીસું રેડયું વિગેરે બનેલા આચરણો પરાર્થ ઉપકારી કહી શકાય નહિ. પણ તે તે વખતના સંજોગો અને સામગ્રી વિચિત્ર હતી એ વાત **ભગવાન્ મહાવીર મહારાજના** જીવનને જાણનારાઓથી અજાણી નથી.

પણ જે જે વખતે સંયોગ અને સામગ્રી અનુકૂળ થઈ છે, તે તે વખત અને તેમાં ખુદ તો તીર્થંકરનામકર્મ નિકાચિત કર્યા પછી પરહિતરતપણાનો વધારે સંયોગ કહેવાય. અને તે અપેક્ષાએ **ભગવાન્ હરિભદ્રસૂરિજીએ** સામાન્ય **બોધિલાભ** નહિ વાપરતાં **વરબોધિલાભ** શબ્દ વાપર્યો હોય તો તેમાં કાંઈ નવાઇ પામવા જેવું નથી, પણ તેવા ઉંચી તથાભવ્યતાવાળા તીર્થંકર ભગવાનના જીવોને અશુભ સંયોગ, સામગ્રી ઘણીજ થોડી વખત હોય, અને પરાર્થ સાધનનીજ સામગ્રી વધારે વખત હોય, અને તેથી સર્વ તીર્થંકરોને પરાર્થ વ્યસની તરીકે અને પરાર્થોદ્યત તરીકે ગણવામાં આવે તો આશ્ચર્ય નથી.

વિશેષ અધિકાર તો ખુદ તીર્થંકરના ભવને અંગે છે, અર્થાત્ તીર્થંકરના ભવમાં તો અનુપકૃત પરહિતરતપણાનો સતત પ્રભાવ હોય છે એ વાત સામાન્ય રીતે સમજવા જેવી છે.

### 'આકાલ''પદના ફૂટ અર્થનો સ્ફોટ

કેટલાક અણસમજુ લેખકો **લલિતવિસ્તરાના** आकालं પદને વ્યવસ્થિતપણે નહિ સમજતાં સર્વકાલ એટલે અનાદિથી ભગવાન્ તીર્થંકર પર ઉપકારમાં લીન હોય છે એમ ગણાવવા માગે છે તો જો કે સર્વ તીર્થંકર ભગવાનો અનાદિથી એવા ગુણવાળા

હોય તો તેમાં કોઇ પણ જૈનીને નાકબુલ કરવાનું કે નારાજ થવાનું હોયજ નહિ, પણ તેમ કહેનારે સમ્યક્ત્વપ્રાપ્તિ પછી પણ **ભગવાન્ મહાવીર મહારાજના** જણાવેલા વૃત્તાંતોનું સમાધાન કરવું, કેમકે કોઈ પણ વસ્તુનો બાધક આવતા મુદ્દાઓનો નિકાલ કર્યા સિવાય માત્ર મનસ્વીપણે બોલવું કે લખવું તે વાચાલતાના દિગ્દર્શન સિવાય બીજું કાંઇ નથી.

***શ્રી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજ**ના પૂર્વ ભવોમાં પૂર્વે બનેલા બનાવો વિચારવા સાથે **લલિતવિસ્તરાના** પાઠમાં **आकालमेते**વાળા પેરેગ્રાફમાં **देवगुरुबहुमानिनः** એ વિશેષણ સ્પષ્ટ અક્ષરોમાં અપાયેલું છે, તો તે વાચાલતાના દિગ્દર્શન કરનારે જેમ આગળ કેટલીય વખત ખડા કરવામાં આવેલા મુદ્દાઓને વિચાર્યા નહિ, ખુલાસા કર્યા નહિ, તેમજ વિરૂદ્ધ ભાષણના **મિચ્છા-મિદુક્કડં** આપ્યા નહિ, અને જેમ તેમ લખીનેજ છાપાંના કાગળો કાળા કરી પોતે અને પોતાના વાંચનારાઓને સત્યસ્વરૂપથી વંચિત કર્યા એ ઉચિત નથી.

ખરી રીતે તો **તેમના મત પ્રમાણે દરેક તીર્થંકરો અનાદિકાલથી દેવગુરુના બહુમાન વાળાજ હોય છે**, એમ શાસ્ત્રોના પાઠોથી સાબિત કરવા તૈયાર થવું, અને જો તેમ કરવા વાસ્તવિક રીતે ઉદ્યમ કરી સાબિત કરવામાં આવશે તો કોઇ પણ જૈન અનહદ આનંદઉત્સવ કર્યા સિવાય રહેશે નહિ, પણ તે માટે **અનાદિ નિગોદમાં પણ વસેલા તીર્થંકરો દેવ-ગુરુનું બહુમાન કરવાવાળા હતા** એમ સાબિત કરવું જોઈશે, અને જો તેમ સાબિત થશે તો આ લેખકને જે **વરબોધિથી** કે **તીર્થંકરના ભવમાં પરહિતરતપણાની માન્યતા છે તે ફેરવી**

---

* અહીંથી બે પાનાં સુધીના લખાણમાં દેખીતી રીતે ઉગ્રતા દેખાય છે, પણ આગળ ઉપર તેનો સ્પષ્ટ ખુલાસો પૂ. આગમોદ્ધારકશ્રીએ કર્યો જ છે, કે-"ન છૂટકે લખાણમાં કઠોરતા લાવવી પડે છે" વાચકોએ જરા ગંભીરતાથી લખાણના મર્મને પારખવા નમ્ર સૂચના છે સં.

**અનાદિથી દરેક તીર્થંકરની પરહિતરતપણાની પ્રવૃત્તિ હોય છે,** એવી માન્યતા સ્વીકારવામાં અડચણ નથી.

જો કે જૈનશાસ્ત્રોને જાણુનાર સામાન્ય પણ વ્યક્તિ એકેંદ્રિયપણામાં તો શું પણ વિકલેંદ્રિય અને અસંજ્ઞીપણામાં પણ કેવળ વ્યવહાર મનોયોગ હોઈ દેવ–ગુરુના બહુમાનને અંગે જોઈતા મનોયોગની હાજરી માનવા પણ તૈયાર થઈ શકે તેમ નથી, છતાં સકલાગમરહસ્યવેદી તરફથી જેવી રીતે ઓળી જેવી મહા અસજઝાયમાં આચાર્યાદિ પદવી માટે કાલગ્રહણની શુદ્ધિ આકાશમાંથી મળી ગઈ, તેવી રીતે કાંઈક આ પણ શુદ્ધિ કોઈક રહસ્યવેદી તરફથી મળી જાય, તો જૈનજનતાને ઘણુાજ આનંદનો વિષય થાય,

ચાલુ અધિકારને અંગે **ભગવાન્ મહાવીર મહારાજે** સમ્યક્ત્વ પ્રાપ્ત થવા પહેલાં પણ સાધુઓને અંગે દાખવેલું પરોપકારિપણું જે જણાવવામાં આવ્યું છે, તે **શ્રમણ ભગવાન્ મહાવીરની** અતિશયતા માટે છે એ વાત તો લેખક અને વાચક બંને જાણેજ છે, પણ તેવી **શ્રમણ ભગવાન્ મહાવીરની** અતિશયતા કરવાથી બીજા તીર્થંકરોની અવજ્ઞા થઈ ગઈ એવું માનવાનું આ સંમૂર્છિમસંતાનને ક્યાંથી સૂઝયું ? તે તો તેજ જાણે.

કેમકે તે લેખકની અપેક્ષાએ તો **આસન્ન ઉપકારી મહાવીર મહારાજ** છે, માટે તેમના કલ્યાણકો ઉજવવા એવું કહેનાર **ભગવાન્ હરિભદ્રસૂરિજી** અને **કલ્પસૂત્રમાં ભગવાન્ મહાવીર મહારાજનું** ચરિત્ર પહેલું લાવવા માટે જિનેશ્વર મહારાજના ચરિત્રોના અનુક્રમને ઉથલાવી પશ્ચાનુપૂર્વી કરનાર **યુગપ્રધાન શ્રુતકેવલી ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી** ઈતર જિનેશ્વરોની અવજ્ઞા કરનારામાં આગેવાન થાય તે સ્વાભાવિક છે, પણ સંમૂર્ચ્છિમોને પૂર્વપુરુષોનો વિચાર કરવાનો કે સંબંધ રાખવાનો ન હોય તે સ્વાભાવિક છે.

તે સંમૂર્ચ્છિમના સંતાને યાદ રાખવુ કે છાણુમાંથી થએલા વીંછીને પેટમાંથી વીંછીઆ નીકળે છે, તેવી રીતે

સંમૂર્છિમ પણાથી અને આગળ થએલી સ્થિતિ તેમજ શત્રુંજયને અનાર્ય કહી દેવાનું સાહસપણું કરવાની સ્થિતિ કે જે શ્રમણસંઘની બહાર કરવાને લાયકની બની છે તે જૈનજનતાની જાણ બહાર નથી, અને એવા સંમૂર્છિમોની સત્યતાથી સર્વથા વેગળી અને હલાહલ જૂઠથી ભરેલી વાચાથી શ્રી જૈનસંઘ દોરવાય તેમ નથી એ પૂરેપૂરી રીતે સમજવું, (આ વાત આ વાચાલે જયંતીમાં ઉચ્ચારી છે) જો કે તે સંમૂર્છિમના સંતાનને સત્ય રસ્તાની સમજ આવવી મુશ્કેલ છે, પણ વાચકોની જાણ માટે આક્ષેપના ઉત્તરમાં એટલું જણાવી શ્રમણ ભગવાન મહાવીર મહારાજના પરોપકારી જીવન ઉપર વિચાર કરીએ,

જો કે આટલું પણ લખવું આ પત્રની પદ્ધતિને અંગે ઉચિત ન હતું પણ પરવચનને પાગલપણું સૂઝેલું હોવાથી પદ્ધતિને ઓળંગીને આટલું લખવું પડયું છે, અને લેખક આશા રાખે છે કે ભવિષ્યમાં આવું લખાણ કરવાની ફરજ ન જ આવી પડે.

અવજ્ઞા કરવાનું માનવાવાળાએ ભગવાન્ ઋષભદેવજીએ અજ્ઞાનમાંથી યુગાદિમાં જગતનો ઉદ્ધાર કર્યો, અત્યાર સુધી ચાલતી એવી ધર્મકર્મની સ્થિતિ પ્રવર્તાવી દાનધર્મ એ ભગવાન્ યુગાદિદેવનો પ્રતાપ છે. ભગવાન્ પાર્શ્વનાથજીજ આદાનીય નામવાળા હતા, ભગવાન્ નેમનાથજી વિગેરે કુમારપ્રવ્રજિત હતા એ વિગેરે શાસ્ત્રનાં વાક્યો તે તે તીર્થંકરોના મહિમા ગાવાવાળા છે, એમ સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વાભાવિક રીતે માનેજ છે, છતાં તેમાં પણ અવજ્ઞાવાદીને અવજ્ઞાની ગંધ આવે તેમાં કાંઈ નવાઈ જેવું નથી.

હવે ભગવાન્ મહાવીર મહારાજના પરોપકારી જીવન ઉપર શુદ્ધદૃષ્ટિએ વિચાર કરીએ.

## શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું સર્પ ફેંકવામાં પણ પરોપકારનિરતપણું

શ્રમણ ભગવાન મહાવીર મહારાજે અત્યંત બાલદશામાં રમત

કરતાં પણ તત્ત્વથી **ભગવાન્ મહાવીર મહારાજના** સત્ત્વને જોવાને આવેલો દેવતા છે, પણ વ્યાવહારિક દૃષ્ટિથી તે સત્ત્વની પરીક્ષા કરવાળો દેવતા સર્પના સ્વરૂપમાં છે એ વાત તો ચોકખીજ છે. સામાન્ય રીતે બાલકોમાં ભયસંજ્ઞા વધારે હોય છે, તો પછી સર્પ જેવા ભયંકર ઝેરી જાનવરને દેખીને **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા** અનંત સત્ત્વવાળા હોવાથી ન ડરે, પણ સાથે રમનાર બીજા રાજકુમારો તેવા અનંત સત્ત્વવાળા ન હોઈને તેવા ઝેરી જાનવરથી સામાન્ય રીતે પણ ડરી જાય, તે સ્વાભાવિક છે, તો પછી દેવતાએ ડરાવવાને માટેજ કરેલા ભયંકર સર્પથી કેટલો ત્રાસ તે સાથે રમનાર રાજકુમારોને થયો હશે ? તે કલ્પવું પણ અશકય છે, અને ચરિત્રોમાં પણ સાંભળીએજ છીએ કે **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજ** સિવાયના સર્વ રાજકુમારો અત્યંત ભયાનકરૂપે દેખાવમાં આવેલા સર્પથી ત્રાસ પામી દૂર ભાગી ગયા.

આ સ્થળે કથંચિતપણે પરહિતરતપણાનો પ્રસંગ લઈએ તો એમ કહી શકીએ કે **શ્રમણ ભગવાન્ મહાવીર** ભાગીને નહિ પણ શાંતિથી પોતાના સત્ત્વની સાચવણીપૂર્વક તે કુંવરોની સાથે બીજે સ્થાને જઈ ક્રીડા કરી શકતે, પણ જે દેવતા સર્પરૂપે આવ્યો હતો તેને પકડીને **શ્રમણ ભગવાન મહવીરે** દૂર ફેંકી દીધો તેમાં સીધી રીતિએ એમ કહી શકીએ કે તે સાથે રમનારા રાજકુમારોના હૃદયમાં થએલી વિહ્વલતાને દૂર કરવા માટેજ હોય.

**અવસ્થાની અપેક્ષાએ સાવદ્યની પણ યોગ્યતા**

જો કે સર્પને ફેંકી દેવો એ સર્પને પીડાકારક હોઇ નિરવદ્ય છે, એમ ન કહીએ ! તો પણ તે અવસ્થાને અંગે સર્વ સાવદ્યનો ત્યાગ ન હોવાથી ઉચિત છે એમ કહેવામાં તો કોઈ જાતની અડચણ નથી, કેમકે **ભગવાન્ ઋષભદેવજીએ** રાજ્યાવસ્થામાં શિલ્પ અને કર્મોનો જે ઉપદેશ કર્યો છે સાવદ્ય હતો છતાં પણ લોકોપકારની દૃષ્ટિએ જરૂરી હતો તેમ **કલિકાલ સર્વજ્ઞ** ભગવાન્ **શ્રી હેમચંદ્રસૂરિજી** જણાવે છે. તેમજ તેજ **ભગવાન્ ઋષભદેવજીએ** કરેલી

રાજ્યની વ્યવસ્થા તથા પુત્રોને આપેલાં રાજ્યો જો કે દોષરૂપ છે, છતાં તે અવસ્થાની અપેક્ષાએ ભગવાનને તે કરવું ઉચિતજ હતું એમ આચાર્ય મહારાજા હરિભદ્રસૂરિજી અષ્ટકજીમાં અને પંચવસ્તુ વિગેરેમાં જણાવે છે.

તેવી રીતે અહીં શ્રમણ ભગવાન મહાવીર મહારાજના અધિકારમાં પણ તે દેવતા કે જે ભયંકર સર્પરૂપે આવેલો છે, તેને દૂર ફેંકવો તે રાજકુમારોની શાંતિની અપેક્ષાએ તે અવસ્થામાં અત્યંત યોગ્ય છે, એમ કહેવું જોઈએ, અને તેથીજ જો કે મહાવીર મહારાજના સ્વતંત્ર પ્રસંગને અંગે સત્ત્વપરીક્ષાનો વિષય કહેવાય, પણ ચાલુ પ્રસંગને અંગે તે સાથે રમતા રાજકુમારોના ત્રાસને નિવારવો અને હિંમત આપવી, તેને માટે સર્પનું ફેંકવું લઈએ તો સ્પષ્ટ રીતે તે પરોપકારને માટેજ છે એમ કહેવું પડે.

ઉપલક દૃષ્ટિથી વિચારતાં તો ખરેખર એ સત્ત્વપ્રસંગ કરતાં પરોપકારનો વિશેષ પ્રસંગ છે, એમ સામાન્ય પ્રેક્ષકોને સહેજે માલમ પડે તેમ છે.

**પ્રભુ મહાવીરતા સાત્ત્વિકતા**

વળી તે સત્ત્વની પરીક્ષા કરવા આવેલા દેવતાએ આગળ જણાવ્યા પ્રમાણે સર્પરૂપ દ્વારાએ સત્ત્વની પરીક્ષા કર્યા પછી પણ તે જ છોકરાઓની રમતમાં સાત તાડ જેટલું ઉંચું રૂપ કરી ભગવાન્ મહાવીર મહારાજને ડરાવવાનો જે પ્રસંગ ઉભો કર્યો છે, અને તેમાં દેવતાએ પોતે છોકરાપણાની અવસ્થા વખતે પોતાની હાર થએલી છે એમ જણાવી જે મહાવીર મહારાજને ખભે બેસાડયા તે વખતે અને પૂર્વે જણાવેલ સર્પની પરીક્ષા શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે અવધિજ્ઞાનનો ઉપયોગ મેલ્યો નથી એ સ્પષ્ટ છે.

શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું અવધિજ્ઞાન તે વખત પણ દશમા દેવલોક જેટલું તો હતું જ એ શાસ્ત્રસિદ્ધ

હકીકત છે, અને તે દેવતા તો પહેલા દેવલોકથી આવેલ હતો, તેથી ભગવાન્ મહાવીર મહારાજના અવધિજ્ઞાનના ઉપયોગના વિષયથી બહાર તે ન હતો, પણ અવધિજ્ઞાન એવી ચીજ છે કે તે દ્વારા ઉપયોગ મુકે તોજ તે જાણી શકે, અને અવધિજ્ઞાનનો ઉપયોગ પણ શાસ્ત્રકારો અંતર્મુહૂર્તજ હોવાનું જણાવે છે, તેથી અવધિજ્ઞાનવાળા પુરુષો હંમેશાં અવધિજ્ઞાનના ઉપયોગમાંજ હોય, અને તેમનું આખું જીવન તે અવધિજ્ઞાનરૂપી જ્ઞાનમયજ હોય તે ન સંભવે;

તત્ત્વથી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે અવધિજ્ઞાનનો ઉપયોગ મેલી તે સત્ત્વની પરીક્ષા કરવા આવનાર સર્પ અને કુંવર તે સર્પ અને કુંવર નથી, પણ દેવતા છે એમ ધાર્યું જ નથી. મહાવીર મહારાજે તો સામાન્ય દૃષ્ટિએ સર્પ અને રમનાર સામાન્ય રાજકુમારજ ધારેલો છે. કોઈક ગેરહાજર રાજકુમાર હોય અને તેનું રૂપ તે દેવતાએ લીધું હોય તે અસંભવિત નથી.

હવે તે હારેલા રાજકુમારના રૂપને ધારણ કરનાર દેવતાએ મહાવીર મહારાજને ખભે ચઢાવ્યા પછી જે વખત સાત તાડનું રૂપ કર્યું હશે અને મહાવીર મહારાજને ડરાવવાનોજ તેનો ઉદ્દેશ હોવાથી જે તે સાત તાડના રૂપમાં ભયંકરતા વ્યાપ્ત કરી હશે, તે સામાન્ય વિચારવાળા મનુષ્યની વિચારશક્તિની બહારનીજ હશે એ સ્પષ્ટ જ છે, અને તેવા રૂપે શ્રમણ ભગવાન મહાવીર મહારાજને ઉઠાવી લીધેલા હોવાથી તે સાથે રમનારા બાળકોની શી દશા થઇ હશે? તે વચનથી અકથનીયજ છે. અને તેથી તે સાથે રમનારા બાળકોની હેબતાએલી દશા મહાવીર મહારાજને દૂર કરવા માટે તે પૈશાચિક રૂપને મુષ્ટિપ્રહાર કરવો પડે તેમાં કાંઈ આશ્ચર્ય ગણાય નહિ.

જો શ્રમણ ભગવાન મહાવીર મહારાજ ને માત્ર

પોતાનોજ બચાવ કરવો હોત તો તે પૈશાચિક રૂપના ખભા ઉપરથી સરકી ઊતરવું કે કૂદી ઊતરવું તે સહેલો ઉપાય હતો. પણ બારીક રીતિથી તપાસીએ તો સાથે રમનારા છોકરાઓની હેબતાણુ મટાડવા અને તેઓને સર્વથા નિર્ભય કરવા ભગવાન્ મહાવીર મહારાજને પૈશાચિક રૂપ ઉપર મુષ્ટિપ્રહાર કરવો પડ્યો હોય તે સ્વાભાવિક છે.

## ઉત્તમ સ્વપ્નોનો સામાન્ય ફળાદેશ

વાચકે યાદ રાખવાની જરૂર છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ગર્ભે આવ્યા ત્યારથીજ દેવાનંદાને ચૌદ સ્વપ્ના આવ્યાં હતાં, અને તેની જો કે તેવી જાહેરાત થઈ ન હોતી અને ઋષભદત્ત બ્રાહ્મણે પણ શ્રી દેવાનંદાની આગળ ચૌદ સ્વપ્નોના ફળ કહેતાં માત્ર બ્રાહ્મણ અને પરિવ્રાજકપણાને લાયક-નાજ ફળો બતાવી સ્વપ્નોનો ફળાદેશ બતાવેલો હતો, પણ બ્યાસી દિવસ પછી ભગવાન મહાવીર જ્યારે ત્રિશલારાણીની કૂખમાં સંહરણ રૂપે હરિણૈગમેષી દેવદ્વારા લવાયા ત્યારે પુણ્યવતી માતા ત્રિશલાએ સિંહ વગેરે ચૌદે ઉત્તમ સ્વપ્નો દેખ્યાં.

આ સ્થળે યાદ રાખવાની જરૂર છે કે ચૌદ સ્વપ્નોનો સંબંધ તીર્થંકર કે ચક્રવર્તીના ભવ પહેલાના દેવ કે નારકીમાંથી થયેલી ચ્યવનની સાથે નથી, પણ માત્ર માતાની કૂખમાં પ્રવેશની સાથે જ ચૌદ સ્વપ્નોનો સંબંધ છે, અને તેથી સૂત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે जं रयणिं वक्कमइ कुच्छिंसि महायसो अरिहा અર્થાત્ એ ચૌદ (ગજ–વૃષભાદિક) સ્વપ્નો મહાયશવાળા ભગવાન્ અરિહંત જે રાત્રિએ માતાની કુક્ષિમાં આવે છે તે રાત્રિએ સર્વ તીર્થંકરની માતાઓ દેખે છે.

## ગર્ભાપહારને ચ્યવન કલ્યાણક કહેનારની અજ્ઞાનતા

આ ઉપરથી જેઓ દેવાનંદાની કૂખમાંથી થએલા ગર્ભાપહારને ચ્યવન કલ્યાણકના નામે કલ્પે છે, તેઓને શાસ્ત્રસિદ્ધ ઊર્ધ્વ દેવલોકમાંથી આવનારને માટે ચ્યવન શબ્દ અને અધોલોકમાંથી

આવનારને માટે ઉદ્વર્તન શબ્દ જે વપરાય છે, તેનો તેમને મુદ્દલ ખ્યાલ લાગતો નથી, અને તેથી તે લોકો એક જૂઠાંને સાચું કરવા બીજાં ચૌદ જૂઠાં બોલવા પડે એવી લોકોક્તિને અનુસરે તેમાં નવાઈ નથી.

## શ્રી કલ્પસૂત્રના "સેય" શબ્દથી કલ્યાણક માનનારની ગેરસમજ

વળી તેઓએ એ પણ ધ્યાન રાખ્યું નથી કે કલ્યાણક વખતની સેવા ઇંદ્રિ મહારાજે સ્વયં કરેલી છે, જ્યારે ગર્ભાપહારનું કાર્ય હરિણૈગમેષી દેવ કે જેનું કામ કલ્યાણકોની વખતે સુઘોષા ઘંટા વગાડવાનું છે, તેને ભળાવવામાં આવ્યું છે, કેટલાક તો કલ્પસૂત્રના **सेयं** શબ્દને દેખીને તેનો સારૂં અગર યોગ્ય કે આદરવા લાયક એવો અર્થ છોડીને કલ્યાણક એવો કલ્પિત અર્થ કરવા દોરાય છે.

તેઓએ પ્રથમ તો એ ધ્યાનમાં રાખવું કે એ ગર્ભાપહારને અકલ્યાણક રૂપ છતાં કલ્યાણક ગણતાં બાકીનાં પાંચ કલ્યાણકોને કાઢી નાખવાં પડશે, કેમકે તેને માટે કોઈ જગો પર **सेय** શબ્દ નથી, વળી **सेयं**નો અર્થ યોગ્યતામાં ન લેવાય તો **साहरित्तए** એટલે **संहर्तुम्** એ જગો પર વાપરેલો **तुम्** પ્રત્યય ક્રિયા અર્થની ક્રિયા પણ યોગ્ય અર્થ લેવો નથી. તેથી અપપ્રયોગવાળોજ ગણાશે.

## શ્રી કલ્પસૂત્રના બહુવચનથી ગર્ભાપહારને કલ્યાણક કહેનારા પ્રત્યે

વળી કેટલાકો **हत्थुत्तराहि** એ શબ્દમાં ઉત્તરાફાલ્ગુનીના બહુવચનને અંગે ગર્ભાપહારનું કલ્યાણક પણ ગણાવી દેવા માંડયું છે, તેઓએ પ્રથમ તો એ ધ્યાન રાખવું જોઈએ કે અહીં એ ગર્ભાપહારને અંગે બહુવચન લઈએ તો **चित्ताहिं विसाहाहिं उत्तरासढाहिं** વિગેરે સૂત્રોમાં પણ ગર્ભાપહાર કલ્યાણક માનવું પડશે. વળી પ્રાકૃતની અપેક્ષાએ એકથી અધિક અને સંસ્કૃતની અપેક્ષાએ

બેથી અધિક હોય તો બહુવચન વપરાય છે, તો શું ચાર કલ્યાણકને અંગે બહુવચન ન વપરાય ? કે જેથી બહુવચનના નામે ગર્ભાપહારને કલ્યાણક તરીકે ખોસવું પડે! વળી ફાલ્ગુનીને અંગે કોશકારોએ વાપરેલા એકવચનને આગળ કરવું તે પણ અણસમજ ભરેલું છે, કેમકે કોશકારોને તો માત્ર તેના દેવતા જણાવવાનો અધિકાર છે, અને ત્યાં નક્ષત્રની સંખ્યાને અંગે તો બહુવચન વ્યાકરણથી સિદ્ધજ છે.

## ગજાદિ સ્વપ્નોના ફલાદેશની મહત્તા

તત્ત્વથી જો કે મહાવીર ભગવાનના ગર્ભનો ત્રીજો મહિનો હતો, તો પણ ત્રિશલારાણીની કૂખે પ્રવેશ તે ત્યાસીમે દિવસે હોવાથી તે રાત્રિએજ ત્રિશલામાતાએ ચૌદ સ્વપ્નાં દેખ્યાં, જો કે મહારાજા સિદ્ધાર્થજીએ તે ગજાદિક ચૌદ સ્વપ્નોનો સામાન્ય રીતે પણ ફળાદેશ મોટા રાજા તરીકે કહેલો છે, પણ બીજે દહાડે બોલાવેલા સ્વપ્નપાઠકોએ કહેલો ફળાદેશ જે તાત્વિક કહેવાય અને જગતમાં જાહેર થનારો ગણાય, તે ફળાદેશ ચાતુરંત ચક્રવર્તી કે ધર્મવર ચાતુરંત ચક્રવર્તીપણાનોજ હતો, અને તેથી દેશ દેશાંતરમાં અત્યંત જાહેરાત થવા પામી હતી કે સિદ્ધાર્થ મહારાજા ની રાણી ત્રિશલાનો થયેલો પુત્ર ચક્રવર્તી થશે.

## સાથે રમનારા તે કુમારો કયા ?

તે સર્વ પ્રસિધ્ધિને પ્રતાપે મહારાજા શ્રેણિક અને માલવાધિપતિ થએલો એવો ચંડપ્રદ્યોતન વિગેરે રાજકુમારો ભગવાન્ મહાવીર મહારાજની લગભગ સરખી ઉંમરના હોઈ સેવા કરવા હાજર રહેલા હતા. તેઓ પણ કદાચ આ સર્પ અને પૈશાચિક રૂપની વખતે હોય, કેમકે તેમના માતાપિતાએ તે વખત પણ મોકલ્યા હોય તો તે કાંઇ અસંભવિત નથી.

## પૈશાચિક રૂપને મુષ્ટિ મારવાનો હેતુ

તત્ત્વમાં ભગવાન મહાવીર મહારાજે તે પૈશાચિક રૂપને

મુષ્ટિપ્રહાર કરી સ્વાભાવિક રૂપ કરવાની ફરજ પાડી, તેમાં સ્વસત્ત્વની અધિકતાનું દર્શન કરાવવાનો કે પોતાને ભય થયો હતો અને તે ટાળવા માટે પ્રયત્ન કરવાના મુદ્દા કરતાં તે સહચારી રાજકુમારોના ભયને ટાળવાનો મુદ્દો અધિક યોગ્ય ગણાય અને તે રીતે પૈશાચિક રૂપને સ્વાભાવિક રૂપ કરવાની ફરજ પાડવાને માટે કરેલો પ્રયત્ન ભગવાનની પરોપકાર વૃત્તિનેજ જણાવે તો તેમાં કાંઈ અણુઘટતું ગણાય નહિ.

આવી રીતે શ્રમણ ભગાન મહાવીર મહારાજાનું નિશાળે જવું, સમરવીર જે પોતાના સસરા તેમને મદદ કરવી, નંદિવર્ધનનો શોક ટાળવો વિગેરે અનેક વૃત્તાંતોમાં પરોપકાર વૃત્તિતા કેવી રીતે દેખી શકાય છે તે હવે વિચારીએ.

## પ્રભુ મહાવીરની પરહિતવૃત્તિ

શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા વર્તમાન શાસનના અધીશ્વર હોવાથી તેમને અંગે વ્યતિરિક્ત દ્રવ્યપૂજાના સંબંધથી જે પરોપકારનિરતપણું વિચારી રહ્યા છીયે, તેમાં ભગવાનનું નિશાળગયણું એટલે લેખશાળામાં નયન થયું છે તે પણ પરોપકારને માટે છે એમ મુખ્ય મુદ્દાએ વિચારવાનું છે.

આ વાત તો શાસ્ત્રથી સિધ્ધ થએલી છે અને આપણે આગળ જાહેર પણ કરી ગયા છીએ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ગર્ભમાં આવ્યા ત્યારથીજ મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવાળા છે.

## જિનેશ્વર ભગવાનને જાતિસ્મરણની જરૂર

છતાં એક વાત વધારે ધ્યાન ખેંચનારી છે કે દરેક તીર્થંકરો ગર્ભથી મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવાળા હોય છે એમ સ્પષ્ટ જણાવાયા છતાં શાસ્ત્રકારો ભગવાન્ મહાવીર મહારાજાદિને અંગે જાતિસ્મરણનો ગુણ કેમ લેતા હશે ? કે જેને માટે શાસ્ત્રકારોને એમ કહેવું પડે છે કે जाइस्सरो उ भयवं અર્થાત્ જિનેશ્વર ભગવાન્ તો ગર્ભથી પહેલાના ભવોને સ્મરણ કરનારા એટલે જાણનારા હોય છે.

જો કે કોઇક તીર્થંકરો નરકગતિમાંથી આવેલા હોય અને તેથી તે તીર્થંકરને પૂર્વભવનું અવધિજ્ઞાન અઢી, ત્રણ કે સાડા ત્રણ ગાઉનુંજ હોય પણ વધારે ન હોય અને કાલથકી અવધિજ્ઞાન દ્વારા જાણવાની શક્તિ તે ક્ષેત્રના પ્રમાણમાં ઘણી ઓછી હોય અને તેથી તેમનું અવધિજ્ઞાન માત્ર અવધિજ્ઞાનની હયાતી ગણાવવા પૂરતુંજ ગણીએ અને તેથી ત્યાં જાતિસ્મરણની જરૂરીઆત રહે, પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજ તો દશમા દેવલોકથી ચ્યવીને આવેલા હોવાથી ક્ષેત્ર અને કાળથકી પણ અસંખ્યાતા અવધિજ્ઞાનને તેઓ ધારણ કરનારા હતા એમ નક્કી છે તો પછી તેમને માટે જાતિસ્મરણની જરૂર શી?

કેમકે જાતિસ્મરણજ્ઞાન મતિજ્ઞાનનો એક ધારણા નામનો ભેદ માત્ર છે, અને તે જાતિસ્મરણની અપેક્ષાએ તેમને રહેલું અવધિજ્ઞાન એ સામાન્ય રીતે ઘણાજ ઉંચા નંબરનું ગણાય તો પછી તે ઉંચા નંબરના અવધિજ્ઞાન દ્વારા ભગવાનનું જ્ઞાનીપણું જણાવ્યા પછી જાતિસ્મરણ દ્વારા જ્ઞાનીપણું જણાવવાનની જરૂર શી?

### મતિ, શ્રત અને અવધિજ્ઞાન કરતાં જાતિસ્મરણનું આંશિક મહત્ત્વ.

આ બાબતમાં શાસ્ત્રકારો સ્પષ્ટપણે શંકા-સમાધાન કરતા નથી, પણ શાસ્ત્રકારોની રીતિએ વિચારીએ તો માલમ પડશે કે જે સાધુઓ સાધુપણાના ભવમાં શ્રુતકેવલી કે દેશપૂર્વધર જેવી દશાને ધારણ કરનારા હોય છે, તેઓ કાલધર્મ પામીને જ્યારે દેવલોકમાં જાય છે, ત્યારે તેઓને જો કે ભવપ્રત્યયિક અવધિજ્ઞાન નિયમિત હોય છે, છતાં તેઓને પોતાના પહેલા ભવનો કરેલો ચૌદ પૂર્વ કે દશ પૂર્વના અભ્યાસનો ખ્યાલ હોતો નથી, તેથીજ શાસ્ત્રકારો દેવભવમાં પૂર્વાદિ શ્રુતજ્ઞાનના સ્મરણનો સર્વથા નિષેધ જ કરે છે, પણ મનુષ્યભવમાં વર્તતા મનુષ્યને પહેલાંના દેવલોકના ભવની તે પહેલાંના મનુષ્યભવમાં સાધુપણું લઈ જે દશ પૂર્વ કે ચૌદ

પૂર્વનો અભ્યાસ કર્યો હોય તે સર્વ પૂર્વનો અભ્યાસ જાતિ. સ્મરણથી મનુષ્યને થઈ શકે છે, અને તેતલિપુત્રને તેવી રીતે જાતિસ્મરણથી પૂર્વના મનુષ્યભવમાં મેળવેલા ચૌદ પૂર્વ હતા, તેથી તે ચૌદે પૂર્વોનું જ્ઞાન જાતિસ્મરણથી મળ્યું એમ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોથી જણાવે છે.

આ ઉપરથી વાચકવૃંદને સ્હેજે ખ્યાલમાં આવશે કે પહેલાંના ભવના અભ્યાસને તૈયાર કરવાની તાકાત જે અવધિજ્ઞાનમાં નથી તે જાતિસ્મરણ જ્ઞાનમાં છે, અને તેથી ભગવાન મહાવીર મહારાજા દિને અંગે મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાન કહ્યા છતાં જાતિ- સ્મરણ જ્ઞાનની વિશિષ્ટતાને અંગે તેને પૃથક્ કહેવાની જરૂર પડે તે સ્વાભાવિક છે.

## દેવભવવાળાને પણ શ્રુતજ્ઞાનની ન્યૂનતા.

વળી દેવભવની અંદર શ્રુતાજ્ઞાનની તેટલી ઉત્કૃષ્ટતા અવધિ- જ્ઞાન છતાં પણ હોતી નથી. એ હકીકત પૂ. શ્રી વજ્રસ્વામી- જીના જીવ તિર્યગ્ જૃંભકે ભગવાન્ ગૌતમ સ્વામીજી પાસેથી પુંડરીક અધ્યયન સાંભળ્યું અને પછી તે અધ્યયનનું સેંકડો વખત ઉદ્ગ્રહણ કર્યું.

આ બધું ત્યારેજ બને કે અવધિજ્ઞાનથી શ્રુતજ્ઞાનનું ચરિતાર્થ- પણું ન થઈ જતું હોય, પણ કોઈક અંશે અવધિજ્ઞાનથી પણ શ્રુતજ્ઞાનની ઉત્કુષ્ટતા હોય અને તે શ્રુતજ્ઞાનની ઉત્કુષ્ટતા દેવભવના અવધિજ્ઞાનથી કે દેવભવના મતિ, શ્રુત કે અવધિ ત્રણેથી પ્રાપ્ત ન થતી હોય માટે જાતિસ્મરણ કહેવાની જરૂર પડે, અને તેવી રીતે ઉચ્ચતર કોટિમાં સાબિત થએલા શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજ જાતિસ્મરણ જ્ઞાનને ધારણ કરનારા હતા.

## જાતિસ્મરણથી શ્રુતની સારી પ્રાપ્તિ છતાં ગાંભીર્ય.

આવા ઉત્તમ કોટિના જાતિસ્મરણવાળા હોવાથી ગર્ભથી શ્રુત- જ્ઞાનના મોટા ખજાનારૂપ હતા, છતાં જેમ પૂ. શ્રી વજ્રસ્વામીજી

સાધ્વીજીના ઉપાશ્રયમાં રહેલા તે વખતે અત્યંત બાલ્યઅવસ્થામાંજ સાધ્વીના અભ્યાસને સાંભળી અગીઆર અંગને ધારણ કરવાવાળા થયા હતા, છતાં કાંસા જેવો શબ્દ સોનામાં ન હોય તેમ તેવા જ્ઞાનીઓમાં અત્યંત ગંભીરતા હોય છે તેથી તે **પૂ. શ્રી વજ્રસ્વામીજી** આઠ વર્ષની ઉંમરના થયા, સાધ્વીઓના ઉપાશ્રયેથી નીકળીને આચાર્ય મહારાજની પાસે રહેવા લાગ્યા. આચાર્ય મહારાજે તે બાલ **વજ્રસ્વામીને** ભણાવવા માટે સ્થવિરોને સોંપ્યા. **પૂ. શ્રીવજ્રસ્વામીજી** પણ સ્થવિરોના કહેવા પ્રમાણે બાલકોની માફકજ અભ્યાસ કરે છે. આચાર્ય મહારાજને કે કોઇપણ સ્થવિરને કેટલી મુદત સુધી તે **પૂ. શ્રી વજ્રસ્વામીજીના** અગીઆર અંગના અભ્યાસનો પત્તો મળતોજ નથી, તો પછી **ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ મહાવીર મહારાજા** ગર્ભદશાથી ત્રણે જ્ઞાનવાળા અને જાતિસ્મરણ જ્ઞાનવાળા હોવા છતાં પણ **સિદ્ધાર્થ મહારાજા** અને **ત્રિશલામાતા** વિગેરે કુટુંબને તેમના જ્ઞાનનો પત્તો ન હોય એ સ્વાભાવિકજ છે, અને જ્યારે **મહારાજા સિદ્ધાર્થ** અને **ત્રિશલામાતાને ભગવાન મહાવીર મહારાજાના** જ્ઞાનનો પત્તો ન હોય અને તેથી તે **ભગવાન મહાવીર મહારાજરૂપ** બાળકને લેખશાળામાં બેસાડવા માટે પ્રયત્ન કરે અને તેનો ઓચ્છવ કરે તે સ્વાભાવિકજ છે.

## લેખશાળામાં લઈ જવાની ક્રિયાનો અનિષેધ કેમ ?

આ સ્થળે **ભગવાન મહાવીર મહારાજે** પોતાના લેખશાળામાં જવાના પ્રસંગને અંગે ત્યાં લેખશાળામાં ભણતા વિદ્યાર્થીઓ અને પંડિતને મળવાવાળી મહાકિંમતી અનેક પ્રકારની વસ્તુઓનો લાભ દેખી તેને માટેજ લેખશાળામાં જવા પહેલાં ગંભીરતા રાખી પરોપકારને માટેજ પોતાનું જ્ઞાન ન ખોલ્યું હોય એમ કહેવામાં અતિશયોક્તિ તો ન જ ગણાય.

વળી તે **ભગવાન મહાવીર મહારાજાના** લેખશાળામાં

લઈ જવાથી ઇંદ્રનું આવાગમન થશે અને તેજ ઇંદ્રના પ્રસંગને અંગે ઐન્દ્રવ્યાકરણની ઉત્પત્તિ થશે એ પણ ભગવાન મહાવીર મહારાજે અવધિજ્ઞાનના ઉપયોગથી જાણ્યું હોય અને તે ઐન્દ્રવ્યાકરણ દ્વારા જગતનો ઉપકાર અને શાસનની જડ સ્થાપાશે એમ ગણ્યું હોય અને તેથી લેખશાળામાં લઈ જવાનો બધો આડંબર થવા દીધો હોય તો તે પણ પરોપકારને અંગે ગણવામાં કોઇ પણ જાતની હરકત જણાતી નથી.

તે લેખશાળાનયનની ક્રિયામાં બાહ્ય દૃષ્ટિ અને વર્તમાન સ્થિતિએ પંડિત અને વિદ્યાર્થીઓને મળતો લાભ વિચાર્યો હોય તે અને અભ્યંતર દૃષ્ટિએ ભવિષ્યને માટે ઐન્દ્ર વ્યારણની ઉત્પત્તિથી જગતને લાભ થવાનો વિચાર્યો હોય અને તેથી તે લેખશાળાનયનની ક્રિયા થવા દીધી હોય તો તે પરોપકારનિરતપણાને લીધેજ થયું એમ કેમ નહિ કહેવાય ?

જો કે સ્વાભાવિક રીતે રાજપુત્રો ઉદારદિલના હોઇને દાતાર હોયજ છે પણ વિશિષ્ટ પ્રસંગને અંગે વિશિષ્ટપણે દેવાતાં દાનો વગર પ્રસંગે દેવાતાં નથી, માટે તે લેખશાળાનો પ્રસંગ થવા દીધો તો જ તે વિદ્યાર્થીઓ અને પંડિતોને યોગ્ય દાન અને સન્માન મળ્યું,

વળી જે મહેતાજી પાસે ભગવાન્ મહાવીર મહારાજ રૂપ બાળકને લઈ જવામાં આવ્યા તે મહેતાજીના પણ બાલકાલથી રહેલા સંદેહો જે તે પ્રસંગે દૂર કરવામાં આવ્યા એમ જે સ્પષ્ટ શબ્દોમાં શાસ્ત્રકાર જણાવે છે તે પણ એક દૃષ્ટિએ પરોપકારજ છે અને તે પરોપકાર પણ લેખશાળાનયનના પ્રસંગનેજ આભારી છે.

ઇંદ્રમહારાજનું સ્વાભાવિક રીતે ભગવાન મહાવીર મહારાજની સેવામાં આવવું બનવું અસંભવિત નહોતું, પણ લેખશાળના પ્રકરણને અંગે ઇંદ્રના આવવાથી જગતમાં જે મહિમા તીર્થંકરપણાનો ગર્ભદશાથી અવિચળ ત્રણ જ્ઞાન હોય છે એ બાબતનો સાબિત

થયો તે રૂપ જગતનો ઉપકાર પણ એ લેખશાળાના પ્રકરણ સિવાય બનત નહિ.

સામાન્ય દેવતાના આગમનથી પણ જ્યારે પ્રભાવશાલીપણું જગતમાં ગણાય છે, તો પછી ખુદ ઈંદ્રમહારાજનું તેવા જાહેર મેળાવડામાં આવવું જગતમાં ભગવાન્ મહાવીર મહારાજના કેટલા પ્રભાવને પાડનારૂં થાય અને તેવો તીર્થંકરનો પ્રભાવ જોઇ જાણી અને સમજીને કેટલા બધા લોકો સત્યધર્મની તરફ અશકય નથી, અને તે ફળ પણ ભગવાન્ મહાવીર મહારાજે પરોપકારની દૃષ્ટિએ આગળ કર્યું હોય તો તેમાં નવાઇ જેવું નથી.

## વ્યતિરિક્ત પૂજાનું કારણ અનુપકૃત પરહિતરતતા

ઉપરના લંબાણભર્યા વિવેચનથી મૂળ આપણો વિષય સ્પષ્ટ એ થાય છે કે—

નંદીના નિરુપણને અંગે નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપાનું વિવેચન કરતાં નામ અને સ્થાપના નિક્ષેપાનું સ્વરૂપ તથા **નામનંદી** અને **સ્થાપનાનંદીનું** સ્વરુપ જણાવ્યા પછી **દ્રવ્યનંદીના** સ્વરુપને અંગે દ્રવ્ય નિક્ષેપાનું સ્વરુપ જણાવતાં **આગમ** થકી દ્રવ્ય નિક્ષેપો અને **નોઆગમ** થકી જ્ઞશરીર અને ભવ્ય શરીર રૂપી દ્રવ્ય નિક્ષેપાનું સ્વરુપ જણાવાયું હતું, તેના ત્રીજા જ્ઞશરીર-ભવ્ય શરીરથી **વ્યતિરિક્તનો આગમ દ્રવ્ય ભેદને** જણાવતાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની સ્નાત્રાદિકે કરાતી પૂજા દ્રવ્ય પૂજાનો કારણ અર્થ લઇને **વ્યતિરિક્ત દ્રવ્ય પૂજા** જણાવી હતી, પણ તે વ્યતિરિક્ત દ્રવ્ય પૂજા ત્યારે જ ગણાય કે જ્યારે ભગવાન જિનેશ્વરોનું અનુપકૃત પરહિતરતપણું વિગેરે ગુણો લક્ષ્યમાં લઈને પૂજા કરવામાં આવે.

## તીર્થંકરની પરોપકારિતા વરબોધિથી કે અનાદિથી?

તે પૂજા કરતી વખતે લક્ષ્યમાં લેવા લાયક ગુણોમાં પહેલો ગુણ જે અનુપકૃત-પરહિતરતપણાનો એટલે બીજાના ઉપકાર તળે

દબાયા સિવાય બીજાને ઉપકાર કરવામાં જ લીન રહેવા રૂપ છે. તે ગુણના પ્રસંગને અંગે સર્વ તીર્થંકર મહારાજા જો કે વરબોધિથી પ્રારંભીને હમેશા પરોપકારમાં તત્પર હોય છે, છતાં વર્તમાન શાસનના અધિપતિ **ભગવાન મહાવીર મહારાજા** વરબોધિ કે સામાન્ય સમ્યક્ત્વથી પહેલાં પણ પરોપકારમાં કેવા લીન હતા? એ જણાવવાને અંગે **નયસાર**ના ભવમાં સમ્યકત્વ પામ્યા પહેલાં પણ સાર્થથી વિખુટા થઇને જંગલ દ્વારાએ આવેલા મહાપુરુષોને દીધેલા દાન વિગેરેનો અધિકાર આગળ જણાવી ગયા.

## વાકયોના જત્થાને વૃતાન્તોનો જત્થો કહેવાય કે?

જો કે વૃત્તાન્ત–અધિકાર વિગેરે વસ્તુઓને નહિં સમજનારા· ઓએ વાકયોને અધિકાર તરીકે ગણી કે વૃતાન્ત તરીકે ગણીને બીજા વૃત્તાન્તો **શ્રી નયસાર**ના સંબંધમાં શાસ્ત્રોમાં છે એમ કહેવા સાહસ કર્યું છે, પણ તે સાહસ કરનાર અધિકાર કે વૃત્તાન્તની વસ્તુસ્થિતિ સમજશે તો આપોઆપ માલમ પડશે કે આખા **નયસાર**ના ભવને અંગે મુનિદાનનું વૃતાન્ત મળે છે તેવું તેમના જીવનનું બીજું વૃતાન્ત મળતું નથી એ વસ્તુ સાચી રીતેજ છે.

## ભગવાન મહાવીરની ઉપકાર પરંપરા

નયસારના વૃત્તાન્ત પછી અનુક્રમે **ભગવાન મહાવીર** મહારાજાના છેલ્લા ભવને અંગે જે પરોપકારની હકીકત શરૂ કરી છે. તેમાં ગર્ભમાં સ્થિર રહેવું, પ્રવજ્યા નહિં લેવાનો અભિગ્રહ કરવો, મેરૂપર્વતને ચલાવવો, બાલક્રીડામાં વૃક્ષે વિંટાયેલા સર્પને દૂર ફેંકવો, પૈશાચિક રૂપ ધારણ કરનાર દેવતાને વજ્રમુષ્ટિથી મારવો, અને યાવતમતિ શ્રુત અને અવધિ એ ત્રણ અપ્રતિપતિત અને નિર્મળ જ્ઞાનની સાથે જાતિસ્મરણ જ્ઞાન હોવા છતાં સર્વકુટુંબથી અજ્ઞાત જ્ઞાનીપણે રહેવું અને લેખશાળા નયનનો સમારંભ નિષેધવો નહિં તે સમારંભ થવા દેવો ઉચિત ગણ્યો.

એ સર્વમાં **શ્રમણ ભગવાન મહાવીર મહારાજાની** પરો·

પકાર દ્રષ્ટિની મુખ્યતાએ વિચારણા કરી.

**યશોદા સાથેના લગ્નમાં પરોપકારિતાની ઝાંખી**

હવે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનો મહારાજા સમરવીરની** પુત્રી **યશોદા** સાથે થયેલો જે વિવાહ સંબંધ છે, તેમાં પણ પરોપકારની દ્રષ્ટિની મુખ્યતાએ વિચાર કરવાનો છે.

હકીકત એવી છે કે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજા** જ્યારે બાલ્યદશા ઉલ્લંઘન કરીને યૌવન દશાને પ્રાપ્ત થયા ત્યારે **મહારાજા સિદ્ધાર્થને ભગવાન મહાવીર મહારાજનો** વિવાહ કરવા માટે વિચાર થયો, પણ **શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું** લક્ષ્ય વિષયોથી વિમુખ હોઈને **મહારાજા સિદ્ધાર્થને ભગવાન મહાવીર મહારાજને** વિવાહ કરવા માટે કહેવું એ ઘણું જ આકરું લાગ્યું અને તેથી **મહારાજા સિદ્ધાર્થે** પોતાનો તે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના** વિવાહ સંબંધીનો વિચાર **ત્રિશલામાતાને** જણાવ્યો. **મહારાજા સિદ્ધાર્થ** અને **ત્રિશલામાતા** બંને **શ્રમણ ભગવાન મહાવીર મહારાજના** વિવાહનો વિચાર કરે છે.

છતાં **શ્રમણ ભગવાન મહાવીર મહારાજની** વિરક્ત અને નિર્વિકાર દશા દેખીને વિવાહ કરવા સંબંધી એકદમ **મહાવીર ભગવાન** આગળ વાત કરવાનું સાહસ કરતા નથી, પણ **શ્રમણ ભગવાન મહાવીરનું** ચિત્ત વિવાહ તરફ વાળવા માટે તેમના ગોઠીયાઓને જણાવે છે.

તેથી **ભગવાન મહાવીરના** ગોઠીયાઓ **ભગવાન મહાવીરને** પરણવાનો આગ્રહ કરે છે, છતાં **શ્રમણ ભગવાન મહાવીર મહારાજ** તે ગોઠીયાઓની આગળ સંસારથી વિરક્તપણાની વાતો કરે છે અને પોતાનો અભિપ્રાય ચોક્કસ દીક્ષા લેવાનો છે. એમ ફરમાવે છે અને તે વખતે એમ પણ સ્પષ્ટ શબ્દોમાં સૂચવી દે છે કે “માતપિતાના જીવતાં સુધી હું દીક્ષા નહિ લેવાનો

હોઈને અપરિણીત અવસ્થામાં પણ રહું તો તે કોઈ પણ પ્રકારે અનુચિત નથી" આ વાર્તાલાપના ઈસારાથી **માતા ત્રિશલાને** એમ લાગ્યું કે **ભગવાન મહાવીર** મિત્રોના કહેવાથી પરિણયન વિધાન કબુલ કરે તેમ નથી જ! એટલે **માતા ત્રિશલા** તે ગોઠીયાઓની હાજરીમાં જ પધાર્યા **માતા ત્રિશલાને** આવતા દેખીને **ભગવાન મહાવીર મહરાજ** સિંહાસનથી ઉભા થયા, સાત આઠ પગલાં સામા ગયા અને માતાજીને નમન કર્યું, પછી માતાજીને યોગ્ય આસન પર બેસાડી વિનય પૂર્વક **ભગવાન મહાવીરે** પ્રશ્ન કર્યો કે આપને પધારવાનું પ્રયોજન ફરમાવો આ **ભગવાન મહાવીરના** પ્રશ્નના ઉતરમાં વિનીતપુત્ર માતાપિતાના કથન પ્રમાણે જ કરવાવાળો હોય અને તેથી તમે પણ જરૂર મારા કહ્યા પ્રમાણે કરશો એમ ઉપોદ્ઘાત તરીકે સૂત્રની પરિણયન વિધાન કરવાને માટે **માતા ત્રિશલાએ** કહ્યું.

માતાના વિનયને લીધે **ભગવાન મહાવીરને** વગરમને પણ તે પરિણયન વિધાનને કબુલ કરવું પડયું, **ભગવાન મહાવીરને** પરિણયન વિધાન કરવાનું સર્વથા મન નહિં છતાં ફક્ત **મહારાજા સિદ્ધાર્થ** અને **માતાત્રિશલાના** સંતોષને માટે તે કરવું પડયું એ માતાપિતાના સંતાપને નિવારણરૂપ ઉપકાર ગણીયે તો તે કાંઈ ખોટું નથી.

**કાકતાલીય ન્યાયે યશોદાનું પરિણયન માટે સ્વયમાગમન**

**શ્રમણ ભગવાન મહાવીર મહારાજા** અત્યારસુધી વૈરાગ્ય વાસિત અને નિર્વિકાર હોવાથી **મહારાજા સિદ્ધાર્થ** પાસે અનેક રાજા મહારાજા તરફથી આવેલા માંગામાંથી કોઈપણ માંગણી **સિદ્ધાર્થ મહારાજા** કબુલ કરી શકતા ન હતા, પણ હવે **માતાત્રિશલા** દ્વારા એ **ભગવાન મહારાવીર મહારાજાએ** પરિણયાનનું વિધાન કબુલ કર્યું છે. એમ જાણતાં **ભગવાન મહાવીર મહારાજાને** લાયકની કન્યાની વિચારણા ચાલી, પણ તેવા વખતમાં જ મહાવીર **સમરવીરનો** સેનાપતિ **યશોદા**

કુંવરીને લઈને જ મહારાજા સમરવીરના હુકમથી ત્યાં મહાવીર મહારાજ સાથે નિમિત્તિયાના કહેવાથી પરણાવવા આવ્યો હતો, તેના સમાચાર દૂત લઈને આવ્યો.

**યશોદા નામનું ગુણનિષ્પન્નપણું**

તે કન્યાનું નામ જે **યશોદા** સ્થાપવામાં આવ્યું હતું, તે નામ માત્ર કલ્પનાને અનુસારે યાદૃચ્છિક ન હોતું, પણ ગુણનિષ્પન્ન હતું, કારણ કે જે દિવસે તે **યશોદા કુંવરીનો** જન્મ થયો છે, તે જ દિવસે તે જ **મહારાજા સમરવીરને** ન જીતી શકાય એવા પ્રબળ બળ અને છળ ને ધારણ કરનારા રાજાની સાથે યુદ્ધ થયું છે, તેમાં સમરવીરની જીત થઇ છે અને યશ મળયો છે. અને તે અસંભવિત એવા યશના કારણ તરીકે તે કુંવરીનો જન્મ ગણીને આ જન્મેલી કુંવરી યશ દેનારી છે તેથી તેનું નામ **યશોદા** એવું સ્થાપવું તે વ્યાજબી છે. એમ નક્કી કરી તે કુંવરીનું **યશોદા** નામ સ્થાપવામાં આવેલું છે.

**ગુણ નિષ્પન્ન નામોવાળાનો આશ્ચર્ય કારક સંબંધ**

જેમ **શ્રમણ ભગવાન મહાવીર મહારાજ સિદ્ધાર્થમહારાજના** કુળમાં આવ્યા ત્યારથી તે સમગ્ર **સિદ્ધાર્થ મહારાજનું** કુળ રાજ્ય-રાષ્ટ્ર વિગેરેથી વધ્યું તેવી રીતે **યશોદાના** જન્મ પ્રતાપે **સમવીર મહારાજને** જશ મળચો અને તેથી જેમ **શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું** નામ **મહારાજા સિદ્ધાર્થ** અને **માતા ત્રિશલાએ** સર્વ સ્વજનાદિની સમક્ષ રાજ્ય અને રાષ્ટ્રઆદિની વૃદ્ધિને ધ્યાનમાં રાખીને **વર્ધમાન** એવું સ્થાપ્યું હતું, તેવી જ રીતે આ કુમારીનું નામ પણ તેના પિતા **સમરવીરે** યુદ્ધમાં જશ, મેળવવા નિમિત્તે **જશોદા** સ્થાપેલું હતું અર્થાત **શ્રમણ ભગવાન મહાવીર** મહારાજાએ જોકે માતાપિતા અને મિત્રોના સંતાપને ટાળવા રૂપ ઉપકારને માટે પરિણયન વિધાન કબુલ કરેલું હતું, છતાં કોઇક તેવીજ ભવ્યતાએ તેવા સારા કુળવાળી અને તેવા સારા ભાગ્યશાલી કન્યાનો સંયોગ પણ તત્કાળ થઇ ગયો.

## પરોપકારને અંગે સાવદ્ય-અનવદ્યપણાની આવશ્યકતા કેટલી ?

જો કે નિરવદ્ય અને સાવદ્યના વિચારતી દ્રષ્ટિયે આ પરિણયન વિધાનનું કબુલ કરવું ઉપકાર તરીકે ન ગણી શકીયે, પણ ભાવ ઉપકારની દષ્ટિયે જ તે સાવદ્ય-નિરવદ્ય પણાનો વિચાર હોય છે પણ દ્રવ્યઉપકારની દ્રષ્ટિ વખતે સાવદ્ય કે નિરવદ્યપણાનો વિચાર હોતો નથી અને તેથી તેવી રીતે માતા-પિતા અને મિત્રોના સંતાપને ટાળવા માટે કરેલું પરિણયન વિધાન સાવદ્ય છતાં પણ ઉપકારને માટે થયું ગણાય, તો તેમાં અંધશ્રદ્ધાએ ભાગ ભજવ્યો છે એમ કહી શકાય નહિ, કેમકે જે મનુષ્ય જે અવસ્થામાં જે વખતે હોય છે. તે મનુષ્ય તે વખતે તે અવસ્થાને લાયકના જે ઉપકારો કરે તે ઉપકારો ઉપકાર દૃષ્ટિ સિવાય બની શકે નહિ માટે ભગવાન મહાવીર મહારાજે સર્વ સાવદ્યનો ત્યાગ નથી કર્યો ત્યાં સુધી આ પરિણનયનનું વિધાન પણ ઉપર જણાવ્યા પ્રમાણે પરોપકારને માટે થયું છે. એમ ગણવું ઉચિત જ છે.

## અભિગ્રહની પૂર્ણતા પછી ઉપકારને અંગેજ બે વર્ષ રહેવું

શ્રમણ ભગવાન મહાવીર મહારાજના અભિગ્રહની પૂર્ણતા મહારાજા સિદ્ધાર્થ અને માતાત્રિશલાના કાળધર્મથી થયેલી હતી, છતાં પણ જે તેઓ બે વર્ષ અધિક રહેલા છે તે પણ મહારાજા નંદિવર્ધનના ઉપકારને માટે જ છે. એ રહેવું ઉપકારને માટે કેવી રીતે ગણી શકીયે તે માટે હવે વિચાર કરીશું !

(ક્રમશઃ)

### ધર્મ પરિણમ્યાની નિશાની

પૌદ્ગલિક ભાવોનો મોહ ઘટે, અનાદિ કાળની "લઉં-લઉં" વૃત્તિના બદલે "દઉં-દઉં"ની વૃત્તિ જન્મે એટલે ધર્મ અંતરમાં પરિણમ્યો જાણવો.

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૪૯૬
વિ. સં. ૨૦૨૬

આગમો સં. ૧૯
વર્ષ-૪
પુ. ૨

## શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાએ વિસ્તારેલું તત્ત્વજ્ઞાન

( પુ. ૧ પા. ૧૩ થી ચાલુ )

**समणे भगवं महावीरे तत्तसब्भूअभावं आघवेइ दंसेइ णिदंसेइ**

### જૈનદર્શનમાં ગુરૂની જવાબદારી.

જગતભરમાં સર્વ આસ્તિકવર્ગ દુનિયાદારીની માયાજંજાળ છોડીને કેવળ મોક્ષ મેળવવાની ઝંખનાથી સાધનામાર્ગે મુસાફરી કરનારને જ વાસ્તવિક રીતે ગુરૂ માને છે. એમાં બે મત છે જ નહિ, પણ ધ્યાન રાખવાની જરૂર છે કે જેમ મનોરથ માત્રથી કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી. તેવી જ રીતે અન્ય સાધન કે અસાધન પ્રવૃત્તિ કરવાથી કાર્યસિદ્ધિ થઈ શકતી નથી.

મોક્ષ સાધવાવાળાઓને મોક્ષની મુસાફરી કરવા પહેલા **અન્ય-દ્રોહ** અને **સ્વમમત્ત્વ** એ બેનો સર્વથા પરિહાર કરવો જ પડે એવી માન્યતામાં કોઈપણ વિચારવંત આસ્તિક વિરોધ કરી શકે જ નહિ અને દરેક આસ્તિક શાસ્ત્રકારોએ પણ એકી વચને એ વાત કબુલ કરેલી જ છે અને કબુલ કરવી પડે તેમ છે કે દ્રોહ અને **મમત્ત્વ**ની જવાલામાંથી બહાર નિકળ્યા સિવાય મોક્ષની મુસાફરી બનતી જ નથી.

આ રીતે સર્વ લોકો, સર્વ આસ્તિકો અને સર્વ દર્શનકારો મોક્ષ અને મમત્વ છોડવામાં એકમત છતાં પણ અન્ય દર્શનકારોના વર્તન તરફ ધ્યાન દઈએ તો તેઓ પરિગ્રહની પીઠિકા ઉપર પદ્માસન જમાવીને જ બેઠેલા છે. પરિગ્રહથી સર્વથા પર રહેવાનો માર્ગ જણાવ્યો હોય અને તેનો અમલ બરોબર ચલાવ્યો હોય તો તે જૈન ધર્મના સાધુઓએ જ! એ વાત સર્વકાલના ઇતિહાસકારોને પણ કબુલ કર્યા સિવાય ચાલતી નથી.

## જૈનદર્શનમાં મોહમલિનતાની સર્વત્ર અધમતા કેમ?

જૈનધર્મ તરફથી બાલ યુવાન કે વૃદ્ધને, સ્ત્રી અગર પુરૂષને, પઠિત અગર આપઠિતને સત્પુરૂષ પ્રેમ, સદ્‌ગુરુ ભક્તિ, પરમપુરૂષની સેવા, પૂજા વિગેરેના શિક્ષણ કરતાં પણ પ્રથમ નંબરે જે શિક્ષણ આપવામાં આવે છે. તે એ જ કે "હિંસા જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહથી અત્યંત પર હોય તો જ તે ગુરૂ કહેવાય" અને આ શિક્ષણમાં કોઈપણ કાલે કોઈપણ સમર્થ કે અસમર્થ વ્યક્તિ તરફથી અપવાદ ઘુસેડી દેવાય તેવી જગ્યા નશાસ્ત્રકારોએ રાખી જ નથી.

તેથી જૈનધર્મને સમજનારો કોઈપણ સુજ્ઞ મનુષ્ય તે પરિગ્રહની પીઠિકાવાળાને સદ્‌ગુરૂ તરીકે માનવા તૈયાર થયો નથી અને થતો નથી, અને તે શિક્ષણના પ્રતાપે સર્વકાલે સર્વજ્ઞ દર્શનમાં મમતાના મોજાને મ્હાલવાનું થયું નથી. અર્થાત્ એમ કહેવું જોઈએ કે અન્ય આસ્તિક દર્શનોમાં મમતાને મારવા માટે કરેલી શાસ્ત્ર-સાંકળો કાર્ય કરનારી થઈ નહિ, ત્યારે જૈનધર્મમાં વિષમ કાલે પણ શાસ્ત્રની સાંકળોનો સપાટો મમતાની મોજને મારવા માટે સફળ નીવડેલો છે. જો કે મમતાની મોજને માટે મોક્ષના માર્ગનો દોષ ન કઢાય, માત્ર તેને માનનારા મનુષ્યોના વર્તનનો જ દોષ ગણાય, પણ દ્રોહના દરીયાને દૂર કરવાની હકીકતમાં અંશે પણ તેમ નથી.

## મનુષ્યની જાતની માફક જીવની જાત.

જગતમાં બાલક હોય કે બાલિકા હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, વૃદ્ધ હોય કે વૃદ્ધા હોય, નોકર હોય કે શેઠ હોય, અધિકારી હોય કે તાબેદાર હોય, શ્રીમાન્ હોય કે દરિદ્ર હોય, રાજા હોય કે રંક હોય પણ, તે સર્વને મળેલી કે નહિ મળેલી સામગ્રી ઉપર વિચાર નહિ કરતાં તેના મનુષ્યત્વ ઉપર જ વિચાર કરાય છે.

રાજ્યના કાયદા પ્રમાણે આંધળા બહેરા કે લુલા-લંગડાનું ખુન કોઈ દિવસ નિર્દોષ તરીકે ગણાએલું નથી, કોઈપણ રાજ્યે મુડી-દારના ખુનને ખુન તરીકે અને શ્રમજીવીના ખુનને નિર્દોષ તરીકે જાહેર કરેલું જ નથી, અને જો એવી રીતે સામાન્ય વર્ગને માટે અપરાધ મનુષ્યનો વધ ગુન્હા તરીકે ન ગણાય તો તે નીતિ કે કાયદો કે રિવાજ યોગ્ય છે. એમ કોઈપણ શાણો પુરૂષ સમજી, માની કે કહી શકે નહિં.

આ રીતે જગત પરમેશ્વરના પેગામમાં ચાહે તો એકલી સ્પર્શ જાણવાની તાકાતવાળો જીવ હોય, સ્પર્શ અને રસ જાણવાની તાકાત-વાળો જીવ હોય! સ્પર્શ, રસ અને ગંધ જાણવાની તાકાતવાળો જીવ હોય! સ્પર્શ, રસ, ગંધ અને રૂપને જાણવાના સામર્થ્યવાળો જીવ! સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દને સમજવાના સામર્થ્ય-વાળો સત્વ હોય! એ પાંચ ઈન્દ્રિયો સાથે વિચારની શક્તિને ધારણ કરવાવાળો પ્રાણી હોય! ચાહે તો મનુષ્ય હોય! કે ચાહે તો જાનવર હોય! પણ તે સર્વની સરખી રીતે દ્રોહ-બુદ્ધિ ટાળવાનો ઉપદેશ હોવો જ જોઈએ.

મુડીદારને રક્ષણ આપનારૂં રાજ્ય જેમ ન્યાયી ન ગણાય તેવી જ રીતે સર્વ જીવો સંબંધી દ્રોહ બુદ્ધિ સરખી રીતે નિવારવાનો ઉપદેશ આપે નહિં તે જગત પરમેશ્વર પણ કહી શકાય નહિં.

## છ કાય જીવની માન્યતા એ જ વીર-વાણી.

આ સ્થાને વગર સંકોચે અમારે જણાવવું જોઈયે કે અન્ય

દર્શનકારોએ એકલી સ્પર્શને જાણવાની શક્તિ ધરાવનારા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને વનસ્પતિની તો જીવ તરીકે ગણતરી કરી જ નથી. અને આટલા જ માટે શ્રુતકેવલીની તુલનામાં આવે એવા અને **મહારાજા વિક્રમને** પ્રતિબોધ કરનારા **સિદ્ધસેન દિવાકર મહારાજ** પોતાના શાસ્ત્રમાં જૈનપણાનું લક્ષણ જ એ એ જણાવે છે. **જેને પૃથ્વી આદિ છએ કાયોની માન્યતા હોય તે જૈન!**

કહેવાનું તત્ત્વ એટલું જ કે જગતભરમાં એક જ આવું જૈન-દર્શન છે કે જેની અંદર પૃથ્વી આદિ છએ પ્રકારના પદાર્થોને જીવંત તરીકે માનવામાં આવેલા છે. અન્ય દર્શનકારોએ આ પૃથ્વી આદિને જીવ તરીકે માનવાની વાત તો દૂર રહી, પણ તે પૃથ્વી આદિ છએને જીવ તરીકે માની તેની રક્ષા માટે કટિબદ્ધ થયેલા પરમેશ્વરના પેગામને પરમ પ્રીતિથી આદરનારા જૈનોની જાણે હાંસી જ કરવી હોય નહિં તેવી રીતે **जीवो जीवस्य जीवनम् ।** એવું કહી છકાયની દયા પાળનારા જૈનોને ચીડવવા માટે જ તૈયાર થાય.

## ભગવાન વીરના દર્શન સિવાય અન્યત્ર જમાનાનું ઝેર.

જો કે અન્ય દર્શનકારોએ જમાનો જેટલી ઝડપથી વેગ ફરે તેટલી ઝડપથી પોતાના ધર્મ અને તત્ત્વને પણ ફેરવવામાં ગાઢ પ્રયત્નો કર્યા છે, અને તેને જ પ્રતાપે તેઓને બુદ્ધ જેવા એક કટ્ટર શત્રુને પણ જમાનાના પ્રભાવે ઈશ્વિરાવતાર તરીકે માની લેવો પડયો છે. જૈનોના ઋષભદેવ ભગવાનને પણ એક અવતાર તરીકે માની લેવા પડયા છે. જૈન લોકોના ધર્મને અપમાન કરવા માટે કે તેને પોતાનામાં મેળવવા માટે ગૌતમ અને શિવજીની લીલા આદિ પણ ગોઠવવા પડયા છે, યાવત્ મુસલમાની જમાનાના પ્રભાવને અંગે અલ્લોપનિષદ્ જેવા ગ્રંથો રચી યવનના પરમેશ્વરોને પણ માનવા તૈયાર થવું પડયું છે.

**ઈતર દર્શનવાળાના હિંસાનિષેધ અને દયા આદિ વાક્યો અનુકરણરૂપ છે.**

તેવી જ રીતે જૈનોની જાહોજલાલીમાં અંજાઈને જમાનાની અનુકુળતા કરવા માટે **न हिंस्यात् सर्वभूतानि । अहिंसा परमो धर्मः ।** વિગેરે વાક્યો પણ પોતાના શાસ્ત્રોમાં ગોઠવવા પડ્યા છે, પણ મેળાની વખતે વેચાતા પિત્તળના ઘરેણા અને ઇમિટેશન દાગીના માત્ર મૂર્ખ મનુષ્યોને જ મોહ પમાડી શકે છે. પણ સોનાના સ્વરૂપને અને હીરાના હાર્દિક તત્ત્વને હૃદયથી પીછાણનારા મનુષ્યોને તે પિત્તળના આભૂષણ કે ઈમિટેશનના દાગીના ખુશી કરવાને સમર્થ થતા નથી.

તેવી રીતે જેઓ સ્થૂલ દૃષ્ટિથી માત્ર દયા દયા પોકારનારા હોય તેઓ જ તે અન્ય આસ્તિક દર્શનકારોએ કહેલા **न हिंस्यात् सर्वभूतानि, अहिंसा परमो धर्मः;** જેવા જમાનાને અનુસરીને અને દયાળુઓને પોતાનામાં દાખલ કરવાને કહેલા વાક્યોના મોહમાં મુંઝાઈ જાય, પણ જેઓ દયાના હાર્દિક સ્વરૂપને કળી શકતા હોય તેઓ તો જોઈ શકે કે સર્વભૂતોને ન હણુવાનું કહેવાવાળા શાસ્ત્રોએ ભૂતોનું સ્વરૂપ, એક એક ભૂતની હત્યાનું પ્રાયશ્ચિત કે તે ભૂતોની હત્યા કરનારને થયેલા નુકશાનના દૃષ્ટાંતો અગર તે ભૂતોની દયા પાળનારને થયેલા ફાયદાના દાખલા જે શાસ્ત્રોમાં અંશે પણ કહેલા કે દેખાતા નથી. તે શાસ્ત્રો ભૂતોને નહિ હણુવાની જે વાત કરે છે એ માત્ર મેળાના વેચાતા દાગીનાજ છે.

તેવી રીતે જેઓ અહિંસા એ પરમ ધર્મ છે એવું કહેનારા ન તો અહિંસાને માટે વિધાનો કરે, ન તો અહિંસાના ભેદો સમજાવે, અહિંસાનું તારતમ્ય સમજાવે એટલું જ નહિ પણ જેઓના શાસ્ત્રોમાં અહિંસાના સાધનોનું નામ નિશાન નથી. અહિંસા પાળનારનું શ્રેયસ્કરત્વ જણાવનાર દૃષ્ટાન્ત નથી, હિંસાથી થતા નુકશાનનું વર્ણન નથી, અહિંસાને માટે ભોગ આપનારાઓનું મહત્વ મનાયું

નથી તેવા શાસ્ત્રો અહિંસાનું નામ લઇ જ એક વાક્ય કહે તે માત્ર લોકોને પોતાના તરફ આકર્ષિત કરવા માટે જ છે. એમ સહેજે કોઇ માની શકે.

## મહાવીરના મહાવ્રતો અને અહિંસાની મુખ્યતા

પણ જૈનોમાં મહાવ્રતો કે જેનો ઉચ્ચાર ગુરુઓને પ્રથમ નંબરે કરવો પડે છે. તેમાં અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે. એટલું જ નહિ પણ તે અહિંસાના રક્ષણને માટે જ ઇર્યાસમિતિ આદિ આચારોને શાસનની માતા તરીકે ગણવામાં આવેલા છે. એટલું જ નહિં પણ હિંસાથી બચવાને માટે જ જૈન ગૃહસ્થોને યોગ્ય સાધનોનો ઉપદેશ અને જૈન સાધુ પાસે વસ્ત્ર, પાત્ર, રજોહરણ મુહપત્તિ વગેરે જે જે ચીજ રાખવાનું વિધાન કરવામાં આવ્યું છે. તે માત્ર દયાના પાલન અને હિંસાના દોષથી બચવાને માટેજ છે.

જૈનશાસ્ત્રોમાં સેંકડો દાખલાઓ હિંસા કરનારને નુકશાન થવાના મોજુદ છે. તેવી જ રીતે હિંસાથી દૂર રહેવા માટે જીવનના ભોગો આપીને શ્રેયઃપંથે સંચરેલા સત્પુરૂષોના સારા સારા દૃષ્ટાન્તો પણ નજરે આવે છે.

આવી રીતે સર્વથા મમત્વનો ત્યાગ અને દ્રોહનું દૂર કરવું જૈન ધર્મમાં મનાયેલાં મુનિ મહારાજાઓએ જાળવેલું હતું અને જાળવે છે. જગતમાં કોઇપણ સજ્જનના કોઇપણ ગુણને દુર્જનોએ દુષિત ન કર્યો હોય એમ બનતું જ નથી. તેવી રીતે કેટલાક જૈન ધર્મના અંગત વિરોધીઓને જાહેર નજરથી કરાતી દયા પણ નિર્માલ્યતાના ચિહ્ન કે હેતુ તરીકે જણાય તેમાં નવાઇ નથી, પણ તેમાં તે બિચારાના સંસ્કાર-સંચારનો જ દોષ છે.

## જૈનોના પર્વ અને તહેવારોમાં ત્યાગ

વળી ધર્મતત્ત્વની અપેક્ષાએ જૈનોએ પાપના પરિહારની જય-ઘોષણા કરનારા ઉત્સવો, અનુષ્ઠાનો, પર્વો અને તહેવારો માનેલા છે. ડગલે પગલે જૈનો ભોગથી પરાઙ્મુખ રહેનારા અને ત્યાગને

માર્ગે જ સંચરવાવાળા હોવાથી તેઓ જ મોક્ષ માર્ગના સાચા મુસાફર છે. એમ હરકોઈ મોક્ષના મુસાફરોને માનવું પડે.

## ભગવાન જિનેશ્વરોના મંદિરોમાં પેસવાની મનાઇ કેમ?

આ બધી હકીકતોનો સાર એટલો જ છે કે અંગ, મગધ, કલિંગ વગેરે દેશોમાં જૈન ધર્મ અને જૈન ધર્મીઓની આવી મોક્ષ પરાયણતા દેખીને અંગ, મગધ આદિની અંદર રહેવાવાળા લાખો બ્રાહ્મણાદિ કુટુંબો જૈન ધર્મની ઉત્તમતા સમજી તેને સ્વીકારનારા થયા, તેવે વખતે પ્રથમ તો તે અંગ, મગધાદિમાં રહેલા બ્રાહ્મણોએ જૈન ધર્મને માનનારાઓનો સમાગમ જ ન થાય અને પોતાના સમ્પ્રદાયમાં કાયમ રહે તેવી બુદ્ધિથી એવા વાક્યનો પ્રચાર કર્યો કે **हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमंदिरम्**। અર્થાત્ સ્હેજે રસ્તે ચાલતા હોઇએ સામેથી મદોન્મત્ત હાથી આવતો હોય અને તે હાથીથી બચવા માટે જૈન મંદિરમાં જવું નહિં, આ વાક્યને વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકે તેમ છે સમ્પ્રદાયના મોહનું કેટલું પ્રાબલ્ય આ વાક્યમાં રહેલું છે? કે કલાલની દુકાન, વેશ્યાનું ધામ, જુગારખાનું કે એવા કોઈ અધમ અધમ સ્થાનનો નિષેધ કરવાનું આ વાક્ય કહેનારને જરૂરી ન જણાયું પણ વીતરાગ પરમાત્માનું ધામ તેમાં પ્રવેશ થાય તે જ અત્યંત અરૂચિકર અને નિષેધ લાયક જણાયું.

## કર્મનાશા નદીના જલનો સ્પર્શ એ બીજે નંબરે

આવી રીતે સમ્પ્રદાય મોહને જાળવવાને અનેક ઉપાયો કર્યા, છતાં પણ અંગ, મગધ, કલિંગ, વગેરે દેશો જ્યારે જૈનધર્મના કેન્દ્રભૂત થઈ ગયા, ત્યારે કાશી, સાકેત વિગેરે દેશોમાં રહેલા સ્વસમ્પ્રદાયના મોહવાળાને સ્વસમ્પ્રદાયના મોહમાં રાચતા માચતા રાખવા અને જૈન ધર્મીઓના સંસર્ગથી પણ અટકાવવા માટે કર્મનાશા નદી કે જે ઓળંગ્યા સિવાય અંગ-મગધાદિ દેશોમાં જવાનું જ નથી અને અંગ-મગધાદિમાં જવાવાળાને કર્મનાશા

ઉતરવીજ પડે તેવું હોવાથી છોકરાને હાઉ કરીને ડરાવાય તેની માફક સામ્પ્રદાયિક મોહથી જાહેર કરાયું કે "કર્મનાશા નદીના જલનો સ્પર્શ થાય તો યાવજ્જીવન કરેલા પુણ્યનો સર્વથા નાશ થાય છે."

## ગંગાજી અને કર્મનાશામાં ફરક કેમ ?

આ બધી હકીકત માત્ર નૈયાયિક અને વૈશેષિકોને પુણ્યના નાશનેજ અનિષ્ટ પ્રસંગ તરીકે ગણ્યું છે, એટલું જણાવવા માટે જણાવેલી છે અને તેથી એટલું જ સિદ્ધ કરવાનું છે કે જો તે નૈયાયિક અને વૈશેષિકો સુખના નાશને પણ સાધ્ય તરીકે માની, સુખના અભાવરૂપ મોક્ષને સાધવામાં શ્રેયઃ ગણે છે, તો પછી ગંગાજીની માફક સામ્પ્રદાયિક મોહને અનુસારે પણ જણાવેલા વાકય પ્રમાણે કર્મનાશામાં સ્નાન વિગેરેનો ઉપદેશ કેમ કરતા નથી. ?

## સુખ એ આત્મસ્વભાવ કે પુદ્ગલ સ્વભાવ ?

પ્રથમ તો આ સ્થાને એ વિચારવાની જરૂર છે કે જગતમાં ઇષ્ટ અને અનિષ્ટ ગણાતા પદાર્થો સુખદુઃખના સાધન છે ? કે સુખ દુઃખને પેદા કરનાર છે ? તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો તે ઇષ્ટ પદાર્થોમાં અંશે પણ સુખ નથી તેમ અનિષ્ટ પદાર્થોમાં અંશે પણ દુખ નથી ! સુખ અગર દુઃખ ને દેવું તે આત્માનો સ્વભાવ છે, માત્ર બાહ્ય અનુકૂળ પદાર્થો દુખ તરીકે આત્માના વેદન સ્વભાને પલટાવવાના ઉપયોગમાં આવે છે.

જેમ ફાનસમાં ધરેલા દીવાની ચારે બાજુ સફેદ કાચ હોય તો તે દીવાનું સ્વાભાવિક અજવાળું બહાર કાચની શક્તિના પ્રમાણમાં જાય છે. પણ જો તે દીવાની ચારે બાજુ કોઈ બીજા રંગનો કાચ ગોઠવવામાં આવેલો હોય તો તે દીવાની જ્યોત બહાર નીકળતા જુદું જ રૂપ ધારણ કરે છે.

તેવી રીતે અહીં પણ સુખના સાધનો સફેદ કાચ જેવા છે. અને દુઃખના સાધનો રંગવાના કાચની માફક પલટાવવાવાળા છે,

દીવો સ્વાભાવિક રીતે જ્યોતિ સ્વરૂપ છે, તેવી રીતે આત્મા સુખ સ્વરૂપ છે, અને મોક્ષની પ્રાપ્તિ થતા તે સ્વભાવ નિષ્પ્રતિબંધ હોવાથી કે નિઃસહાયપણે ઝળહળતો હોવાથી મોક્ષપદને પ્રાપ્ત થનારો આત્મા અનંત સુખ સ્વરૂપમાં હોય છે. એમ માનવાની આ નૈયાયિક અને વૈશેષિકો ના પાડીને દુખના નાશની સાથે સુખના નાશને પણ મોક્ષ માને છે.

## મોક્ષ પ્રાપ્તિ માટે જ્ઞાનનો નાશ કેમ ?

જેવી રીતે આ નૈયાયિક વૈશેષિકોએ સર્વ જગતને ઈષ્ટ એવા સુખના નાશને મોક્ષ માન્યો છે. તેવી જ રીતે જ્ઞાન સરખા આત્માના સ્વભાવભૂત પદાર્થનો પણ તેઓએ મોક્ષને અંગે નાશ જ થવો ઈષ્ટ ગણ્યો છે. જ્ઞાન અને આત્માના વિષયને અંગે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું** મંતવ્ય અને પ્રચાર કેવો હતો ? તે વિચારીએ તો આપણને સહેજ માલુમ પડશે કે **શ્રમણ ભગવાન મહાવીર મહારાજે** મોક્ષ-તત્વના વિજ્ઞાનનો પ્રચાર પણ અલૌકિક રીતે જ કરેલો છે.

## પરમેશ્વરને વ્યાપક માનવાની જરૂર કેમ પડી

વાચક વૃંદે એ જાણવાની જરૂર છે કે અન્ય નાસ્તિક દર્શનકારોએ મુખ્યતાએ પોતાના શાસ્ત્રોમાં પરમેશ્વરનો ઉપગાર માનવામાં આધિભૌતિક પદાર્થોનું જ સામ્રાજ્ય આગળ કર્યું અને તેથી આધિભૌતિક સામ્રાજ્યની સૃષ્ટિ માટે પરમેશ્વરના પણ પગલાં પડયાં અને વૈશેષિક તથા નૈયાયિકોને તો એટલે બધે સુધી પરમેશ્વરના પગલા આધિભૌતિક સમૃદ્ધિ માટે દાખલ કરવા પડયા કે જગત માત્રના હરકોઈ પ્રાણીના, હરકોઈ ક્ષણના હરકોઈ કાર્યમાં તે આધિભૌતિક ઈશ્વરના પ્રભાવને જ દાખલ કરવો પડયો અને તેથી છિદ્રઘટ, છિદ્રપટ વિગેરે સમસ્ત ફેરફાર પામવાવાળા કાર્યોમાં તેના પ્રભાવને દાખલ કર્યો ઘડ વિગેરે પદાર્થનો એક પણ કણીઓ ખસે અને તે કણીયા વગર ઘડા આદિ પદાર્થોનું જે સત્વ રહે તે બધું ઈશ્વરની કૃતિમાંજ ઉમેરી

ધોધું, રેતી વિગેરેમાં થતા હવાના આકારો પણ તેઓને ઈશ્વર કર્તૃક જણાયા.

આ બધી વસ્તુ સ્થિતિને પહોંચી વળવા માટે તેઓને ઈશ્વરને જગત વ્યાપી ઠરાવવો પડયો, કેમકે ખુદ પરમેશ્વરના આત્માની જગતવ્યાપિતા ન ઠરાવે તો સર્વત્ર સર્વક્ષણે, સર્વકાર્યોની કર્તૃતાનો ઉકેલ બનવાનું અસંભવિત થાય.

## શેષ જીવોને પણ સર્વ વ્યાપક કેમ માનવા પડયા?

બંને જ્યારે પરમેશ્વરને પણ એક આત્મા તરીકે માન્યો અને તેને જ્યારે તેઓ સર્વ વ્યાપક તરીકે માનવા જ પડે, વિચિત્રતા તો એ છે કે અન્ય અન્ય સ્થાનોએ અન્ય અન્ય જીવોના ભોગ્ય પદાર્થોની ઉત્પત્તિ માટે તે જીવોના કર્મોને ત્યાં હાજર રાખવાની ધૂન વૈશેષિકો તેમના પદાર્થોને ઉત્પન્ન કરવામાં રોકી દીધા.

## જ્ઞાન જુદું કેમ માનવું પડયું?

જો કે તેઓના હિસાબે પરમેશ્વર જ તે કામ કરી લેત તો ચાલત અને પરમેશ્વર સિવાયના સર્વ આત્માઓને જ્યારે તેઓએ સર્વવ્યાપક માન્યા ત્યારે તેઓને આત્મામાં જ્ઞાનનું સ્વાભાવિકપણું સ્થાપવું મુશ્કેલ પડયું કેમ કે એ હકીકત તો અનુભવ સિદ્ધ છે કે આત્માને શરીર દ્વારા જ જ્ઞાન થાય છે. અને તે શરીર દ્વારાએ ઉત્પન્ન થયેલું જ્ઞાન તે નૈયાયિક વૈશેષિકોને સર્વત્ર રહેલા સર્વ આત્મામાં માનવું જ પડે અને તે અપેક્ષાએ તેમના હિસાબે મૃતકમાં પણ આત્મા અને તેના જ્ઞાન બન્ને રહેલા છે.

જ્યારે એમના મુદ્દા પ્રમાણે મૃતકમાં પણ આત્મા અને જ્ઞાન બન્ને રહેલા છે, તો પછી મૃતક અને સચેતનમાં તેમને કોઈપણ જાતનો ફરક રહેતો નથી, કદાચ તેઓ એમ કહી શકે કે તે મૃતક કલેવરમાં મન નથી, માટે જ્ઞાનની ઉત્પત્તિ, સ્મરણ કે કે પ્રત્યભિજ્ઞાન જેવું કાંઈ પણ તે મૃતકમાં બનતું નથી.

## આત્મ-વ્યાપકતા એ પર્યવસાનમાં નાસ્તિકતા

તેમની આ દલીલના પર્યવસનમાં એમ માનવું જ પડે કે જ્ઞાનનું ઉત્પન્ન થવું કે ટકવું એ મનના આવવા, રહેવા અને જવા ઉપર જ આધાર રાખે છે, તો પછી તેઓને જરૂર એ વિચારવું પડશે કે એક સ્થાને એક આત્માને થયેલું જ્ઞાન અન્ય સ્થાને તે આત્મા કેમ સંભારી શકે? કેમકે આત્માની સર્વવ્યાપકતા હોવાથી માત્ર દેહ અને મનનું જ પર્યટન થાય છે. અને તેથી મન દ્વારા નવું જ્ઞાન નવે સ્થાને થાય એમ માની લઈયે, પણ જુના સ્થાને થયેલું જૂનું જ્ઞાન કેમ સંભારી કેમ? કેમકે નવે સ્થાને રહેલા આત્મામાં તે જ્ઞાન થયું જ નથી.

વળી સ્વર્ગ, નરક વિગેરેમાં આત્માને જવાની વાત તે પણ તેઓના શાસ્ત્રોમાં કહેલી છતાં યથાર્થ રીતે માનવી મુશ્કેલ પડે છે. વળી તેઓ આત્માને જ્ઞાનના સ્વભાવવાળો ન માનવા હોવાથી જ મોક્ષમાં ગએલા આત્માઓને જ્ઞાન હોય એમ માની શકતા નથી. જો તેઓ આત્માને જ્ઞાનસ્વભાવવાળો માને તો જ મુક્ત થયેલા આત્માને પણ જ્ઞાન માની શકે.

## આત્મા અને જ્ઞાનને જોડનાર

પણ તેઓએ આત્માને જ્ઞાનસ્વભાવવાળો નહિ માનતાં જ્ઞાનના આધારભૂત આત્માને માનેલો છે અને જ્ઞાનને આત્માથી જુદું માનવાના લીધે આત્માનો તેની સાથે સંબંધ કરવા એક સર્વવ્યાપક સમવાય નામનો સંબંધ કલ્પી લેવો પડયો છે, પણ તે સમવાય નામનો સંબંધ સર્વવ્યાપક અને એક માનવાથી સર્વ આત્માઓમાં સર્વજ્ઞાનનોના સમવાયો માનવાની ફરજ પડી અને તેવી જ રીતે આકાશાદિ અચેતન પદાર્થોમાં પણ જ્ઞાનનો સમવાય છે એમ માનવાની જરૂર ઉભી થઈ.

એટલે સ્પષ્ટ થયું કે આત્માથી જ્ઞાનને જુદુ માન્યું, આત્માને સર્વવ્યાપક માન્યો, જ્ઞાનને એકદેશમાં રહેલું માન્યું અને જડ

મનને આધારે જ સીધા શબ્દોમાં કહીએ તો નાસ્તિકમાં ભળી જાય તેવી રીતે, જ્ઞાનની ઉત્પત્તિ સ્થિતિ વિગેરે માન્યા અને તેવા જ્ઞાનના સંબંધને માટે સમવાયની કલ્પના કરવી પડી અને તે સમવાય જ્ઞાન વગર પણ આકાશાદિ બધામાં માનવો પડ્યો.

આ બધી પંચાત આધ્યાત્મિક પદાર્થોદ્વારા એ પરમેશ્વરની પ્રભુતાની પ્રણાલિકાના પેદા કરનાર **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને** પડી નહિં તેઓએ આત્માની સિદ્ધિનું સાધન જે ચૈતન્ય તે શરીરમાં જ છે, તેથી આત્માની સત્તા શરીરમાં જ સાચેસાચી રીતે હતી તે જણાવી.

## આત્માને નિરંશ કે સાંશ માનવો. ?

વળી જેઓને આત્મા સર્વવ્યાપક માનવો હતો તેઓને આત્મા-સર્વવ્યાપક છતાં પણ અખંડ દંડાકાર માનવો પડ્યો, છતાં પણ હસ્ત, પાદ વગેરે અંગો અને આખું શરીર તે આત્માના અવચ્છેદક તરીકે તો ગણવું જ પડયું એ શરીર એ ભૌતિક પદાર્થ છે અને તે શરીર જેટલું જેટલું પોતાના કણીયાદ્વારાએ અવચ્છેદક બને તેવો બારીક અંશ વૈશેષિક આદિકોથી માની શકાયો નહિં, ત્યારે **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે** આત્માના અસંખ્યાંશ માની તેઓની એકત્રતા થઈને આત્મદ્રવ્યનું સત્ત્વ બને છે. એમ જણાવ્યું અને તેથી જ શરીરના કોઈપણ એક ભાગની ક્રિયા ક્ષત સંરોહણ વગેરે કાર્યો આત્માના તે તે ભાગથી થયેલા માનવામાં અડચણ આવી નહિ.

દરેક મનુષ્ય અનુભવી શકે છે, કે શરીરમાં દરેક ઈન્દ્રિયો અને દરેક અવયવો જુદા જુદા કાર્યો કરે છે. જુદા જુદા અનુભવોમાં સાધનભૂત થાય છે, અને તે તે વસ્તુ તે તે આત્માના અંશની મદદથી જ બને છે, અંતમાં વૈશેષિકાદિના મત પ્રમાણે આત્મા ભવાંતરે ન જાય અને મન જાય અને તે મન તેઓના મતે અણુ છે, માટે તે મનના સંયોગ માટે પણ શરીર-ઈન્દ્રિયોના સંયોગોની માફક આત્માને અંશ સમુદાયરૂપે માનવો જ પડશે.

**આત્મા જ્ઞાન સ્વરૂપ કેમ?**

**શ્રમણ ભગવાન મહાવીર મહારાજે** તે આત્માને અસંખ્યાત અંશોના સમુદાય રૂપે માન્યો છે, એટલું જ નહિ પણ તે આત્માને જ્ઞાન સ્વરૂપજ માનેલો છે, અને એજ કારણથી **શ્રમણ ભગવાન મહાવીર મહારાજા** સર્વ આત્માઓને સર્વજ્ઞ સ્વરૂપ યુક્તિ-પુરસ્સર જણાવી શકયા છે.

**જ્ઞાન સ્વરૂપ આત્મા હોય તોજ કૈવલ્ય સંભવે!**

જો આત્માને સર્વજ્ઞ માનવામાં ન આવે ઇંદ્રિય અને પદાર્થના ક્રમિક સંયોગને આધારે જ જ્ઞાનવાળો થાય છે. એમ માનવામાં આવે તો અતીત અને અનાગત કાળના પદાર્થોનું જ્ઞાન કોઈને પણ થઈ શકે જ નહિં, એટલે કહેવું જોઈશે કે ભગવાન મહાવીર દેવના શાસનને હિસાબે આત્માનું જ્ઞાન સ્વરૂપપણું હોવાથી આત્મા સર્વજ્ઞ થઈ શકે અને અન્ય મત પ્રમાણે કોઈપણ આત્મા કોઈપણ કાળે સર્વજ્ઞ થઈ શકે નહીં.

**આત્મામાં જ્ઞાન ઉત્પાદ્ય કે અભિવ્યંજ્ય?**

વળી એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે જેમ જગતના ભૌતિક પદાર્થો પોતપોતાના સાધને નિયમિત રીતે ઉત્પન્ન થાય છે, તેવી રીતે શિક્ષક અગર શાસ્ત્રાદિના સંયોગને પામવાવાળા સર્વ મનુષ્યો એક સરખા જ્ઞાનવાળા થતાં નથી.

જો જ્ઞાનની ઉત્પત્તિમાં કેવળ બાહ્ય સાધનો ઉપર જ આધાર રાખવામાં આવે તો જગતના બાહ્ય પદાર્થોની માફક નિયમિત ઉત્પત્તિ અને સ્થિતિ વિગેરે થવાજ જોઈએ એટલું જ નહિં પણ જ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ સર્વ જીવોને તે જ્ઞાનની એક સરખી સ્થિતિ હોતી નથી, કેટલાક જીવોને ઉત્પન્ન થયેલા જ્ઞાનની ચિરકાલ સ્મૃતિ હોય છે, કેટલાકને અલ્પકાલીન સ્મૃતિ હોય છે. કેટલાકોને નિયમિત સ્મૃતિ હોય છે. કેટલાકોને અનિયમિત સ્મૃતિ હોય છે.

**અનુભવથી જ્ઞાનને ગુણ અને આવરણો માનવાની જરૂર**

આ સર્વ ત્યારે જ યુક્તિયુક્ત થઈ શકે કે જ્યારે આત્માને જ્ઞાનસ્વરૂપ માનીને તેને રોકવાવાળા કર્મો માનવામાં આવે અને પછી તે કર્મોના ક્ષયોપશમની વિચિત્રતાને લીધે જ્ઞાનની ઉત્પત્તિ સ્થિતિ આદિની વિચિત્રતા થાય.

આટલા જ માટે અન્ય કોઈપણ દર્શનકારોએ નહિં માનેલા એવા જ્ઞાન, દર્શન, શ્રદ્ધા વર્તન અને દાનાદિક ગુણોને રોકવાવાળા કર્મો જણાવી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના કર્મો જણાવ્યા અને તેના બંધ, ઉદય, ઉદીરણા, સત્તા વિગેરેના સ્વરૂપે જણાવી તેના ક્ષય ઉપશમ અને ક્ષયોપશમને માટે ધર્મની જરૂરીઆત જણાવી.

આવી રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે અસંખ્યાત-પ્રદેશમય, ચૈતન્ય સ્વરૂપ આત્માને માનીને મોક્ષમાં કેવળજ્ઞાનની હયાતી માની ત્યારે આ વૈશેષિક વગેરે એ શરીર દ્વારા જ્ઞાન થતું માની શરીર સિવાય જ્ઞાન થાય જ નહિં એમ માની મોક્ષમાં જ્ઞાન છે જ નહિં એમ માન્યું.

જો કે તે જ વૈશેષિકોને શરીર અને મન વગર પણ પરમેશ્વરના આત્મામાં તો જ્ઞાન માનવું જ પડયું છે, તો પછી પરમેશ્વરની વિજાતીયતાની માફક આત્માને આકાશાદિ સર્વથી વિજાતીયતાવાળો માની નહિં, નાશ પામવાવાળા મધ્યમ પરિણામવાળો અને જ્યોતિઃ સ્વરૂપ માન્યો હોત તો મોક્ષમાં જ્ઞાનનો વ્યુચ્છેદ માનવો પડત નહિં.

## સાંખ્યાદિના મતે જ્ઞાનનું સ્થાન

જેવી રીતે નૈયાયિક વૈશેષિકોએ આત્માને શરીરદ્વારાએ જ જ્ઞાનવાળો માન્યો તેવી રીતે સાંખ્યોએ પણ બુદ્ધિ એ પ્રકૃતિનો ગુણ છે એમ માની આત્માને બુદ્ધિ વગરનો જ માન્યો અને બૌદ્ધોએ તો આત્મા જેવી વસ્તુ જ સ્વતંત્ર ન માનતાં માત્ર જ્ઞાનની જ પરંપરા માની અને તેનો નાશ તે જ મોક્ષ માન્યો.

## ઉપસંહાર

આ બધી ઉપરની હકીકત સમજનારો મનુષ્ય શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જણાવેલા જ્ઞાન અને સુખ સ્વરૂપ મોક્ષને તથા જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ જણાવેલા તેના સાધનને સત્ય માનવાને જરૂર તૈયાર થશે.

આવી જ રીતે તે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે અજીવ, આશ્રવ, પુણ્ય, પાપ, બંધ, સંવર, નિર્જરા જેવા તત્ત્વોને અંગે પણ જે અનોખું જ્ઞાન ભવ્ય જીવોમાં પસાર પમાડેલું છે, તે ઘણાંજ વિસ્તારવાળું હોઈ તેનું સ્વરૂપ જણાવવાને માટે જૈન શાસ્ત્રોની ભલામણ કરવી તે જ ઉચિત ધારીએ છીએ.

### અમૃત વાણી

- વિરતિ-સંયમના અર્થીપણા વગરનું જ્ઞાન અજ્ઞાન છે.
- સુકૃતની અનુમોદના રૂપ પાણીથી પુણ્યનું બીજ વધુ પાંગરે છે.
- સંસારની અસારતાનો સચોટ ખ્યાલ આપી સાધુપણાના મહત્ત્વને સમજાવે તે સાચો સાધુ.

# પૂ. આગમોદ્ધારક શ્રી વ્યાખ્યાનસંગ્રહ

[ પૂ૦ આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગત, આગમવાચનાદાતા આગમ સાર્વભૌમ, પરમતારક આચાર્યદેવશ્રીએ વિ. સં. ૨૦૦૧ જે. સુ. ૪ થી જે. વ. ૧ સુધી સુરત (છાપરીઆ શેરી નવાપુરા) માં **સંબોધસિત્તરી** પ્રકરણની "**आगमं आयरंतेण०**" ગાથા ઉપર વ્યાખ્યાનો આપેલા, તેનો વ્યવસ્થિત સંગ્રહ શાસનપ્રભાવક શ્રી સિદ્ધચક્રારાધનતીર્થોદ્ધારક સ્વ. આ. **શ્રી ચંદ્રસાગરસૂરિ** સંગૃહિત સંગ્રહમાંથી માન્યવર **શ્રી કુંદનમલજી મારૂ** (વ્યવસ્થાપક **શ્રી ચંદ્રસાગર સૂરિ જ્ઞાન મંદિર**, શ્રીપાલ માર્ગ **ઉજ્જૈન**) દ્વારા મળેલ, તેમાંથી વ્યવસ્થિત કરી અહીં રજુ કર્યા છે. સં. ]

## સંબોધસિત્તરી (ગા૦ ૪૩)ના વ્યાખ્યાનો

### વ્યાખ્યાન પ્રથમ

**आगमं आयरंतेण, अत्तणो हिअकंखिणा ।**
**तित्थणाहो गुरू धम्मो, सव्वे एए बहु मण्णिआ ॥**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ **શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ** ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં થકા આગળ સૂચવી ગયા કે—

આ સંસારમાં આ જીવ અનાદિ કાલથી પ્રયત્ન કરી રહ્યો છે. આ જીવ કોઈ કાલે પ્રવૃત્તિ વગરનો હતો નહિ. ચારે ગતિમાં, પાંચે જાતિમાં, છ કાયમાં ચૌદ ભેદોમાં ભટકે છે તે વખતે દરેક સમયે ઉદ્યમવાળો રહેલો છે. આ જીવ ઉદ્યમ વગરનો હતો એમ નહોતું. જેને દુનિયામાં ઉદ્યમ મહેનત વગરનો કહેવાય છતાં તે પણ ઉદ્યમને

મહેનતવાળો છે, શેમાં ? સામાન્ય રીતે કોઈપણ જીવ આહાર વગરનો નથી, શરીર શ્વાસોશ્વાસ વગરનો નહોતો. ઈન્દ્રિયો અને તેના વિષયોમાં ઉદ્યમ ન કરતો હોય તેવો વખત નથી.

લોકોમાં જો કે કહેવાય છે કે **मुण्डे मुण्डे मतिर्भिन्ना** મસ્તકે મસ્તકે જુદી મતિવાળા હોય, **नानारुचिर्लोकः** જુદી જુદી રૂચિવાળા જુદા જુદા મંતવ્યવાળા છતાં સરવાળે એક મત, ચોપડામાં હજારો ખાતાં હોય પણ સરવાળો થાય ત્યારે એક હોય. તેમ અહિં જુદા જુદા મતિવાળા, રૂચિવાળા, અભિપ્રાયવાળા છતાં સરવાળે એક મત. ચોપડામાં હજારો ખાતાં હોય પણ સરવાળો થાય ત્યારે એક હોય. તેમ અહિં જુદા જુદા મતિવાળા, રૂચિવાળા અભિપ્રાયવાળા છતાં સરવાળે એક મતવાળા તો કયા ? સુખની ઈચ્છાવાળા જે કોઈપણ પોતાના માટે જુદી રૂચિ ધરાવે પણ સરવાળો સુખમાં.

આથી ચારે ગતિ, જાતિ, કાય, ને ભેદોમાં આ જીવ સુખને માટે પ્રયત્ન ઉદ્યમ; સફર કરી રહ્યો છે. દુનિયામાં મિષ્ટાન્ન વધારે હોય ને શાક સાથે હોય તો જમી શકો. ભિન્ન રસ વગર મિષ્ટાન્નને આવકાર નથી આપી શકતા. ત્યારે અહિં સુખની વચમાં દુઃખની ઈચ્છા કોઈને નથી થતી, લાડવા જોડે દાળ-શાકની ઈચ્છા થાય પણ સુખમાં દુઃખની ઈચ્છા ન આવે. ત્યારે આ જીવે પ્રવૃત્તિ મહેનત ઉદ્યમ પ્રયત્ન ચારે ગતિ, જાતિ, કાયો, ભેદોમાં કરી, પણ બધા સાધ્ય સુખની ઈચ્છામાં, તેથી અનાદિ કાલથી જીવ મહેનતવાળો છે.

અનાદિ શબ્દ સાંભળીને ચમકે છે તેને કહેવું કે આદિને તું સાબીત કર ! તો અનાદિ અમે છોડી દઈએ. આદિ કહેવાવાળાને માથે સાબિત કરવાની જવાબદારી બીજ ને અંકુરો પરસ્પર કાર્ય કારણ ભાવે છે. તે અનાદિથી ચાલે છે તેમાં વાંધો નથી આવતો પણ જે એમ કહે કે પહેલો અંકુરો ? કે પહેલું બીજ ? જો પહેલો

અંકુરો કહે કે પહેલું બીજ કહે તેને કહીયે કે પહેલો અંકુરો કે પહેલું બીજ તે કઇ રીતે? માટે જવાબદારી તેને માથે છે.

દુનિયામાં પુરાવાની જવાબદારી વાદીના માથે. તેમ અહિં જવાબદારી કોના માથે? તો આદિ કહેવાવાળાને માથે, પણ અનાદિ કહેવાવાળાને માથે નથી. દરેકે પોતાનો જન્મ બીજાના કહેવાથી નથી માનવાનો. પોતે જન્મ્યો તે અનુભવ સિદ્ધ છે. તો તેનું બીજ લાવ. તારો જન્મ શાથી થયો? તે બોલને. જ્યાં સુધી જન્મના કારણને જણાવી ન શકે ત્યાં સુધી તને બોલવાનો હક નથી.

કોઈ રાજાને ત્યાં જન્મ્યો, કોઈ શેઠને ત્યાં જન્મ્યો, કોઈ નોકરને ત્યાં જન્મ્યો, કોઈ દરિદ્રિને ત્યાં જન્મ્યો, કોઇ દેવાળીયાના ત્યાં જન્મ્યો! તો આમાં કારણ શું? આગળ સૂચવવામાં આવી ગયું કે પિતાની પ્રાર્થનાનો જન્મ નથી. આપણે ફરતા હતા ને પિતાએ કહ્યું કે આવ બચ્ચા! તેથી આવ્યા નથી. માતાના મનોરથે આપણું આવવું થયું નથી. તેમ આપણી ઈચ્છાએ આવેલા નથી. તો પછી આવ્યા કયા કારણે? પિતાની પ્રાર્થનાનો, માતાના મનોરથનો અને તારી ઇચ્છાનો જ્યારે જન્મ નથી, તો આ શા કારણે તે બોલને ભાઈ! આ જન્મ છે! તેનું મૂળ તપાસને!

જન્મ એ ઉપર રહેલું થડ તે નીચે નહિ દેખાતા મુલાડીયાને સાબીત કરે છે. જે પ્રમાણમાં ઉપર વિસ્તાર ઉંચાઇ તે પ્રમાણમાં તેનું મૂળ તે પ્રમાણે તેનો વિસ્તાર તેમ અહિં આગળની આપણી સ્થિતિની અપેક્ષાએ આપણી કર્મની સ્થિતિનો વિચાર કરવો જોઈએ સારા જન્મનું, મધ્યમ જન્મનું, અધમ જન્મનું, સારૂં, મધ્યમ, અધમ કર્મનું કારણ કર્મ શાના લીધે? તે કર્યા વગર બનતું નથી તો કર્મ શાથી બને? વિચાર, ઉચ્ચાર ને આચાર હોય તો શુભ કર્મ અને ઉલટા હોય તો અશુભ કર્મ. તે પણ જન્મ વગર બનવાનું નથી. આ જન્મનું કારણ કર્મ અને કર્મનું કારણ જન્મ, આમ પરંપરા અનાદિની.

અહિં અનાદિ નહિ માનનારને કર્મ કર્યા વગર બંધાઈ જાય ને કર્મ વગર જન્મ થઇ જાય છે, એ સાબિત કરવું રહ્યું. આદિ માનનારને માટે આ સાબિત કરવું જોઈએ. જેમ બ્રાહ્મણોમાં કહેવાય છે કે શ્રાદ્ધ કર કાં તો બાપ દેખાડ! તેમ અહિંયાં જન્મ વગર કર્મ ને કર્મ વગર જન્મ, આ બે માંથી એક સાબિત કર! જો તમારે જગત આદિ છે તેમ મનાવવું હોય તો જન્મ-કર્મ તે પહેલું છે તે સાબિત કરવું જોઇએ. જેને જન્મ અને કર્મની પરંપરા અનાદિની ચાલી આવે છે, તેને તો સાબિત કરવાની જરૂર નથી. જગતની આદિ માનનારને માથે આ જવાબદારીનો બોજો જન્મ એ પ્રત્યક્ષ સિદ્ધ ચીજ હોવાથી તેના કારણભૂત કર્મ માનવું તે સ્વાભાવિક છે.

સંસાર અનાદિ માનનારાનું પ્રત્યક્ષ ઉદાહરણ આ શરીર છે. જન્મ કર્મ સંસાર અનાદિનો છે શરીર જન્મને અંગે જન્મ પ્રત્યક્ષ સિદ્ધ તેથી કર્મ માનવું પડે. જેને વાનગી જોઈતી હોય તેને માટે શરીર નમુનો છે. નમુનો કોણ માગે?

દારૂડીયો માણસ કલાલની દુકાને ગયો અને કલાલને કહ્યું કે અરે વાનગી દેખાડ, ત્યારે કલાલ હસવા લાગ્યો. તેથી દારૂડીયો ચીડાયો, બીજી વખત માંગી એટલે કલાલ વધારે હસવા લાગ્યો પેલો ચીડાઇને કહેવા લાગ્યો કે વાનગી દેખાડ, નહિ તો ઠોકી દઉં છું. ત્યારે કલાલે વિચાર્યું કે આ ઠોકી દેતા વાર નહિ લગાડે પણ વાનગી માંગે છે, તે તને કઈ રીતે દેખાડું? વાનગી તો આ સામે પ્રત્યક્ષ છે. કોઇ સો ડગલે, કોઇ ૭૫ ડગલે, કોઇ ૫૦ ડગલે, કોઇ ૨૫ ડગલે ને કેટલાક બારણા પાસે પડેલા છે. તો આમાંથી કઈ વાનગી આપું? બોલને.

જે માલ જાહેર હોય તેની વાનગી કેવી? જેની વાનગી સામે હોય તેને વાનગી માંગવાની ન હોય. અનાજવાળાને ત્યાં વાનગી મંગાય, પણ દારૂવાળાને ત્યાં ન મંગાય. કારણ કે પ્રત્યક્ષ જાહેર છે

માટે તેમ આ જન્મ એ જાહેર વાનગી છે અનાદિપણાની આપણે અનાદિથી રખડીએ છીએ. સંસાર અનાદિનો છે તેની વાનગી.

કર્મ હતું તો જન્મ ને જન્મ હતો તો કર્મ થયું. તેથી જન્મ ને કર્મની પરંપરા અનાદિની જન્મ પ્રત્યક્ષ છે. તેના કારણભૂત કર્મ ને કર્મના કારણભૂત જન્મને માનવા પડે જન્મ સિવાય કર્મ, કર્મ સિવાય જન્મ થાય છે તે આદિવાળાને સાબિત કરવાનું.

વગર કારણે કાર્ય જેમ વગર બીજે ઝાડ, વગર ઝાડે શાખા તે તારે સાબિત કરવાનું. જેને ગામ માન્યું તેને સીમાડો માનવાને અડચણ નથી. પણ જેને બીજ નથી માનવું ને વૃક્ષ માનવું છે, જેને ગામ નથી માનવું ને સીમાડો માનવો છે તેને પંચાત. તેમ જેને જન્મ અને કર્મની પરંપરા અનાદિની માનવી તેમાં તેને કોઇ જાતની અડચણ નથી. તે કોને માનવું પડે ? અનાદિ માનવું હોય તેને તે ઉપર પ્રમાણે માને. ત્યારે આદિ માનનારને તેમાં વાંધો આવે. જ્યાં સુધી જન્મ સિવાય કર્મ ને કર્મ સિવાય જન્મ થાય તે સાબિત ન કરે ત્યાં સુધી આદિને અવકાશ નથી.

આ જન્મ દ્વારા સંસારનું અનાદિપણું સાબિત થયું, તેથી અનાદિથી આ જીવ સુખની ચાહનાવાળો છે. ચાર ગતિ, પાંચ જાતિ, છ કાય, ચૌદ ભેદોમાં આ જીવ ભટકયો, રખડયો, ભમ્યો, ઉત્પન્ન થયો પણ ઇચ્છા શાની ? તો પછી સુખની.

સુખને માટે આ જીવે અનાદિથી મહેનત કરી તો પછી સુખની સિદ્ધિ કેમ ન થઈ ? ઇચ્છા, અધ્યવસાય, રૂચિ, ઇચ્છા વિગેરે જુદા જુદા શબ્દો રાખ્યા. અનાદિ કાલથી સુખની ઇચ્છાને તેને માટે મહેનત આ બે વસ્તુ જોઈ શકયા. અનાદિથી સુખની ઇચ્છા તેનો પ્રયત્ન છતાં સુખની સિદ્ધિ કેમ ન થઈ.

જે બીડ હોય તેમાં દરેક વરસે વરસાદ વરસે તેની માટી પાણી ખેતરને લાયક હોય છતાં ખેતી કેમ નથી થતી ? તો કહેવું પડે કે બીજ વવાયું નથી. તેથી વાવેતરનો, વરસાદનો, કે જમીનનો

વાંક નથી. પણ બીડમાં વાવેતર થાય નહિ. તેથી ત્યાં ઘાસ ઉગે. તેમ અહિંયાં સુખની ઈચ્છા છતાં તેને માટે મહેનત છતાં સુખની કેમ ન થઈ.

આ જીવે સુખ કયાં ખોળ્યું? મહિના સુધી પાણી વલોવાય તો માખણ કેટલું નીકળે? આમાં વાંક કોના? ગોળીનો કે રવૈયાનો કે બીજા કોઈનો નથી, પણ અંદર પાણી ભર્યું છે ગોરસ ભર્યું નથી. તેમ અહિં પણ અનાદિ કાળથી જીવે સુખની ચાહના કરી, પ્રયત્નો કર્યાં છતાં સુખ મેળવી શકયો નહિ. કેમ? સુખ મેળવવા કયાં મથ્યો હતો તો જડમાં પુદ્ગલમાં? અનાદિ કાળથી પુદ્ગલમાં સુખ મેળવવા મથ્યો પછી કયાંથી શાશ્વતું સુખ મળે. તે કયારે મળે? તો સુખનું સ્થાન આત્મા તેના માટે મથે.

જગતમાં પ્રસિદ્ધ એવો એક શબ્દ છે તેનો ખુલાશો કરવા કોઈ બેસતું નથી. કયો શબ્દ! તો હું. હું શબ્દ કયાં નથી? હું સુખી હું દુઃખી, ખાઉં છું, બેલું છું, હસું છું. આનાથી કોણ અજાણ્યો છે? તો કોઈ નથી. હું શબ્દથી વ્યવહારથી એકે જણ રહિત નથી. પણ હું એટલે કોણ? તે પૂછીએ તો તેનો જવાબ નહિ મળે. હુંનો વ્યવહાર રાત-દહાડો. હું નો વ્યવહાર ઉપયોગ, પ્રવૃત્તિ નથી તેવો એક પણ સમય નથી. પણ સર્વ સમય છે.

જગતમાં ચારે ગતિમાંથી કોઈ ગતિવાળો, જાતિમાંથી કોઈ જાતિવાળો, છ કાયમાંથી કોઈ કાયવાળો, ચૌદ ભેદમાંથી કોઇ ભેદ-વાળો જીવ હું વગરનો નથી. પણ હું નો ખુલાસો?

શાસ્ત્રકારોને જે માર્ગનો ઉપદેશ કરવો પડે ત્યારે પદાર્થની વખતે ગતિ-જાતિનો પણ ઉપદેશ કરવો પડે. પણ માર્ગના ઉપ-દેશમાં ત્રણ ભાગ પાડે, કયા? બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા, આ શ્રોતાને અંગે ત્રણ ભેદ પડે.

પહેલો પરમાત્મા જેને ઉપદેશની જરૂર નથી. દીવાને દેખાડવા માટે બીજો દીવો કરવો પડે ખરો? ના. દીવો પોતે

પ્રકાશ સ્વરૂપ તેમ અહિં પરમાત્મા સમજવા જે પ્રકાશમય આત્મા ક્ષાયિકાદિભાવને પામેલા અનંત જ્ઞાન-દર્શનને ધારણ કરનાર, સિદ્ધિને આંગણે ચડેલા આત્મા તે **પરમાત્મા**, કારણ કે તેમને કંઈ પણ સાધવાનું નથી. અગ્નિ ન બળેલાને બાળે, પણ રાખોડાને શું કરે ? તેમાં અગ્નિ બાળે કોને. તેવી રીતે આ જે ઉપદેશ તે પણ કર્મથી ઘેરાયેલાને કર્મ બાળવાની જરૂર માટે. પણ જે કર્મથી ઘેરાયેલા નથી, છૂટી ગયા છે તેવાને ઉપદેશ શાનો ? ઉપદેશ શુદ્ધિ નહિ થયેલાને શુદ્ધ કરવા માટે, એવા જે શુદ્ધ થયેલા આત્મા તે પરમાત્મા કહેવાય.

જેઓ શુદ્ધ થયેલા નથી તેમ બેદરકાર પણ રહેલા નથી. શુદ્ધિને માર્ગે ચડેલા કોણ ? તો **અંતરાત્મા**,

શુદ્ધિને માર્ગે ચડેલા શુદ્ધિના શિખરે નહિ ચડેલા અને અશુદ્ધિની ગટરમાં નહિ રહેલા તે **અંતરાત્મા** બીજા કહ્યા.

**બહિરાત્મા** એટલે અશુદ્ધિની ગટરમાં પડી રહેલા, જેને આત્માનો હુંનો ખુલાસો નથી. મલ્યો, અને અશુદ્ધિની ગટરમાં પડી રહેલા તે **બહિરાત્મા**.

શરીર, કુટુંબ, પૈસા, ઘર વિગેરેનું કંઈ કારણ બન્યું તો એ મરી ગયો. ધન, કુટુંબ, આબરૂ તે તેનો જીવ, શરીર માને તે નાસ્તિક. આપણે ખરેખર નાસ્તિક ન હોઈએ તો શરીરના નુકશાને મરી ગયો તેમ બોલાય કેમ ? શરીર તે જીવ, જીવ તે શરીર. ધણીનો કોપ બધી બાયડીયો જાણે પણ બોલે નહિ; તેમ આપણે મિથ્યાત્વી છીએ, નાસ્તિક છીએ તે મોઢે બોલીયે નહિ, પણ શરીરને, કુટુંબને અંગે કારણ બને તો મરી ગયો. તો હવે જીવ કયો ? શરીર, કુટુંબ, બાયડી, ધન તેજ જીવને !

ડાકટરે કહ્યું કે શરીરમાં ક્ષયનો વહેમ પડે છે, ત્યારે બહાર નિકળીને મરી ગયો તેમ કહો છો. ક્ષય થયો તે શરીરનો કે જીવનો ? તો પછી મરી ગયો કયાંથી ? તો કંચન, કામિની, કુટુંબ, કાયા ચારને જીવ માનીને ચાલ્યો તેથી.

આ સ્થળે અંતરાત્માની મનોદશા કેવી હોય ? નાટકીયા જેવી જેમકે એક મનુષ્ય મહારાણા પ્રતાપનો વેષ કાઢીને નાટકમાં ઉતરે તે વખતે કેદી થાય, કેદ પકડાય, સળીયા પાછળ મેલાય, તે સમયે તેના મનને પુછો તો કંઈ નહિ થાય. તે કહેશે કે હું નથી તો શિવાજી કે કેદી આ તો મારા એક એકટરની બનાવટ છે. તે જગોપર કોઈ કહે કે ચારશો રૂપીયા આપું ને સાથે જણાવે કે ઝુંપડું બળી ગયું, તે વખતે ઉંચો-નીચો થાય. કારણ કે ચારશોના ઝુંપડાને સાચું માન્યું.

જેમ નાટકમાં વેષ કાઢનારને રાજ ગયા કે આવ્યાનો થડકો નથી. તેમ આત્માને આ સંસારના ચક્કરમાં જન્મ, મરણ, વ્યાધિ, રોગી, નીરોગી, સ્ત્રીઓ, કુટુંબ ગયું મલ્યું કે મર્યું તો તે નાટકનો પાઠ છે. કર્મ રાજા રૂપી મેનેજરના હુકમથી મારે આ બધા વેષો કરવા પડે છે. બાકી મારૂં તો સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્ર છે. આવો જેને ખ્યાલ હોય તે **અંતરાત્મા.**

અંતરાત્માને હિતની દૃષ્ટિ આત્મા ઉપર હોય, ઘેરે ધાવણ રાખીએ, તે આપણા છોકરાને પોતાના જીવથી વધારે રાખે પણ તેના છોકરાને લગાર બગાડ જુવે તો બધું મુકી દે. **દેખાવથી સંસાર ભલે હોય પણ અંતરથી આત્માનું હિત હોય તો તે અંતરાત્મા.**

આત્માનું હિત સમજનારો શું કહે ? તો સર્વજ્ઞના વચનો તે સિવાય સાર કંઈ નહિં, શાસ્ત્ર શું ફરમાવે છે ? શું કહે છે ? તે તરફજ દૃષ્ટિ હોય. કોની ? તો અંતરાત્માની.

માટે 'आगमं आयंरतेणं' હિતની ઈચ્છાવાળો આગમનો આદર કરે. જે મનુષ્ય આગમના આદરવાળા હોય તેને દેવ ગુરૂ ધર્મનું આરાધન થયું કરી શકયો. કરી શકીશ. વર્તમાન ધ્યેય અત્યારે આ છે.

ક્રિશ્ચિયનો ઈસુને, મુસલમાનો મહમદને, વૈષ્ણવો વિષ્ણુને, શૈવો શિવને માને પણ તેઓ અત્યારે છે ? તો ના. પછી તેઓને

કોના આધારે માનવાના? તો શાસ્ત્રના અંગે. શાસ્ત્રને માનનારો મનુષ્ય તે દેવને માનનારો ગણાય. જેને શાસ્ત્રો નથી માનવા, શાસ્ત્રોને ઉડાડવા છે તે દેવને માને તો કલ્પિત દેવને માનનારો ગણાય. પરણ્યો નથી, પણ મારો છોકરો છે તે ક્યારે બોલાય તો ખોળે લીધો હોય ત્યારે, શાસ્ત્રને ન માને ને દેવને માને તો તે ખોળે લીધેલા.

શાસ્ત્રને માને તે દેવ માનનારા ગણાય. આગમનો આદર જેને હોય તે જિનેશ્વરને માનનારો ગણાય. પણ શાસ્ત્રોને ઉડાવનારા તે દેવને કલ્પિત ગણનારા ગણાય. સાક્ષી જુઠો લબાડ છે પણ કહી ગયો છે તે મારે કબુલ. તેમ અહિં શાસ્ત્રો તારે માનવા નથી, પંચાંગી માનવી નથી, પછી દેવને માને કલ્પનાથી, પણ શાસ્ત્રથી નહિ, જેમ દેવ બધાના પરોક્ષ છે. છતાં પોતાના શાસ્ત્રોના આધારે પોતાના શાસ્ત્રોને આધારે પોતાના દેવોને માની શકે છે.

જૈનો જિનેશ્વરને માને તે આગમોના આધારે જ્યારે દેવ-ગુરૂ આગમોને અંગે મનાય છે. જેને આગમનો આદર કર્યો હોય તે દેવને માનવાને લાયક, પણ જેને આગમનો આદર નથી કર્યો, તે તો દેવને કલ્પિત માનનારા ગણાય. શાસ્ત્રને ઓળખાવનારા, ઉથાપનારા, ખોટા માનનારા તે દેવને માને તો કલ્પિત ગણાય. ગુરૂને ગુરૂ તરીકે, તેમની સેવાનું સ્વરૂપ, ફળ શાસ્ત્રને આધારે માનવાનું પણ શાસ્ત્ર ન માન્યા, તેને તે ગુરૂ વિગેરે માનવાનો હક નહિ.

શાસ્ત્રને નહિ માનનારો તે કેવો ગણાય તો નાસ્તિકથી અધમ તમારો છોકરો પંચિંદિયમાં-'**पंचमहव्वयजुत्तो**' પાંચ મહાવ્રત ધરનારા શાસ્ત્રી માને તેને આ તેમજ તેને **इच्छामि खमासमणो०** પણ શાસ્ત્રો ઉથાપે તેને શું? દયા કરી સાચું બોલ્યા તો લાભ થયો તે તમે દેખ્યું. જેને શાસ્ત્ર નથી માનવા તેને દયા સત્ય પવિત્રતામાં ધર્મ માનવાનો ક્યાં? માટે હરિભદ્ર સૂરિ કહે છે દેવ ગુરૂ ધર્મને માનનારો કોણ? અંતરાત્મા હિતની ઈચ્છાવાળો તે આગમનો આદરવાળો હોય તે મોક્ષ પામશે.

## વ્યાખ્યાન - ૨

### आगमं आयरंतेणं०

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં થકાં આગળ સૂચવી ગયા કે-

આ સંસારમાં આ જીવ અનાદિ કાલથી રખડે છે. રખડતાં રખડતાં ઉંચા આવવું એ ઘણું મુશ્કેલ હતું. આપણે કેટલા ઉંચા આવ્યા છીએ? તેનો આપણે ખ્યાલ કરતા નથી.

જે મનુષ્ય પોતાના દરજ્જાના ઉંચાપણાને સમજે નહિ, ખ્યાલમાં લે નહિ, મુશ્કેલી વિચારે નહિ, રક્ષણ વધવાના ઉપાયોને સમજે નહિ, તે ઉંચી પદવીને પામ્યો હોય છતાં તે ઉંચી પદવીને ટકાવવા લાયક થાય જ નહિ.

તમે જાણો છો કે દુનિયામાં અક્કલવાળો મનુષ્ય તે અક્કલના યોગે ધૂળની પણ કિંમત કરાવે. તે કઇ રીતે?

એક રાજા છે. તેને સાળો છે પણ બુદ્ધિમાં ઓછો છે. રાજકુટુંબ તરીકે ખાન-પાન રોજી પામે છે. રાજા તેને કોઇ હોદ્દો આપતો નથી. તેથી રાણી રાજાને રોજ ગોદા મારે કે તમને આખા જગતનું સંઘરવું ગમે છે. બધા મનુષ્યો સારા લાગે છે. પણ મારો ભાઈ તમને સારો લાગતો નથી.

સ્ત્રીની જાત એવી સ્થિતિમાં હોય કે ધાન ખાવું ધણીનું ને ગુણ ગાવા વીરાના. ભાઇ ઉપર આટલી લાગણી એટલે રાજાને રોજ ગોદાવે રાજા કહે કે અધિકાર અક્કલની ચીજ છે. પણ તે સંબંધ કે સગપણની નથી.

રાજાએ આવી રીતે રાણીને સાચી હકીકત સમજાવી ત્યારે રાણી કહે કે મારો ભાઇ પાણીને ભૂંડહેતો હશે. એટલે તેમાં

અક્કલ નથી તેમ માનો છો. તમારે તેને અધિકાર આપવો નથી તેનું આ એક બહાનું છે. તમારી આંખમાં કમળો તેથી અધિકાર ઉપર આવે તો તમને ખટકે. હવે રાજાએ શું કહેવું. આવી રીતે રોજ રાજાને ગોદા મારે.

રાજાએ દેખ્યું કે આનો નિકાલ કેમ આવે! ઘરના કંકાશે ઓળીનું પાણી સૂકાય. રાણી રોજ કંકાશ કરે ત્યાં શું થાય? કજીયાથી કંટાળીને અક્કલ વગરનાને અધિકાર આપ્યા વગર કજીયો શમતો પણ નથી. માટે થાય શું?

એક દિવસ રાજા રાણી બેય બેઠાં છે, સાળો પણ બેઠો છે. ઝવેરાતની દાબડીમાં ધૂળ ભરીને પેક કરી ને, દીવાનને કહ્યું કે પોતાનાથી મોટા રાજાને ભેટ કરી દો. આ વાત કરે છે ત્યાં તો રાજાને યાદ આવવાથી દીવાનને કહ્યું કે **तुम रहेने दो हमारा साळाकुं जाने दो** તે અમારો સંબંધી છે, માટે સારૂં દેખાશે.

આ જોઈ રાણીને થયું કે મારો ભાઈ બેય રાજ્યોમાં પંકાશે. માટે ઠીક થયું. સાળો કહે હું જવાને તૈયાર છું. તે બીજા રાજ્યમાં ગયો, ખબર મોકલાવી કે ભેટ લઇને આવ્યો છું. દરબાર ભર્યો તેમાં રાજાને ભેટ ધરી. રેતનો સ્વભાવ દાબડીના ઢાંકણાંમાં ભરાઇ જાય. જોરથી દાબડી ઉઘાડી ધૂળ ઉડી ત્યારે રાજાએ ભેટ લાવનારને કહ્યું કે મારૂં અપમાન કર્યું, સાળાએ જોયું કે રાજાની આંખ લાલ થઈ છે. તેથી હવે મર્યા સમજી લો.

લાલ આંખ જોઇને ઉઠયો અને ઘોડે બેસી પોતાના રાજમાં આવ્યો. રાજાએ પુછયું કે શું થયું. તો ધૂળ નીકળી ને રાજાની આંખ લાલ થઈને હું તો આવી ગયો. બીજો કોઇ આવે જ નહિ રાજાએ રાણીને કહ્યું કે જોયું કે? ત્યારે રાણીએ કહ્યું કે તમે મોકલ્યું શું? તો ધૂળને! ધૂળ મોકલે તો ધોલ ખાઇને આવેને. પણ મારો ભાઈ ધોલ ખાધા વગર આવ્યો.

હવે રાજાએ દીવાનને કહ્યું કે તમે જાવ. બીજી ડબી ભરી બધાનાં દેખતાં ધૂળ ભરી, સીલ કરીને એને એ રાજા પાસે મોકલી

દીવાન બેસે બંગલામાં પણ આખા રાજ્યના ખુણે ખાંચરે જે જે હકીકતો બનતી હોય તે તેના કાને આવ્યા વગર રહે નહિ. તેથી રાજાના સાળાની હકીકત ધ્યાનમાં આવી.

જેવો નીકળે છે તેવો કાસદ મોકલે છે. અને જણાવે છે કે आपकी पास राजा का साळा आया था. उसकी बडी भूल हुइ अब मैं आता हुं. પેલા રાજાને ક્રોધ તો હતો તે શમાવવો પડે. ભૂલ કેમ કરી અને દીવાન કેમ આવે છે? માણસોને સામા મોકલ્યા. દરબારમાં આવ્યા દાબડી મૂકી, ધૂળ નીકળી પછી દીવાન ઉઠીને પગે પડયો. ગરીબ પરવર ખમા ધણીને બીજી વખત પણ ધૂળ નીકળી, उस समय आपका गुस्सा हद बहारका हो गया इस लीये में हाजर हुं. હું જો ગુનેગાર હોઉં તો ફાંસીએ લટકાવવો પણ મારી વાત સાંભળો.

મારો રાજા ઈશ્વરનો એટલી ભક્તિવાળો છે કે તેમને રાજ્યની પડી નથી. (हमारे दरबारकी नजर सिर्फ परमेश्वर पर. आप जानते हे के जनाना साथ बात करे के दरबारमां वात करे तो परमेश्वर करता है इश्वरका रटन करना प मनुष्यकी फरज हे. वैसे है प्रजा का पालन जरूरी हे हम सुनते है के आप प्रजा का पालन में ढीला हो, राजकाजमें यह नहीं चले.

આટલા સુધી આપે લખ્યું હતું. તે અમુક તારીખનું ખત કાઢો. આટલી સૂચના કરી. તે પ્રમાણે નહિ રહો તો હું ગાદી ઉપરથી ઉઠાડી મુકીશ, એ ખત દેખાડવા માટે જરૂરી છે કે મારો રાજા ઈશ્વરમાં લીન છે. આપના કહેવાની દરકાર નહિ.)

અમારા દરબાર ઇશ્વરની ભક્તિમાં લીન છે. તેથી ઈશ્વરને સાક્ષાત આવવું પડયું. અમારા રાજાએ ઈશ્વરની સાથે દોઢ કલાક વાતચીત કરી. જયારે ઇશ્વર ચાલ્યો ગયો ત્યારે અમારા દરબારને વિચાર આવ્યો કે ઈશ્વરના પગની ધુળ કોને મલે.? તેથી ધુળ લઈ લીધી. અમારા રાજમાં દરેકને મોકલાવી આપી. પણ મારા મુરબ્બી રહી ગયા. થોડી ધુળ ડબ્બીની હાથમાં જોઇ તેથી અંગત

સાળાને ગણી આપની પાસે મોકલેલ પણ સાળાએ વિચાર ન કર્યો ને ભાગી આવ્યો.

ત્યારે રાજાએ વિચાર કર્યો કે ઈશ્વરની પ્રસાદી ફેંકી દીધી. આ બાજુની ધુળ સર્વને આપી દીધી. ને કહ્યું કે અમારા ઉપર બહુ હિત રાખનાર પ્રેમ રાખનારે ઈશ્વરની પ્રસાદી મોકલી. એટલે રાજાએ અંતઃપુરમાં મોકલી અને પોતે પણ દરબારમાં પોતાના ગાળ ઉપર લગાવી દીધી. અક્કલવાળો મનુષ્ય ધુળને કિંમતી કેમ કરવી તે જાણે. આપણે મનુષ્યપણાને ન ગોઠવીએ તો આપણી સ્થિતિ કઈ?

આપણુ કયા હોદ્દા પર, કઈ સ્થિતિમાં છીએ તે તપાસ્યું. જેમ ઝવેરીનો છોકરો નેકલેસથી રમે પણ તેને બીચારાને તેની કિંમત કે મુશ્કેલીનો ખ્યાલ ન હોય. તેમ આપણુને પણ આ મળેલ ચીજ તેની કિંમત કે તેની મુશ્કેલીનો ખ્યાલ આવ્યો કોઈ દહાડો?. કેમ! પહેલાં એક વાત સમજી લે કે જગતમાં જેમ બે સ્થાન નિર્ભય કાં તો નાગો ને કાંતો નામી. નાગો સદા નિર્ભય કેમ તેને શું જવાનું હતું?

નાગાની નિર્ભયતા કેવી રીતે? જુઓ! ઉદેપુરના મહારાણાએ દિવાનને બોલાવ્યો. અને કહ્યું કે તમે આખા રાજ્યના અધિકારી છે, પણ મારી એક સૂચના ખ્યાલમાં લેવી કે બધાની છેડતી કરવી પણ મારાથી મોટાની છેડતી નહિ કરવી. મહારાણાથી રાજમાં મોટો કોણ છે? તો કોઇ હોતું નથી. ત્યારે મહારાણાએ જણાવ્યું કે આપ ખ્યાલમાં નથી લેતા કે પણ મારાથી મોટા છે, તેની છેડતી નહિ કરવી. ત્યારે દિવાન કહે કે આપણાથી મોટા છે તે વાતથી તાજુબી થાય છે. મારા રાજ્યમાં મારાથી મોટા ઘણા છે. પણ એ મોટામાંથી એકની સાથે ટક્કર ન ઝીલતા.

ત્યારે દીવાને કહ્યું કે હું કોઈને દેખતો નથી. આપ કોને મોટા ગણો છો તે જણાવો ત્યારે સમજ પડે. ત્યારે મહારાણાએ કહ્યું કે મારાથી મોટા નાગા, તેની પાસેથી શું લેશો? જો કપડાં

હો તો ધોવાની પંચાત મટી, રાજ્યે કપડાં લઇ લીધા તો નાગા ફરવામાં વાંધો નહિ. તેને જેલમાં બેસાડું તો ? વાત સાચી. પણ એ શું કહે કે અહિં તો વિચાર કરવો પડે કે શું ખાશું-શું પીશું ? ત્યારે અહિં તો ખવરાવવું પડશે આપણે.

દેશનિકાલ કરશું ? તો અમારૂં રાજ્ય ને રાજા હોય તો દેશ નિકાલ કરશો ને ? પણ અમારે રાજ્ય અને રાજા નથી, જાનથી મારી નાંખશું તો ? તમારા ઘરથી ઈશ્વરનું ઘર ખરાબ છે ? માટે જલ્દી મારી નાંખશું તો ? તમારા ઘરથી ઈશ્વરનું ઘર ખરાબ છે ? માટે જલ્દી મારી નાખો કે જેથી ઈશ્વરને ઘેર જલ્દી પહોંચી જવાય ! આવા આદમીને શું કરીશું ? ભાઈ જેને ખોવાનું કંઈ નથી. નાગાને ખોવાનું કંઈ નહિ. નાગાને ભય જ ન હોય.

જગતમાં નિર્ભય કોણ ? તો નાગો ? કેમકે તેને અનુચિત કરતાં વિચાર ન આવે. લોકોને ખરાબ લાગશે તો વાંધો નહિ. સારી સગવડ મર્યાદાની હોય તેને ખ્યાલ રાખવાનો હોય. સાધુ સાધ્વી શહેરમાં આવીને એક મકાનમાં કેમ રહેવાય ! જુદા મકાનની સગવડ હતી છતાં ન રહે તો તેને શું ? જેને ખોવાનું નથી તેણે કહેવાનું શું ? નાગા બધે પરવારીને બેઠા હોય. તેને ભય નહિ.

જગતમાં ઉત્કૃષ્ટ જે હોય તેને ભય દેનારો કોઇ નહિ. નાગાને **નાશ થનારી કોઈ ચીજ નથી. ત્યારે નામીને નાશક ચીજ નથી.**

હવે જગતમાં બે નિર્ભય કાં તો નાગો કાં તો નામી ! તેની વ્યવસ્થામાં આવો જીવભેદોને અંગે.

જીવના ભેદો બે. શાશ્વતા એક સિદ્ધ અને બાકીના બધા અશાશ્વતા. બે ભેદો કયા ? નાગા અને નામી. જીવની નાગી જાત અને નામી જાત કઈ ? સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તાનો પહેલો ક્ષણ, જેમાં કંઈ ન મળે ઓછામાં ઓછી ચેતના તે પણ જીવત્વના

કારણભૂત, તેને ચૌદ રાજલોકના જેટલા પુદ્ગલો છે તે જ્ઞાનાવરણીય વિગેરે કર્મો થઈને લાગી જાય તો પણ તે ચેતના હણાય નહિ. આટલી તાકાતવાળી છે. તેને માટે એક દૃષ્ટાંતમાં ખ્યાલમાં લેવું કે—

જેઠ મહિનાના બપોરનો વખત ચાહે જેટલા વાદળા આવે તો પણ અમાવાસ્યાની રાત્રિ થાય ખરી? વાદળાં સૂર્યની આડે આવે જેટલાં આવે છતાં અમાવાસ્યાની રાત્રિ ન થાય. દિવસ અને રાત્રિના વિભાગને કરવાવાળું જે નાનું અજવાળું તેને વાદળાનો જથો રોકી શકે નહિ. સૂર્ય અને ચંદ્રના પ્રકાશને રોકે. જેમ વાદળાને ચાહે જેટલો સમુદાય હોય તો દિવસના હેતુભૂત કારણને ઓળખાવનારૂં એવા નાના અજવાળાને રોકે નહીં. તેમ તે જીવના જીવનરૂપ તેને બધા કર્મો આવરી જાય તો પણ તેને રોકી શકે નહીં. તેથી તેની પાસેથી કંઇ જવાનું નથી.

બીજી નામી અવસ્થા સિદ્ધ ભગવાનની, તેમને નાશ કરનાર કોઇ નથી. જેને નાશક ન હોય તે નિત્ય હોય, કાં તો લઈ જવા લાયક ન હોય અને જૈન નાશ્ય લઈ જનાર ન હોય તો ટકે. સિદ્ધમાં લઇ જનાર અને નાશક નથી, નિગોદમાં નાશ્ય નથી, માટે તે અવસ્થા નિત્ય. બે અવસ્થા અનાદિ અનંતની, એક તો સિદ્ધની અને બીજી નિગોદની, અનાદિ અનંત કાલની સ્થિતિ. આ સ્થિતિ કઇ જગો પર સિદ્ધમાં ને નિગોદમાં, કારણ નિગોદમાં નાશ્ય વસ્તુ નથી અને સિદ્ધમાં નાશક વસ્તુ નથી. આ બે સિવાયની વચલી બધી સ્થિતિ નાશ્ય અને નાશકની ભેદવાળી છે.

આ ભેદોમાં મૂળ આપણે કઈ જગોપરના અત્યારે? બોલીયે કે ફલાણાભાઈ રાધનપુર, અમદાવાદ, પાટણ, મહેસાણાથી અહિં આવ્યા છીએ. તેથી આપણે બાપ-દાદાના સ્થાન સંભારીએ છીએ. એટલે આપણે આપણા શરીરનું વતન સંભારીએ છીએ. પણ જીવ ક્યાંનો વતની? તે કોઈ દિવસ સંભાર્યું ખરૂં? અમે ફલાણા ગામના પણ આ જીવ ક્યાંનો? તે ક્યારે વિચાર્યું? આપણને માત્ર જન્મનો

વિચાર કરવાનો અવકાશ આપણે ૬૦, ૭૦ કે ૯૦ વર્ષની સ્થિતિમાં હોઇયે ને વિચારીયે કે આપણે ફલાણા ગામના તે જીવનને અંગે વિચાર કર્યો. પણ જીવ ક્યાંનો? તે વિચાર ન કર્યો.

ખોળીયાની ખોળ ચાલે. પણ જીવની જડ પકડી કે જીવ ક્યાંનો?

ત્યારે તેને માટે શાસ્ત્રકાર કહે છે કે આ જીવ ક્યાંનો તો પેલા નાગા કહ્યા હતા તેમાંનો, આપણે નાગા માંહેલા હતા, ત્યાં સ્થિતિ કેવી હતી? દુનિયાદારીમાં ભાગીદારી-કંપની-સહિયારાપણું હોય છે, પણ શેમાં? તો માલમાં જંગમ-સ્થાવર મિલ્કતમાં પણ કોઈ જગો પર ભાગીદારીમાં શરીર, સુખ-દુઃખનું સહિયારાપણું દેખ્યું? તે તો નથી. શરીર પણ સહિયારામાં દુનિયામાં કોઈ સ્થાને નથી.

આપણે પહેલ વહેલા કેવા હતા? અનંતા એકઠા મલીયે પછી સાથે પ્રયત્ન કરીયે, ખોરાક મેળવીએ, પર્યાપ્તિ કરીએ ત્યારે એક શરીર બને. પણ તે કેવું? આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું, પાછું દેખી ન શકાય તેવું. જ્ઞાની સિવાય જે શરીરને કોઇ દેખે દેખે નહિ તેવું આનાથી ઓછી શક્તિ કઈ? તે વિચારો.

કહેવાનું તત્ત્વ એ કે અત્યારે આપણી શક્તિ વધી એટલે તે શક્તિનો ખ્યાલ નથી આવતો, પણ જન્મભૂમિ ખ્યાલમાં લો તો ખબર પડે તમે મનુષ્યપણામાં આવ્યા, તેથી આપણી જન્મભૂમિ આપણે ભૂલ્યા છીએ. જે જન્મભૂમિનું આબાદ વર્ણન કરેલ છે, તેવી જન્મભૂમિનો વિચાર કરો?

આમાંથી આગળ ચડ્યા તો પહેલું શું થયું? તો અનંતા સાથે ખોરાક લીધો સાથે પરિણમાવવાનો વિગેરે એમને એમ રહ્યું, ફરક એટલો કે તે દેખાય તેટલો ફરક પડ્યો, તેમાં અથડામણો થઈ, તે પણ ક્યાં સુધી? તો અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી તે અથડામણ પૂરી થતાં જીવ આગળ વધ્યો, એટલે એક

જીવમાં તેટલી તાકાત આવી. કઈ? તો આગળના અસંખ્યાતમા ભાગનું, ન દેખાય તેવું શરીર જીવ એકલો બનાવી શકે. તેમાં ભાગીદારી નહિ. આનું નામ સૂક્ષ્મ પૃથ્વીકાય, તેનાથી આગળ ચડ્યો તો દેખાય તેટલું વધ્યો. તેમાંથી આગળ વધતાં અપ્કાયમાં, પછી તેઉકાયમાં, ત્યાંથી વાઉકાયમાં, તેમાંથી વનસ્પતિ કાયમાં આવ્યો. આ વાતને વિવેચનમાં નથી લેતો.

હવે જણાવે છે કે પૃથ્વીકાય કરતાં અપ્કાયનો, તેના કરતાં તેઉકાયનો, તેના કરતા વાઉકાયનો, તેના કરતાં પ્રત્યેક વનસ્પતિ કાયનો વર્ગ ચડીયાતા છે, તે કેમ ચડીયાતા? તો તે યુક્તિથી માનવા પડે તેમ છે. એક જીવ મહેનત કરીને દેખાય તેવું આગળના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર કરે. ત્યારે એક જીવ પોતાના પ્રયત્ને પ્રત્યેક વનસ્પતિમાં હજાર યોજનનું શરીર બતાવે, પણ તાકાત ફક્ત સ્પર્શ જાણવાની..

હવે દુનિયાના જીવો ઉપર ધ્યાન દો. શરીર વગરના કોઈ જીવ નાક કાન આંખવાળો છે? તો ના. ત્યારે બધાની જડ કોણ? તો કહેવું પડે કે સ્પર્શેન્દ્રિય! ઝાડને પાણી સીંચો તો પી જાય. કીડાઓ પણ પીએ છે. ત્યારે કહો કે રસનાથી, તે રસનાનો ઉદય અનંતી પુણ્યાઇએ મળ્યો. જીવ પણે બધા જીવ સરખા છે. સિદ્ધના જીવમાં અને સૂક્ષ્મ એકેન્દ્રિયના જીવમાં ફરક નથી. તો પછી એકેન્દ્રિયની વિરાધનામાં પાપ ઓછું, અને પંચેન્દ્રિયની વિરાધનામાં પાપ વધારે આમ કેમ માન્યું? પંચેન્દ્રિયની વિરાધનામાં નરક કેમ રાખી? વાત ખરી!

પણ જેમ આ દુનિયામાં અમીચંદને ત્યાં અમૃતલાલ ગયા ત્યાં ગાદી માટે રૂ મંગાવ્યું. તેમાં પવન આવ્યો, તેથી રૂ ઉડયું અને ટોપીએ વળગ્યું. ત્યાંથી ઉઠીને ઘેર જવા નીકળ્યા, ત્યારે કીધા વગર રૂ લીધું તેથી ચોરને? તેમજ જેને ખીસું ભર્યું. બંનેએ લીધું તો, ખરૂં ને તો આ બંનેને તમે સરખા ગણો છો? તો

કહેવું પડે કે કિંમતને આધારે ચોર અને શાહુકાર રહે. તેમ **જીવની અપેક્ષાએ જેની પ્રાણુ શક્તિ વધારે અને તેનો નાશ કરે તો પાપ વધારે.** પ્રાણુશક્તિ ઓછી તો પાપ ઓછું.

અહિં પ્રાણુ શક્તિમાં વધારો થયો ત્યારે બેઇન્દ્રિય થયા. તેમાં સંખ્યાતા સાગરોપમ ટકયા, આમ અનંતીવાર આવ્યા અને ગયા, કાલયોગે ગંધ જાણુવાની તાકાત મળી. ત્યારે તેઈન્દ્રિય થયા, તેમ ચડતા ચડતા પુણ્યના યોગે રૂપ જાણુવાની શક્તિ મલી, તેમાં પણુ રખડતાં રખડતાં કોઇ કાલે ભવિતવ્યતાના યોગે શબ્દ સાંભળવાની તાકાત મલી.

આપણી પહેલી જન્મભૂમિ તપાસશો અને ત્યાંથી દેશાંતર ખેડતા ખેડતા આટલી સ્થિતિએ આવ્યા. તેમાંથી આગળ વધો ત્યારે વિચાર લાયક તાકાત મળે. જાનવર થાય. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય, વિચારની તાકાત વગરનું સેંકડોનું મરણુ ધુવે પણુ પાછો એકે ન વળે. કુતરામાં વિચાર શક્તિ છે મ્યુનિસિપાલિટીએ ઝેરી બરફી મુકી, ત્યાં જ્યાં બે ચાર કુતરા મર્યા તે જોઈને તેની પાસે બીજા કોઈ કુતરા નહિ આવે. પણુ કીડી મંકોડાની જાતોમાં વિચાર શક્તિ નથી.

વિચાર શક્તિ મહાન પુણ્યે મલી તે કરતાં મનુષ્યપણું મળવું ઘણું મુશ્કેલ! મલ્યા છતાં ટકાવવું, અને જીવન જીવવું પણુ મુશ્કેલ દુનિયામાં શોષણુ, લુંટણુ નીતિ અધમ ગણાઇ છે. પણુ આપણી જાત વિચારીએ તો આપણે રાક્ષસી નીતિવાળા છીએ.

આપણે એક વિચાર કરવો નહી. આપણા માટે આપણે પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિકાયનું સત્યાનાશ વાળીએ છીએ. તો આ કઈ નીતિ ગણુવી? કહો કે રાક્ષસી નીતિ! દુનિયામાં જો બિન-જરૂરી જીવન હોય તો તે મનુષ્યનું, આ વાત કડવી લાગશે પણુ પણુ સ્થિરતા રાખીને વિચાર કરો તો ખ્યાલ આવશે.

પૃથ્વીને તમારી જરૂર કે તમારે પૃથ્વીની જરૂર ? તમે ન હો તો પૃથ્વીને નુકશાન કે પૃથ્વી ન હોય તો તમને નુકશાન ? તો કહેવું પડશે કે જેના વગર જેનું અટકે તે જરૂરી, અને ન અટકે તે બિનજરૂરી, તેમ પાણીની તમારે જરૂર કે તમારી પાણીને જરૂર ? અગ્નિને તમારી જરૂર કે તમારે અગ્નિની જરૂર, વાયુને તમારી જરૂર કે તમોને વાયુની જરૂર ! વનસ્પતિની તમારે જરૂર કે તમારી વનસ્પતિને જરૂર ! તો કહેવું પડે કે પૃથ્વી આદિ ન હોય તો આપણું અટકે, પણ આપણા વગર તેઓનું અટકતું નથી.

તો હવે વિચારો કે તમારી જરૂર કોઈને નથી. જ્યારે તમારી જરૂર કોઈને નથી, ત્યારે તમારી રાક્ષસી નીતિ બધા ઉપર જે આવે તેને ઓહિયા કરવા, તથા મૂળથી કચડી નાંખવા. તો આ રાક્ષસી નીતિ ! શોષણ અને લુંટણમાં બકરી જેવો ન્યાય ! તો એક બાજુ ખવડાવે અને બીજી બાજુ દુહે. તેમ તમે પૃથ્વીકાયદિનું કયું પોષણ કરો છો ? તેથી તમારે બિનજરૂરી જીવન ગાળવું. કેમ તો જેને તમારી જરૂર નથી ને તેના ઉપર તમારે જોહુકમી ચલાવવી. આનાથી રાક્ષસી નીતિનો બીજો નમૂનો કયો ? તે વિચારો.

આટલું બધું રાક્ષસી વર્તન, પરાધીન જીવન છતાં મનુષ્યપણું ઉત્તમ તે શાના અંગે. ? તો કહેવું પડશે કે એકજ વસ્તુને અંગે કઈ વસ્તુ તો ધર્મ, પુણ્ય અને પાપનો વિવેક કરવાની તાકાત, ધર્મ–અધર્મના વિવેકની તાકાત, ધર્મ અને પુણ્ય ઉપાર્જન કરવાનું હોય તો કેવલ મનુષ્યપણામાં મનુષ્યમાં તાકાત જબરજસ્ત છે કેમ તો મોક્ષ મેળવી શકાય તો આ મનુષ્ય દેહ દ્વારા માટે **'चत्तारि परमंगाणि माणुसत्तं'** મનુષ્યપણું તેજ મોક્ષનું પહેલું કારણ.

આવી રીતે મુશ્કેલીથી મેળવેલું, પરાધીન, દુનિયાની જરૂરીમાંથી નીકળી ગયેલું, અને રાક્ષસી વૃત્તિવાળું છતાં તે ઉત્તમ ગણાય તો એકજ રીતે તો મોક્ષની ધારણા અને ધર્મની આરાધનાને અંગે છે.

કયો મનુષ્ય ધર્મની આરાધના કરે? કયો મોક્ષ મેળવે? કયો પુણ્યને મેળવી શકે? તો એકજ વસ્તુ હોય તો આ બને. કઈ? તો સર્વજ્ઞ ભગવાનના વચનનું આલંબન, તે સિવાય કદી પણ મનુષ્યજન્મ આવો ઉંચો ગણાવી શકીએ તેમ બને નહિ.

માટે આવતા ભવને અંગે, આપણી દુર્ગતિ ન થાય, સદ્ગતિ થાય, તેને અંગે સાધન કોણ? તો ભગવાનના વચનનું આલંબન, અહિં તો જે વસ્તુ મેળવીયે, જેને માથે ચડાવીને રાખીએ તે ભુખરી માટીના થાંભલા જેવી, બીજી માટીઓ વરસાદમાં ટકે પણ ભુખરી માટી હોય, તે તો એવી નિર્બલ કે શરદીનો પવન લાગે તો થાંભલો ખરવા માડે. જેમ ભુખરી માટીના થાંભલા હવામાત્રથી ખરવા માંડે, તેમ આપણે ચાર મેળવીએ, માથે ચડાવીયે તે શું? તો કંચન આદિ ચાર કે બીજું કઈ? આ ચારની ચોકડીમાં ચોંટ્યા. છીએ તેમજ ચોકડીમય થયા છીએ તે કયાં સુધી? આવતા ભવમાં તે ચોકડીમાંથી કોણ સાથે આવવાનું? કોઈ નહિ. જે વખતે ચોકડી ચાલી જાય ત્યારે આ જીવને ખરેખર સદ્ગતિમાં લઈ જનાર તથા દુર્ગતિથી બચાવનાર જો કોઈ સાધન હોય તો ધર્મ છે. 'दुर्गति-प्रसृतान् जंतून्०' માટે તેને ધર્મ કહેવાય.

સ્વરૂપે, ફલે, વ્યાખ્યાએ ભલે જુદો હોય, પણ વ્યુત્પત્તિની વ્યાખ્યા દુર્ગતિમાં પડતાં બચાવનાર અને સારી ગતિમાં પહોંચાડનાર ધર્મ છે. આમાં કોઇની દલાલી લાગવગ, ચીઠી, સંદેશો કામ નહિ લાગે. આ તો ધૂતી ખાવાના રસ્તા. એમાં દલાલી લાગવગ, શરમ, સંદેશો કામ લાગે નહીં. પરંતુ જો કામ લાગતો હોય તો તે તમારો કરેલો ધર્મ.

પરંતુ તે ધર્મ સમજાવે કોણ? તેને માટે જણાવ્યું કે આગમના આધારે, શાસ્ત્રના આધારે, ધર્મ શાસ્ત્ર પ્રમાણ કરતા હોય તો જ ધર્મની પ્રામાણિકતા ગણાય. જેઓ શાસ્ત્રોને અપ્રમાણ જુઠાં માને તે મોઢથી ધર્મ કહેતા હોય તો તે લબાડી છે.

પરલોકના વિધાનમાં પરલોકના સાધનભૂત ધર્મમાં પ્રમાણભૂત હોય તો તે માત્ર શાસ્ત્રો છે. શાસ્ત્રોને બધા મતના માને છે. તેથી શાસ્ત્ર વગરનો કોઇ મતજ નથી. નાસ્તિકમત પણ શાસ્ત્રોને માને છે. શાસ્ત્રોને નહિ માનનારો વર્ગ નાસ્તિકમાં ન ગણાયો.

શાસ્ત્રો બધા માને છે. વાત ખરી. પણ શાસ્ત્ર વસ્તુ બધાને મોઢેથી બોલવી પડે છે. પણ વર્તનમાં મુશ્કેલી છે. નિર્ગુનેગાર છું તે બોલવામાં મુશ્કેલી નથી. પણ તેમાં વર્તવું તે મુશ્કેલ ધર્મશાસ્ત્ર માનીએ તે બોલવામાં મુશ્કેલ નથી. પણ સાચાં શાસ્ત્રો માનવા તેમાં મુશ્કેલી છે. તે સાચા માનવા માટે તેની અનુકુલ સમજણ કઈ રીતે ? તેનું સ્વરૂપ સમજાવશે તે અધિકાર અગ્રે.

## વ્યાખ્યાન - ૩

### आगमं आयरंतेणं०

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં થકાં આગળ સૂચવી ગયા કે-

આ સંસારમાં આ જીવ અનાદિ કાલથી રખડી રહ્યો છે. પરંતુ કાલે એ વાત વિચારી ગયા. કે અનાદિ કાલથી ક્યાં રખડયો ? તો નાગાપણામાં !

એ વસ્તુ નિત્ય નાગાપણાની અને બીજી નામીપણાની ! નાગાપણામાં નિત્ય કેમ ? તો જેની પાસે નાશ પામવાનું નથી. તેને બદલાવવાનું કારણ શું ? જે નામી છે તેનો નાશક કોઈ નહીં, દુનિયામાં ચક્રવર્તિપણું ને ને ભીલપણું તે વિચારો ભીલને લુંટાવવાનું શું ? ત્યારે ચક્રવર્તીને લુંટનાર નથી. જ્યાં લુંટનાર ન હોય અને લુંટાવવાનું ન હોય. તેમ અહિં પણ અનિત્યપણું ક્યાં ? તો જ્યાં નાશ કરવા લાયક ચીજ હોય. નાશ કરવા લાયક ચીજ હોય નાશ થાય, ત્યારે તે નાશ લાયક ચીજ અનિત્ય.

સૂક્ષ્મ એકેન્દ્રિયની અપર્યાપ્તા અવસ્થા તે ઓછામાં ઓછી ચેતનાવાળી જગતના બધાં પુદ્‌ગલો કર્મ તરીકે થઈ જાય અને તેને લાગી જાય તો પણ દબાય નહીં, આટલી તાકાતવાળો વરસાદ પત્થરને ભેદે, કાંકરાને શું કરે? લડાઇખોર એકને આમ કહે બીજાને તેમ કહે અને બંનેને લડાવી મારે તેવી ટેવવાળો હોય, પણ સમાધાનવાળા ઉશ્કેરણીની વાત છોડી દે, પણ સમાધાનની વાત લાવે.

નારદ ઉશ્કેરણીની વાત લઈને ચાલે ને બંનેને લડાવે. આવો એક નારદ જેવો હતો પુષ્કરાવર્ત પાસે ગયો. અને કહે છે કે આપની શક્તિ કેટલી? પ્રશ્ન સીધો, પુષ્કરાવર્ત કહે મારી શક્તિ! એક વખત જો હું વરસું તો દશ હજાર વર્ષ સુધી પાણીની જરૂર નહિ. અને ખેતરો ખેડાઈ જાય, ભેદનની રીતે જોવી હોય તો પર્વતને ભેદી નાંખું, આવી તાકાત છે. પુષ્કારાવર્તે પોતાની ઉત્પાદન અને નાશકની શક્તિ બતાવી, ધ્યાન રાખશો કે પોતાનું સામર્થ્ય જણાવતાં શું જણાવવું? પોતાની ઉત્પાદન અને નાશક શક્તિ જણાવવી જોઇયે. તેમ પુષ્કરાવર્તે જણાવી.

ત્યાંથી નીકળીને પેલો મગશેલીયા પાસે ગયો. મગશેલીયો એટલે મગ જેટલો કાંકરીનો કકડો પણ પહાડ કે પત્થર નહીં. તેની પાસે ગયો અને બેઠો. દુનિયામાં મોટાને મગદુરી હોય પણ મોટાને એ ખબર નથી કે ભયની નોબત માથે વાગે છે. નાના ઉપર ભયની નોબત વાગતી નથી.

આકાશમાં સૂર્ય અને ચંદ્ર ઉપર રાહુની નોબત વાગે છે પણ તારા ગ્રહ વિગેરે ઉપર નથી વાગતી. લડાઈમાં રાજા અને પ્રધાનને કેદમાં જવું પડે. સંદેશા પણ મોટાને હોય છે. બીજના દિવસે ચંદ્રમા દેખાય છે તો બધા હાથ જોડે છે. નાનાને સત્કારના સંદેશા નહીં અને ભયની નોબત પણ નહીં. મોટાઓ ભયની નોબત નથી દેખતા પણ સત્કારની નોબત દેખે છે.

ત્યારે મેં પુષ્કરાવર્તને પૂછ્યું કે તમારી શક્તિ કેટલી ? ત્યારે તેને કહ્યું કે મારામાં ઉત્પાદન તથા નાશની શક્તિ છે. પણ હું તો, તમારી શક્તિ જાણું છું. તેવી શક્તિ પુષ્કરાવર્તમાં નથી, તે પણ જાણું છું. પણ મોટાને કહું શું ? ખાલી ચણો વાગે ઘણો, ભરેલાનો અવાજ ન હોય. ત્યારે મગશેલીયો કહે કે જા, અને પુષ્કરાવર્તને કહેજે કે તારાથી થાય તે કરી લેજે.

ત્યારે પેલો નારદ જેવો પુષ્કરાવર્ત પાસે ગયો અને કહ્યું કે હું જેની પાસે ગયો, તેને તમારી શક્તિની વાત કરી. ત્યારે તે કહે કે તેને કોણ ઓળખે છે ? તેની મારા ઉપર તાકાત શી છે ? પુષ્કરાવર્તને જ્યારે આ કહ્યું ત્યારે તેને જણાવ્યું કે ત્યાં જા, અને તેને કહી દે કે હું મારી શક્તિ અજમાવું છું, માટે તારે સાવચેત રહેવું, માંખને પકડનાર વાઘ પણ માંખને પાછળથી નથી પકડતો, પણ સામેથી પકડે છે.

પ્રપંચ, અધમતા કરવી તે પ્રપંચીઓના કામ છે. જેને સામા ઉત્તર દેવાની, સામા ઉભા રહેવાની તાકાત નથી, તેવાઓ પ્રપંચો કરે, પણ સારાને પ્રપંચો કરવા લાયક નથી, માટે પેલાને કહેજે કે હું સામર્થ્ય અજમાવું છું. માટે સાવચેત રહેજે. જ્યારે મગશેલીયો કહે કે હું તૈયાર છું.

પુષ્કરાવર્ત સાત દિવસ સુધી વરસ્યો. પછી વિચાર્યું કે હવે પેલાનું નામનિશાન નહિ હોય, ત્યારે પુષ્કરાવર્તે પેલાને પૂછ્યું કે પેલો ક્યાં છે ? ત્યારે કહ્યું કે તે તો હવે કુદે છે. હવે તો ખુલ્લી જાહેરાતો બોલે છે.

અહિં કહેવાનું તત્ત્વ એ કે પુષ્કરાવર્તના મેઘમાં નાનો મગશેલીયા જેવડો પત્થર ભેદાય નહિં. જેનું નાનાપણું છે તેને ભેદાવવાનું નહિ. તેમ મેરૂને પણ કોઈ ભેદનાર નથી. તેમ જીવની અપેક્ષાએ નિગોદીયાને કાંઈ નાશ પામવાનું નથી. અને સિદ્ધ મહારાજને નાશ કરનાર કોઈ નથી. માટે બે અવસ્થા અનાદિની, નિગોદ અને

સિદ્ધ મહારાજ, આ બંનેની અવસ્થા અનાદિ અનંત કાલની રહેવાની.

આપણું મૂળ સ્થાન કયાં? આપણે અનાદિ નિગોદના કે સિદ્ધના? સિદ્ધપણું અનાદિનું હોત તો આપણે સંસારીપણામાં ન હોત માટે સિદ્ધપણાના નથી. ત્યારે નિગોદના.

તે નિગોદમાંથી નીકળેલા કેટલે કાળે? તો તેનું સ્વરૂપ આગળ જણાવી ગયા કે અનંતા ભેગા મલીને આહાર લે, શરીર બનાવે, તે કેવું તો અંગુલના અસંખ્યાતમાં ભાગ તેવડું, તે પણ દેખાય નહીં તેવું, તેમાંથી કેટલી સોગઠીયો જીત્યા ત્યારે આટલે આવ્યા તે વિચારો.

ક્રોડ ટિકીટે સો ઇનામ હોય તો આપણને તે સોગઠીનો ભરોસો રહે છે ખરો? પેલી સોગઠી જીત્યા કેવી રીતે? તો અનંતી ટિકીટમાં એક સોગઠી. તે અનંતીમાં એકનો નિયમ નહીં. પણ નીકળે તો એકજ.

એક સ્ટીમરમાં હજાર બેઠા હોય અને સ્ટીમર ડુબે તેમાંથી એક બચે ને હજારમાંથી બચનાર એકને ભાગ્યશાળી ગણો છો. જ્યારે હજારમાંથી બચનાર એકને ભાગ્યશાળી ગણો છો, તેમ દશ હજારમાંથી એક બચે તો તે કેટલો ભાગ્યશાળી ગણાય? તો પછી આ તો અનંતમાંથી એક બચ્યો. તો કેટલો ભાગ્યશાળી ગણવો? અનંતની ભાગીદારી ધરાવતો હતો, તેમાંથી એક નિકળ્યો, તે બાદર નિગોદમાં આવ્યો.

તેમાંથી પણ એક નિકળ્યો તે સૂક્ષ્મ પૃથ્વીમાં આવ્યો, તેમાંથી નીકળ્યો, બાદર અપ્, તેઉ, વાઉ, પ્રત્યેક વનસ્પતિમાં આવ્યો. ત્યાંથી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયમાં, યાવત્ પંચેન્દ્રિયમાં આવ્યો. વિચારો! કેટલી સોગઠી જીત્યો, ત્યારે અહિં આવ્યા.

હવે વિચાર કરો કે આવી સોગઠીનું મળેલું ઇનામ, તેમાં કોઈ વાંધો લે ખરો? તો ના. કદાચ બીજા વાંધો લેવા આવ

તો આપણે કબુલ કરીએ ખરા ? તો ના ! કેમ ? તો મુશ્કેલી નડે. તે આપણને મનુષ્યપણું મળ્યું, તે આટલી સોગટીઓ જીત્યા ? ત્યારે મળ્યું.

હવે ભવિષ્યમાં જોગ આવશે કે ફેર મનુષ્યપણું મળશે. ત્યારે આત્મ કલ્યાણ કરશું. શ્રી સીમંધર સ્વામીને કહે કે મને ત્યાં જન્મ મળે તો સારૂં !

કેટલાક મનુષ્યો એવા હોય છે કે વર્તમાનમાં જે સાધન હોય તે મેળવે નહીં. અમલમાં ન મૂકે અને કહે કે અત્યારે કાંઈ મોક્ષ નથી મળવાનો માટે ચોથે આરે અને કેવલીનો સંયોગ મળશે ત્યારે આત્માનું કલ્યાણ કરશું. વરસાદ પડવાનો નથી તે નિશ્ચય થયા પછી ખેડુત પણ ઉદ્યમ કરતો નથી. આપણે તેવા વખતમાં જન્મ લઇશું કે મોક્ષ થશે તો તે વખતે ધર્મ કરણી કરશું !

મહાનુભાવ ! તને જે આ જન્મ મળ્યો તેમાં મોક્ષના સાધનો મલ્યા, તેને આરાધતો નથી અને કેવલી હશે મોક્ષ થશે તે વખતે આત્મકલ્યાણ કરશું. એવો વખત તને મળે કયાંથી ? તે તો કહે ! એવા વખતમાં મનુષ્યપણું મેળવવા માટે કઈ કિંમત ચૂકવવાનો છે ?

બાયડીઓમાં કહેવત છે કે ખાલી હાથે ઉભી બજારે દોડી. તેમ તું અહિં આરાધન કરતો નથી, તો પછી મનુષ્યપણું કયારે મેળવવાનો ? કેવલી મહારાજ વખતે તું જન્મીશ તે માટે નાણાં કયાં છે! તેની કીંમત કયાં છે? માટે જેટલો સાધનનો લાભ મળ્યો તેટલા સાધન દ્વારાએ સાધ્યની સિદ્ધિ કરવા તૈયાર થાવ !

આ વાતની સાથે એક વાત વિચારવાની કે તમે શું પામ્યા છો ! તે ખ્યાલમાં લો ! દુનિયામાં નાનું બચ્ચું મળેલી ચીજની મુશ્કેલી વિચારે. ગરીબ છોકરો હોય તેના મા-બાપે એક પાઈ આપી છે. તે બીજો માંગે તો મરી જાય પણ આપે નહિ. કેમ ! નો તેને મુશ્કેલીથી મળી છે. માટે મુશ્કેલીથી મળેલનું રક્ષણ કરે

છે. તેમ તમને મનુષ્યભવ મળેલો છે, તેની મુશ્કેલીનો ખ્યાલ હો તો જ રક્ષણ કરવા માટે કટિબદ્ધ થાવ!

હવે મનુષ્યભવની મુશ્કેલીનો વિચાર કરો. તર્કની ખાતર વિચારો તો દેવતાને દોહિલી ચીજ આ મનુષ્યપણું. યુક્તિથી વિચારો, દેવપણું મળવું સ્હેલું છે, પણ મનુષ્યપણું મળવું જગતમાં મુશ્કેલ છે. એક વખત આ વાત સાંભળીને ચમકારો થશે કે આ મનાય કેમ?

લગીર મગજને સ્થિર રાખીને વિચાર કરશો તો ખ્યાલ આવશે કે ગણિત કોઈનો પક્ષપાત કરતું નથી. જ્યાં જઈયે ત્યાં "બે ને બે ચાર" આ દૃષ્ટાંત આપો છો. તે શા માટે આપો છો? તો ગણિત કોઈનો પક્ષપાત કરતું નથી, માટે મનુષ્ય પક્ષપાત કરશે લાંચીયાપણા તથા આડું અવળું કરીને પક્ષપાત કરશે, પણ ગણિત પક્ષપાત નહિ કરે. તમે-જમે ઉધારમાં સરવાળો, બાદબાકી ગુણાકાર ભાગાકાર કરો તો જેવો ભાવ હોય તેવા ભાવમાં રાખે. હજી મનુષ્ય લેવા-દેવામાં ફેરફાર કરે, પણ ગણિત પોતામાં અને પારકામાં સરખું ચાલે છે.

ત્યારે આપણે ગણિતમાં આવીયે કે દેવતાપણું દુર્લભ કે મનુષ્યપણું દુર્લભ? તે ગણિત દ્વારાએ નક્કી કરીયે, તે કઈ રીતે-? જગતમાં દેવ અને મનુષ્ય કેટલા તે પહેલાં વિચારો.

શાસ્ત્રકારે કહ્યું કે મનુષ્ય કરતાં દેવતા અસંખ્યાત-અસંખ્યાત ગુણા. ઓછામાં ઓછી સંખ્યા હોય તો પંચેન્દ્રિય મનુષ્યમાં અને વધારેમાં વધારે સંખ્યા હોય તો દેવ. હવે વધારે સંખ્યા હોય તે સ્થાન મળવું સ્હેલું કે ઓછી સંખ્યા હોય તે સ્થાન મળવું સહેલું? કયું સ્થાન મળવું સહેલું?

એટલું જ નહી, દેવના પણ સ્થાન અસંખ્યાતા ત્યારે મનુષ્યના મુઠીભર, તેમાં મનુષ્યપણાના ઉમેદવાર અનંતા અનંતકાયના, તીર્યંચો, નારકી, દેવતા, પૃથ્વીકાયાદિ આ બધા મનુષ્યપણામાં

આવે. મુઠીભર મનુષ્યના ઉમેદવાર કેટલા ! જેમાં ઉમેદવારો વધારે હોય તેમાં આપણો ચાન્સ કેટલો ?

ત્યારે દેવતાના ઉમેદવારો કેટલા ! તો મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય. તે સિવાય દેવના કોઈ ઉમેદવાર નહિ. ત્યારે મનુષ્યપણામાં સ્થાન ઓછાં અને ઉમેદવાર વધારે ! આ બેમાં મુશ્કેલ કયું ? મુઠીભર સ્થાનના ઉમેદવાર અનંતા.

ત્યારે બીજી બાજુ એટલા બધા દેવતા છે કે. જો તેમાંથી એક સમયમાં જેટલા દેવતા ચ્યવે તે ઉત્કૃષ્ટા એક સાથે ચ્યવવાવાળાને ઉપજવા માટે ગર્ભજપણામાં સ્થાન નથી. એટલા બધા મનુષ્ય ઓછા છે. એક સમયમાં દેવતા ઉત્કૃષ્ટથી જેટલા ચ્યવે તેટલું મનુષ્યપણામાં સ્થાન નથી.

ત્રીજી રીતે વિચારીયે એક સમય ઈન્દ્ર સભામાં બેઠેલા છે દેવતાઓ પણ બેઠેલા છે. તેવામાં એકદમ ઇન્દ્રના મોઢા ઉપર ગ્લાનિ આવી ગઇ. ત્યારે સામાનિક દેવે પૂછયું કે, સાહેબ ! આપ શક્તિમાં, સાહેબીમાં, સત્તામાં દેખો તો આપ જેવો કોઇ નહીં. તો આપને શાની ચિંતા ? ત્યારે ઈન્દ્ર સામાનિકને કહે છે કે– મહાનુભાવ ! આ જીંદગીમાં સત્તા–સાહેબીની ચિંતા નથી. પણ અહિંથી આગળ શું ? આગલો ભવ તું દેખે છે ?

આ અસંખ્યાત દેવતા એકેન્દ્રિયમાં પૃથ્વી પાણી વનસ્પતિમાં અસંખ્યાતા તિર્યંચમાં જાય છે, તે દેખે છે, ઉંચે ઉછળેલો દડો તે જમીને અથડાય. તેમ દેવતા સુધી પહોંચેલો જીવ વનસ્પતિ પાણી આદિમાં રખડી જાય છે. તેનો ઉપાય શો ? ત્યારે સામાનિક દેવે કહ્યું કે આપ શું ચાહો છો ? તે તો જણાવો. ત્યારે ઈન્દ્રે કહ્યું કે શ્રાવકના ઘરમાં ગુલામ થાઉં તો સારૂં.

પહેલાંના કાળની ગુલામની પદ્ધતિ પ્રમાણે ગુલામ થાઉં તો સારૂં ! મનુષ્યપણું મુશ્કેલ, તેમાં શ્રાવકપણું મલવું મુશ્કેલ તો પણ તેના ત્યાં ગુલામ થાઉં તો તેને સફલ ગણું છું. મનુષ્યપણું કેટલું મુશ્કેલ ? અને તેમાં શ્રાવકપણું મેળવવું તે કેટલું મુશ્કેલ છે ? તે વિચારો.

અઢીદ્વીપ-તેમાં પાંચ ભરતક્ષેત્ર. તેમાં એક ભરતક્ષેત્ર લો. તેમાં બત્રીશ હજાર દેશ છે, તેમાં ધર્મના કેટલા દેશ? તો સાડા પચીશ બાકીના ૩૧૯૭૪।। ધર્મ વગરના, ૩૨૦૦૦ દેશમાં જે સાડાપચીશ દેશ તેમાં આવવું કેટલું મુશ્કેલ? તેમાં ધર્મને કાને ન સાંભળે તેવી જાતો કેટલી? તો બધી.

ધર્મને સાંભળવાવાળામાં અવળી સ્થિતિવાળા જે હોય, જેને ધર્મ અવળો પરિણમ્યો હોય, જેને ધર્મ ગુરૂ દેશના શાસ્રો અને શિખામણો મલી હોય તો પણ તેને તે અવળી પરિણમે.

શાસ્ર કબુલ! પણ મારૂં ધાર્યું શાસ્રમાંથી નીકળે તો કબુલ. મારા ધાર્યાથી વિપરીત નીકળે તો શાસ્રો ખોટાં. મારૂં ધાર્યું કરે તે ગુરૂ સાચા ને મારૂં ધાર્યું ન કરે તે ગુરૂ જુઠા. આવાને કહેવું શું?

શાસ્ર સાંભળ્યા છતાં શ્રદ્ધા થવી મુશ્કેલ. માટે આપણે આગમ શબ્દ વાપરીયે. બીજાઓએ શાકય, સ્મૃતિ, શ્રુતિ શબ્દો વાપર્યા છે. ત્યારે આપણે આગમ શબ્દ વાપર્યો. મોહનભાઈ જેવા કહેશે કે નવો શબ્દ કહેવાથી ફાયદો શો? અને તે નવો કાઢયો કયાંથી? વાત ખરી આગમ શબ્દ તત્ત્વને જણાવવા માટે છે.

શ્રુત શબ્દ સાંભળ્યું તેથી શ્રુત થઈ ગયું, શ્રુતિ એટલે સાંભળવું તેમાં તત્ત્વ નહિ. શાસ્ર શિખામણ માટે તેમાં તત્ત્વ નહીં આવે, આ બધું ખ્યાલમાં લાવવા લાયક તત્ત્વ કયું? તે કહે તો આગમ કહેવું પડે. તો આગમ શબ્દમાં તત્ત્વ કયાંથી આવ્યું?

આગમ શબ્દનો અર્થ શો? તે સમજ્યો જરૂરી છે, આગમ શબ્દનો અર્થ શ્રુત-શ્રુતિને શબ્દમાં ન આવે.

શબ્દનું જ્ઞાન જાનવરમાં છે કે નહીં? તે કહે! તમારી શેરીમાં કુતરા કુતરીઓ હોય, તેનાં છોકરાઓ નામ પાડે છે. કોઈનું નામ પાડે છે. કોઇનું નામ ગંગા, મોતી, નાથીયો, રતનીઓ પાડે છે. ગંગા, નાથીયો નામ બોલે, એટલે તે ચાલ્યા આવે. કેમ? તો શ્રુતજ્ઞાન અને શબ્દજ્ઞાન થયું. પણ આગમ જ્ઞાન નથી. કેમ?

આગમ શબ્દનો આ અર્થ. શો ? આગમનો અર્થ એ કે **સર્વજ્ઞ ભગવાનનાં વચન દ્વારાએ અતીન્દ્રિય પદાર્થોનો બોધ થાય. આનું નામ આગમ.**

**સ્યાદ્વાદની મર્યાદાએ કરીને અતીન્દ્રિય સુધીના પદાર્થો જણાય અને મનાય તેનું નામ આગમ.**

આગમ શબ્દનો આ અર્થ તે શ્રુત શ્રુતિ શબ્દમાં આવી શકે તેમ છે, તો તે વિચાર કરો. તૂ તૂ શબ્દનું શ્રાવણ સાંભળ્યું કે નહી. **ઉત્તમ પુરૂષના ભરોસે-થતી માન્યતા તેનું નામ આગમ.** સર્વજ્ઞ ભગવાને જીવ છે પુણ્ય પાપ થાય છે તેમ કહ્યું તે માન્યું કયા આધારે ? મોક્ષ છે, આમ કરવાથી કર્મ બંધાય છે ટુટે છે, રોકાય છે. આ બધું તેમના ભરોસે ! **ઉત્તમ પુરૂષના ભરોસે મનાતું વચન તેનું નામ આગમ.** શબ્દમાં શ્રુત શ્રુતિમાં વક્તાના ભરોસા ઉપર મહત્ત્વ નથી.

તમારા હાથમાં ઢેકું હોય ને તૂ તૂ શબ્દ વાપર્યો તેથી દોડી આવ્યા ત્યારે મળ્યું ઢેકું. તે શબ્દમાં પ્રામાણિકતાનો સંભવ નહીં. પ્રામાણિકતાનું સ્થાન હોય તો તે આગમમાં. માટે જણાવ્યું કે. **'आगमं आयरंतेणं'**

જે મનુષ્ય સર્વજ્ઞના વચનો જેને આગમો કહેવામાં આવે છે તે જેને માન્યા તે મનુષ્ય સમકિતની નિસરણીયે ચડયો. તેમજ તત્ત્વને રસ્તે આવેલો છે. પણ ન માને તો તે રસ્તે નથી આવેલો,

આ પ્રમાણે આગમનું સ્વરૂપ જણાવ્યું. હવે આગમ કઈ ચીજ છે ? તેનો આદર કેવી રીતે ? તે માન્યા તેથી દેવ ગુરૂ ધર્મ માન્યા તે કઇ રીતે ? તે જણાવશે તે અધિકાર અગ્રે.

## વ્યાખ્યાન - ૪

### आगमं आयरंतेणं०

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં થકાં આગળ સૂચવી ગયા કે—

આ સંસારમાં આ જીવ અનાદિ કાલથી રખડપટ્ટી કરી રહેલો છે, તે રખડપટ્ટી કરતા કરતા આપણે જાણીયે છીએ કે કોઇ વખત આંધળો ઇંટ નાંખે તો ગોખલામાં પણ પડે, તેથી તેને નિશાનબાજ કહીયે ખરા ? તો ના ! કારણ કે ધાર્યા પ્રમાણે નથી પડી. આપણે અત્યાર સુધી આંધળાની ઇંટની માફક વધ્યા. તે કેમ ? આપણે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં હતા.

અનંતકાયમાં આપણને ખ્યાલ નહોતો કે બાદર અનંતકાય છે. તે સમજતા નથી. અત્યારે મનુષ્યપણામાં આવ્યા છતાં બાદર અનંતકાયની શ્રદ્ધા આવવી મુશ્કેલ છે. ચંદુભાઈ જેવા કહે કે તેમાં અનંતા જીવો છે. તે દૃષ્ટાંતથી સમજાવો તો ખ્યાલ આવે.

એક ટાંકણીના માથાને સહીવાળું કરો પછી તેને પાણીથી ભરેલા વાટકામાં બોળો તો આખો વાટકો સહીવાળો થયો, બધા પાણીને કાળું કરી નાંખે તેટલા કણીયા હતાને હવે આગળ ચાલો ! એક દીવો અહિં કરો અને એક ટાંકણી ઉભી કરો તેના ઉપર દીવાનું અજવાળું છે. તેવી રીતે હજાર દીવા હોય તો તેનું અજવાળું ટાંકણી ઉપર છે અને તે પણ જુદું જુદું રહેલું છે. કેમ જે દીવો બંધ કરીયે તેનું અજવાળું બંધ થવાનું.

જ્યારે એક ટાંકણીની અણી ઉપર લાખો દીવાનાં અજવાળાં જુદા જુદા રહેલા છે. તેમ અહિં પણ સમજો. આ અજવાળું તો રૂપી પદાર્થ છે તો રૂપીને રૂપી પદાર્થ એક ટાંકણીના અગ્ર ભાગ ઉપર

જુદા જુદા રૂપે રહી શકે તો પછી આંગળના અસંખ્યાતમા ભાગના શરીરમાં અનંતા જીવો રહી શકે તેમાં અડચણ શી આવી. ?

બીજી વાત! દરેક આસ્તિકો પોતાના ધર્મના મહિમાને અંગે, પોતાના માર્ગના મહત્ત્વને અંગે કહો સનાતનપણું મનાવવા તૈયાર થાય છે. કોઈ પણ પોતાના ધર્મને કૃત્રિમ કહેવડાવવા મનાવવા તૈયાર નથી, ચાહે શૈવ હો! વૈષ્ણવ હો કે જૈન હો.

ધ્યાન રાખશો કે દરેક મનુષ્ય પોતાને શાહુકાર ગણાવવા તૈયાર પણ તેને પુછીયે કે શાહુકારની રીત કઈ? અને તેનો અમલ કેટલો કરે છે. ? તે કહે ત્યારે જવાબમાં કારણ કેટલા જુઠા હોય તે શું કહે. હિસાબની વાત કેવી? સત્તર પંચા પંચાણું ને બે છૂટના કરી ત્રાણું લઈ લે, કોઈ પોતાને બેઈમાન કહેવડાવવા તૈયાર નથી, શાહુકારી ગણાવવી છે. પણ શાહુકારી આચરવી નથી. બેઈમાની આચરવી છતાં બેઈમાની ગણાવવી નથી. તેમ દરેક મતવાળાની તેજ સ્થિતિ બધાને પોતાને સનાતન ગણાવવું પણ તેનો માર્ગ લેવો નથી.

ઠાકોરભાઈ જેવા કહેશે કે-કેમ નથી લેવો? સનાતન એટલે શાશ્વતું-અનાદિ, જેની શરૂઆત કે જેની આદિ નહિ તે સનાતન જ્યારે સનાતનપણું છે, તો અનાદિ કાલથી તમારો ધર્મ છે તેમ માન્યું. તમારો ધર્મ અનાદિનો છે, તો તેના ફલને મેળવીને મુક્ત થયેલા છે, તે અનાદિના! તેથી અનંતા જીવો સંસારમાં રહ્યા હતા. અનંતકાય માનો તો ભૂતકાલના અનંતા કયાં રહ્યાં હતા? અને ભવિષ્યમાં કયાં રહેશે? તે તમો બતાવી શકો ખરા?

સનાતનપણું જેને માનવું તેને તો અનંતકાય માન્યા વગર છૂટકો નથી. પરંતુ ચાલતી વાતમાં જૈન ધર્મ સિવાય, જૈન માર્ગ સિવાય અનંતકાયને કોઈ જીભે લાવવા તૈયાર નથી. ગાજરીયા શકરીયા બટાકા વિગેરેને અનંતકાય બોલવા કોણ તૈયાર? જૈન ધર્મી મુઠીભર વર્ગ આને અનંતકાય સમજવાવાળો છે. જૈન ધર્મીનો મોટો ભાગ

તેને અનંતકાય માનવા તૈયાર નથી. ઈતર ધર્મવાળા અનંતકાય માનવા તૈયાર ક્યાંથી થાય?

સૂક્ષ્મ નિગોદમાં પડેલાને બાદર અનંતકાયનો ખ્યાલ ક્યાંથી આવે? તે અમારા કરતાં સારો છે. તેને મેળવવું કે તેનાં કારણો ક્યાંથી મેળવવા? તે વિગેરે તે જાણતો નથી. છતાં રખડતાં રખડતાં જેમ પહાડ ઉપરથી એક પથરો ટીચાતાં ટીચાતાં પાણીમાં ગોળ થઇ જાય, નથી પૃથ્વીના મનમાં કે નથી પાણીના મનમાં ગોળ કરવાનું છતાં ટીચાતા ટીચાતાં ગોળ બને છે.

તેવી રીતે આ જીવ અનંતા પુદ્‌ગલ પરાવર્ત સૂક્ષ્મ એકેન્દ્રિયમાં રખડયો. રખડતાં રખડતાં બાદર નિગોદમાં આવ્યો, તેમાં આવ્યા છતાં બાદર નિગોદમાં અણધારી રીતિએ આવ્યો પત્થર ગોળ થયો, ઘાટ થયો, તે પત્થરની ધારણા નહિં, પણ કર્મથી હલકો થયો. હલવો ન થયો હોત તો બાદરમાં આવત નહીં.

પણ ધારણા નહિ ને ત્યાં આવ્યો છતાં તેને પ્રત્યેકનો ખ્યાલ નથી. તે સ્થાન મને મળે તે સ્થાન મેળવવાની ઈચ્છા તેના કારણો નથી મેળવ્યાં છતાં અનંતા કાલચક્ર રખડતા રખડતા જો પાછો ન પડે તો આવે પ્રત્યેકમાં, ત્યાં પણ અનંતા કાલચક્ર રખડતાં રખડતાં ચડયો, આવ્યા કેવી રીતે? આંધળાની ઈંટની જેમ આપણી કરેલી સફર થઈ? તે વિચારશો! બાદર-સૂક્ષ્મ પૃથ્વી, અપ, તેઉ, વાઉ વનસ્પતિમાં આવ્યા તે આંધળાની ઈંટો! કેમ? નથી ધારણા! નથી જ્ઞાન, નથી મેળવવાની ઈચ્છા! નથી કારણો મેળવ્યા! છતાં આવી સ્થિતિમાં રસ, ગંધ, રૂપ, શબ્દના જ્ઞાનને લાયક બન્યા, આ બધી આંધળાની ઈંટો.

વિચારો-આપણે જન્મ્યા ત્યારે કેટલા હતા? કઈ ભૂમિતિએ શીખવાડયું હતું કે આટલું શરીર વધારવું, કહો કે આંધળાની ઈંટ તરીકે જ. જે રીતે કર્મો બાંધ્યા તે રીતે થતું આવ્યું છે. ખોરાકમાં હાથ, મોઢું, પેટ લઈને બેઠા, પણ પછી તેમાંથી આટલા ભાગ લોહી, માંસ, હાડકાં, વીર્ય, ચરબી, મળ એ બધું કર્મના એવા

પ્રકારના બંધ, જે કર્મના ઉદય પ્રમાણે તે શરીર તે પ્રમાણે પરિણમતું આવ્યું. તે આંધળાની ઇંટ કે બીજું કંઈ?

ત્યાંથી આગળ વધ્યા, આવ્યા અસંજ્ઞી પંચેન્દ્રિય અને તિર્યંચમાં, તેના કરતાં આગળ વધ્યા ત્યારે આવ્યા મનુષ્યપણામાં, મોશાળ જમવા ગયેલા ભાણેજને મા પીરસનારી હોય તે ભૂખ્યો ન આવે તેમ ગણુતરી, કામ આપણા હાથમાં આવ્યું તેથી આપણી જાતને હલકી ચીતરીયે ખરા?

ગરાસીયો હોંશીયાર હતો એક બ્રાહ્મણ સાથે ગરાસીયાને દોસ્તી હતી. બે બેઠા હતા, તેમાં બ્રાહ્મણે કહ્યું કે શ્રુતિ–સ્મૃતિમાં આમ કહ્યું છે, ત્યારે રજપૂતે કહ્યું કે આમ કહ્યું છે તે કહેનાર કોણ? તો તે ધાગાપંથીઓએ કહેલ છે કે બીજાઓએ ધાગાપંથીયો ધાગાપંથીનો મહિમા ગાય તેમાં નવાઈ શી?

સરકારી ટેકસની સમાપ્તિ હોય પણ તમે તો ટેકસની શરૂઆત અને સમાપ્તિ ભયંકર રાખી છે. તમારો ધાગાપંથીનો ટેકસ ગર્ભમાં આવે ત્યારથી, સીમંતને અંગે પેટીયા ઉઘરાવવા તો તમારો ટેકસ ક્યાં શરૂ થયો? સરકારી ટેકસ મરે એટલે બંધ થાય ત્યારે તમારે તો મર્યા પછી બારમે દહાડે ખાટલો જોઈયે. વર્ષો વર્ષ સરાધીયાના નામે પેટીયા જોઈયે. ધાગાગંથીયો કહેનારા ધાગાપંથી માટે કહેવાનું પછી, બાકી શેનું હોય?

અમેરિકા અને બ્રિટનને લડાઈ થઈ, અમેરિકા સ્વતંત્ર થયું, તેમાં તકરાર કેટલી? તો અમેરિકા કહે કે અમારા દેશના કાયદા કરે તે અમારે કબુલ! ત્યારે બ્રિટન શું કહે કે અમારો કાયદો વોશીંગ્ટનનો નહીં. ત્યારે અમેરિકા કહે કે અમારે વોશીંગ્ટનનો કાયદો પછી બ્રિટનને કબુલ કરવું પડયું કે ભૂલ કરીને અમેરિકા ખોયું.

પોતે પોતાના લાભ માટે જે જે કરવું હોય તેમાં બાકી રાખે ખરો! તેને લીધે મનુસ્મૃતિ જેને દુનિયામાં ન્યાયનો ગ્રંથ ગણે છે તેમાં લખે છે **स्वमेव ब्राह्मणो भुंक्ते** બ્રાહ્મણ કોઈની વસ્તુ ઉપાડીને લઈ લે, તો તે પોતાની લીધી ગણાય બીજાનાં લુગડાં પહેરી લે,

કોઈના ઉપાડીને બીજાને દઈ દે, તો તે પોતાનું પહેરે છે. પોતાનું આપે છે. કેવી યુક્તિ લગાડી ?.

આજકાલ પાશ્ચાત્યો યુક્તિ લગાડે છે કે અમને પરમેશ્વરે શાસન કરવા માટે સર્જ્યા છે. તેમ આ બધું પેદા કરીને બ્રાહ્મણોએ બ્રાહ્મણો પાસેથી ખુંચવીને આ લોકોએ લઈ લીધું, માટે તે લઈ લેવામાં વાંધો નથી, આમાં બાકી કાંઈ રાખ્યું ?

આજે રંગભેદ-જાતિભેદનો વિચાર કરીએ છીએ. અહિં ધાગા-વાળા અને ધાગા વગરનામાં આટલો ભેદ ! ધાગાવાળાને બધો હક શાને અંગે ? તો ધાગાવાળા બોલનારા અને ધાગાવાળા ઝીલનારા ! ત્યાં થાય શું ?

પેલો રજપૂત કહે છે, ત્યારે ધાગા પંથીને કહેવું પડયું કે અમારા બાયડી છોકરા ભૂખે ટળવળે. ત્યારે રજપૂતે કહ્યું કે કહો કે અમારા બાયડી છોકરાની ભૂખને ટાળવા માટે કરીએ છીએ. આટલું કહો ! પછી મારે કંઈ કહેવું નથી.

ખોટા એજન્ટો રાખે તેને શું કહેવાય ? કંપનીનું ઠેકાણું ન હોય ને તેના નામની રસીદો છપાવીને પહોંચો આપે જાય તો તેને કેવો કહેવો ? તેમ તમે ઈશ્વરના નામની રસીદો કેમ ફાડો છો ? તે તમે રહેવા દો, અને તમે ખુલ્લા રૂપે કહો કે અમારા બાયડી છોકરા માટે આ કરીએ છીએ. આ તો પરમેશ્વરના એજંટ તરીકે કહીએ છીએ.

કોઈ રાજની અંદર જાગીરદાર રહેતો હતો. તેના ઘરમાં કોઈ મરી ગયું, જાગીદાર કહેવાય પણ દશા સારી નહીં, ડોસો મર્યો એટલે દરબાર તરીકે આબરૂ પ્રમાણે બે હજાર ખરચવા પડે. હવે થાય શું ? બારમો દિવસ કાલ સવારે આવશે, મારૂં થશે શું ? મારા કુટુંબની આબરૂ ખોવડાવનાર હું થઈશ.

તેવામાં મિત્રનો ભેટો થયો અને કહે કે ડોસા આટલી ઉંમરમાં લાડી-વાડી મૂકીને મરી ગયા તેમાં અફસોસ શો ? ત્યારે દરબારે દોસ્તને બધી વાત કરી, ત્યારે દોસ્તે કહ્યું કે

ઉપાય બતાવું. તું હમણે વ્હાડે ગોર મહારાજ પાસે વીસ તોલા અફીણુ લઇને જા. ગોર કહેશે કે હજી વાર છે, ત્યારે કહેવું કે હું જાણું છું. પણ મારા બાપને મરી ગયા દશ દિવસ થયા છે, પણ જીવતા હતા ત્યારે સવાર સાંજ એક એક રૂપીયા ભાર અફીણુ ખાતા હતા. પણ ત્યાં કોણુ આપે? માટે મલ્યું નથી તો તેમને નિરાંત મળે માટે તમે આ વીશ રૂપીયાભાર અફીણુ ઘોળીને પી જાવ. સેજનું સુખ! તેને મળશે ક્યાંથી? ત્યાં નહિ હોય તો શરીર ઘસતા હશે. માટે આ પી જાવ!

પોતે ઘડી સખેલું છે કે બ્રાહ્મણુને દો તો મરેલાને મળે છે ઈશ્વર મરેલામાં પહોંચાડે છે, તો પરગામ નહીં પહોંચાડે, જે ઈશ્વર પરગામ નહીં પહોંચાડે, તે પરભવમાં પહોંચાડે કઈ રીતે? પણ અજ્ઞાન દશાવાળાનું થાય શું? પણ આનું થાય શું?

ત્યારે ગોરને ખુલ્લું કહેવું પડ્યું. સાપ ચાહે જેટલો વાંકો ચુંકો ચાલે, પણ દરમાં આવવું હોય તો સીધા થવું પડે. તેમ જ્યારે સકંજામાં મનુષ્ય આવે ત્યારે તેને સીધું બોલવું પડે. આટલું સીધું અત્યારે સત્તાવાળાને બોલવું પડ્યું, શાથી? તો લડાઈના સકંજામાં આવ્યા ત્યારેને! માણુસ સકંજામાં આવ્યા વગર સીધો ચાલતો નથી. તેને સહન કરવું પડે. ચાલુ વાતમાં ચિઠીઓ પકડાઇ, એકસપર્ટના અભિપ્રાયો જાહેર થયા. તેથી હવે બોલાય છે. તો ચૂપ રહેવું પડ્યું, તેમ ગોર આવ્યો સંકજામાં.

અફીણુ પીઉં તો મરણુ થાય. ન પીઉં તો સેજ જાય. તે જાય તો આખા કુળનો કુટુંબનો દાવો નીકળી જાય. ગોર મુંઝાયો, મુંઝાયેલો મનુષ્ય સત્યની મર્યાદા છોડીને, પ્રપંચમાં–જુઠા કાવતરામાં ઉતરે, તેથી ગોર મહારાજ કહે કે તારી આબરૂ રહે અને મારો લાગો રહે, તેમાં તને વાંધો છે? બોલ ત્યારે બે દિવસ પહેલાં ફલાણા દરબારે સેજ પુરી દીધી છે. તે સાલ મારી પાસે છે. હજુ વેચ્યો નથી. ઈશ્વર ક્યાંથી લઈ જવાનો હતો? આ તો

જે માલ આવે તે બારોબાર ચાલી જવાનો. પરંતુ માલ તૈયાર છે. કોઇને આપ્યો નથી. તે ઘેર લઇ જા અને બારમા દહાડે, પૂછજે. તેથી રજપૂતની આબરૂમાં વાંધો નહોતો. માલ ન મળ્યો છતાં લાગો રહ્યો.

રજપૂત ભાઈબંધ બ્રાહ્મણને કહે કે તમે દુનિયાને ઠગીને લાગા દ્વારા લુંટણ-ઘુસણ નીતિ રાખી છતાં ઈશ્વરના નામે લુંટનારા છો. વરની મા ગાણા ગાય તો વર માટે કચાશ ન રાખે. તેમ ધાગાપંથી રચવા બેસે તે ધાગાપંથીના હક સ્થાપન કરે તેમાં કચાશ શામાં રાખે?

તેમ અહીં મનુષ્યનું ઉત્તમપણું, મનુષ્યપણું તે મોક્ષની નિસરણી, પણ તે બોલે છે. કોણ? તો મનુષ્ય કે બીજા કોઇ? ધાગાપંથી હક સ્થાપન કરે તે પણ ધાગાપંથી માટે, તેમ મનુષ્યની ઉત્તમતા સ્થાપવાની, તેમાં કચાશ શી રાખે?

હવે દુનિયામાં બિનજરૂરી હોય તો મનુષ્ય પૃથ્વી, પાણી, અગ્નિ વાયુ, વનસ્પતિ બેઈન્દ્રિયાદિ જાનવર વિગેરેને તમારા ઉપયોગમાં લો! પણ તમે કોના ઉપયોગમાં? આ બધી ચીજ ઉપયોગી પણ તમે બીન ઉપયોગી! પૃથ્વી આદિને તમારી જરૂર કે તમને તેની જરૂર! પૃથ્વી તમારા વગર અટકે છે કે તમે તમે પૃથ્વી વગર અટકો છો! આ વાત પાણી, તેઉ વિગેરે બધામાં સમજી લો. કહો કે તમારા વગર કોઇને અટકતું નથી. ત્યારે બધાનું શોષણ તમારે કરવું, તેમજ બધા ઉપર અત્યાચાર, ક્રૂરપણું ઘાતકીપણું કરવું, તથા બધાનો ઉપયોગ તમારે કરવો, પણ તમે કોઇના ઉપયોગમાં આવતા નથી.

તમે આ જગત ઉપર શા માટે? તમે ન હો તો શી અડચણ? અને કોને અડચણ? આવા તમે બિનજરૂરી. તમે કેવા? તો સર્વને ચૂસવાવાળા, મારવાવાળા, ઝુડવાવાળા નિરપેક્ષ પ્રવૃત્તિ કરવાવાળા છતાં અમે ઉત્તમ. તો કારણ એકજ. મનુષ્ય માટે કરવાનું તે

કહેનાર મનુષ્ય, તેમાં બાકી શું રાખે? મનુષ્ય કહેનાર હોવાથી. એક વાત અવગુણની કાગળ ઉપર હોય નહીં, પણ સેંકડો જુઠી વાતો તે સાચી કરીને કાગળ ઉપર લાવી મૂકે.

મનુષ્ય શાસ્ત્રનો ધર્મનો, દર્શનનો ઉપદેશ કરનાર તેથી મનુષ્ય-પણાને સારૂં ગણ્યું છે. તેમ ન ગણુશો, તેમ ન ગણુવાનું શું કારણ? વાત ખરી.

એક શેઠે પોતાના છોકરાને ભણાવવા માટે માસ્તર રાખ્યો, તે માટે ભણાવવામાં જે સગવડ જોઈએ તે શેઠીયાએ પૂરી પાડી. હવે શેઠીઓ ઉપકારી કે માસ્તર ઉપકારી? જેઓ વિદ્યાની કીંમત કરનારા હશે તેઓ કહેશે કે આ બધી સગવડ ફરજરૂપે, પણ છોકરાને તૈયાર કરે તેની આગળ કંઈ નહીં! આ વિદ્યાની કિંમતની અપેક્ષાએ, તેમ મનુષ્ય જીવનમાં સમજવું.

જો બહારની દ્રષ્ટિથી તપાસીશું તો માસ્તરને શેઠીઓ બધો ઉપકાર કરે છે. પણ અંદરની દ્રષ્ટિથી વિચારીએ તો આ શેઠીયાનું કરવું તે જેમ ઉપયોગી મનાય છે તેમ અહિંયા આ બધાને તમે ઉપયોગમાં લો, હલકા ગણો કયારે? તો એક વસ્તુ તમે કરો ત્યારે! કઈ? તો પુણ્યના પોટલાં બાંધવાનું.

પૃથ્વીકાય આદિથી, ઢોર–ઢાંખરથી, પશુ–પંખીથી નથી બનતું પણ મનુષ્યથી બને છે. તે પણ ધર્મના વિવેક દ્વારાએ પુણ્યના પોટલાં બાંધે છે. જો કે મનુષ્યપણું આવું બિનજરૂરી લુંટારૂં છતાં તેની ઉત્તમતા ધર્મને આરાધે તે અંગે.

હવે ધર્મ બધા માને છે. આર્ય માત્ર માને છે. પણ ધર્મનું મૂલ કયું?

દરેક ધર્મવાળા કબુલ કરશે કે ધર્મનું મૂલ શાસ્ત્ર, બ્રાહ્મણો પુરાણમાં, ખ્રિસ્તીઓ બાઈબલમાં, મુસલમાનો કુરાનમાં કહેલું છે, માટે માનીએ છીએ, પછી બોલવાનું હુ બધાના શાસ્ત્રો બધા તેને સાચા માને. કોઈ મતવાળો પોતાના શાસ્ત્રોને જુઠા માનવા

તૈયાર નથી. અપ્રમાણ સાંભળવા તૈયાર નથી. પણ તમારામાં તો એવા કુલાંગાર પાક્યા છે. કે પોતે પોતાના શાસ્ત્રો ને જુઠા, અપ્રમાણ ખોટા કહે તેમાં તમને વાંધો નહીં.

બીજાઓ પર ધર્મ કે મતવાળા દર્શનવાળા કે પોતાના શાસ્ત્રોને ખોટા કહેવા તૈયાર નથી. તેમ તમારા ઘરવાળા શાસ્ત્રોને જુઠાં અપ્રમાણ કહે, તે તમારે ચલાવવું પડે છે. વેશ્યાને ત્યાં ચાહે બ્રાહ્મણ-વાણીઓ આવે, તેમાં વાંધો નહીં, શું તમારી શ્રદ્ધા ઢંગધડાવાળી, છે જો તેવી ન હોય તો આ સહન કેમ થાય?

સર્વ મતવાળા પોતપોતાના શસ્ત્રોને સાચા માનવાવાળા છે. તો સાચાની પરીક્ષા કઈ રીતે! જો સાચાની પરીક્ષા હોય તો આગળ કરો તો તેનો નિર્ણય થાય પછી તેમાં આદર થાય અને તેથી આત્માનો અર્થી થાય ત્યારે દેવ-ગુરૂ-ધર્મને માન્યો છે, તેમ મનાય, પરીક્ષા કરવી શી રીતે?

દુનિયાના પદાર્થોની પરીક્ષા કરવાની તાકાત આપણામાં છે. જેની સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ દ્વારાએ પરીક્ષા થાય તે પરીક્ષા દુનિયામાં એક સરખી છે. સુંવાળું હોય તેને સુંવાળું કહેશે, ગમે ત્યાં જાવ! પણ આ પ્રમાણે કહેશે. ઇન્દ્રિયની પરીક્ષામાં વિવાદને અવકાશ નથી. પરંતુ શાસ્ત્રના સત્યપણાની પરીક્ષાનું સાધન કયું? એ દ્વારા સાધન મનાય, આરાધનામાં આવે, દેવ-ગુરૂ-ધર્મ માનવા પણું આવે તે બતાવશે, તે આવ્યા પછી તેનો આદર કેમ કરવો? તેમાં આત્માર્થીપણું કઈ રીતે તે અધિકાર અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન - ૫

**आगमं आयरंतेणं०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકાં આગળ સૂચવી ગયા કે-

આ જીવ અનાદિ કાલથી રખડપટ્ટી કર્યા કરે છે. અનાદિ કાલથી મથવા છતાં સાધ્યની સિદ્ધિ થઈ નહિ. કોઇ વસ્તુ પાંચ વર્ષે, દશ વર્ષે સો વર્ષે સફળ થાય, પણ આ જીવને અનાદિ કાલથી રખડવા છતાં પણ સાધ્યની સિદ્ધિ ન થઈ. શું સાધ્ય હતું? શા પ્રયત્ન કર્યા અને સિદ્ધિ ન થઈ? સાધ્ય શું રાખ્યું? સુખ.

આ જગતમાં બુદ્ધિ-રૂચિ જુદી જુદી, પણ જડ એક! સુખ. ચાહે વેપાર કરે-મકાન લે-ખેતર વિગેરે લેવા, વેચવા માંગે અને પૈસા ઉપાર્જન કરે, પણ ધ્યેય સુખ ઉપર, દુઃખનો સંભવ લાગે તો છોડવા તૈયાર. જંગલમાં જતાં લુંટારાનો ભય હોય અને પાસે પારકાના લાખ હોય તો મુકી દે, પારકું ધન વેડફવાનું મન નથી, પોતાનું હોય તો ફેંકી દેવાનું મન નથી, છતાં ફેંકે છે કેમ? તો જાન બચાવવા માટે. તેમ દુઃખ એવું અળખામણું કે તે આવે તે વખતે બધું છોડી દે. પુત્ર સ્ત્રી ઘર હાટ હવેલી તે સુખના માટે.

અનાદિ કાલથી આ જીવ સુખના ધ્યેયવાળો છે. તમે જમવા બેઠા હો, પાંચ પકવાન્ન હોય છતાં જોડે રસ બીજો જોઈએ તેમ સુખ પચીશ વર્ષ ભોગવ્યું, તેમાં બે દિવસ દુઃખ આવે તો સારૂં, એમ મનમાં કોઈ દહાડો આવે છે. સુખ માંગે છે પણ તે કેવું માંગે છે. તો 'यन्न दुःखेन संभिन्नं' જેની અંદર દુઃખ ન હોય શાકમાં મશાલો નાંખીએ, લાડવામાં તેજાનો નાંખીએ, તેમ સુખમાં મસાલા તરીકે દુઃખ આવે તો તે ન જોઇએ. પરંતુ કોઈ દહાડો જાય નહિ તેવું સુખ માંગે છે. ઘર ભાડે રાખે તો દશ-વીશ-ત્રીશ વર્ષે ખાલી કરશું, પણ સુખમાં તેવું મન થાય છે.

મિશ્ર-સુખ જોડે દુઃખ નથી ખમાતું, તેમ સુખની પછી દુઃખની ઈચ્છા પણ નથી થતી. સુખ પણ કેવું જોઇએ? દુનિયાના બીજા પદાર્થોમાં ભાજન હોય તેટલું ભરવા માંગો છે. તેમ રૂપું, હીરા, મોતી, સોનું ભરવાની જગ્યા હોય તો આ વસ્તુ મંગાય. પણ

સુખને માટે હદ છે કોઈ? આત્મામાં સુખ કેટલું માય? આત્મામાંથી બહાર નીકળે ત્યારે ને. સર્વાર્થસિદ્ધનું જે સુખ તે. હિસાબમાં નહિ, કેમ?

શાસ્ત્રકાર કહે છે કે જગતમાં ઉંચામાં ઉંચી સ્થિતિ દેવની, સુખનું સ્થાન શાતાવેદનીય ભોગવવાનું સ્થાન, અનુત્તર વિમાન-સર્વાર્થસિદ્ધનું તેના જેવું બીજું સ્થાન નથી. તેને માટે અતીત-કાલમાં અનંતા પુદ્ગલ પરાવર્તોમાં જેટલા અનુત્તર થયા, તે બધાએ જે સુખ ભોગવ્યું, ભવિષ્યમાં જે થશે તે બધાનું સુખ ભેગું કરો! તેને અનંતી વખત વર્ગો કરો! ચડતા ચોખે ન પહોંચે રાજ-

સમજવાની વાત છે કે-એક મનુષ્ય ઉપર રાજા તુષ્ટમાન થયો અને કહ્યું કે માંગ! માંગ! માંગે તે આપું. ત્યારે તે મનુષ્યે પોતાના ગોઠીયાને વાત કરી કે મારે શું માગવું? ગોઠીયાએ વિચાર કર્યો કે નાની હોય પણ અશક્ય બને ને રાજાને થાકવું પડે. તે બને શી રીતે? ત્યારે ગોઠીયાએ કહ્યું કે દિવસે દિવસે બમણો થાય તેવો ચોખાનો દાણો માંગ! પેલાએ રાજા પાસે તે માંગ્યું. આજે એક દાણો, કાલે બે દાણા, ત્રીજા દિવસે ચાર દાણા, પણ જ્યાં શેર થયા એટલે બશેર, ૪ શેર, ૮ શેર, ૨૫૬, ૫૧૨, ૧૦૨૪ શેર, પછી આગળ કરો તો રાજાનું રાજ્ય આમાં પહોંચે ખરૂં. દાણા-બમણામાં કેટલો વધારો થાય છે? તે વિચારો.

મનુષ્યમાં ગર્ભજ મનુષ્ય અઢી દ્વીપમાં કેટલા? તો ૯૬ વખત બમણા કર તેટલા જ કહેવાય. ત્યારે એકથી શરૂઆત કે ૯૬ વખત સુધીમાં કેટલા થઈ જાય? બત્રીશ આંક તો છન્નુમાં આવી જાય. ચંદ્રમાસને અંગે ૩૬૦, કર્મમાસમાં ૩૬૫ આવે તો વીશીમાં શું. આ તો વીશીની વાત હતી.

આ રીતે ત્રણે કાળના સર્વાર્થસિદ્ધના દેવતાનું સુખ તેના અનંતી વખત વર્ગ કરો. જે આવે તેના બમણા કરો, મૂળ સંખ્યા અનંતા સુખવાળી.

આ વાત લક્ષ્યમાં લઈને બીજી વાત ઘટાડીયે. જગત શું લઈને આવ્યું છે? તમે દુકાન માંડો, પુરાંત લખો કે પહેલા દહાડાની જે સિલક હોય તેની પુરાંત લખો કે પહેલા દહાડાની જે સિલક હોય તેની પુરાંત લખો કે સવા રૂપીયો લખો. પણ લખે ખરા. હવે વર્ષ દહાડે દૃષ્ટિ કોના ઉપર! તો વધ્યું શું પુરાતમાં? તે જ ને. જ્યારે તમે કુકામાં વધ્યું શું? તે વિચાર કરો છો? પણ આ દેહની દુકાનમાં કોઇ વિચાર કર્યો? વધારેમાં વધારે તમે સો વર્ષનું આયુષ્ય લઈને જન્મ્યા હો. તમારી પાસે સીલકમાં ૩૬૦૦૦, દહાડા કે, કોઈ પુરાંતમાં ૩૬ હજારથી વધારે છે? તો ના. તેને અંગે વિચાર કરી લ્યો.

એક શેઠ છે. એશ આરામી છે, દુકાન કેમ ચાલે છે? મુનીમ કોણ છે? ઘરાક કેમ છે? આ વિચાર તેને નથી. સવારે શેઠ દુકાને આવ્યા, મુનીમને બે-પાંચ રૂપીયા આપ, એવો ઓર્ડર કર્યો. મુનીમે રૂપીયા આપ્યા એટલે તે ચાલતો થયો. તે શેઠનો એક ગોઠીયો હતો, તેને શેઠની આ સ્થિતિ દેખી, ત્યારે ગોઠીયાએ શેઠને કહ્યું કે, તું મારો દોસ્ત છે.

કુટુંબને અંગે કુટુંબની ભાગીદારી છે તેના કરતાં ઈજ્જતમાં દોસ્તની ભાગીદારી વધારે છે. પણ ગોઠીયામાં માહિતગાર થવાનું હોય તે દેખે એટલે તરત જ કહી દે. ઇજ્જત ને અંગે ગોઠીયાની આંખમાં જેટલું શલ્ય આવે તેટલું કુટુંબીઓમાં નહીં આવે.

તો હું ગોઠીયા તરીકે ઈજ્જતને અંગે ભાગીદાર, જવાબદાર, જોખમદાર કહો તેવો હું હોવાથી તમને જણાવું છું કે દુકાનમાં કોઈ દિવસ જોયું કે એમ ને એમ ચલાવે જાવ છો? ત્યારે શેઠને થયું કે વાત સાચી છે. દુકાનમાં ધોકો લાગે તેમાં પૂછે ગોઠીયાને. ગોઠીયાને પૂછો તો સ્હેજે લોક શું થયું? કેમ થયું? આમાં ખોયું વિગરે લાગવાનો ભય નહિ. ચંપકભાઇને પૂછે, તેમાં ગોઠીયાના કાળજામાં તેને સહેવું પડે.

પેલા શેઠે ચોપડા જોયા ત્યારે બાપ ૩૬૦૦૦, રૂપીયા આપીને મરી ગયો. તે શીલકમાં જોયા. પછી ચોપડા તપાસતો ગયો. તેમાં ૯૦૦૦, રૂપીયા એવી જગો પર ધીર્યા છે કે જેઓ મરી ગયા અને તેના ખોરડાં પણ રહ્યાં નથી.

આગળ વધ્યો માલમ પડયું કે હજાર એવી જગો પર ધીર્યાં કે દેવાદાર કહે કે તારું દેવું કબુલ? પણ આજનું પેટ ભરવા તું આપતો જા! તો હું જીવતો રહીશ અને ભરી દઈશ.

રૂ સાત હજાર શાહુકારમાં લેણા છે. સાંકળ ખખડાવે તેમાં સાત હજાર લેણા, આસામી સારા.

સાત હજાર જુદા જુદા તેમાં એક એક રૂપીયો લેણો, એક ખરચે ને એક મળે. આ પ્રમાણે જોયા પછી શેઠનું કાળજું શાંત રહે કે કોતરાઈ જાય.

તેનું ચાહે જે થાય પણ આપણો વિચાર કરો કે આપણે આ શરીરરૂપી જન્મની દુકાન માંડી. તેમાં શીલક કેટલી હતી તો છત્રીશ હજાર ૩૩૦૦૦, ની તેમાં વીશ-પચીશ વર્ષ ખાવા-પીવામાં દસ ગોઠીયા કરવામાં ગયા. આવતા ભવમાં શું મેળવવું? તે સારો કેમ થાય? તેનો વિચાર નહિ. અઢાર વર્ષની ઉંમરે ન સમજે તો તે અઢાર વર્ષના દહાડા ગયા. અઢાર વર્ષ ગયા તેનું નામ નિશાન કયું? આપણી પાસે.

આગળ ચાલીએ જ્યાં સાઈઠ, પાંસઠ વર્ષ થશે ત્યાં શું. મહારાજ! વાત ખરી છે. આત્માને જ્ઞાન જરૂરી છે. વાંચુ છું તો આંખમાં પાણી આવે છે. સાંભળું છું તો આંખમાં ઝોકાં આવે છે ગોખવા બેસું છું તો આખા દહાડામાં ગાથા થતી નથી. તેથી નહિ જ્ઞાનના, દર્શનના અને ચારિત્રના! સાઠ પાંસઠ વર્ષવાળા કામના નહિ. એટલે વીશ હજાર રહી જવાના.

વચ્ચે વીશ, પચીશ વર્ષની જુવાની તે હાથમાં ઉપયોગ લઈ શકો. એક દિવસ જાય ત્યારે બીજો દિવસ આવે. પણ એક સાથે

એ દહાડા આવે છે ખરા ? આમાં શેઠીયો મૂર્ખો ગણાયો કે આપણે મૂર્ખા ગણાયા ? પણ ખરા મૂર્ખા કોણ ?

સાત હજારના નામ નિશાનવાળા નહિ. વીશ હજારવાળાને નવું આપીએ તો તેનું ભરણ પોષણ ચાલે. અને નવ હજાર એક એક હજાર ધીર્યો.

તેમ દરેક મનુષ્યે પોતાના જીવનને ખ્યાલમાં લેવું કે છત્રીશ હજારથી વધારે નથી. તેમાં આ થોડી બચત છે તેનો ઉપયોગ થયો તો સફળ છે નહિ તો નકામો જશે. આવતો ભવ ગળે વળગેલો છે. હજી શેઠીયાને ઘર ફેંકી દેવાય, પણ આપણે ભવ ફેંકી શકીયે એમ છીએ.

માખી પોતાના વાઘને વાઘ ન ગણે, તેથી માખી બચી જતી નથી. અર્થાત ભયને ન ગણવાથી ભયથી બચી જતી નથી. અર્થાત્ ભયને ન ગણવાથી ભયથી બચી જવાતું નથી. તેમ તમે એક વખત નાસ્તિકની પદ્ધતિ ગ્રહણ કરીને કહો કે પરભવ દેખ્યો કોણે ? કોણ માને છે ? વાતજ શી ? તેમ કહી દો ! તેથી પરભવ ચાલ્યો જવાનો છે? તારા ના કહેવાથી ચાલ્યો જવાનો છે? તારા ના કહેવાથી ચાલ્યો જવાનો નથી. આ છત્રીશ હજાર પૂરા થયા પછી તેનાથી વધારે મિલ્કત નથી. તેની વ્યવસ્થા વિચારી. આપણે રોગ અને રૂપિયાના હિસાબવાળા છીએ. તેમજ ખોરડાં અને રૂપીયા કેટલા છે ! તે વિચારીએ. પણ આ જન્મનો હિસાબ કાલના સૂર્યોદયથી આજના સૂર્યોદયની વચમાં ચોવીસ કલાક ગયા તેમાં શું મેળવ્યું ? તો તેની નોંધ છે.

રૂપીયાના હિસાબ માટે આપણે ભાઈ ભાંડુને હજારના પગારે મુનીમ રાખીએ. પણ આ જન્મના નામા માટે નોટ રાખી ! કોઈને ડર લાગ્યો છે ? જ-૩ આ શું ? દોરનારે અને વાંચનારે સમજવું કે ચાલ્યા જવું. રહેવાનું નહિ. આને અંગે જવું ધ્યાનમાં લીધું છે ? તો ના ! કાલની પુરાંત ચોવીશની હતી તે તો ઉધાર

ખાતે ગયા. પણ શું મેળવ્યું ? શું વેપલો કર્યો ? ૩૫૯૭૬ રહ્યા મેળવ્યું શું ? તો સીધો પુરાંતમાં ઘટાડો. વેપલો અને આવક નહિ બેયનું નામું મેળવ્યું કોઈએ ?

દુનિયામાં બધી વસ્તુ કિંમતી છે. બાઈયો સરકડો લાવે તે મારી છે, છતાં છોકરી ઉપાડીને રસ્તા પર ફેંકે થપ્પડ ઠોકી દે. તમારી દુકાને કાળી રેતી આવે તેને છોકરો ઉપાડીને ફેંકી દે તો ચાર તમાચા ચોડી દો! તેમ દ્રવ્યની બધાને કિંમત છે, તે નિષ્ફળ ગયું હોય કે ફેંકી દીધું હોય તે પોસાતું નથી. પણ આ જીવન નકામું જાય છે તે પોસાય છે.

જીંદગી ઉપયોગમાં આવવી જોઈએ તે ધારણા થઈ કોઈ દહાડો ? તો ના. કેમ ? તો તે નકામી છે. આ જીંદગીથી શું કામ કર્યું ? શું ફળ મેળવ્યું ? શાને માટે ગઈ તે તપાસ્યું કોઈ દહાડો ? ના. કેમ ? તો આની કીંમત ન ગણી તેથી રૂપીયા અને રોડાની કિંમત છે, અમારે કાજીની કુતરી મરે ત્યારે આખું ગામ આભડવા આવે પણ કાજી મરે તો કોઈ ન આવે જુનાગઢના નવાબને ત્યાં કુતરીનાં લગ્ન થયા ત્યારે બધાને જવાનું થયું હતું. પણ જુનાગઢના નવાબ પાછળ કોણ ? તેમ રૂપીયા અને રોડાની પંચાત, પણ આપણી પંચાત નહિ.

આપણું જીવન કેટલું હતું ? કેટલું ગયું ? કેટલું રહ્યું ? ગયું તેમાં શું મેળવ્યું ? રહ્યું તેમાં શું મેળવવાનું ? તેનો વિચાર આવ્યો ? ના. કેમ ન આવ્યો ? તો આની કિંમત ન ગણી અને સમજ્યા તેથી. જેના વિચારો ન આવે તેની કિંમત ન સમજીએ પણ નકામી ગણીએ.

રૂપીયાના ને રોડાના ચોવીશે કલાક વિચાર કરે પણ જીંદગીના ચોવીશ કલાકમાં શું મેળવ્યું તેનો વિચાર કર્યો ? કોઈ? કેટલા કલાક ધર્મ કાર્યમાં ગયા ? કેટલા કલાક પરોપકારમાં ગયા ? કેટલા કલાક નકામા ગયા ? તેનો હિસાબ રાખ્યો કોઈએ ? તો

ના! કેમ ન રાખ્યો? તો તેને નકામી ગણી તેથી લાકડાં ઈંટો કરતાં પણ ભાઈશાબનો હિસાબ નહીં. જીવની જ્યોતનો હિસાબ ક્યાં? જંજાળનો હિસાબ છે.

મૂળ વાત છત્રીશ હજારમાં એવડો દાણો રાજાને ન પહોંચ્યો તેની જગો પર આ તો સર્વાર્થસિધ્ધના ત્રણે કાળના સુખ તેના એવડા વખત તે પણ અનંતી વખત જેટલો સમુદાય તેને એક બાજુ રાખો, બીજું જે સિધ્ધ મહારાજા તેમનું એક સમયનું સુખ લઈને અનંતા તેના વર્ગ મૂલ કરો કેટલું ઘટી જાય? તે વિચારો! જે છેવટે આંક આવે તેને આનો વર્ગ કરતાં જે વર્ગ આવે તે બન્નેને ગુણીએ તો તો તેમાં અનંતા વર્ગ મૂલમાં જે આંક આવ્યો તેના આગળ હિસાબ વગરનો.

જીવ મોક્ષનું આવું સુખ ઈચ્છે છે. દુઃખ વગરનું, ખસે નહિ તેવું, સંપૂર્ણ, અને જેમાં આગળ ન રહે તેવું સુખ. આવું તો સુખ માંગે છે. માટે દુઃખવાળું સુખ જોઈએ તેમ, તથા સુખની મર્યાદા બાંધવા તૈયાર છે! તો ના. સુખની કણીથી સંતોષ નથી. પણ જેમા ઈચ્છા ને અવકાશજ ન રહે, આવું જ સુખ જોઇએ. પણ સાધન કયું?

જે કાર્ય કરવું હોય તેનું સાધન જોઈએ, જવેરીના બજારમાં હાથમાં નહિ કોડી ને ઉભી બજારે દોડી તે બાઈ બોલે છે પણ તેમાં માલ લેવો-દેવો કેટલો? તેમ સુખ જોઇએ, આવું જોઈએ, પણ તેના માટે આપણે નાણું ફાજલ નથી પાડયું તેનું કારણ?

અનાદિ કાળથી સુખના માટે મથ્યા છો, અત્યારે પણ તેવા સુખની ઇચ્છા છે છતાં નાણું ફાજલ નથી પાડયું, લુખું ખાવું નવી ને વલોણું કરવા દેવું નથી. તો તે લુખું નહિ ખાય? તેમ આત્માને અંગે જ્ઞાન દર્શન આદિ કાંઈ કરવું નહિ પણ જડ પદાર્થોને માટે આપણે મથીયે છીએ. **જડમાં જીવન સફળ કઈ રીતે થશે? જીવ જીવનમાં મથશે તો જીવનને સફળ કરી શકશે.**

અપલક્ષણ હરેક છોકરા છોકરીને પાડોશી, શેરીવાળા કરાવવા તૈયાર છે. પણ અપલક્ષણ તો ઘરના માવીતર કરાવશે. છોકરાને સુધારવાનું કામ માવીતર કરવાના. અરે તારા બાપે આમ કર્યું, તારા ભાઈએ આમ કર્યું તે કહેવાવાળા છે. પણ આ કર્યું તે તારા ફાયદા માટે આમ કહેનાર કોણ ? તો જે પોતાનો હોય તે.

પાડોશી તો શૂળીએ ચડાવવા તૈયાર પણ તેને ન્હાવાનું ન હોય. કહે કે–'ચડો બેટા શૂળીએ લો ખુદા કા નામ' તેમ અહિં આગળ આ દુનિયાને અંગે જડ પદાર્થ. જડપદાર્થ રોજ ઉશ્કેરણી કરે. સારા સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દને માટે ગોદાવે. અનાદિ કાળથી આ જીવને આ કર્મરૂપી પાછળ પડેલો હડકાયો કુતરો તે બચકાં ભર્યા કરે છે, છતાં આ જીવને ભાન આવતું નથી.

કારણ આમાં જીવનો નજીકનો કોઇ નહિ. બધા કર્મના નજીકના. સ્પર્શાદિનો વિષય તે જીવના ઘરનો કે જડના ઘરનો તેમ કંચન વિગેરે આહાર વિગેરે તે જીવના ઘરના કે જડના ? તો એકે જીવના ઘરના નહિ.

જેમ અક્કલ વગરના છોકરાને વહુઓ, પાડોશીઓના વચનો ધ્યાનમાં લઈને ઘરનું ખેદાન મેદાન કરી નાંખે તો પણ વિચાર ન આવે. કાકા કહે છે, ભાઈ કહે છે, મા બાપ કહે છે તે ખરાબ છે. એમ માની લે. આમ મને કહીને કહેવા શું માંગે છે ! તો ઝઘડો કરાવવા માટેને. જો ઝઘડા માટે ન હોય તો તેને સમજાવી શકો છો. તમે મોટા શિરછત્ર કહેવાઓ તમે એનું અહિત કરો તે શોભે ? એ તો ન બને પણ પેલાને ભડકાવવો.

આ દુનિયા પરની ઉન્નતિમાં પોતાની તાબેદારી અને પરની અવનતિમાં પોતાનું મુરબ્બીપણું રહે તેમ માને છે. પાડોશી પોતાનું મુરબ્બીપણું શામાં પણે ? તો પોતાની પાસે માંગવા આવે તેવી સ્થિતિ વિચારે. પાડોશીનો ધંધો ઘરમાં કંકાશ કરાવવાનો.

આ કર્મરાજાના પુદ્ગલો તે બધા દેખે છે કે આ આત્મા

સ્વ સ્વરૂપમાં આવ્યો ત્યારે આપણી ગણત્રી શા હિસાબની ? ત્યારે એમની જરૂરી કિંમત આ જીવ મૂર્ખો બને ત્યાં સુધી. આ જીવ મૂર્ખો બનીને પોતાનું ઘર ન સંભાળે ત્યાં સુધી. તેથી તેઓ પોતાનું મુરબ્બી પણું રાખવા માટે દરરોજ ઝઘડાની જંજાળમાં નાંખે. તેને બચાવે કોણ ?

**ત્રણ જગતમાં ચૌદ રાજલોકમાં આ જીવને કર્મની તાબેદારીમાંથી પુદ્ગલના ફાંસામાંથી બચાવનાર હોય તો તે સર્વજ્ઞ ભગવાનના વચનો.**

આ જીવને કર્મમાંથી બચાવનાર કોઈ પણ ચીજ હોય તો તે સર્વજ્ઞ ભગવાનના વચનો. તે સિવાય કોઈ ચીજ આત્માને કર્મોથી બચાવનાર નથી.

અહિં આપણે સર્વજ્ઞના વચનો કહીએ, તે શા માટે ? તો આગમની મહત્તા સમજાવવા માટે ચાહે જૈમિનિ હોય, વૈષ્ણવ હોય, શૈવ હોય, નાસ્તિક હોય, તો પણ તે બધા પોતપોતાના મતના શાસ્ત્રોને માને છે. તમામ મત શાસ્ત્રના આધારે ચાલે છે. આપણે જેમ જિનેશ્વરદેવને શાક્ષાત્ નથી દેખતા, તેમ બીજા લોકો પોતાના દેવને સાક્ષાત્ દેખવા નથી બેઠા. તો તે પોતાના દેવોને માને શાના આધારે ?

હાથ અડાડીને, જીભથી ચાખીને, નાકથી સુંઘીને, આંખથી જોઈને, કાને સાંભળીને જોયું ? તો ના ! કોના આધારે ? સર્વમત અને દર્શનવાળાને જો કોઈપણ દિશા ચીંધનારા માર્ગ પ્રવર્તક તરીકે હોય તો એકજ–શાસ્ત્ર. તે સિવાય કોઈ પ્રવર્તકજ નથી.

પણ શાસ્ત્રમાં એટલો ફરક–જૈનો અને જૈનેતરો પણ શાસ્ત્રો માને. શાસ્ત્રને ખોટું કહેનારને પોતાનામાં જીગર હોય તો યમના ઘરે પહોંચાડે.

કુરાનના પસ્તીના કાગળમાં કેવડો નાંખી તે મુસલમાનને આપ્યું. તો તેમાં પરિણામ શું આવ્યું. તો તેમાં કેવડો આપનારને

સજા થઈ અને તે કરાવી મુસલમાને. શાથી ? તો અમારા શાસ્ત્રોનું અપમાન કર્યું તેથી. શાસ્ત્ર તરફ અપમાન દર્શાવવાને અંગે એટલે કુરાનને અંગે ટીકા કરી હતી જેને એવા હિંદના અમુક વખતના પ્રધાન તેની જે દશા થઈ, તે શાને અંગે ?

મુસલમાન ક્રિશ્ચીયન, શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ કે જૈન હો ! પણ દરેક મતવાળા પોતાના શાસ્ત્રો તરફ બહુમાનની દ્રષ્ટિ રાખનારા હોય છે. ક્રાઈસ્ટને માનવાનો આધાર બાઈબલ પર, જે કુરાનને ન માને તે મહમદને ન માને, ભાગવત વિગેરે ન માને તો તેને વૈષ્ણવ નહિ માનવાનો ! આમાં આધાર કયો ? આચારાંગાદિને ન માને તો જિનેશ્વરોને માનવાને આધાર કયો !

તેમજ મોક્ષ, ભવભ્રમણ, પુણ્ય–પાપ તે ઓળખાવનાર શાસ્ત્ર. શાસ્ત્રોને ઓળવવું નાસ્તિકને પણ ન પાલવે તો આસ્તિકોને કેમ પાલવે ? બધા પોતાના શાસ્ત્રોને માને છે. વફાદાર રહે છે.

અહીં એક વાત ખાસ સમજવા જેવી છે કે તમે નવો શબ્દ ક્યાંથી કાઢ્યો ? કયો ? તો આગમ. તે કોઈ મતવાળાએ માન્યો નથી. તમારી તો ટેવ છે કે જુદુ કહેવું.

વર્તમાન જમાનામાં એવા પાકેલા છે કે જુદું ન કરીએ તો આપણું નામ ન રહે, પછી શાસ્ત્ર અને પરંપરા ઉથલી જાય. તમારે વેદ, શ્રુતિ, પિટક, શાસ્ત્ર શબ્દ કહેવો જોઈએ તે ન કહેતાં બધાથી જુદા પડવા માટે આગમ શબ્દ કહ્યો.

પણ સમજવા જેવું છે કે અમે આ આગમ શબ્દ નવો ઉભો નથી કર્યો, પણ વસ્તુનું સ્વરૂપ જણાવવાવાળો છે, તે અનાદિથી ચાલતો હોવાથી અમે કહ્યો છે. શ્રુત–શ્રુતિ–સાંભળવું પંચેન્દ્રિય માત્રમાં છે. જાનવર મનુષ્યમાં શીખ શીખામણ ચાલે છે, પણ આગમ કહેવાથી શું કહેવા માંગીએ છીએ ! તે વિચારો.

કેટલાકો પિટક, વેદ, શ્રુતિ, આગમને પ્રમાણ અનુમાન ગણો છો, એટલે ઘર શબ્દ બોલાય છે. તેથી તેના ઉપરથી અર્થને જાણી

શકાય છે. વક્તા જે નામ બોલે તેનો વિચાર કરીએ તો આ માટે કહે છે તેમ સમજી શકો. જુદા–જુદા શબ્દો બોલાય છતાં પદાર્થ સમજાય છે. અનુમાન છે માટે. ધુમાડો છે માટે બધે અગ્નિ છે. જે પદાર્થો છે તેના માટે જે શબ્દ બોલો તેથી તેનો અર્થ ખ્યાલમાં આવી જાય.

શાસ્ત્ર–શ્રુતિ–સ્મૃતિ–પિટક–વેદ તે અનુમાનમાં પેસી જાય, પણ જે પદાર્થ તમારા બોધમાં નથી, તમારા અનુભવમાં નથી,ઇન્દ્રિ યોના વિષયોમાં નથી તેવા જે અતીન્દ્રિય પદાર્થો તેને કયા આધારે માનો? શબ્દ કહ્યો ? તે આવો છે? તેમાં આવા સ્વરૂપવાળા રહે છે તે શાસ્ત્રકારે સ્વર્ગ કયારે સાંભળ્યું ? તો વક્તાના વચનથી. તેના ઉપર ભરોસો હોવાથી મોક્ષ તેનું સુખ કહ્યું તે શાની ઉપર માનવાના ? તમારી પાસે ત્રાજવા છે કંઈ આને માટે. ત્યારે કહો કે એકજ સાધન વક્તાની પ્રમાણિકતા ઉપર તેના કહેલા પદાર્થો ઉપર ભરોસો. શાસ્ત્રને કોરાણે મેલીયે તો દેવલોક નરક, આત્મા, મોક્ષ અનાદિ કાલથી રખડે છે તે માનવામાં સાધન કયું ? આ શબ્દો અનુભવથી સમજાતા નથી, નિશ્ચિત થતા નથી. માટે વક્તાના ભરોસે નિશ્ચિત થાય તેથી આગમ શબ્દ મૂકયો.

સર્વ પદાર્થોની નિત્યાનિત્ય સ્થિતિ, તેની મર્યાદાઓ, સર્વ પદાર્થોનું રૂપી–અરૂપી પણું, નવે તત્ત્વો તેનો વ્યાપક પણે બોધ થાય જેનાથી તેનું નામ **આગમ** શ્રુત શ્રુતિ, વેદ, પિટક શબ્દ નહિ વાપરતાં આગમ શબ્દ શા માટે વાપર્યો ? તો અતીન્દ્રિયના પદાર્થોને કહેનારા વાકયોથી રચાયેલું હોવાથી તેનું નામ આગમ.

આવી રીતે આગમની ઉત્તમતા યથાર્થતા જણાવ્યા પછી તેને કરવું શું ? આગમને અંગે વક્તા અને શ્રોતાની ફરજ કઈ ? જે પદાર્થ જેને લાયક હોય તે તરીકે તેનો ઉપયોગ ન થાય તો મનુષ્યની કિંમત નાના છોકરા જેવી થાય.

એક વખત પાદશાહ બહાર ગામ ગયો ને ત્યાંથી ગામડામાં

ગયો, ત્યાં તો મુખીના ઓળખાયે બાદશાહ ઓળખાય. બાદશાહની ઓળખાણ, સન્માન મુખીના આધારે ગામડે ગામડે ફર્યો, બધી સ્થિતિ દેખી. બધા ગામના મુખીનો દરબાર ભર્યો, તેમાં એક જે, મોટો મુખી હતો તે શરીરે નરમ થયેલો, તેથી તેનાથી અવાયું નહિ. એકને અંગે સમુદાયનું ન ઠેલાય. મુખીએ શું કરવું? તેથી પોતાના છોકરાને મેળાવડામાં મોકલ્યો. દરબારે અત્તર પાન દરેકને આપ્યું, અત્તર જેવું પેલા છોકરાના હાથમાં આવ્યું તેવો તે ખાઈ ગયો. બીજા બધાએ અત્તર વાપર્યું. સભા પૂરી થઈ. બીજી સભામાં મુખી આવ્યા. ત્યારે બાદશાહ કહે કે તમારો છોકરો સમજદાર ઓછો છે, પેલા આપ્યું તે ચાટી ગયો. ગાંડો ઘેર લાવ્યો હોત તો રોટલામાં નાંખત. આતે સુંઘવાની લગાડવાની ચીજ કે ખાવાની ચીજ. વસ્તુ ઉત્તમ છતાં તેનો ઉપયોગ ન સમજે તો સમજણમાંથી બાતલ થયેલો ગણાય. તેમ આગમનો ઉપયોગ કયાં કરવો? તે કેટલો ઉત્કૃષ્ટ છે? તો તેની આગળ દેવ-ગુરૂ-ધર્માદિનું આરાધન ગૌણ થઈ જાય. હવે તે કેવી રીતે બને તે અધિકાર અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન - ૬

### आगमं आयरंतेणं०

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકાં આગળ જણાવી ગયા કે-

આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડયા કરે છે. તે રખડવામાં આ જીવે એકેન્દ્રિયમાં, વિકલેન્દ્રિયમાં, સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં માત્ર જન્મ પૂરો કરવો. બીજું કંઈ નહીં.

પૃથ્વીકાયાદિને-હું જન્મ્યો છું? મારો જન્મ છે, હું આયુષ્યવાળો છું, મારો આયુષ્યનો અંત થવાનો છે. તેમાં તેને

વિચાર કંઈ નહિ. મારે શું મેળવવાનું, શું મેળવ્યું ? તેનો વિચાર નહીં. પણ મળી જાય તે સાધન ઉપર જીવન પૂરૂં કરવું.

ઝાડને પાણી મળ્યું જીવન રહે, પાણી ન મળે તો બીજા ભવમાં હાલ્યા જવું. જીવન-મરણનો વિચાર નહીં. મરણને વિચારવું નથી, મરણના ઉપાયો વિચારવા નથી, તે ઉપાયો કેમ ટાળવા ? તેમાંથી તેને કશું નહિ. હું કેમ જન્મ્યો ? કેમ જીવું છું ? કેમ મરીશ ? તેમાંનો વિચાર નહીં. જો જીવનનું સાધન મળે તો જીવીશ, મરવાનું સાધન મળે તો મરીશ.

આજકાલની શોધખોળોએ વનસ્પતિમાં જીવ છે એમ સાબિત કર્યું. પૃથ્વીકાય આદિ પાંચે જીવમય છતાં તેની ઈતિકર્તવ્યતા શેમાં ? જીવન-મરણનો વિચાર કરવામાં નહિ. વિચારો વગર માત્ર જીવન વહેવું તેટલુંજ.

આ જીવ પૃથ્વીકાયાદિમાં હતો ત્યારે જીવનનો, મરણનો, તેના કારણોનો વિચાર કર્યો નથી. જે જીવન બંધાયું તેનો વિચાર કર્યો ? તેથી શાસ્ત્રકારે સ્થાવરને ઓઘસંજ્ઞા કરે છે. હેતુવાદિકી સંજ્ઞા નહિ.

આપણે દૃષ્ટિ ફેરવીએ તો ખ્યાલ આવે ! આપણે ઘેર છોડવો ઉગાડીએ તેના જીવને હું જન્મ્યો, હું જીવું છું ! હું મરું છું ? તેમાંથી તેને શું વિચાર ? તો કંઇ પણ વિચાર નહિ. જીવન-મરણ, તેનાં કારણોનો તેને તથા હું ? કેમ તેમાંનો વિચાર નહીં. પણ જીવન વહેવું એટલુંજ ! આપણો અનાદિ કાલ આ રીતેજીવન વહેવામાં ગયો.

આવી રીતે એકેન્દ્રિયપણામાં અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીમાં કર્યું શું ? માત્ર જીવન વહ્યું તે જોઇને વહ્યું તે જોઈને વહેવું નહિ પણ આવ્યું તે વહેવું. પછી તે ગમે તે કામનું હોય તે વહેવું.

હવે તમે કહેશો કે આવ્યું ક્યાંથી ? વાત ખરી-પણ એક વાત ધ્યાનમાં આપણે લેવી કે આપણે માતાની કુખમાં આવ્યા ત્યાં કર્યું શું ? તો માત્ર ખાઉં ખાઉં કરતા આવ્યા. તે સિવાય બીજો ધંધો કર્યોજ નથી. નાના બચ્ચાને આખા જગતમાં ખાવાનું

તે સિવાય તેને બીજી સંજ્ઞા નથી. લાકડાના ચુંબનીયામાં, લુગડામાં, અંગુઠામાં કયો રસ? જેમ કે ઢોર, કાંઈ ન હોય તોય મોઢું ઘાલે, પછી કંઈ ન હોય તો પાછું કાઢે- શાને અંગે? તો ખાવાના સંસ્કારેજ ને.

જેમ સંજ્ઞીપણામાં તત્કાલ જન્મની સ્થિતિ બતાવી. જેવા આપણે માતાની કુખમાં આવ્યા ત્યારે પિતાનું વીર્ય અને માતાનું રૂધિર તે બે લીધા. પછી કહો કે પહાડમાંથી નીકળતી નદીઓ પહેલ વહેલી પાંચ આ ગળીઓ જેટલી નથી હોતી. તો પણ વધતાં સમુદ્રો થાય. તેમ જીવ શું કરે છે? માટે નિર્યુક્તિકાર કહે છે કે 'तेया कम्मेणं' તૈજસ શરીરને લીધે.

શરીર પાંચ કહી દઈયે છીએ. પણ તે બોલવું તે સમજણ વગરનું, કેમ? સાત આઠ વરસનો છોકરો હોય તેને સંગ્રહણી રોગ થયો. વૈદને બતાવ્યું, તેને સંગ્રહણી કહી તે રમતો રમતો પાડોશીને ત્યાં ગયો. પાડોશીએ પૂછયું કે વૈદ આવ્યા હતા તે શું કહી ગયા.? તો કહે કે સંગ્રહણી આ શબ્દ સાચો છે છોકરો તે બોલે છે. છતાં સંગ્રહણીની ભયંકરતા છોકરાને માલમ પડી નથી, તેમ આપણે તૈજસ શરીર શાસ્ત્રકારે કહ્યું તો આપણે પણ તૈજસ કહ્યું તેમ બીજાને કહી દીધું.

મનુષ્યને ઔદારિક તૈજસ કાર્મણ હોય. તૈજસ-બોલી દઈયે. એકે સંસારી એવો ન હોય કે જેને તૈજસ કાર્મણ ન હોય, તે બોલી દીધું. પરંતુ તૈજસની ભયંકરતા ખ્યાલમાં ન લીધી. અનાદિ કાળની આ સળગતી ભઠી જેમ દુનિયામાં અગ્નિ મળેલાને બાળે છે. અને બળવાવાળાને પકડે, જે પકડમાં આવ્યું તેને બાળે અને બીજું પકડવા તૈયાર થાય. તેમ તૈજસ મળેલો ખોરાક પરિણમાવે અને નવા ખોરાકને માંગે પણ પરિણામ ન જુવે.

શરીર પાંચ મણનું હોય અને ખોરાક શેરનો હોય, છતાં ભુખ લાગી હોય તો શરીરમાંથી કાંઈ કામ લાગે છે? તો નથી લાગતું.

પણ નવું માંગે છે. શરીરપણે થઈ ગયેલું તે ભઠીના કામનું નહિ. આવ્યું તેને પરિણમવવું અને નવું નવું માંગવું તે પણ અનાદિ કાલથી, શાને અંગે આ ? આહાર તરીકે ખોરાક લેવો, તેને પરિણમાવવો, અને નવો માંગવો આનું નામ સંસાર.

તેના સિવાય બીજી વ્યાખ્યા જવા દઈયે બીજું બધું આના પછી. આવેલા ને ઓહિયા કરવું અને તેને માટે પકડવું આ તૈજસનું કામ. તે તૈજસની ભઠી જીવની જોડે લાગેલી છે. તે તૈજસની ભઠી સિવાય કોઇ સંસારનો જીવ નથી, માટે આપણે મુખ્ય ધંધો ભઠીયારાનો પછી બીજો ધંધો ખોરાક લેવા પકાવવો. કહો ભઠીયારાનું કામ શું ? તો ભુંજી નાંખવું. તેમ આ જીવનું કામ શું ? તો દરેક ગતિમાં ભુંજતો ભુંજતો ચાલે છે.

સમુદ્‌ઘાત, વિગ્રહગતિ, અજોગીમાં સાધન નહિ. તેથી કરે શું. જ્યાં પુદ્‌ગલો લીધાં એટલે શરીર થયું. શરીર થયું તો ઈન્દ્રિયો થઈ તેથી તેના વિષયો તરફ મન ગયું. અને તેથી રાગ દ્વેષ થયા.

આ બધો આધાર કેવલ ભઠીયારા ઉપર.

આપણે જન્મની સાથે ખાઉં ખાઉં કરતા, અને માની કુખમાં આવ્યા તો ખાઉં ખાઉં કરતા, માતાની કુખમાં આવેલો કોઈ આહારથી અપર્યાપ્તો હોય નહીં. એક સમય પણ નહિ. શરીર, ઇન્દ્રિય, પર્યાપ્તિ, શ્વાસોશ્વાસ, ભાષા અને મનની પર્યાપ્તિ થતાં વાર લાગે પણ ભઠીયારાપણાની વાર નહીં. આ વગર વાયદાનું બીજા બધા વાયદાવાળા ? ખોરાક લેવો અને પરિણમાવવો તેમાં વાયદો નહિ.

મહારાજને પૂછ્યું કે–આહાર ન લેવો તેવો વખત કયો ? તો વિગ્રહ ગતિની વાત જુદી, નહિ તો એવો વખત છે જ નહિ. સૂક્ષ્મ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય ! ગમે તે જીવ લો ! પણ ભઠીયારાનો ધંધો કરે છે. ભઠીયારો ચાહે મમરાનો કે ચણાનો કરે તેમ આ જીવ ભાડભુંજીઓ ભાડે ભુંજે કે ઘરનું ભુંજે એમ

નહીં. પણ પુદ્દગલનો આહાર લઇને ભુંજે કે બીજું કંઈ. એ વાત જવા દઈએ.

મૂળ વાત પૃથ્વીકાયાદિમાં શું કર્યું જે જે પુદ્દગલો આવ્યા તેને ભુંજ્યા ને જન્મ પૂરો કર્યો. હું કેમ જીવું! મારા જીવવાના સાધનો કયા? મરણ અને તેના સાધનો કયા? તેનાથી કેમ બચું! તેનો વિચાર તેને કંઈ નહિ. માટે શાસ્ત્રકારે તેને વિચાર સંજ્ઞાવાળા ગણ્યા, પણ કઈ! તો ઓઘ સંજ્ઞાવાળો.

જ્યારે વિકલેન્દ્રિય-બેઇન્દ્રિયમાં સ્પર્શ અને રસની, તેઇન્દ્રિયમાં સ્પર્શ, રસ, ગંધની, ચઉરિન્દ્રિયમાં સ્પર્શ, રસ, ગંધ અને રૂપની અને પંચેન્દ્રિય થયો તો સ્પર્શાદિ પાંચની ચાહનાવાળો. સાધ્યની સિદ્ધિ તે કરવા લાગ્યો, તેમાં કેટલો બાહોશ બન્યો? તે વિચારો! સાકરીયો ચણો મૂઠીમાં ભર્યો હોય તો તમે નહિ કહી શકો, પણ ત્રીજે માળે પડેલો સાકરીયો ચણો તે નીચેના દરમાં રહેલી કીડીને તેની ખબર પડે. કહો તાકાત કોની વધારે? એના ઉપરથી તો પોલીસે ચોરીનો કીસ્સો પડચો.

ગામડામાં કોઈ શેઠને ત્યાં ઘીના કુલ્લા આવ્યા હતા, ચોર લોકોની ટેવ હોય છે કે જેની જેની જરૂર હોય તે ચોરવું. ચોરોએ વિચાર કર્યો કે કુલ્લા ચોરવા. તેથી તેઓએ ઘીના કુલ્લા ઉપાડયા પણ સંતાડવા ક્યાં? સવાર પડતાં પકડાઈ જવાનો ભય, ચોરી તો કરી પણ તે છુપાવવા ચકોરાઈ કઈ કરવી? ત્યારે ચોરોએ મળીને કીસ્સો કર્યો, ગામ બહાર નદી હતી, તેની પાસે ઉંડો ધરો હતો. કુલ્લાને ધરામાં નાંખ્યું. ચોર ઘેર ચાલ્યો ગયો.

સવારે શેઠને ખબર પડી કે કુલ્લું ચોરાયું છે. ફરિયાદ દાખલ કરી. પણ ચોર જે ગામમાં પેઠો હોય તે સિદ્ધ થાય તો તે જોખમ તે ગામના માથે. તેથી કાં તો ચોર પકડી દેવો અગર પગેરૂં બતાવવું જોઈએ. દરેક ગામવાળાની આ ફરજ હતી, અહિં તો નદીથી બહાર પગેરૂં નથી. પછી પકડવું કોને! ગામના દરેક આસામીને

ચોરની તપાસ કરવાની. તેને લીધે ગામમાં પગેરૂં આવે તો આખા ગામ માથે જોખમ. નદીમાંથી પગેરૂં નીકળ્યું નહિ, કોઈ ગામમાં ગયું નહિ. ગામવાળા ચારે બાજુ ફર્યા. પણ તેનો પત્તો ન ખાધો. જમીનમાં દાટયું હોય તો તે ખબર પડે. પણ ધરામાં નાંખેલું કુલ્લું, તેનો પત્તો શો ? આખા ગામમાં તપાસ કરી પણ પત્તો ન મળે. પણ જે ધરામાં કુલ્લું પડયું છે તેના ઉપર ઝાડની ડાળી નમેલી છે. તેના મૂળમાંથી કીડીઓ નીકળે છે, ને ઉપર ચડતી જાય છે અને પવનના સપાટાથી ધરામાં પડે છે. તેથી ત્યાં કીડીઓનો થર જામ્યો. તે પોલીસના જોવામાં આવ્યું. પોલીસે ડુબકી મરાવીને કુલ્લું બહાર કઢાવ્યું. વધારે તાકાત કોની ? આટલી બધી વિષયની તાકાત કીડીમાં.

કુતરાને અંગે તમે બીજે ગામ જાવ તો તમે રસ્તો ભૂલી જાવ, ત્યારે કુતરો સુંઘતો-સુંઘતો ગામ પાછો આવી જાય. તો માહિતી કોને વધારે ? તમને કે કુતરાને ! ગોડીજીના ઉપાશ્રયથી ભાયખલા ગયા હો ત્યાંથી પાછા આવતાં તમને સાત-પાંચ થાય પણ કુતરો ચાલ્યો જાય. વિચાર શક્તિ તમારામાં વધારે. પણ વિષયની શક્તિ વધારે નહીં. તેથી તે શક્તિ કયાં ? તો વિષયના વિચારોમાં.

તેથી શાસ્ત્રકારે ત્યાં હેતુવાદીકી સંજ્ઞા કહી, વિકલેન્દ્રિયમાં. કારણમાં ઉતર્યો. જીવન-મરણ વિગેરેના કારણોમાં ઉતર્યો, છતાં તે હેતુ સંજ્ઞા. છતાં તે વિજળીનો ઝબકારો. જેમ વિજળીના ઝબકારામાં સૂર્ય કરતાં અજવાળું વધારે પણ ટકાવ ક્ષણનો, તેમ વિષયને અંગે વિકલેન્દ્રિયોનું જાણવું, વિકલેન્દ્રિયો વિષયો અને તેના હેતુ માટે પ્રવૃત્તિ તેના હેતુઓ, ન લાગે તો નિવૃત્તિ.

અહિં પતાસું મૂકો તો કીડીઓ આવે. પણ રાખોડો ભભરાવ્યો ત્યારે લાઇન તૂટી જાય અને દરમાં ચાલી જાય.

ઇષ્ટ વિષયોને અંગે પ્રવૃત્તિ કરવી, અનિષ્ટ લાગે તો નિવૃત્તિ

કરવી, જીવનના સાધનોથી પ્રવૃત્તિ અને મરણના સાધનોથી નિવૃત્તિ કરવી. આ વિકલેન્દ્રિયપણામાં સૂઝયું.

પછી પંચેન્દ્રિયપણામાં. આવ્યા. ત્યાં સ્થાન અને સંતાન આ બે વસ્તુ વધી. જેમ ઢેડ શેરીને મ્હારી કહે, કુતરૂ પણ શેરીને મ્હારી કહે. ઢેડ જે આંગણું વાળતો હોય તે આંગણાવાળા ઘરને વેચવા માંડો તો ઘર વેચી શકો પણ આંગણું ન વેચી શકો. કારણ તે ગીરવે મુકેલું ગણાય. કુતરૂં પણ બીજી શેરીના કુતરાને પોતાની શેરીમાં દાખલ થવા ન દે. કેમ તો મ્હારી શેરી. આ શેરીના કૂતરા અંદર ભલે હરે-ફરે પણ બહારનું આવે તો સામા થાય.

પશુ પંખી ઢોર તે સ્થાનને અંગે મમત્વવાળા થાય. ગાય તમે ઘેર રાખી છે. પાળી છે, પોષી છે. તે વિયાય ત્યારે તેની પાસે તો જાવ ? શેરીની કુતરીને રોજ રમાડી, રક્ષણ કર્યું પણ તે વિયાય ત્યારે તેના બચ્ચાને અડો તો ખરા ! જેવી સ્થાનની રક્ષા તેમ સંતાનની રક્ષા તેના દિલમાં ચોરી છે.

વિકલેન્દ્રિયમાં સ્નાથની ચિંતા નહોતી પણ વિષયોની રક્ષા હતી. પંચેન્દ્રિયમાં પહેલી રક્ષા સ્થાનની, શરીરની રક્ષા હતી તેમાં સંતાનની રક્ષા વધી. આ ત્રણ વધ્યા પછી મનુષ્યપણામાં આવ્યા. તેમાં શાની રક્ષા ? તો કંચન-કામિનીની, ઢોરપણામાં કંચન-કામિની કુટુંબની રક્ષા નહોતી. પણ તેની રક્ષા મનુષ્યપણામાં વધી.

આ બધું એકેન્દ્રિયમાં વિકલેન્દ્રિયમાં, ઢોરપણામાં કર્યું. શરીર સ્થાન, વિષય, કંચનાદિના રક્ષણનો વિચાર કર્યો. પણ હુંનો ખુલાસો કઈ જગો પર કર્યો. હું તો દરેક જગો પર હતો ને !

હુંડીનો વિચાર કર્યો પણ હુંડીની રકમનો વિચાર કર્યો છે. એકલા ખોખાના આધારે આ નામું તૈયાર કર્યું તેનું શું થાય ? આસામીના આધારે નહિ. તેમ આપણે પણ આ શરીર ઈન્દ્રિયોના વિષયો, સ્થાન, કંચનાદિના આધારે આખું જીવન-અનાદિ કાલથી વ્યતીત કર્યું. પણ 'હું' નો આધાર કયો લીધો ? મનુષ્યપણામાં,

આર્યક્ષેત્ર-ઉત્તમકુલ ઉત્તમજાતિમાં આવ્યા, દેવ ગુરૂ ધર્મની જોગવાઇ અને જૈનપણું પામ્યા છીએ. ત્યાં હું નો ખુલાસો ન કરે તો બીજે ક્યાં થવાનો ?

પ્રોફેસર જે હિસાબની ગેડ ન ઉકેલે તે બીજે ઉકેલવાનો ક્યાં ? તેમ તમે મનુષ્યપણું આર્યક્ષેત્ર, દેવ ગુરૂ ધર્મની જોગવાઈ ઉત્તમ કુલ જાતિ, તેમાં જૈનપણું એ બધું પામ્યા છો. આમાં બાકી કંઇ નથી. ચોરાશી લાખ જીવાયોતિની અપેક્ષાએ તમે પ્રોફેસર છતાં તમે હું નો ખુલાસો નહીં કરો તો કરશો ક્યારે ! અને કરશે કોણ ?

અહીં એક વાત ધ્યાનમાં રાખવાની કઈ ! પાણીનો પ્રવાહ જે રસ્તે વહે છે તે રસ્તે વહે છે. તેમ આપણે પણ અનાદિ જીવનમાં તે વહેણે વહીએ છીએ. શરીર-ઈન્દ્રિયોના વિષયો કંચનાદિ તે તરફ વહ્યા કરીએ છીએ, વહેણ નથી પલટાયું તેનું કારણ ! દુનિયામાં દેખાતી ચીજ જરૂરી ગણાય, વગર દેખીતી ચીજ જરૂરી ન ગણાય.

બધા જીવોને ભેગા કરીને ચાલશો. વિષયના લક્ષ્યવાળાને અને આબરૂના લક્ષ્યવાળા કેટલા ? તે વિચારો. ઇન્દ્રિયોના વિષયવાળા, કષાયાદિ વેગવાળા અને આબરૂના ધ્યેયવાળા કેટલા ! કેવલ મનુષ્ય સિવાય આબરૂનું ધ્યેય હોતું નથી.

એક શેઠને પચીશ હજારની ઉઘરાણી છે. છોકરાને ઉઘરાણી માટે મોકલ્યો. દેવાદારે લાડવા જમાડયા પણ લેણાંમાંથી ઓછું ન કરે અને પાછો ફરે તો શેઠને શું થાય ? તો આંટો નકામો ગયો તેમ શેઠ કહે કેમ ? તો તેનું ધ્યેય ઉઘરાણીમાં હતું પણ છોકરાને પૂછો તો કહે કે મજા થઈ. કેમ ? તો તેને ઉઘરાણીનું ધ્યેય નહોતું. જેમ મનુષ્યપણામાં આવ્યા છતાં આબરૂનું ધ્યેય ઘણું મોડું આવે છે. ખોરાકની મોજ મજાહ શરીર, કુટુંબ, કંચન, કામિનીની કિંમત વધારે કે આબરૂની કિંમત વધારે !

આબરૂમાં સમજનારો આબરૂની કિંમત આના કરતાં વધારે

ગણે. નથી આબરૂ ઢીંચાતી, કે નથી ફાકડા મરાતી, કે નથી પહેરાતી કે નથી ઓઢાતી તો આબરૂ શા કામની! તેવી રીતે અહિં પણ જેઓ ધર્મને ભવાંતર અને આત્માને માનનારા તેને તો આત્માનો અર્થ ભવાંતરનું પુણ્યસાધન ધર્મની ક્રિયા તે આબરૂના જેવી સારવાળી લાગે.

જેમ દુનિયામાં આબરૂને ખરેખરી ચીજ અક્કલવાળો માને છે. પણ જે શીંગડે ખાંડો અને પૂંછડે બાંડો હોય તેને પકડવો ક્યાં? જેને આગમ અને આચાર બેયમાંથી એકે જોઈતું નથી. તેનો ક્યાં પકડવો. જે આગમ-આચારને તત્ત્વ ગણતો હોય તેને માર્ગમાં પકડીને લાવી શકો. પણ જેને આગમ-આચાર માનવા નથી તેને પકડવાનો માર્ગ લાવવાનો રસ્તો નથી. પણ કાનકટ ગધેડી હોય તો તેને શું કરવું. કાનકટ ગધેડીને માર્ગે લાવવી મુશ્કેલ પડે. પણ જેને આગમ આચાર વિગેરે માનવા નથી તેવાને માર્ગે લાવવાના રસ્તો કયો! માટે માર્ગે વધવાનો રસ્તો આગમ અને આચારને આદરવાથી.

મનુષ્યપણામાં હું પણાને સમજે કોણ? તેનું કર્તવ્ય જે કરે તે તેનો સફળ કરે છે. કરે છે. આગમ અને આચાર બેયને માનવાવાળો જોઈએ. માટે હરિભદ્રસૂરિજી કહે છે કે. તમે શરીરના માલિક તેના આધારે ટકવાનું ડંચનાદિ. શરીરના આધારે બધું ટકવાનું. પણ તેના વ્યાધિને ન સમજો તો ડોકટરને આધારે સમજવાનું. ડોકટર કહે તેમ કરવા તૈયાર તો તે ગુલામી છે. તમે શું પકડયું કે-કોઇના કહેવાથી કરવું પડે તો ગુલામી, તો આ શું કહેવાય? બોલો! હિતનો રસ્તો બતાવે તે લેવો પડે તેનું નામ ગુલામી. હિતનો રસ્તો શત્રુ પાસેથી લઇ લેવો પડે.

પાનાભાઈ અને ભીખાભાઈને લડાઈ થઈ શત્રુ છે. પાનાભાઇના ખીસામાંથી સોની નોટ પડી ગઈ હોય અને પાછળ ખીમાભાઈ આવતા હોય અને સોની નોટ લઈને કહે કે પાનાભાઈ! આ

તમારી નોટ ! ત્યારે પાનાભાઈ કહે કે તેં લીધી, માટે હું નથી લેતો પણ ફાવતું તો ગાંગલી ઘાંચણનું માનીને હિતૈષી જે કહે તે ગમતું હોય કે ન ગમતું હોય પણ હિતની ખાતર કરવું તેનું નામ હિતને સમજનારા.

અહિં શાસ્ત્રની અસજવાળા ક્યારે ઠાકોરભાઇ જેવા કહે કે અમને રૂચતું નથી. છોકરાને નવો પરણાવ્યો હોય અને ડોકટર કહે કે વહુને પીયર મોકલો તો કેમ મોકલો છો ? હિતને કહેનાર મનુષ્યે કહેલું વચન ગમે કે ન ગમે પણ ગણવું જોઈએ. તમે ઈષ્ટ વિષયોને સંતાન સ્થાન કંચનાદિને અંગે તમે કરતા આવ્યા છો. પણ હિતનો રસ્તો તમને બતાવીએ તે ગમે કે ન ગમે પણ માનો તો આગમનો આદર ગણાય.

લુખું ન ભાવતું હોય પણ ખાવું પડે. કડવી દવા પીવી પડે, જડ શરીરના રોગો કાઢવાવાળાને આટલો ઉંચો ગણીએ અને ન ગમતું તેના આધારે કરીએ. છીએ. તેમ શાસ્ત્રકાર વિષયનો ત્યાગ વિગેરે કરવાનું કહે તો ગમે કે ન ગમે તો પણ કરવું જોઈએ. તો તે આગમનો આદરવાળો તેજ દેવ ગુરૂ ધર્મનો આરાધક ગણાય.

આગમનો આદરવાળો દેવગુરૂ ધર્મનું આરાધન કરે છે. પણ આ બેમાં વિકલ્પ છે. ક્યાં ! છતાં ઘોંચો ઘાલો છો ક્યાં ! જેમ અમુકપક્ષ રાષ્ટ્રીય સરકાર માંગે છે. આગમ માનનારો દેવગુરૂ ધર્મને માને છે. આગમ ન આદરે તેને દેવગુરૂ ધર્મને ન માન્યા તે વચમાં ક્યાં ઘાલી દીધા ? આ રમત નથી કાઢી જેઓને પ્રપંચ કરીને પ્રજાને પક્ષમાં રાખવી હોય તેને રમત. પણ મારે ખુલ્લુ કહેવાનું. આગમ અને દેવ ગુરૂનો સંબંધ ક્યાં ? તેનો વિનાભાવ અવિનાભાવ ક્યાં ? તે બે સમજવું તેથી તે તમે સમજો તો માનશો ! હવે તે કેવી રીતે સમજાય ? તે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન - ૬

**आगमं आयरंतेणं०**

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ **શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં થકા આગળ સૂચવી ગયા કે-

આ જીવ અનાદિ કાલથી રખડપટ્ટી કરી રહેલ છે. તે જીવે રખડતાં શું કર્યું? ત્યારે તેને માટે કહ્યું કે પહેલાં તો વિષયની પાછળ વેગથી દોડયો.

એકેન્દ્રિયમાં સ્પર્શને માટે, બેઇન્દ્રિયમાં સ્પર્શ અને રસ માટે તેઈન્દ્રિયમાં સ્પર્શ, રસ, ગંધ માટે ચઉન્દ્રિયમાં સ્પર્શ, રસ, ગંધ, રૂપ માટે, અને પંચેન્દ્રિયમાં સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દને માટે વેગથી દોડયો.

ત્યાંથી આગળ વધ્યો ત્યારે વિચારમાં વેગથી વધ્યો. મનમાં આવ્યું કે આ કરવું હિતાહિત ભવિષ્યમાં નુકશાન કે ફાયદો છે? તે વિચારવાનું નથી.

આપણે કર્તા છીએ એમ આપણે માનીએ પણ શાસ્ત્રકાર કહે છે કે કર્તાપણાનું ખોટું અભિમાન તમે ધારણ કરો છો. આપણે કર્તાજ નથી. ત્યારે કર્તા કોણ? તો ઈન્દ્રિયો ઇન્દ્રિયોને ગમતા પણાને અંગે સારૂં ખાવું, સારો સ્વાદ લેવો, સારૂં સુંઘવું, સારૂં જોવાનું મન થાય, સારા શબ્દો સાંભળવાની ઈચ્છા થાય. પણ જો ઇન્દ્રિયો મદદ ન કરે તો તમે ઉંચા નીચા થાવ! તે અનુકૂલ હોય, તોજ તમે જોઈ શકો, સાંભળી શકો વિગેરે બને. પણ ધણી કોણ? તમે કે ઇન્દ્રિયો? તમે તો ઢોરની માફક રહ્યા. જેમ માલીક ઢોરને જ્યાં દોરી જાય ત્યાં જવું. બોલવામાં મારી ઇન્દ્રિયો કદીએ પણ પ્રવૃત્તિમાં ઇન્દ્રિયોની પાછળ આપણે.

ધણીને દુનિયાદારીમાં પોતાનું ધણી પણું દેખાડવું હોય તો

માર ખાતો જાય અને કહે કે લે લેતી જા. નબળા ધણીને બાયડી મારે ત્યારે પાડોશી સાંભળે તેવો માર ખાય છતાં કહે કે લે રાંડ લેતી જા. એમ એમ શાહુકારી બતાવે છે, દુનિયામાં તેમ આપણને ઈન્દ્રિયો ઢોરની માફક દોરે તેની માફક ચલાવે. છતાં મારી ઈન્દ્રિયો એમ કહે છે. પણ કોઈ દહાડો ઈન્દ્રિયોનો હું એમ કહે છે. આપણી ઈન્દ્રિયો હોત તો ખાવામાં પીવામાં સુંઘવામાં, જોવામાં સાંભળવામાં મને ફાયદો છે કે નુકશાન? તે વિચારીને ખાવા વિગેરે કરવું જોઈએ.

માંદા પડયા ત્યાં દવા લાવો છો ત્યાં જોર કોનું ચાલે છે? તો ઈન્દ્રિયો તેનું ધાર્યું કરે છે. તમારૂં ધાર્યું કરવામાં બહુજ મુશ્કેલી પડે તેમ છે. વિષયની પાછળ વેગથી દોડવું થયું. ઈન્દ્રિયોએ આપણને ઢોરની પેઠે દોર્યા. તેનાથી આગળ વધ્યા ત્યારે વિચારની પાછળ દોડયા જે વિચાર આવ્યો તે સફળ થવો જોઇએ માટે તો આબરૂ વધે કે જશ વધે ચાય તો આબરૂ જાય કે જશ જાય પણ પણ ધાર્યું થવું જોઈએ.

આ જીવ વિષયની પાછળ વેગથી દોડયો તેમ વિચારની પાછળ વેગથી વહ્યો. ત્યાંથી આગળ પણ વેગની પાછળ વેગથી દોડયો, કષાય ક્રોધ માન માયા લોભ કરવા તૈયાર થયો તેને પણ સફળ કરવા તૈયાર થયો તેને પણ સફળ કરવા તૈયાર થયો, આને અંગે સંસારમાં અનાદિ કાળથી ભટકયો. આ જીવ અનાદિ કાળથી ભટકયો તો તેમાં તેને રસ હતો? તે રસ નહોતો. કોઈકને પણ ભટકાવવામાં રસ નહોતો. તેમાંથી કોઈને ફાયદો થતો હોય તો ભટકાવે તેમાં ફાયદો કોઇને નથી. ત્યારે આ જીવને ભટકવું પડે છે કેમ?

કુતરા, કુતરી, વાછરડા કે ગાયો કુદે તો છોકરાઓને તાલ થાય. તેમ આને રખડાવવામાં ફાયદો નથી થતો. આ ત્રણ વસ્તુ જીવને નથી તો તેને ભટકવાનું કારણ શું? ભટકે છે કેમ? તો

આ કારણથી ઉપર જણાવ્યાતે કયારેક વિષયોની પાછળ વિચારની પાછળ, વેગની પાછળ વેગથી દોડયો.

મગજમાં આવેલો ક્રોધનો જુસ્સો, માનનો આવેશ આવી જાય. કેમકે આપણે દેખીએ છીએ કે ક્રોધના વિષયમાં આવેલો મનુષ્ય પોતાની છાતી માથું કુટે તે સારૂં લાગે, છતાં પણ તે ક્રોધના આધીન થયો તેથી તે પોતાનું અહિત કરે છે. તેમ અભિમાનમાં આવેલો ના જુવે શેઠ-દેવ-ગુરૂ-ધર્મને. મન માન્યું બોલી દે. અભિમાનના આવેશમાં ચડયો છે તેને લીધે જીવ શી સ્થિતિ કરે છે? જમાલી કોણ?

એક બાજુ ભગવાનનો ભાણેજ અને જમાઈ. ભાણેજ ગણો જમાઈ ગણો, પણ મામા અને સસરાની અદબ કેટલી જોઈએ? જમાલિ મહાવીર મહારાજને કહે છે કે હું કોણ? ગૌતમ જેવો હું નહીં. વિચારો કે અભિમાનથી ગૌતમ જેવા ગણધરો ચૌદ-પૂર્વીઓ આ બધાને તણખલા સમાન ગણે. આ બધા અણસમજુ, હું સમજુ. આ કોણ બોલાવે છે જમાઇ કે ભાણેજપણું? તે કોણ બોલાવે છે? શાસ્ત્રની અપેક્ષાએ તીર્થંકર ભગવાનની આગળ કહે છે. કઈ સ્થિતિ તે વિચારો!

એક સાચું અભિમાનનું વચન. કોર્ટમાં સાચું, તદ્દન સાચું તે સિવાય કંઈ નહિ છતાં ક્રોડાકોડ સાગરોપમ ભટકાવનાર થયું. કયું વચન? કોને રખડાવનાર થયું? રૂષભદેવ ભગવાન પાસે મરીચિએ દીક્ષા લીધી. સેંકડો હજારો રાજપુત્રોને પ્રતિબોધ કર્યા. ભગવાન પાસે દીક્ષા લેવા મોકલ્યા. તેમજ પરિવ્રાજકપણામાં સેંકડો અને હજારો રાજકુમારોને પ્રતિબોધ કરીને ભગવાન પાસે દીક્ષા લેવા મોકલ્યા. છતાં એક મરીચિની માવજતમાં તૈયાર થયો નહીં. કે તમે ધર્મ દેનાર ધર્મદાતા ગુરૂ.

રતિભાઈ જેવા કહે કે કુગુરૂ મનાયા, શાસન ઉત્થાપક, શાસ્ત્રને ઉડાવનારા થયા છતાં મને ધર્મ દેનારા છે તેથી માનવા પડે,

માનવા જોઈએ. પણ ધર્મથી દૂર થયા હોય તો માનવા નહીં.

જેમ અંગારમર્દક આચાર્ય અભવ્ય માલમ પડયા ત્યારે શિષ્યોએ વોસિરે વોસિરે કર્યું, પોતે ધર્મમાં હોય ત્યાં સુધી ધર્મમાં ગણ્યા.

અમુભાઈ જેવા કહે છે જાણું છું કે ઉત્થાપક ઢેઢવાડાવાળાના છે. છતાં મને ધર્મ પમાડનારા છે, તેથી વળગી રહ્યો છું. મિથ્યાત્વીની પ્રવૃત્તિમાં આગળ ધરવાનું બહાનું છે. અહિં વિચારો સાધુપણામાં પરિવ્રાજકપણામાં પ્રતિબોધેલા રાજકુમારોએ તેના સામું જોયું નહીં. અને માવજત પણ ન કરી. કેમ? તો ધર્મ રહિતપણું હોવાથી. તે મરીએ પરિવ્રાજકપણામાં બધા છોડાચેલો છતાં ભગવાનની જોડે ચાલે છે. પછી તેને અપમાનનો કેટલો પાર!

એવી સ્થિતિમાં ભરતે જ્યારે રૂષભદેવજીને પૂછયું કે ભગવાન આ શાસનનો જે ઉદ્યોત મહિમા, જાહોજલાલી કરનારો આ પર્ષદામાં કોઈ બીજો છે? ત્યારે ભગવાન કહે છે કે આ ત્રિદંડી મરીચિ તે સાંભળીને ભરત મહારાજા ત્યાં ગયા અને મરીચિને દ્રવ્ય તીર્થંકરપણે વંદન કર્યું પછી શું બોલ્યો? સાચું, તદ્દન સાચું સાચ સિવાય કંઈ નહીં. મારા દાદા તીર્થંકરમાં પહેલા, મારાં બાપ ચક્રવર્તીમાં પહેલા, હું વાસુદેવમાં પહેલો. અમને કોણ સારા ન ગણે. આ સાચું છે કે નહીં?

રૂષભદેવજી તીર્થંકરોમાં, ભરત મહારાજા ચક્રવર્તીઓમાં અને પોતે વાસુદેવમાં પહેલા ખરા કે નહીં? વાસુદેવોમાં પહેલો હું; ચક્રવર્તીમાં પણ પહેલા મારા બાપ, તીર્થંકરમાં પહેલ કરનાર હોય તો મારા દાદા. આમાં મારી જોડનો કોઈ છે? આખી પર્ષદામાં આ શબ્દ ઝીલનારો છે કોઇ? આ વચન સાચું તદ્દન સાચું! સાચા સિવાય કંઈ નહીં છતાં શાસ્ત્રકાર કહે છે કે—

કોડાકોડ સાગરોપમનું નીચગોત્ર બાંધ્યું. એવા વચનને અંગે કોડાકોડ સાગરોપમનું નીચગોત્ર બાંધ્યું. જે નીચગોત્ર તીર્થંકરપણાના ભવમાં નડયું. દેવાનંદાની કુખમાં આવ્યા, શાને અંગે ? તો સાચું બોલ્યા, તદ્દન સાચું બોલ્યા સાચા સિવાય કંઈ નહિ તેવું બોલ્યા છતાં નીચગોત્રમાં આવવું પડયું. પણ કેમ બોલ્યા, તે કહે. ભુજા અફાલી, પગ ઠપકારીને સભામાં કેમ બોલ્યા તો બીજાને હલકા પાડવા માટે ? દેખાડવા માટે બોલ્યા.

બીજાના તિરસ્કાર અંગે આત્મા નીચગોત્ર બાંધે છે. કેમકે પરપરિભવ પરિવાદાદાભોત્સર્ણાચ બદ્ધને કર્મ **नीचगोत्रमनेकभवकोटि दुर्मोचं** (પશમરતિ.) આત્મોત્કર્ષ પોતાની બડાઈ આનાથી અનેક ક્રોડો ભવો સુધી દરેક ભવોએ ભોગવવું પડે, તેવું નીચગોત્ર બંધાય છે. પણ આ ખ્યાલ જમાલિને રહ્યો ? તમારામાંથી એક તો સાધુ મારા જેવો લાવો ! તેમજ મારા જેવો તસારામાં કોઇ કોઇ નથી, જમાલિ સરખો શિષ્ય, ત્યાગી થયેલો જમાલી ભાણેજ આ વચનો સભામાં બોલે અને ગૌતમાદિને ઘાસ સમાન ગણે. તે શાના પ્રતાપે ? તો અભિમાનના પ્રતાપે.

માટે શાસ્ત્રકારે જણાવ્યું કે, અભિમાનનો આવેશ તમોને કબજામાં રાખશે તે તમને ખબર નહિ પડે. અને નખ્ખોદ કાઢી નાંખશે. પ્રશસ્ત નિર્જરા તે ધર્મની ઉન્નતિ માટે, પણ વ્યક્તિગત સંબંધ ન હોય અભિમાન પણ જો સૂક્ષ્મ બારીક થશે તો ઘાણ કાઢી નાંખશે ! કેમ ? તો બ્રાહ્મી અને સુંદરીના દૃષ્ટાંતો જાણીએ છીએ ! તેમાં શું હતું ?

ભરત-બાહુબલિના જીવ પહેલા સાધુની વૈયાવચ્ચ કરનારને, બ્રાહ્મી સુંદરી જેવા જીવો તે અભ્યાસવાળા લબ્ધિવાળા. દુનિયામાં નિયમ છે જે વખતે રસોડાની વાત હોય તો રસોઇયાની વાત થાય. તેમ દરેક વખતે જે જે પ્રસંગ હોય તે તેને લાયક જે મનુષ્ય હોય તો તેની પ્રશંસા થાય. આ તો સામાન્ય નિયમ.

અહિં વૈયાવચ્ચનો પ્રસંગ છે ત્યારે ગુરૂ મહારાજ કહે છે કે આખા ગચ્છને શાંતિ સમાધિ આ બેના પ્રતાપે છે. માટે શાબાસ છે. દુનિયામાં નાનો ભાઈ પરણતો હોય અને તેના ગીત ગવાતા હોય તો મોટા ભાઈને કંઈ લાગતું નથી. કારણકે અત્યારે તેના લગ્નનો પ્રસંગ છે.

બ્રાહ્મી અને સુંદરીના જીવે વિચાર કર્યો કે જગતમાં જે સ્થિતિ છે તે સ્થિતિ અહિં ત્યાગીઓમાં છે તેમાં ફેર નથી. કેમ? તો કરે તેને ગામ, વખાણે કોણ? તો કરે તેને. આ બે વૈયાવચ્ચ કરનારા તેને આચાર્ય મહારાજ વખાણે છે. આપણને નથી વખાણતા વસ્તુમાં કંઇ છે?

છતાં શાસ્ત્રકાર કહે છે કે એટલા વિચારમાં "કરે તેને વખાણો" તેટલામાં "**कार्यकृत् गृह्यते**" કામ કરનારાનો પક્ષ મનુષ્ય કરે તેમ આચાર્ય મહારાજ કામ કરનારનો પક્ષ કરનારા છે. તેથી પ્રશંસા કરે છે. આનું ફલ શું આવ્યું? તો મિથ્યાત્વ ગુણઠાણે આવ્યા અને સ્ત્રીવેદ બાંધ્યો આ વચન દુનિયામાં નવું નથી. તેમ ખોટું નથી છતાં મિથ્યાત્વ ગુણઠાણું તથા સ્ત્રીવેદનું બંધાવવું થયું. અભિમાનને અંગે મને કેમ વખાણતા નથી? તેને કેમ વખાણે છે? બીજાઓ કરે છે તેથી વખાણે છે.

આચાર્યના મનમાં ગુણરાગ છે તેથી વખાણે છે. તો આવાનય સમકિતની વૃદ્ધિ કરે છે. અને કરે તેને વખાણે તો આ વાકયે સમકિતનો ઘાત કર્યો. મને કેમ વખાણ્યો, પ્રશંસ્યો નહિ? મારી શ્રદ્ધા કેમ ન કરી? બીજાના તિરસ્કારથી નિંદાથી અને આત્માની ઉત્કર્ષતાથી દરેક ભવે વેદતા વેદતા અને અનેક ભવે ન છુટે તેવું નીચ ગોત્ર બંધાય છે. આ જમાલી માનના વેગમાં તણાઇને મામા–સસરા ને તીર્થંકરની આગળ બોલતાં શરમાયો નહીં. તો કહો કે આ જીવ અનાદિ કાળથી વિષયની, વિચારની, કષાયના આવેશોની પાછળ વેગથી દોડયો.

એક પ્રપંચ કરવો હોય તો તેને અંગે એ ન વિચારે કે તેનું પરિણામ શું ? મલ્લિનાથજીના પૂર્વ ભવનો વિચાર કરો ! દીક્ષિત થયા, મિત્રો પણ સાથે દીક્ષિત થયા છે. ત્યાં ભાવના કરી કે હું વધારે તપ કરૂં. આ બધામાં હું મોટો અને હું તપ વધારે કરૂં તો અહિં મોટો થાઉં. પારણાને દિવસે પેટ દુખાડયું. આ જે કર્યું તે અને પછી તપસ્યાની વૃદ્ધિ અંગે કરેલી માયા એ મિથ્યાત્વ અને સ્રીગોત્ર બંધાવ્યું. તો પછી બીજી માયાનું પુછવું શું ?

જે માયા શાસનનું નખોદ વાળવા કે ઉથલાવવા માટે હોય તો તેનું શું થાય ? તીર્થંકરના જીવને સાધુપણામાં રહેલાને માયા લાગે છે, મિથ્યાત્વમાં અને સ્રીવેદમાં. પછી બીજી માયાનું શું પૂછવું ? ધર્મની થતી હેલના થતી અટકાવવા માટે કરાતી માયા તે વાત જુદી ! પણ હેલના રૂપ ન હોય તો ધર્મના નામે માયા ન હોય. शुद्धागमैर्यथालाभं (हारि० अष्टक) માલી પાસે ફુલ લેવાં હોય તો બે વધારે લે, માણસને કહે કે પૈસાના કેટલા ફુલ ? તો પાંચ, તો પાંચના આપ ! પાંચ પાંચ ૨૭ લાવ. તો આ શું કહેવાય. તેનો નિષેધ કર્યો ?

ચૌદ રાજલોકના અભયદાન રૂપ સાધુપણું, તેમાં લોભ તેને અંગે શાસ્રકાર કહે છે કે આ મુહપત્તી સારી એટલી ઇચ્છા અગી-યારમાં ગુણઠાણેથી પાડે છે. તે કેમ ! મુહપત્તી જયણાને માટે છે ત્યાં સુધી ઉપકરણ બુદ્ધિ, અને સારી ફક્કડ. આ શબ્દો જ્યાં લાગ્યા ત્યાં શું ? મુહપત્તી-દાંડા જેવા ઉપકરણને અંગે સારા અને ફક્કડ જેવા શબ્દો ધ્યાનમાં આવે તો અગીયારમાંથી નીચે પટકાય ?

જીવસમાસમાં કહેવામાં આવ્યું કે અગીયારમા ગુણઠાણે ગયેલો લોભના ઉદયે ત્રીજે જાય. સાધુ થયેલા પાંચ મહાવ્રતધારી ત્યાગી થઈને અગીયારમા ગુણઠાણે ચડયા તેને લોભનો ઉદય શો ? ત્યારે કહ્યું કે ત્યાં મુહપત્તી અને દાંડાને અંગે લોભનું સ્થાન. ઉપકરણપણાની, જયણાના સાધનપણાની બુદ્ધિ રહે તો ઉપકરણ, પણ જ્યારે ફક્કડ-સુંદર ત્યારે કયાં ગયા ? તો અગીયારમાથી

*

ખસ્યા, એટલામાં કેટલું નુકશાન ? તો અગીયારમાથી પડે ત્યાંથી પડતાં કે પહેલે જતાં વાર ન લાગે.

લોભ પણ કેવો ? તો ફક્કડ, સુંદર શબ્દ માત્ર. આ કોના અંગે નુકશાન ? તો **મનના વેગો, ક્રોધ, માન, માયા, લોભના વેગો તેની પાછળ ભમ્યા તેથી સંસાર થયો.**

વિષય, વિચાર, વેગની પાછળ વેગથી દોડયો પણ. હવે તેનો ઉદ્ધાર ક્યાં ? તો **વીતરાગની પાછળ વેગથી દોડે તો ઉદ્ધાર છે.** વીતરાગની પાછળ વેગથી દોડવું એટલે શું ? તો મને ગમે કે ન ગમે, મને સારૂં લાગે કે ન લાગે, મને રુચે કે ન રુચે પણ **વીતરાગ મહારાજ કહે તે કરવું જ જોઈએ.** ગમ્યું તો ગાંગલી ઘાંચણનું કહેલું માનો છો. તો તે અને વીતરાગ ભગવાનમાં ફરક કયો ?

વીતરાગપણાની કીંમત કઈ ? તો ગમે કે ન ગમે પણ એમનું વચન માનવા લાયક-કરવા લાયક.

આ સિદ્ધાંતવાળા વીતરાગની પાછળ વેગથી વર્તનારા ગણાય. તે કેવા હોય છે ! તો જણાવે છે કે માળવાનો રાજા ચંડપ્રદ્યોત કૌશાંબીના રાજા શતાનીકની પત્ની મૃગાવતીનું ચિત્ર જોઈ ચલચિત્ત થઈ ગયો. તેથી રાજનીતિ, કુટુંબની આબરૂ, સગા-વહાલાનો સંબંધ ન ગણ્યો અને સીધું માંગણું. હવે કાળજાની કાળાશમાં બાકી હશે ખરૂં ?

દુનિયામાં લેણ-દેણમાં બાંધ છોડ હોય, પણ અમુકમાં બાંધ-છોડને કારણ ન હોય. બહેન-બેટીની. માંગણી હોય ! પણ વહુ કે માની માંગણી ન હોય ! કેમ ? તો તેમાં બાંધ-છોડનો સંબંધ નહી. જ્યાં શતાનીક પાસે રાણીની માંગણી કરી ત્યારે સીધો નકારનો જવાબ કહેવો પડે.

ત્યારે શતાનીકે કહેવડાવ્યું કે તારી માંગણીથી તારૂં નફ્ફટ પણું છે. તને રાજાપણું કે નીતિ કે ધર્મનો પણ ભય નથી ! એક માણસ એક વખત નાગો થયો તેને પાછળના ભાગે વાળ. તો નાગો

કહે છે કે મારે છાંયડો થયો. તેને જવાબ દેવામાં વાંધો આવતો નથી, પેલાએ શતાનીકે કહેવડાવ્યું છતાં ન ગણકાર્યું. પણ ચૌદ મુકુટબંધ રાજા કહેવાય પણ કેવા ! તો જેમ કૃષ્ણ મહારાજે પોતાની પુત્રીને જેમ જણાવ્યું કે તને ગમે ત્યાં પરણાવીશ તથી તારા દેશમાં રાણીપણું પણ મારી સભામાં દાસી ગણાઈશ, તેમ આ ચૌદ રાજાની સ્થિતિ જાણવી.

ચૌદ મુકુટબંધ રાજાના લશ્કર સહિતના લશ્કર સાથે લઢવા આવ્યો. દુરાચારીના સાથમાં સાથ આપનારા મળશે. શતાનીક ન્યાયને અંગે પ્રામાણિક હતો છતાં તેને અંગે સથવારો કોઈ નહીં. કાલની વિષમતાએ શતાનીક મરી ગયો.

હવે મૃગાવતીની વલે ? શી પરંતુ એક વાત ધ્યાનમાં રાખવી કે ધર્મને કરવાવાળા, શીલને પાળવાવાળા તે નિર્બુદ્ધિ થાય તો પોતાનું કાર્ય ન કરી શકે. આ બાજુ મૃગાવતીએ કહેવડાવ્યું કે. હવે હું તારે આધીન છું ને મારૂં રક્ષણ કરનાર નથી તેથી તારે શરણે આવી.

ચંડપ્રદ્યોતન કહ્યા પ્રમાણેની કબુલાતના અર્થમાં વાકયને લઈ ગયો. પેલીએ કહ્યું કે મારો કુંવર બાળક છે માટે આ શહેર મજબુત થવું જોઇએ. ભંડાર ભરાવો જોઈએ. ચંડપ્રદ્યોતને ઉજજયિનીથી ઈંટો લાવીને કિલ્લો બંધાવ્યો, ભંડારો પણ ભરી દીધા ત્યારે મૃગાવતી કહે કે હું તારે શરણે ! શાના માટે ? તો બચાવને માટે, પણ મારૂં જીવન બગાડવા માટે નહીં. ત્યારે ચંડપ્રદ્યોતન વિચારે કે માયાના વચનમાં બનાવી દીધો ત્યારે ચંડપ્રદ્યોતને દેખ્યું કે હવે આધીન થઈને શરણાગતિ થઇ ગઈ છે, તે ચોક્કસ ત્યારે આને તો હું તારે શરણે બચી શકું પણ તારૂં કહ્યું કરવા માટે નહીં, હવે ચંડપ્રદ્યોતનની બુદ્ધિ ખોવાઇ ગઇ. દુનિયા કહે કે રાંડે બનાવી દીધો, હવે એના મનમાં વેગ કેટલો ? ચારે બાજુ ઘેરો ઘાલીને બેઠો છે. આ વખતે ચંડપ્રદ્યોતનનું ચંડપણું કેટલું ?

હવે તેટલામાં મહાવીર મહારાજ સમવસર્યા. ત્યારે મૃગાવતી દરવાજો ખોલીને નીકળી, ત્યારે રાજા અડકયો નહીં. સમવસરણમાં

રાજા અને મૃગાવતી પર્ષદામાં સાથે બેઠા. શહેરમાંથી સમવસરણમાં જઈ શકે અને સમવસરણમાંથી શહેરમાં જઇ શકે તેમાં રોકટોક નહીં. આનું નામ વીતરાગની પાછળ દોડયો ગણાય. આનું નામ ધર્મની પાછળ દોડયો ગણાય.

## જન્મ સફળ કરવો હોય તો વીતરાગની પાછળ દોડો

વીતરાગ મલતા નથી વીતરાગ વિનંતિ સ્વીકારતા નથી. વાત સાંભળતા નથી, તે કંઇ કહેતા નથી. આવા વીતરાગ તો તેમની પાછળ દોડવાનું કયે રસ્તે ? તો તેમના વચનને અંગે વીતરાગના વચનનો જેઓ આદર કરે છે તે આત્માના હિતની ઇચ્છાવાળા આત્માના હિતની ઈચ્છાળો વીતરાગના વચનોનો આદર કરે તો તેને તીર્થંકર ગુરૂ અને ધર્મની આરાધના થયેલી છે.

મારે વીતરાગના વચન પાછળ દોડવાવાળો મનુષ્ય દેવ ગુરૂ ધર્મનો આરાધવાવાળો થાય જે આ પ્રમાણે આરાધના કરે તે મોક્ષસુખમાં વિરાજમાન થશે.

### ધ્યા...ન...માં લે...વા જે...વું

- કોઇ દિવસ વીતરાગનો જન્મ ન થાય, જન્મ્યા પછી ભલે વીતરાગ થાય !

વીતરાગ હોય ને જન્મ થાય એવું બને જ નહીં ! કર્મ વગર કોઈનો જન્મ થાય જ નહીં, દરેક જીવને કર્મ અને તેના પરિણામરૂપ રાગ-દ્વેષ હોય જ !

એટલે વીતરાગના શાસનની આરાધનાથી રાગ-દ્વેષ દૂર કરી કર્મના બંધનો દૂર કરવા મથવું જેથી જન્મ-મરણની ઘટમાળ ન ચાલે.

—શ્રીભગવતીસૂત્ર વ્યાખ્યાનો ભા. ૨ માંથી

# આગમ જ્યોત

વીરનિ. સં. ૨૪૯૬ | વિ. સં. ૨૦૨૬

जिणो भासेइ
अरिहा तित्थयरे

આગમો સં૦ ૧૯ | વર્ષ ૪ | પુસ્તક ૩

## આદ્ય ઉપદેશક
## તીર્થંકર ભગવાન જ કેમ?

### ઉપદેશપ્રવર્ત્તક પરમાત્મા પરમેશ્વર

ત્રિકાલજ્ઞાની ભગવાન્ જિનેશ્વર મહારાજાઓએજ સ્વયંસંબુદ્ધ-પણાના પ્રતાપે આ સંસારને સમુદ્ર જેવો દાવાનલ જેવો અને ભયંકર જંગલ જેવો જાણ્યો, માન્યો અને તેને લીધેજ તેનાથી પોતાના આત્માનો બચાવ કરવા જગત્ના કોઈપણ અન્ય જીવોથી વર્તનમાં નહિ મ્હેલાતા એવા ત્યાગમાંજ નિરૂપાધિતા અને પરમ સુખ છે એવી માન્યતા નક્કી કરીને કંચન આદિ વ્યાવહારિક પદાર્થો સ્ત્રી પુત્ર આદિ કૌટુંબિક પદાર્થો શરીર આદિ આત્માની સાથે લાગેલા પદાર્થો યાવત્ તે સર્વના સંયોગે અવનવા ભવ પરાવર્ત્તન રૂપ વેષ પરાવર્તન કરાવનારા કર્મના સૂક્ષ્મપુદ્ગલો સર્વથા ત્યાજ્ય છે, એવી માન્યતાને આગળ કરી સંયમમાર્ગને આદરે છે.

જગત્ના જીવો અનેક પ્રકારના પોતાના વ્યવહારમાં લીન

હોવાને લીધે તેમને સંયમમાર્ગને આદરવાની ચિંતા ક્યાંથી લાગે? પણ સંયમમાર્ગનો અંગીકાર કરવા એ આ સંસારનો ત્યાગ કરવાથી અથવા પોતે દુઃખરૂપ, દુઃખહેતુક અને દુઃખફલક તરીકે માની લીધેલા આરંભ પરિગ્રહ અને વિષય કષાયનો ત્યાગ ક્યાંથી જાણે? વિપક્ષી થઈ વિરોધી થયા ન હોય એમ ગણીને અનેક પ્રકારના પરીષહો અને ઉપસર્ગોનો વરસાદ વરસાવે છે.

છતાં ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકરો તો અનેક જન્મોથી જગત્‌ના ઉદ્ધારની ભાવનાવાળા હોવાથી તે જગત્‌ના અજ્ઞાન પ્રાણીઓએ કરાતા ઉપસર્ગો અને જાણે કાલપુરૂષ પણ જાણે ભવસ્થિતિ અને કાયસ્થિતિ રૂપ પોતાના પંજામાંથી (જેને આધીન નિગોદથી માંડીને સર્વ પ્રકારના જીવો રહેલા છે.) આ નિકળી જવા તૈયાર થયેલા મહાપુરૂષને જાણે પાછા પાડી પોતાના કબજામાં લેવા મથતો હોય, તેમ શીત ઉષ્ણ વગેરે દ્વારા અનેક પ્રકારની પીડા ઉપજાવે તો પણ મોક્ષના માર્ગથી આત્માને પતિત થવાનો પ્રસંગ તો દૂર રહ્યો, પણ વધતાં અટકી જવાનો પણ પ્રસંગ નહિં ઉભો થવા દેતાં તેજ ઉપસર્ગો અને પરીષહોના જોરેજ તેની સાથે વધવાની હોડ કરી ન હોય તેવી રીતે મોક્ષમાર્ગની સીડી ઉપર સપાટે ચઢવાનો વેગ મેળવે છે,

તેમજ વર્ષો સુધી અખંડધારાએ આત્માના ઉદયના માર્ગમાંજ વધતા પરિણામને આધારે પરોપકારી જગત્ પરમેશ્વર અનાદિકાલથી પ્રવાહે કરીને લાગેલાં જ્ઞાનાવરણીય આદિ ઘાતિકર્મોનો બંધ ઉદીરણા અને સત્તાથી નાશ કરી નાંખે છે. અને વાદલની ઘટા જેમ પવનના પ્રબલ, પ્રયાણથી નાશ પામે ત્યારે સહસ્ર કિરણ સૂર્યનારાયણ પ્રકાશી સર્વ જગત્‌નો ઉદ્યોત કરી દે છે, તેવી રીતે વાદલની ઘટા જેવાં ઘાતિકર્મોનાં ક્ષય થવાથી આત્માના સ્વભાવ રૂપ એવા કેવલજ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે અને તે કેવલજ્ઞાન-દર્શન પોતાની પ્રગટતાના સમયથી સકલ રૂપી અરૂપી સૂક્ષ્મ બાદર દૂર નજીક આંતરવાળા કે આંતરા વગરના સર્વ પદાર્થોનો સાક્ષાત્કાર કરે છે.

## પરમ પુરૂષ પરમાત્માની ભાવના

ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકર પરમાત્માને જ્યારે આત્માના ગુણોને આવરનાર સમગ્ર કર્મનો પહેલાં તો નાશ થઇ આત્માના ગુણો સર્વ પ્રકારે સર્વે પ્રકાશિત થાય છે, ત્યારેજ તે પરમાત્માને જગતના સર્વ જીવોનું જન્મ જરા મરણ રોગ શોક આધિ અને ઉપાધિથી વ્યાપ્તપણું અને તે સર્વનું કારણ જે અજ્ઞાન તે ટાળવાની દયા જાગૃત થાય છે. સામાન્ય રીતે જગતમાં પણ પરદુઃખને સમજનારો મનુષ્ય તે દુઃખી મનુષ્યના દુઃખને ટાળવા માટે શક્તિ પ્રમાણે પ્રયત્ન કર્યા સિવાય રહેતો નથી. તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ જ્યારે જન્મ-જરા આદિના કારણભૂત કર્મોના બંધનથી રહિત થઇ ગયા હોય અને શેષ જગતના સર્વજીવોને જન્મ-જરા-મરણાદિથી વ્યાપ્ત થએલા દેખે તો તેમના ઉદ્ધાર માટે ભગવાન્ પરમાત્મા પ્રયત્ન કરે તેમાં આશ્ચર્ય નથી.

## પરમાત્મા કેવલી થાય ત્યારેજ ઉપદેશક કેમ ?

જો કે તીર્થંકર પરમાત્માઓ પોતાના છેલ્લા ભવમાં આવે ત્યારે ગર્ભદશાથી પણ મતિ શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાનો ધારણ કરનારા હોય છે, કોઇપણ કાલ એવું થયું નથી થતું નથી કે થશે પણ નહિ કે ભગવાન્ જિનેશ્વર દેવો ચ્હાય તે ભવથી આવેલા હોય તો પણ મતિ શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન ધારણ કરનારા ન હોય. અર્થાત્ સર્વ કાલ સર્વ ક્ષેત્રના સર્વ તીર્થંકર મહારાજા ગર્ભદશાથી ત્રણે જ્ઞાન ધારણ કરનારાજ હોય છે.

આ ઉપરથી એ પણ નક્કી થયું કે સર્વકાલ અને સર્વક્ષેત્રના સર્વ તીર્થંકરો પ્હેલા ભવથીજ સમ્યગ્દર્શનને સાથેજ લાવે છે. કેમકે સમ્યગ્દર્શનના સહચાર વિના સમ્યગ્જ્ઞાનની હયાતી હોયજ નહિં. અથવા મિથ્યાદર્શન એટલે તત્ત્વની શ્રદ્ધા રહિત દશામાં સમ્યગ્જ્ઞાન હોયજ નહિ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને સહચારી-પણુંજ છે. એ બન્ને એવા સહચારી છે. કે એક વિના એક હોય

જ નહિં જેમ સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન ન હોય અને સમ્યગ્જ્ઞાન વિના સમ્યગ્દર્શન ન હોય તેમ સમ્યગ્દર્શન હોય ત્યાં મિથ્યાજ્ઞાન કે મિથ્યાદર્શન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન પણ નજ હોય.

એટલું જરૂર છે કે સમ્યગ્દર્શન ક્ષાયોપશમિક ઔપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારે છે. તેમાં તીર્થંકર પરમાત્માનો જીવ પ્હેલા ભવમાં તીર્થંકર નામકર્મની નિકાચના કરે ત્યાર પછી ઔપશમિક સમ્યક્ત્વ કે જે માત્ર બે ઘડીનીજ સ્થિતીવાળું અને મિથ્યાત્વને લાવવાવાળું છે, તેવા તે ઔપશમિક સમ્યક્ત્વને નિકાચના પછીના પ્હેલા ભવમાં કે તીર્થંકર પરમાત્માના ભવમાં ધારણ કરતા નથી.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તીર્થંકર નામકર્મની નિકાચના કર્યા પછી મુખ્યતાએ ક્ષાયિક સમ્યક્ત્વવાળા હોય અને કદાચ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કે જેમાંથી ક્ષાયિક સમ્યક્ત્વની ઉત્પત્તિ થયા વિના રહે નહિં, તેવા ક્ષાયોપશમિકસમ્યક્ત્વને ધારણ કરનારજ હોય છે.

જો કે શાસ્ત્રોમાં ઉપશમશ્રેણિ અને ઉપશાન્ત ગુણઠાણે પણ તીર્થંકર નામકર્મની સત્તા માની છે, પણ તે સત્તા સામાન્ય તીર્થંકર નામની સમજવી, પણ નિકાચિત તીર્થંકર નામકર્મની સત્તા ઉપશમશ્રેણિ કે ઉપશાન્ત મોહે માનવાની નથી. અને સામાન્ય તીર્થંકરનામ કર્મની સત્તા તો મિથ્યાત્વ ગુણઠાણે પણ હોય છે, અને હોય તેમાં આશ્ચર્ય નથી. કારણ કે તીર્થંકર નામકર્મની સ્થિતિ અંતઃકોટાકોટી સાગરોપમની છે.

અને અંતઃસાગરોપમ કોટાકોટીનો કાલ કોઇ જીવની અપેક્ષાએ પણ સમ્યક્ત્વને રહેવાનો હોયજ નહિ અને ક્ષાયિકસમ્યક્ત્વ તો ત્રણ ચાર ભવથી વધારે ભવ કરાવનારજ થાય નહિ.

જો કે તિર્થંચની ગતિમાં પણ તીર્થંકર નામકર્મની સત્તા માની છે પણ તે તીર્થંકર નામ કર્મ અનિકાચિત હોય તોજ

તિર્યંચ ગતિમાં તે જીવ જાય. પણ તીર્થંકર નામકર્મની નિકાચના કર્યા પછી કોઈ પણ જીવ તિર્યંચની ગતિમાં જાયજ નહિં. જેમ ક્ષાયિકસમ્યક્ત્વને પામેલો જીવ હોય તે જો કે પ્હેલાં આયુષ્ય બાંધ્યું હોય છતાં એટલે તે ભવમાં મોક્ષ ન જાય એવો છતાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ પામે, પણ એટલું તો નક્કીજ કે જે જીવે ક્ષાયિકસમ્યક્ત્વને પામવા પ્હેલાં પણ તિર્યંચનું આયુષ્ય ન બાંધ્યું હોય તેજ જીવ ક્ષાયિકસમ્યક્ત્વને પામી શકે.

તેવી રીતે શ્રીતીર્થંકર નામકર્મની નિકાચનાને અંગે પણ એટલું તો ચોક્કસ સમજવું કે શ્રીજિનનામ નિકાચના મનુષ્ય ભવમાંજ થઈ શકે છે અને બીજા તિર્યંચઆદિભવોમાં દેશવિરતિ સાથેના સમ્યગ્દર્શન અને સમ્યગજ્ઞાન છતાં પણ શ્રીજિનનામકર્મની નિકાચના થતી નથી.

વળી જેમ ક્ષાયિકસમ્યક્ત્વ પામેલો જીવ તિર્યંચગતિમાં જતો નથી, તેવી રીતે જિનનામને નિકાચિત કરનાર જીવ પણ તિર્યંચની ગતિમાં જતોજ નથી. પણ ક્ષાયિક સમ્યક્ત્વવાળો અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલીયામાં જાય છે, પણ જિનનામકર્મને નિકાચિત કરનારો તો ત્યાં પણ જતો નથી.

આ બધાની મતલબ એ જ કે ભગવાન જિનેશ્વર મહારાજાઓ પ્હેલા ભવથી મુખ્યતાએ ક્ષાયિક કે ક્ષાયોપશમિક, સમ્યક્ત્વને સાથે જ લાવે છે, અને જ્ઞાન તો ઔપશમિકભાવનું હોતું જ નથી, અને ક્ષાયિકભાવના જ્ઞાનવાળાને જન્મ લેવાનો હોતો નથી, માટે ક્ષાયોપશમિકજ જ્ઞાન સાથે લાવે છે.

એટલે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ ગર્ભદશાથી ક્ષાયિક કે ક્ષાયોપશમિક સમ્યગ્જ્ઞાનવાળાજ હોય છે અને જ્યારે તે ભગવાન્ સંયમને ગ્રહણ કરે છે, ત્યારે તો તેઓને મનઃપર્યય. જ્ઞાન ઉત્પન્ન થાય છે. આટલી બધી ઉંચી સ્થિતિમાં આવ્યા છતાં પણ તેઓ બીજા અજ્ઞાની કે સામાન્ય ગુણવાળાઓને

ધર્મોપદેશ આપી સન્માર્ગ દેવા દ્વારાએ કેમ તારતા નથી?

આ શંકા જરૂર થાય તેના સમાધાનમાં સમજવાનું કે જેમ દેવતાની સિદ્ધિદ્વારા મહામારિને નિવારવાની શક્તિવાળો ઉપકારી પુરૂષ સામાન્ય રીતે તે મહામારિને નિવારવાનો બાહ્ય ઉપચાર જાણુતો હોય અને દેવતાના સાધનામાં થોડો વખત તે સામાન્ય ઉપાય ન થાય અથવા ન કરે તેમ ત્રિલોકનાથ ભગવાન્ તીર્થંકર ભગવાનો કેવલજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થને સ્થાપીને તે તીર્થ પ્રવર્તાવવા દ્વારા જે અમોઘ ઉપાય ભવ્યજીવોને સંસાર સમુદ્રથી ઉદ્ધરવા માટે કરવાનો છે તેને અંગે કેવલજ્ઞાન ઉત્પન્ન થવા દ્વારા પ્રયત્ન કરી તીર્થની સ્થાપના કરવામાં તેઓ કટીબધ્ધ રહે છે.

## શ્રી લલિત વિસ્તરાના 'આકાલ'નો ખુલાસો.

ભગવાન શ્રીજિનેશ્વરમહારાજાઓ જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્યથી સમ્યક્ત્વ થયા પછી અને નિયમિતપણે વરબોધિ પ્રાપ્ત થયા પછી પરોપકાર કરનારા કે પરોપકારની નિયમિત પ્રવૃત્તિવાળા હોય છે, તો પછી **ભગવાન શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ** પ્રણિપાત દંડકની વ્યાખ્યા કરતાં **आकालमेते परार्थव्यसनिनः** એમ શ્રીતીર્થંકરમહારાજાઓનુ સ્વરૂપ જણાવતાં ભગવાન્ શ્રીજિનેશ્વરમહારાજાઓને સર્વકાલમાંજ પરોપકાર કરવાના વ્યસનવાળા કેમ જણાવે છે? અર્થાત્ શ્રીજિનેશ્વરભગવાન સર્વ-કાલ એટલે સમ્યક્ત્વ પામ્યા હોય કે ન પામ્યા હોય તો પણ સર્વકાલમાં પરોપકારને કરવાવાળાજ હોય છે, એમ માનવું કે સામાન્યથી સમ્યક્ત્વની અનુકંપાને લીધે અને વિશેષે વરબોધિ થયા પછી પરોપકારમાં રમણતાવાલા હોય છે એમ માનવું?

આ શંકાના સમાધાનમાં પ્રથમ તો સર્વશબ્દથી વિવક્ષિત સર્વ લેવાથી સમ્યક્ત્વ કે વરબોધિથીજ પરોપકારી કહી શકાય, ભગવાન જિનેશ્વરના જીવોથી કોઈ જીવને પણ કોઈ કાળે અપકાર થયા નથી, પણ પરોપકાર નિયમિત થયા છે, એમ તો કોઈપણ

ભગવાન મહાવીર મહારાજાના ભવોના વર્ણનને જાણનારા તો કહી શકે જ નહિ.

ખરી રીતે તો આ બધું વર્ણન ભગવાન તીર્થંકર ભવને અંગેજ સર્વકાલને માટે લાગુ કરવાનુ છે, અર્થાત્ જ્યારે જ્યારે જે જે તીર્થંકરો થાય તે તે જીવો તીર્થંકરપણાના જન્મમાં આવા સ્વરૂપવાલાજ હોય છે, અને તેથી સમ્યક્ત્વ કે વરબોધિની પ્રાપ્તિથી થતી પરોપકારિતાની નિયતતામાં ત્યાંજ જણાવેલું પહેલાનું અશુદ્ધ પણું તથાભવ્યત્વને અંગે ઘાતીકર્મના લઈ શકાય છે.

તેવી રીતે તીર્થંકરભવને અંગે ઘાતિકર્મના ક્ષયની પ્હેલાંની અવસ્થાને અશુદ્ધભવ્યતાની સાથે સરખાવી શકાય તેમ છે, અર્થાત્ એક તીર્થંકરની સર્વ અવસ્થાને અંગે "આકાલં" પદ લગાડવું હોય તો વિવક્ષિત સર્વકાલ લેવો, વ્યાખ્યાથી વિશેષ સમજવો પણ મૂલશબ્દ માત્રથી વિરૂદ્ધ ન બોલવું અને સર્વતીર્થંકરોના અન્ત્યભવની અવસ્થાની અપેક્ષાએ લઈએ તો એ પદ નિરૂપચરિતપણે નિરવશેષ સર્વને કહેનાર થાય છે.

અર્થાત્ બન્ને અપેક્ષાએ સમ્યક્ત્વ વરબોધિથી કે અંત્યભવમાં પરોપકારિપણુ કે પરોપકારિપણુ જ હોય એમ લેવામાં કોઇ વિરોધ નથી.

## ભગવાન જિનેશ્વરો જન્મથી ઈંદ્રાદિકોથી આરાધ્ય કેમ ?

જૈન જનતામાં એ વાત તો જાણીતી છે કે કોઇ પણ જીવ અનાદિથી કર્મરહિત નથી, અથવા કર્મરહિત થવાના સાધનો જે જ્ઞાનાદિ છે તે વાળો પણ અનાદિથી નથી. જો કોઈપણ એક કે અનેક જીવને અનાદિથી શુદ્ધ કે શુદ્ધપણાના સાધનોને ધરાવનાર માનીએ તો પછી સર્વજીવોને તેવા કેમ ન માનવા? અથવા જીવતત્ત્વ એક રૂપે કેમ માની શકીયે ? તેમજ કેટલાક આત્મા અના

દિથી મલિનજ હોય અને કેટલાક આત્મા અનાદિથી શુદ્ધજ હોય એમ જીવપણાની સર્વમાં સરખાવટ છતા કયા કારણથી માનવું?

આત્માનો સ્વભાવ જો કર્મ કરવાનો અને કરેલા કર્મના ભોગે ભોગવવાનોજ છે તો પછી જે જીવો અનાદિથી શુદ્ધ હોય, તેનો તે સ્વભાવ તો કોઇ પણ કાલે હતોજ નહિ એમ માનવું પડે. અને તેનું કારણ પણ કાંઈક જુદું માનવું પડે. શુદ્ધ શબ્દજ તેઓને લાગુ પડી શકે કે જેઓ પ્હેલાં અશુદ્ધ હોય. કેમકે ભુતકાલનો કૃત પ્રત્યય લાવીને શુદ્ધ શબ્દ બનાવતાં શુદ્ધ થવાની ક્રિયાનો વર્ત્તમાનકાલ થયેલો હતો એમ માનવું પડે.

## અનાદિ શુદ્ધ આત્માઓ કેમ ન માનવા?

કદાચ એમ કહેવામાં આવે કે જૈનોના હિસાબે જેમ આત્માના આઠ રૂચક પ્રદેશો અનાદિકાલથી મિથ્યાત્વાદિ વિનાના માનવામાં આવે છે. અને તે જ કારણથી તે આત્માના આઠ રૂચક પ્રદેશોને કોઈપણ ઘાતી કે અઘાતી કર્મ લાગતાં નથી, અને તેથી જ તે આઠ રૂચક પ્રદેશોને કોઇપણ જાતના ઘાતી કે અઘાતી કર્મને ભોગવવાનું હોતું નથી. એવી રીતે કોઇ આત્મા તેવો અનાદિથી મિથ્યાત્વાદિ વિકારો વગરનો હોય અને તેને ઘાતી કે અઘાતી કર્મ ન વળગ્યાં હોય અને તેથી તે આખો આત્મા અનાદિથી શુદ્ધ હોય તેમાં આશ્ચર્ય શું? આ કહેવું વ્યાજબી નથી.

કારણ કે આઠ રૂચક પ્રદેશ સિવાયનો આખો આત્મા ખલખલતા ઉના પાણીની પેઠે ચલાયમાન હોવાથી કર્મને બાંધે ભોગવે અને મિયાત્વાદિવાળો હોય છે. અને તે આઠ પ્રદેશનો ઉપયોગ જુદો નથી, તેમજ તેની શુદ્ધિનો પણ કંઇ ઉપયોગ નથી, તો તે પ્રદેશોને સ્વતંત્ર ઉપયોગ અથવા તો ચારિત્રાદિગુણો નથી અને તેથી જ નથી તો કેવલજ્ઞાનનો અનાદિભાવ માન્યો કે નથી તો સમ્યક્ત્વના ભેદોમાં પારિણામિક ભાવ દાખલ કર્યો.

કદાચ શાસ્ત્રકારોએ જણાવેલા ભાવો અશુદ્ધ આત્માની અપેક્ષાએ જ માનીયે અને જેમ અનન્ત વખત દરેક જીવને નવ-ગ્રૈવેયકમાં ઉત્પત્તિ માની છતાં તે પક્ષ વ્યવહારરાશિમાં અનંત-કાલથી આવેલા જીવને અંગે તે ઉત્પત્તિ ગણી અને અવ્યવહાર રાશિવાળા જીવોને બાદ કરવામાં બાધ આવતો નથી. તેમ ક્ષાયિક ઔપશમિક આદિ ભાવોના નિરૂપણમાં તેવા અનાદિ શુદ્ધ જીવો બાદ કરાય તો અડચણ શી? પણ શાસ્ત્રના શ્રદ્ધાવાળા અને સમજદાર મનુષ્યથી આમ કહી શકાયજ નહિ.

કારણ કે પ્રથમ તો મતિઅજ્ઞાનાદિ અનાદિની સ્થિતિ વગેરે અવ્યવહારરાશિને જેમ જણાવનાર એ ચોકખું છે, તથા ચારિત્રથી જ નવગ્રૈવેયકે જઈ શકાય, અને તે ચારિત્ર મનુષ્ય ગતિમાંજ હોય, અને તેવો ચારિત્રવાળો પણ મનુષ્ય ભવ પણ અનન્ત કાલ વ્યવહારરાશિમાં પર્યટન કરનારને જ મળે, તે અપેક્ષાએ વ્યવહાર-રાશિમાં અનન્તકાલથી આવેલા માટેજ તે ગ્રૈવેયકપ્રાપ્તિને જણાવનાર સૂત્ર હોય તેમાં આશ્ચર્ય નથી, પણ અનાદિથી શુદ્ધ આત્મા કેટલાક હોય એવું સૂચન કરનારૂં કોઈ પણ સૂત્રનું એક પણ પદ છે નહિ.

શાસ્ત્રાનુસારે શ્રદ્ધા રાખનારો મનુષ્ય કોઇ પણ પ્રકારે અનાદિ શુદ્ધ આત્મા હોય એમ માની શકે જ નહિ.

વળી અવ્યવહારરાશિનું કે અનન્ત વખત ગ્રૈવેયકની પ્રાપ્તિ અનન્તકાળથી વ્યવહારવાળાનેજ હોય તે વાતનું શાસ્ત્રકારોએ કોઈ પણ જગો પર ખંડન કર્યું નથી, પણ અનાદિકાલથી શુદ્ધ આત્મા હોઇ શકે એનું તો સ્થાને સ્થાને ખંડન કરવામાં આવેલ છે. અર્થાત્ આ અનાદિ શુદ્ધ આત્મા ન હોઇ શકે એ હકીકત આજ્ઞા ગ્રાહ્ય તરીકે થઇયે તોયે ખોટું નથી.

### આજ્ઞાગ્રાહ્ય અને હેતુગ્રાહ્યનું સ્થાન—

જૈનજનતામાં આજ્ઞાગ્રાહ્ય અને હેતુગ્રાહ્ય એવી રીતે બે પ્રકારના

પદાર્થો છે એમ જાહેર થાય છે, પણ તેમાં કેટલાકની માન્યતા એવી છે કે જે જે પદાર્થો જાણવામાં હેતુયુક્તિ ન લાગી શકતા તે પદાર્થોને આજ્ઞાગ્રાહી માનવા હેતુગ્રાહી નહીં જેને જાણવામાં હેતુ યુક્તિ પ્રવેશ થઇ શકે તે પદાર્થોને આજ્ઞાગ્રાહ્ય ન માનવા, પણ હેતુગ્રાહ્ય જ માનવા, આવી જે કેટલાકની માન્યતા છે તે શાસ્ત્રનું તત્ત્વ સમજણ પૂર્વકની નથી.

કેમકે પ્રથમ તો તેઓના હિસાબે આજ્ઞા એટલે આગમ અર્થાત્ આપ્ત વચન, તેનું જે લક્ષણ છે કે પ્રત્યક્ષ અને અનુમાનથી સિદ્ધ થયેલા અને આગમથી કબુલ થયેલા પદાર્થને બાધ કરનાર ન હોય તે આગમ કહેવાય, તે લક્ષણ માનવુંજ મુશ્કેલ પડશે. વળી સૂત્રની વ્યાખ્યા કરનારાઓએ ધર્માસ્તિકાય આદિ પદાર્થોને આગમવચનથી સાબિત કરીને પણ તેની સિદ્ધિ માટે સ્થાને સ્થાને પ્રયોગો કરી એટલે અનુમાનો કરીને તે પદાર્થો સાબિત કર્યા છે તે અયોગ્ય ઠરે, કેમકે એ ઉપરથી ધર્માસ્તિકાયાદિ પદાર્થોને વ્યાખ્યાકારોએ આગમગ્રાહ્ય પણ માન્યા અને મનાવ્યા તથા અનુમાનોથી સાબિત કરી યુક્તિ અને હેતુગ્રાહ્ય પણ મનાવ્યા.

આ બાબતમાં ચૂર્ણિકાર વગેરે વ્યાખ્યાકાર મહારાજાઓ જેમ જણાવે છે. તેમજ શાસ્ત્રાનુસારીઓએ માનવું ઉચિત છે. તેઓશ્રી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે સર્વ પદાર્થો આગમ એટલે આજ્ઞાથી ગ્રાહ્ય એટલે માનવાના તો છેજ, પણ તેમાં કેટલાક પદાર્થો એવા છે કે જેની સાબિતી યુક્તિ કે હેતુદ્વારા પણ કરી શકાય તેથી વ્યાખ્યા કરનાર દરેક આજ્ઞાગ્રાહ્ય એવા પદાર્થોમાંથી જે પદાર્થોમાં હેતુ યુક્તિ લાગી શકે તેમ હોય તેમાં આજ્ઞાથી સિદ્ધપણું સમજાવવા સાથે હેતુ અને યુકિતથી પણ સિદ્ધપણું સમજાવવું. અને એવી રીતે જે પદાર્થોમાં હેતુ યુકિતથી સિદ્ધ ન થઇ શકે તેવાજ પદાર્થોને આજ્ઞાગ્રાહ્ય જણાવતાં આજ્ઞા એટલે આગમ માત્રથી ગ્રાહ્ય એટલે માનવા લાયક છે. એમ જણાવવું, પણ જે પદાર્થ શાસ્ત્રમાં નિરૂપણ કરેલા હોય અને તે આજ્ઞાથી સિદ્ધ રહેલા પદાર્થની

જો હેતુ યુકિતથી સિદ્ધ થતી હોય તો તે પદાર્થોને આજ્ઞાગ્રાહ્ય છે એમ જણાવવા સાથે હેતુ અને યુકિતથી પણ તે સિદ્ધ કરી દઇ તે પદાર્થોને યુકિત ગ્રાહ્ય તરીકે જરૂર જણાવવા જોઇએ.

અર્થાત્ આજ્ઞાગ્રાહ્ય પદાર્થો જો યુકિતથી સાબિત થતા હોય તો જરૂર વ્યાખ્યા કરનારને તે પદાર્થોને યુકિતથી સાબિત કરવા જોઇએ, એ વિધિ છતાં જેઓ તેમ ન કરે અર્થાત્ આજ્ઞાથી જાણેલા અને માનેલા પદાર્થોમાં યુકિતથી સિદ્ધ થાય તેમ છતાં હેતુ-યુકિત ન લગાડે તો તે શાસ્ત્રની વ્યાખ્યાની જે વિધિ શાસ્ત્રોકત છે. તેના વિરાધક થાય છે, એ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે **આજ્ઞાગ્રાહ્ય એ વ્યાપક છે યુકિતગ્રાહ્યતા વ્યાપક છે. અને આજ્ઞાગ્રાહ્ય અને યુકિત ગ્રાહ્યતાનો પરસ્પર વિરોધ રહેતો નથી અને છે પણ નહિ.**

તેથીજ વ્યાખ્યાકારો શ્રી હરિભદ્રસૂરિજી વગેરે મહાપુરૂષો આવશ્યકાદિની વ્યાખ્યા કરતાં તે તે પદાર્થોનાં સ્વરૂપો શાસ્ત્રોદ્વારા જણાવી યુકિતદ્વારા સાબિત કરવા માટે અનુમાનથી પ્રયોગો કરી સાબિતી કરે છે. આ અપેક્ષાએ પ્રાચીનકાલમાં વનસ્પત્યાદિની સચેતનતા કેવલ આગમગ્રાહ્ય અને યુકિતગ્રાહ્ય હોય છતાં વર્ત-માનમાં તેની સચેતનતા આગમ અને અનુમાનની સાબિત કરવાની સાથે લૌકિકપ્રત્યક્ષથી સાબિત કરીને કે તેનો દાખલો કુપ્રાવચ-નિકનો નહિ, પણ લૌકિકશાસ્ત્રોનો આપી સમજાવે તો તે શાસ્ત્રની વ્યાખ્યાશૈલીની વિરાધન કરે છે એમ નથી. ઉલટું જેઓ વ્યા-ખ્યાશૈલીમાં પોચા છે કે પશ્ચાત્ છે એમ કહેવું પડે, વનસ્પતિની સચેતનતા માફકજ શબ્દની પૌદ્ગલિકતા ટેલીગ્રામ કે ફોનોગ્રાફથી પરમાણુની બારીકતા માઈક્રોસ્કોપથી સમયની સૂક્ષ્મતા વાયર-લેસથી સમજાવી શકાય અને, તેમ સમજાવનારો વ્યાખ્યાશૈલીને સાચવે છે, એમજ કહી શકાય.

આ વાતની સાથે એનો ખ્યાલ જરૂર રહેવો જોઇએ કે જૈનસૂત્રો જ્ઞાનને સાધન માની ચારિત્રને સાધ્ય માને છે, માટે કોઇપણ

પ્રકારે તે જ્ઞાનના નામે ચારિત્રના આચારોને ઓલંઘવા એ જૈન-શાશનની શૈલી કહેવાયજ નહિ.

## અનાદિ શુદ્ધ આત્મા માનવામાં બાધ.

ઉપર જોઇ ગયા તે પ્રમાણે આગમદ્વારા અનાદિ શુદ્ધ કોઈ આત્મા હોઇ શકે નહીં આ વાત છે, પણ આજ્ઞાગ્રાહ્યમાં પણ યુક્તિ પ્રવેશનું સ્થાન છે, એમ માનવું જ પડે તેથી અનાદિ શુદ્ધ કોઇ આત્મા યુક્તિથી માનવો કેમ મુશ્કેલ પડે છે તે જોઈએ!

એટલું તો ચોકખું છે અને સર્વને માન્ય છે કે શુદ્ધ આત્માને સારા કે નરસા અર્થાત્ પુણ્ય કે પાપ એક જાતના કર્મો લાગેલા હોય નહિ. કેમકે જો પુણ્ય કે પાપ એ બેમાંથી એક પણ પ્રકારના કર્મો લાગેલાં હોય તો તે આત્મા શુદ્ધ છે એમજ ન કહેવાય. તો પછી તેવા પુણ્ય કે પાપવાળા આત્માને અનાદિથી શુદ્ધતાવાળો તો માની શકાયજ કેમ જ? અને જ્યારે શુદ્ધ આત્માને પુણ્ય કે પાપ એ બેમાંથી કોઈ પણ જાતનું કર્મ જ લાગેલું ન હોય તો પછી તેવા આત્માઓને કાયાના પાંજરામાં કેદ થવાનું હોય જ કેમ?

અર્થાત્ અનાદિથી શુદ્ધ એવા આત્માને કે કોઇ પણ તેવા શુદ્ધ આત્માને પુણ્ય કે પાપનું કર્મ ન હોવાથી શરીર હોય નહિ અને જો શુદ્ધ આત્માને શરીરજ નથી, તો પછી શરીર વિના મુખ હોય નહિ અને મ્હોં વિના બોલવાનું હોય નહિ. તો પછી તેવો અનાદિ શુદ્ધ આત્મા પોતાની હયાતી જણાવનાર એવા પણ શાસ્ત્રોને કહી શકેજ નહિં. અને જ્યારે અનાદિ શુદ્ધ આત્માની હયાતી અનાદિ શુદ્ધ એવા આત્માએ પોતે જણાવી નથી. તો પછી તેવા આત્માની તેવી સ્થિતિ અન્ય કોઇએ જણાવી એમ માન્યા સિવાય સુજ્ઞોનો છુટકોજ નથી.

અર્થાત્ એમ માનવું જ જોઈએ, તે માની લે એટલે એમ કહેવું અને માનવું જ જોઇએ, અનાદિકાલથી શુદ્ધ એવા આત્માની હયાતીનું જ્ઞાન કોઇ શરીરવાળાને થયું છે. અને જ્યારે શરીરવાળો

જીવ કર્મવાળો હોઈ અશુદ્ધ જ હોઈ અને અનાદિશુદ્ધ એવા આત્માને જુએ અર્થાત્ શરીર ધારણ કરનાર આત્માને અનાદિકાલનું તે અનાદિ આત્માનું અને તેના અનાદિના સ્વરૂપનું જ્યારે જ્ઞાન થાય ત્યારે જ તે શરીરને ધારણ કરનારો આત્મા તે અનાદિ શુદ્ધ આત્માની સ્થિતિને જણાવે અર્થાત્ કોઇપણ શાસ્ત્ર કોઈપણ નિરાકારનું કહેલું તો સંભવે જ નહિ, અને જ્યારે તે અનાદિશુદ્ધ આત્માને નિરૂપણ કરનાર અને જોનાર જો શરીરવાળાજ હોય તો પછી તે કહેનાર આત્માને ક્ષાયિકભાવનું સંપૂર્ણ એવું જ્ઞાન હોય છે. એમ માનવું પડે તો પછી જરૂર માનવું જ જોઈએ કે શરીરવાળાઓ જ ક્ષાયિક જ્ઞાનને પ્રાપ્ત કરે છે, અર્થાત્ અનાદિનો શુદ્ધ કોઇ આત્મા છે. એમ માનવાની જરૂર રહેતી જ નથી અને છે પણ નહીં. માટે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓ પણ અનાદિથી શુદ્ધ નહોતા અને તેથી તેઓને અશુદ્ધ દશામાં આવવાની જરૂર જ છે.

(ક્રમશ:)

**છદ્મસ્થતા ભૂલનું કારણ છે પણ....**

અનુપયોગથી શાસ્ત્રવિરૂદ્ધ બોલાઈ જાય તો પણ ગુરૂનિશ્રાએ ઉપયોગની જાગૃતિ સુધરવાની તક રહે છે, તેથી છદ્મસ્થતાના કારણે શરતચૂકથી થતી ભૂલો સુધરી શકે છે. જો તેમાં અભિનિવેશ ન ભળે તો કદાગ્રહથી અલિપ્ત રહે તો.

—પૂ૦ આગમો૦ પર્વદેશના પા. ૩૦




[આ શીર્ષક તળે પૂ. આગમોદ્ધારક દેવશ્રીના મનનીય છુટક પ્રવચનો તથા નિબંધ લેખોનો સંગ્રહ આપવામાં આવે છે, આમાંનો મોટો સંગ્રહ ધર્મસ્નેહી પૂ. મુનિ શ્રી ગુણસાગરજી મ. તરફથી મળ્યો છે. મોકલ્યા તેથી એકત્રિત કરી આપવામાં આવે છે.

મધ્યમ પ્રકૃતિવાળા સુજ્ઞ વાચકો આ વિભાગ પ્રતિ વધુ આકર્ષાયા છે, એવી અમોને માહીતી મલી છે.

હકીકતમાં પૂ. આગમોદ્ધારક આચાર્ય ભગવંતની તાત્ત્વિક દષ્ટિથી ભરપૂર છૂટક વ્યાખ્યાનો, લેખો નિબંધોમાં પણ ઘણું રહસ્ય ભરેલું હોય છે. સં.]

## સતત વિચારવા જેવું

### (૧)

[પૂ. આગમોદ્ધારક આચર્યદેવશ્રીએ આગમવાચનાની પવિત્ર ભૂમિ શ્રી વલભીપુર–વળામાં ત્યાંના ધર્મપ્રેમી દરબાર વગેરે જાહેર જનતા સમક્ષ ખૂબજ ગંભીર મનનીય પ્રવચન આપેલ તેનો ઉતારો વ્યવસ્થિત રીતે અહીં રજુ થાય છે.]

**परहितचिंता मैत्री परदुःखविनाशिनी तथा करुणा ।**
**परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥१॥**

શાસ્ત્રકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વર મહારાજા ભવ્યજીવોના

ઉપકાર માટે, ધર્મોપદેશ દેતાં થકાં જણાવે છે કે ધર્મ એ જીવન ધન-શરીર-કુટુંબાદિકના ભોગે પણ આદરણીય અને જરૂરી ચીજ છે.

## શું બીનજરૂરી ચીજ જ ધર્મ?

**શિષ્યશંકા**-શ્રવણ કરનાર શિષ્યશંકા કરે છે કે હે ભગવંત! આપ તો ધર્મને અગ્રપદ આપો છો અને ધર્મને જીવન-ધન-શરીર કુટુંબાદિકના ભોગે આદરવાનો જણાવો છો, પરંતુ તે ધર્મની જરૂરીયાતજ શી? કેમકે તે ધર્મ વગર કંઈપણ અટકતું નથી. અનાજ વગર ભૂખે મરાય, પાણી વગર તૃષાથી તરફડાય, કપડા વગર શીતાદિકષ્ટથી હેરાન થવાય અને મકાન વગર શાંતિ અને આરામ ન અનુભવાય એટલે તે જરૂરી ગણાય, પણ ધર્મ ન હોય તો હરકત શી? અર્થાત્ તેની જરૂરીઆત શી રીતે ગણવી!

વળી જો કે ધન એ ખાવા-પીવા અને પહેરવા-ઓઢવાના ખપમાં ન આવે, પણ એ ધનથી દુનિયાભરની દરેક વસ્તુ ખરીદી શકાય છે, મેળવી શકાય છે, તેમજ તે દ્વારા આનંદ પ્રાપ્ત કરી શકાય છે તે આવવાથી ફાયદો કરનાર હોવાથી પણ જરૂરી ગણાય, પરંતુ ધર્મ નહિ આવવાથી નુકશાન નથી તેમ એકના આવવાથી ફાયદો પણ દેખાતો નથી. એક મનુષ્યે ધર્મ કર્યો અને બીજાએ ધર્મ ન કર્યો, કરનારને નફો થયો અને નહિ કરનારને નુકશાન થયું એમ કાંઇ દષ્ટિગોચર થતું નથી. જરૂરી તેજ ગણાય કે "જેના ન આવવાથી અડચણ હોય અથવા આવવાથી ફાયદો હોય" અર્થાત એ ઉપરથી જગત્માં બિનજરૂરી ચીજ ધર્મ છે એમ નક્કી થાય છે. આવી રીતે શિષ્ય શંકા કરે છે.

## શંકા સમાધાનક દૃષ્ટાંત અને સમજણ

સમાધાન આપતાં પૂજ્ય ગુરૂવર્યશ્રી જણાવે છે કે એક મુસાફર રસ્તે જતો હતો, આંબાના ઝાડને ઉદ્દેશીને બહુ વિચાર કર્યો. વિચારના અંતમાં બોલ્યો કે-આ આંબાનાં આમ્રફલ જે કેરી તે ખાવામાં, આ આંબાની માંજરો કાનની શોભા વધારવામાં, અને

આ પાંદડા મંગલકારણે તોરણમાં અને લાકડાં મકાનમાં કામ આવે છે, પણ આ આંબાનાં મૂલાડીયાં કે જે જમીનમાં ઘણા ઉંડા ગયેલા છે. તે તો કશા કામમાં આવતા નથી. આંબાના લાકડા મકાન બનાવવાનાં કામમાં છે પણ મૂલીયાં તો તદ્દન નકામા છે!!!

આવું બોલનાર મુસાફરને રસ્તે ચાલનાર બીજો સમજુ, અને અનુભવી મુસાફર સમજાવે છે કે મહાનુભાવ! આમ્રફલ–માંજર–પાંદડાં અને લાકડાં એ બધા મૂલાડીયાના ભરોસેજ છે. મૂલ કપાયા પછી આંબો પડી જાય અને કેરી, પાંદડા, મોગરો પ્હેલાનાં હોય તે દેખાય, પણ ત્રણ દહાડા પછી સુકાય અને પરિણામે નામ નિશાન પણ ન રહે, અને નવાં તો થાય જ નહિં.

એટલે દેખાવમાં મૂલાડીયાં કામ ન લાગે, પણ પરિણામો બુદ્ધિપૂર્વકની વિચારણા કરો તો બધાનો આધાર મૂલ પર છે, તેવી રીતે દેખાવમાં ધર્મ એ ખાવા–પીવા–પહેરવા, ઓઢવા રહેવા વિગેરે વ્યાવહારિકકાર્યમાં ન આવે; પણ તે દરેક મળે છે શાથી? તેનું મૂળ વિચાર્યું? ખાવા પીવા ઓઢવાની ચીજો દેખે અને તેનું મૂળ ન દેખે તે શા કામનું? માટે **ધર્મ એજ જીવનની જડ છે. જગત્ ભરના દરેક વ્યવહારોની ઉંડી જડ ધર્મ છે.**

## માનવજીવનમાં વિષયોની મોંઘવારી.

વિચારકોએ વિચારવું જોઇએ કે આપણને મનુષ્ય કોણે બનાવ્યાં? આપણને મનુષ્ય અને બીજાને ઢોર કેમ બનાવાનું થયું? આનું નામ પક્ષપાત ખરો કે નહિં? કહેવું પડશે કે પક્ષપાત નહિં પણ નશીબદારીનો નતીજો છે. જે નશીબદારીના અંગે આપણે મનુષ્ય થયા. અને જે વિના તે ઢોર થયા. મનુષ્યની કિંમત સમજતા હો તો ધર્મની કિંમત ગણવી જ પડશે, કેટલાક ધર્મના અર્થી પણ મનુષ્ય જીવનની કિંમત વિષય ભોગથી ગણે છે, પણ વિષયભોગના સાધનરૂપ મનુષ્ય જીવન ગણાવતા હો તો વિધાતાને શ્રાપ દેવો જોઇએ. કેમકે જે વિષયોની ઇચ્છા મનુષ્ય-

જીવનથી કરે છે, તે વિષયોની મોંઘવારીજ આ મનુષ્યજીવનમાં છે અને તિર્યંચપણામાં તે વિષયોની સોંઘવારી છે.

જાનવરને કુદરતી ખોરાક જ્યારે લેવાનો છે, ત્યારે તમારે સંસ્કાર કરેલા ખોરાકે જીવન, સ્વાભાવિક ખોરાકે મનુષ્ય ન જીવી શકે, માટે વિધાતાને શ્રાપ દેવો પડે.

રાજાનો મોટો બગીચો હોય ત્યાં મનુષ્યો માટે જ જઈને સુગંધ લેવાને પ્રતિબંધ, પણ ચકલા-ભમરા-પક્ષીઓ માટે પ્રતિબંધ નહિ.

રાજામહારાજાઓના મહેલમાં સારાં રૂપ કે સુંદર ગાયનોના શબ્દો સાંભળવા માટે મનુષ્યોને પ્રતિબંધ, તિર્યંચોને પ્રતિબંધ નહીં. તે તિર્યંચો રાણીઓનાં રૂપ અને શબ્દ જોઈ અને સાંભળી શકે. મનુષ્ય રાણીનું રૂપ અથવા ગીત સાંભળવા જાય તો તરત પહેરેગીર અટકાવે.

આથી મનુષ્યપણામાં સ્પર્શ, રસ, ગંધ, શબ્દ રૂપ વિગેરે વિષયો મોંઘા અને તિર્યંચપણામાં સોંઘા.

જો વિષયોના હિસાબે મનુષ્ય જીંદગી ઉત્તમ માનતા હો તો તે મનુષ્યપણા કરતાં તિર્યંચપણું સારૂં ગણવું કે જ્યાં ઇંદ્રિયના વિષયો વગર મહેનતે પ્રાપ્ત થાય છે.

વળી મનુષ્યપણામાં તો માથું ફોડી શીરો ખાવાનો છે. જુઓ મનુષ્યપણામાં એક બાયડી માટે કેટલા બંધનમાં બંધાવું પડે છે? રાજાનું લેણું હોય અમુક મુદતની કેદ, પરંતુ બાયડીના લેણાની મુદત નહિ, તેમાં તો જીંદગી સુધી કેદખાનું ભોગવવાનું. બાયડી ભરણપોષણની ફરિયાદ માંડે તો પ્હેલી એક મહીનાની કેદ, ફેર બીજા મહીને ભરણ પોષણ ભરપાઈ ન કરે તો બીજા મહીને કેદ તેમ જ્યાં સુધી ભરણપોષણનું લેણું ન ભરે ત્યાં સુધી કેદખાનામાં રહેવું જ પડે. એટલુંજ નહિં, પરંતુ સ્ત્રી હજાર રૂપિયા કમાતી પણ હોય છતાં પણ આદમીએ ભરણપોષણ આપવું જ જોઇએ. ઇંદ્રિયોના વિષયો મનુષ્યપણામાં એટલા બધા મોંઘા છે. ત્યારે તિર્યંચપણામાં બાયડીનું બંધન નથી, કશી જવાબદારી નથી.

માટે વિષયની અપેક્ષાએ મનુષ્યપણું જો ઉત્તમ માનતા હો તો વિધાતાને શ્રાપ આપજો કે કયાં મને મનુષ્ય બનાવ્યો? આ કરતાં તિર્યંચ કે રાજાને ઘેર કુતરો બનાવ્યો હોત તો રાણીના ખોળામાં બેસી બધા વિષયો મફત ભોગવત.

તત્ત્વજ્ઞોને વિષયો માટે મનુષ્ય જીંદગી ઉત્તમ માની નથી પરંતુ ધર્મ, અને વિવેક માટે મનુષ્યમાં જ સ્થાન છે, અને વિવેકદશા કે ધર્મને તે તિર્યંચ કે અન્યગતિમાં સ્થાન નથી. ધર્મ કરવાનું સ્થાન જો હોય તો માત્ર મનુષ્યપણામાંજ. કારણ કે વિવેક અથવા ધર્મ તે મનુષ્યજીંદગીમાં જ છે.

વળી ઇંદ્રિયોના વિષયોના વિવેક જાનવરો પણ સારી રીતે કરે છે, કીડી મીઠો સ્વાદ હોય ત્યાં જાય છે. કરીયાતાના પાણી ઉપર કીડી ચડતી નથી. ગધેડું પણ પેસાબ પીતું નથી. સુંદર શબ્દ માટે હરણીયા, અને સર્પ પણ શબ્દને ઓળખે છે અને સાંભળવામાં એવા તલ્લીન થઇ જાય છે કે પોતાના પ્રાણની પણ દરકાર કરતા નથી, ભમરો સુગંધમાં એવો આસક્ત થઇ જાય છે કે હમણાં થોડી સુગંધ લઇ ઉડી જાઉં છું એમ કરતાં સૂર્યવિકાસી કમળો સૂર્યાસ્ત સમયે બીડાઈ જાય છે ત્યારે તે અંદર રહી જાય છે. અને બીજે દિવસે સૂર્યોદય થાય અને કમળ ઉઘડે તે પહેલાં તો જયારે હાથી આવી કમળનું ભક્ષણ કરી જાય છે ત્યારે ભમરો પણ અંદર મરી જાય છે. સ્પર્શનેંદ્રિયના વિષય માટે હાથણીનું ચિત્રામણ કરીને કે દાભની બનાવીને જંગલમાં હાથીને તે બતાવે છે. એટલે તે જોતો જોતો ખાડા તરફ ખેંચાઇ આવે છે. અંદર પડવું પડે છે, ભૂખ્યા તરસ્યા કેઇ દિવસ સુધી રહેવું પડે છે અને જે સ્વતંત્રપણે અરણ્યોમાં ફરતા હતા, તેઓને પણ અંકુશ તળે રહેવું પડે છે.

અર્થાત ઇંદ્રિયોના વિષયોનો વિવેક અને ફલો તો જાનવરોને આપણા કરતાં પણ અધિક છે, તો તેવા વિષયોના વિવેકને અહીં નહિ લેવો, પરંતુ કાર્યાકાર્યનો વિવેક અને :પુણ્ય-પાપનો જે વિવેક

તે માત્ર મનુષ્યપણામાંજ છે, જાનવરો મોટા થાય, ચરી આવે, મજુરી કરે જન્મે અને જીંદગી પૂરી થાય એટલે ચાલતાં થાય, આપણે પણ જન્મ લઈએ, કુટુંબ માટે વેપારધંધો કરીએ, વિષયો ભોગવીએ અને જાનવરની માફક જીંદગી પૂરી કરી ચાલતા થઈએ, પછી આપણા અને જાનવરમાં ફેર શો ?

## ક્યાંથી આવ્યા ? અને ક્યાં જશો ?

આત્માએ પ્રથમ અંધત્વ ટાળવું, આંખનો સ્વભાવ છે કે આખા જગતને પોતે દેખે; માત્ર પોતાને પોતે ન દેખે, આંખમાં લગીર રજ પડી હોય તો પોતે તે ન દેખે, પોતાની આંખમાં લાલાશ કે ફુલું પડયું હોય તો પણ પોતે ન દેખે, તેમ આ આત્મા અનાદિકાળથી પોતાના માટે અંધ છે, જગત માટે તો દેખતો છે, ધન કુટુંબકબીલો, ઘર-ઘાટ, શરીર, માટે વિચાર કરે, જગતની નિષ્ફળ વસ્તુની જંજાળ કરે, પણ હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ ? મ્હારૂં સ્વરૂપ કેવું ? ઇત્યાદિક વિચારણા ન કરે. આપણે ઘેર ઘોડો ગાય બળદ હોય તે જીંદગી એમની એમ પૂરી કરે છે. તેઓ આપણા પોતાનો વિચાર કરતા નથી, ક્યાંથી આવ્યો ? અને ક્યાં જઇશ ? તે ન સમજીએ તો આપણે લગીર પણ જાનવરથી અધિક નથી.

જિનેશ્વરભગવંતોએ અને ગણધરમહારાજાએ એજ ઢંઢેરો પીટયો હતો કે આ વસ્તુ પ્રથમ જાણો અને સમજો તે વસ્તુએ કે મારો **अत्थि मे आया उववाइए०** એટલે આ મ્હારો આત્મા ભવાંતરથી આવી ઉત્પન્ન થયો છે અને અહીંથી નીકળી બીજે ઉત્પન્ન થવાનો છે. આ જન્મ એક મુસાફરખાનું છે.

કોઈ એક બાવાજી ફરતા ફરતા પાદશાહના મહેલમાં ઉતરી ગયા, એટલામાં રાજાનો પહેરેગીર આવ્યો અને બાવાજીને કહ્યું કે '**बावाजी इधर क्युं ठेरे !**' બાવાજી કહે કે **भाई ! सराई है ?!** પહેરેગીરે કહ્યું કે **यह सराई** (મુસાફરખાનું) **नहीं हैं, परंतु**

पादशाहका महेल है. પહેરેગીરે ઘણું કહ્યું પણ પેલા બાવાજી કહે છે કે ए सरायही है. પહેરેગીરે પાદશાહ પાસે જઈ ફરીયાદ કરી કે એક સાંઈ મહેલમાંથી બહાર નીકળતા નથી, પાદશાહ જાતે આવ્યા. નમસ્કાર કર્યો અને હવે આ યોગી હઠમાં પેઠા છે માટે બીજે રસ્તે કામ લઈએ એમ ધારી બાવાજીને કહે છે કે-

हमेशां महान सद्भाग्य हो, तबही आप जैसे सज्जन संतका समागम और दर्शन होता है, लेकिन आपके ध्यानमें ईश्वर शांति नहीं रहेगी, औरत लोको और नोकरलोकोका जाना आना होगा, आपकी शांतिमें भंग होगा.

બાવાજી બોલ્યા કે इधर शांति है जंगलमां हो या झोंपडामें हो! या महेलमें हो! कीसी भी जगो पर हो, लेकिन अपने आत्मामें शांति हो! तो सर्वत्र शांति ही है.

પાદશાહ કહે धर्मशाळामें बहोत शांति रहेगी. वहां स्वाभाविक शांति मिलेगी.

બાવાજીએ કહ્યું, भीतर नहीं घुसे उसकुं अशांति नहि है.

છેવટે પાદશાહે કહ્યું, કે फकीरकुं इस राजमहेलमें ठेरना यह ख्यालकी नहि है.

બાવાજી કહે यह धर्मशाळा ही है. इस मकानममें बारसो बरस पहले कौन ठेरता था? पीछे दुसरे, उसके बाद दुसरे, इस मुजब नये ठेरते थे और जुने जुने चल जाते थे. इस ही कारणसे यह भी सराई है.

આ ઉપરથી દરેકે સમજવાનું છે કે આપણે પણ આ જન્મરૂપી ધરમશાળામાં આવેલા છીએ, સ્થાયીપણે આપણે પણ કોઈ દિવસ રહેવાનું નથી બીજું બધું સમજીએ તે પહેલાં સમજી લેવાનું છે કે-હું કોઈપણ જગોથી અત્રે આવેલ છું અને અહીંથી બીજે જવાનું છે. તેવા વિવેક માટે મનુષ્યજીવનજ ઉપયોગી છે. અર્થાત્ ધર્મ કર્મ અને પુણ્ય-પાપના વિવેક માટે મનુષ્યપણું જ કામનું છે.

## પદાર્થપ્રીતિની દુર્લભતા

જેમ મૂળના પ્રભાવે ઝાડમાં થડ, ડાળી, પાદડાં, મ્હોર, ફળ વિગેરે થયેલાં છે તેમ અહીં પણ ધર્મના પ્રભાવે જ બધું મળેલું છે. અહીં જો ધર્મની જરૂરીઆત જ ઉત્તરમાં જવાબ તરીકે છે તો હવે ધર્મ કહેવો કોને? ધર્મશબ્દ જગતમાં દરેકને વહાલો છે. કેટલીક વખત કેટલાકોને શબ્દપ્રીતિ થાય છે, પણ પદાર્થપ્રીતિ થતી નથી, લાખ માણસોમાં કુસંપ વહાલો છે એમ કોઇ નહિ કહે. સંપ શબ્દ બધાને વહાલો છે, પણ સંપનાં કારણો કયાં તથા તે કારણોનો અમલ તું કેટલો કરે છે? તે કોણ વિચારે છે?

**સંપના કારણો ત્રણ છે બીજાને ગુન્હાની માફી આપ, તું બીજાના ગુનામાં ન આવ** એટલે બીજાની માફી માગવાનો વખત ન લાવ, **બીજાના ઉપકારનો વખત આવે તો પરોપકાર કરતાં ન ચુકીશ.**

કારણ કે ગુન્હાની ગાંઠ વાળે. બીજાના ગુન્હામાં આવે. પરોપકાર કરે અર્થાત્ બીજાનાં કાર્યો ન કરે, તે સંપ ન રાખી શકે તેને સંપ શબ્દ વહાલો છે, પણ સંપ પદાર્થ વહાલો નથી, માફી આપવી નુકશાન કર્યું હોય તે જતું કરવું, ગમ ખાવી તે કેટલી મુશ્કેલ છે! માટે સંપ શબ્દની પ્રીતિ આખા જગતમાં છે, પણ સંપ પદાર્થ પ્રીતિ પર જઇએ તો મુશ્કેલ છે.

તેમ ધર્મ શબ્દ પણ આખી દુનિયાને વહાલો છે. પોતાને કોઇ ધર્મી કહે તો રાજી થવાય છે. પોતે અધર્મી હોય છતાં કોઇ અધર્મી કહે તો તે બિલકુલ પોતાને પસંદ પડતું નથી, અર્થાત્ સહુ કોઇ પોતાને ધર્મીમાં ખપાવવાનીજ ઇચ્છા રાખે છે.

કોઇક વખત શ્રેણિકમહારાજની રાજસભામાં અધિકારીઓની વચ્ચે વાદાવાદમાં વાત ચાલી રહી કે-આજકાલ અધર્મીઓ બહુ વધી ગયાં છે. અભયકુમાર પણ સભામાં બેઠેલા હતા. પણ તે

વિચાર કરવા લાગ્યા કે-આ પોતે પાપીઓ છતાં ધર્મીઓમાં ખપવા માંગે છે.

આનો અર્થ એકજ છે કે એક બાઇએ ચાલાકીથી પોતાના ધણીને મધુર વાણીથી ગાળ દીધી હતી. તેવો છે. એક વખત કોઈક બાઇના ધણીને ખરાબ સ્વપ્ન આવ્યું. જાગ્યો, સવારે એ સવપ્ન વારંવાર યાદ આવવાથી ચહેરા પર ઉદાસીનતા જણાઇ ઘણા આગ્રહથી સ્વપ્નાની વાત સ્રીને જણાવી કે હું સ્વપ્નામાં રંડાયો સ્રી કહે, ખમા તમને, તમો શું કરવા રંડાવ, હું ન રંડાઉં. અર્થાત્ ધણીને મરવાનું જણાવ્યું.

તેમ આ જગતમાં અધર્મ તથા પાપ બહુ વધી ગયું છે એમ કહે છે. પણ પોતાના આત્મામાં પાપ-અધર્મ બહુ વધી ગયા છે, તેમ ગણવા કોઇ તૈયાર નથી, આ લોકો પોતે ધર્મીમાં ઘુસી જવા માંગે છે. અને દુનિયાને પાપી ઠરાવવા માંગે છે. સત્ય માટે ઉપાય યોજ્યો. અભયકુમારે નગર બહાર બે મ્હોટા મહેલ કરાવ્યા. એક ધોળો મહેલ અને બીજો કાળો મહેલ. પછી ગામમાં જાહેર કરાવ્યું કે અમુક દિવસે આખા નગરના તમામ લોકોએ નગર બહાર ઉજાણી જવું અને ધર્મીઓએ સફેદ મહેલમાં, પાપીઓએ કાળા મહેલમાં દાખલ થવું. ત્યાં નગરનો મ્હોટો ભાગ સફેદ મહેલમાં ઘુસી ગયો. કાળા મહેલમાં માત્ર કોઈક જ ગયું કેમકે ધર્મશબ્દ બધાને વહાલો છે પરંતુ ધર્મપદાર્થ કોઇને વહાલો નથી. અર્થાત્ શબ્દપ્રીતિ છે, પદાર્થપ્રીતિ નથી.

## પદાર્થપ્રીતિના ત્રણ પાયા.

ગુન્હાની માફી આપે, ગુન્હાને રસ્તે ન ચાલે અને પરોપકાર કરતાં ન ચૂકે.

ધર્મશબ્દના પ્રેમવાળી આખી દુનિયા છે, પણ ધર્મ પદાર્થ જેના હૃદયમાં રમી રહ્યો છે તેના અંતઃકરણમાં તો ચાર વસ્તુ રમેલી હોય. એ ચાર વસ્તુ કઈ?

સવારના પહોરથી રાત સુધીમાં એકજ રટવું જોઇએ કે મેં બીજાનો ફાયદો કર્યો! પોતાનો ફાયદો તો જાનવર પણ કરે છે, પોતાનું કરવામાં ધર્મની છાયા નથી, શત્રુ હો કે મિત્ર હો, સ્વજન હો કે પરજન હો, એકજ ધારણા રહે કે બીજાનું હિત કેમ થાય! જ્યારે આવું અંતઃકરણ થાય ત્યારે સમજવું કે ધર્મનો પ્રથમ પાયો થયો.

મ્હારે જીવન બીજાના હિત કરવાદ્વારાએ જીવવું, બીજા દ્વારા પણ જગતના જીવોનું હિત થાઓ તેવા એકલા શબ્દો નહિં પણ ત્રણ વાત જોડે સમજવાની છે. તે આ—

**मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः।**
**मुच्यतांम् जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥१॥**

આ મૈત્રીભાવના છે. ખૂન કરનાર પોતે પોતાનો ગુન્હો છેવટ સુધી કબુલતો નથી, પોતાના કરેલા દોષો મ્હોંઢેથી બોલવા તૈયાર નથી, દરેક મનુષ્ય વચનથી શાહુકાર થવાજ માગે છે, કોઈ પણ જીવ પાપ અને પાપ કારણોથી દૂર રહો. જો કે ધર્મનીતિ અને રાજનીતિ આ બેમાં ફરક છે. ગુન્હા ન થવા માટે રાજનીતિ છે. તે ગુન્હા રોકવા પ્રયત્ન કરે છે અને ગુન્હા કરનારને શિક્ષા કરે છે. ધર્મનીતિ મહેર નજર રાખવા કહે છે. વર્તમાન કાળના ગુન્હા રોકવા જાઓ છો. પહેલા ભવના પાપવાળા રોગી અંધ દરિદ્ર હોય છે, તેવાઓ જુનાપાપી છે. તેને શિક્ષા કરીએ છીએ, તે વર્તમાનના પાપી. પેલા જુનાપાપી, ધર્મ તે માટે કહે છે કે પાપ થઈ ગયું હોય તો પણ શુભ-પરિણામ તપસ્યાથી તે પાપ તોડનાર તમો થાઓ, પણ દુઃખ ભોગવી તોડવાવાળા ન થાઓ, આ બીજી મૈત્રીભાવનાની શ્રેણી.

પાપ કર્યું હોય તે પાપ બીજી રીતે દૂર કરનાર થાવ, દુઃખ ભોગવનાર ન થાઓ. આ પછી આખું જગત્ પાપ મુક્ત થઈ ચિદાનંદસ્વરૂપી થાવ. એમ ધારવું.

**આ મૈત્રી ભાવનાનાં ત્રણ પગથીયાં છે. ૧. કોઇપણ પાપ ન કરો? ૨. કોઇપણ દુઃખી ન થાઓ અને દરેક ચિદાનંદસ્વરૂપવાળા થાઓ.**

આવો જે વિચાર હોય તે ધર્મના પ્રથમ પગથીયામાં ગણાય. બીજાનું હિત કરવું તેજ પોતાનું હિત ગણાય જે નાતમાં સમજુ શેઠીયો હોય તે સમજે કે નાતની શેઠાઈ એ મ્હારી શેઠાઇ છે. પારકી બેટી ઘેર લાવી ઘર સોંપવું છે, ઘરની બેટીને પારકે ઘેર સોંપવી છે. જો આખી નાત સારી કરી હશે તો ઘેર સારી વહુ આવવાની છે. આખી નાતને સારી કરી હશે તો પોતાની છોકરી સુખી થવાની છે, એમ અહીં આખા જગતનું હિત વિચાર્યું એટલે પોતાનું હિત વિચાર્યું એટલે પોતાનું હિત તેમાં સમાએલું જ છે.

બીજી ભાવનામાં **परदुःखविनाशिनी तथा करुणा** બીજાઓ દુઃખી ન થાવ. પણ દુઃખીયાઓનું શું! આ જગતના તમામ જીવો જન્મ, જરા, મરણ, આધિવ્યાધિ, અનિષ્ટસંયોગ, ઇષ્ટવિયોગ વિગેરેથી હેરાન થઇ રહેલા છે. આ જીવોના તમામ દુઃખો નાશ કેમ થાય? **બીજાના દુઃખનો નાશ કરવાનો વિચાર તે કરૂણા,** બીજાના દુઃખને નાશ કરવાની બુદ્ધિ રૂપ કરૂણા, બીજાના દુઃખને નાશ કરવાની બુધ્ધિ રૂપ કરૂણા જેના હૃદયમાં વસી હોય તે **ધર્મના બીજા પગથીયામાં આવ્યો ગણાય.**

જગત પણ શત્રુને દુઃખી દેખી કંપી જાય છે, પરંતુ એક મોટી ચીજ હજુ ખસતી નથી. વરસાદને અંગે કહીએ છીએ કે એ, કાળો ત્યારે જગત ઉજળું અને એ ઉજળો ત્યારે જગત કાળું, સામાન્યથી દુઃખને અંગે દયાની લાગણી થાય છે પણ ઇર્ષ્યા એવી ચીજ છે કે બીજાના દુઃખે પોતે સુખી થયો માને છે ઇર્ષ્યામાં અવળો ફોટો આવે છે. બીજા સુખમાં ત્યારે અહીં બળતરા થાય છે. અને બીજો હેરાન થાય ત્યાં પોતાને આનંદ થાય છે. માટે **ત્રીજી ભાવના જણાવે છે. ત્રીજું પગથીયું ચડો.**

બીજો જે કોઇ પ્રકારે સુખ પામે છે તે સુખને આ એ પોતાને સંતોષ થવો જોઈએ, દુઃખનો નાશ કરવાનું જેટલું જરૂરી તેટલું જ બીજાના સુખમાં સંતોષી થાવ એ જરૂરી છે એટલે ઇર્ષ્યાને દેશવટો દઇ દો. કથંચિત્ આ પગથીયુ ચડવું સહેલું પણ છે.

ચોથું પગથીયું ચડવું તો મુશ્કેલજ છે. ચોથી વસ્તુ ઘણી મુશ્કેલ છે, જગતમાં પ્રયત્ન કરવામાં આવે પણ પ્રયત્નની પ્રતિકૂલતામાં મધ્યસ્થ રહેવું તે બહુ મુશ્કેલ છે.

મહેનત કર્યા છતાં મહેનતનું ફળ ન થાય, તે વખતે મગજને ઠેકાણે રાખવું મુશ્કેલ છે. કાર્યની સફળતા નિષ્ફળતામાં સમપણું દેખાય ત્યારે સમજવું કે આ પરોપકાર માટે છે. જ્યાં મહેનત કરી છતાં સફળ ન થયો ત્યારે ખેદ પામે.

મહેનત કર્યાથી ફાવ્યા તો બંદા ફાવ્યા. જો ન ફાવ્યા તો પેલો પથરો છે એમ કહેવું. આટઆટલી મહેનત કરી સમજાવ્યો છતાં પથરો ન સમજ્યો. આમાં પરોપકાર ન ગણાય, હજુ કર્મ રાજા માર્ગ ન દે એમ ધારણા કરે તો લાભ.

આપણે પણ અનાદિથી રખડીએજ છીએ, અગાઉ આપણે પણ તેના જેવા પત્થર જેવાજ હતા, આજે લગીર ડહાપણ આવી ગયું. પરોપકાર માટે પ્રયત્ન ત્યારેજ ગણાય કે જ્યારે મધ્યસ્થ પણું રહે, હિતબુધ્ધિ, દુઃખનાશની બુધ્ધિ, બીજાના સુખમાં સંતોષ રાખવો તે ત્રણ પગથીયાં ચડવાં સહેલાં છે. પણ હિત કરવા જતાં સફળતા ન મળે તો પણ મધ્યસ્થવૃત્તિ રાખી બીજાના દોષ સુધારવા પ્રયત્ન કર, ન સુધરે તો ચીડાઈશ નહીં, ક્રોધ ન કરીશ, પરંતુ મધ્યસ્થ દૃષ્ટિ રાખજે.

આ ચાર વૃત્તિવાળા અનુષ્ઠાન, દાન, શીલ, દેવ-ગુરૂ પૂજા વિગેરે જે ધર્મ અનુષ્ઠાનો હોય તે ધર્મરૂપ થાય. આ ચાર ભાવના વિના ધર્મ કરે તો તે ધર્મમાં આવી શકતો નથી. માટે આ ચાર ભાવના ધ્યાનમાં રાખી જે જીવો ધર્મારાધન કરશે તે આ લોક પરલોકમાં સુખ પામી અનંત શાશ્વત સુખના ભોક્તા બનશે.

# ધર્મનો પાયો

## મૈત્રી આદિ ચાર ભાવનાઓ

## (૨)

[આજે ધર્મની આરાધના વિપુલ પ્રમાણમાં થવા છતાં આરાધક પુણ્યાત્મા તે ધર્મારાધનાની ખુમારી અનુભવાતી નથી, તેના અનેક કારણો પૈકી ધર્મના પાયાસમાન મૈત્રી આદિ ચાર ભાવનાઓ સંબંધી અજ્ઞાન કે તેની ઉપેક્ષા મહત્વનું કારણ આજના કેટલાક વિચારક તત્ત્વજ્ઞોને લાગે છે.

તે સંબંધી વધુ સ્પષ્ટ વિચારણા માટે ઉપયોગી થઇ પડે, તેવું એક વ્યાખ્યાન પૂ૦ આગમોદ્ધારકશ્રીની આગવી શૈલીનું વ્યવસ્થિત રીતે એકત્રિત કરી રજુ કરાય છે. सं.]

**प्राप्तः षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलंघनम् ।**
**लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥१॥**

**જન્મ મરણનો ભય.**

શાસ્ત્રકાર મહારાજા, ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી મહારાજા લોકસંજ્ઞાત્યાગ નામના અષ્ટક પ્રકરણની રચના કરતાં જણાવે છે કે

આ જીવને જ્યારે જ્યારે વેદના ભોગવવાના પ્રસંગો ઉપસ્થિત થાય છે, ત્યારે ત્યારે તે તે વેદનાના સ્થાન પર તે જીવ ખૂબ લક્ષ્ય રાખે છે, પરંતુ વેદના ભોગવવાનો અવસર ચાલ્યા ગયા પછી એટલે વેદના ભોગવ્યા પછી ત્રણ–ચાર–દિવસ પછી વેદનાનો વાસ્તવિક સાક્ષાત્કાર રહી શકતો નથી, જ્યારે અણુસમજમાં થયેલી બીનાના સાક્ષાત્કાર ભૂલી જવાય તે નવાઇ નથી.

અણુસમજમાં મુખની કુમળી જગામાં અવાળુરૂપ પૃથ્વીને ભેદીને અંકૂરારૂપ દાંત બહાર નીકળે છે. દાંત આવે ત્યારે નાના છોકરાં–છોકરી રડે છે, ઝાડા થાય છે; છતાં આ અણુસમજની

વેદનાનો સાક્ષાત્કાર આપણને થતો નથી. દાંત આવ્યા પહેલાં જન્મની વેદના ભોગવીને આવ્યા અને જન્મ પહેલાં ગર્ભની વેદના દરેકે દરેક જીવે ભોગવી છે, છતાં એ વેદનાનો ખ્યાલ અત્યારે કોઇને પણ નથી. ગર્ભનું દુઃખ ઘણી વખત સાંભળી ગયા છતાં જન્મનો ડર જીવને એક દહાડો પણ નથી. દરેકને પૂછીએ તો મરણનો ડર બધા જીવો બતાવશે, પણ જન્મનો ડર કોઇ પણ કહેશેજ નહીં.

મરણના ભયવાળા બાહ્યદષ્ટિવાળા જીવો છે, અને તત્ત્વદષ્ટિવાળાને તો જન્મનો ભય હોય છે. જન્મને પુંછડે મરણ વળગ્યું છે, પણ મરણને પુંછડે જન્મ વળગ્યો છે એમ ન કહેવાય; કારણ કે તીર્થંકર–કેવળીઓ મોક્ષે જાય એટલે મરણ પામ્યા પછી તેઓને જન્મવાનું હોતું નથી. આથી મરણ પછી જન્મ થતો નથી અને જન્મ થાય છે એમ બે વિકલ્પ છે, તેવી રીતે જન્મ પછી મરણ નિયત છે, એ એકજ વિકલ્પ છે. મરણના ભયવાળાને મોતના પંજામાંથી બચવું હોય તો, મરણના ભયને બદલે સદ્ગુરૂના સમાગમમાં જન્મનો ભય શરૂ કરે, અને હવે વારંવાર જન્મવાનું કયારે બંધ થાય ? આ ભાવનાને મૂર્ત-સ્વરૂપ આપે તો જરૂર જન્મ–મરણનો સર્વથા ભય ટળે છે.

## ધર્મની મર્યાદા.

**જન્મનો ભય શરૂ કરવા માટે જીવોએ ભાવનાશીલ થવું જોઇએ.**

ભાવનાના બે પ્રકાર છે એક સમ્યક્ત્વ ભાવનાનો, અને બીજો પ્રકાર વૈરાગ્ય ભાવનાનો છે.

શ્રદ્ધાને ઉત્પન્ન કરનાર, ટકાવનાર અને દિનપ્રતિદિન વૃદ્ધિ કરનારી ભવ્ય–ભાવનાઓને સમ્યક્ત્વ ભાવનાઓ કહેવાય છે, અને વર્તનના ટકાવ–વૃદ્ધિ–શુદ્ધિ કરનારી ભાવનાઓને વૈરાગ્ય ભાવનાઓ કહેવાય છે.

વળી તત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિનો ટકાવ કરવા કરવા માટે મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય અને માધ્યસ્થ્ય એમ ચાર ભાનાઓ છે.

**આથી શાસન માન્ય વિચારોને અને વિચાર ધર્મને ટકાવનારી ઉપરની મૈત્રી આદિ ચાર ભાવનાઓ છે.**

શાસન માન્ય પવિત્ર વર્તન ટકાવે-વધારે-શુદ્ધ રાખે, અને પવિત્ર વર્તન પર આક્રમણ કરનારા ઉપસર્ગાદિ પ્રસંગોમાં પણ વિઘ્નોને દૂર કરવાનું સામર્થ્ય સમર્પણ કરે તેવી ભાવનાઓ અનિત્યાદિ બાર છે, અને આ બારે ભાવનાઓ એ વર્તનધર્મની પોષક છે, એટલે વૈરાગ્ય ભાવની પોષક-વર્ધક ભાવનાઓ છે.

સમ્યક્ત્વ પામવાની ઇચ્છાવાળાએ, સમ્યક્ત્વ નિર્મળ રાખવાની ઇચ્છાવાળાએ, વધારવાવાળાએ, ઓતપ્રોત બનવાની ઇચ્છાવાળાએ, ક્ષાયોપશમિક ભાવની પરાકાષ્ઠાએ પહોંચવાવાળાએ, અને છેવટે ક્ષાયિકભાવની પ્રાપ્તિ સુધી **સમ્યક્ત્વની ચાર ભાવનાથી હરદમ ભાવિત રહેવું જોઈએ,** એટલુંજ નહિ પણ **આ ચાર ભાવનાથી** એટલે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય માધ્યસ્થ્ય **ભાવનાથી વિરામ પામવાવાળો સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈને મિથ્યાત્વી બને છે.**

**મૈત્રી આદિ ચાર ભવ્ય વાડના સંરક્ષણથી સમ્યક્ત્વ સુરદ્રુમ સચવાય** છે, અન્યથા નહિ.

વિચારધર્મ અને વિચારક ધર્મીને તપાસવામાં ચાર ભાવના પ્રથમ તર્કે તપાસવીજ જોઈએ.

ચાર ભાવનાથી ભાવિત થનારની ક્રિયા-અનુષ્ઠાનાદિને ધર્મ કહેવામાં અગર તે ક્રિયા કરનાર પણ **ચાર ભાવનાથી ભાવિત થયેલો હોય તોજ ધર્મી** કહી શકાય છે.

**ચાર ભાવનાથી વિરામ પામેલાઓમાં સર્વજ્ઞકથિત ધર્મનો લવલેશ જ નથી.**

મોતીને હાથમાં લઇને મનમાન્યા ભાવ કરવા તે ન ચાલે, પરંતુ ભાવ કરનારે મોતીનું પાણી, રંગ, આકાર, તેજ, તોલ દેખીને ભાવ કરે તો તે ઝવેરીની પંક્તિમાં ગણાય છે, નહિતર મનમાન્યા ઢંગધડા વગર ભાવ કરનારો લબાડ કહેવાય છે. તેવી રીતે શાસ્ત્રકારોના વચન સિવાયનાં બોલાતા વચનોની કિંમત બે બોર જેટલી પણ નથી, શાસ્ત્રોની અપેક્ષાએ બોલાતાં વચનોની કિંમત અમોઘ છે, આથી ચાર ભાવનાના સ્વરૂપ કથનમાં પણ શાસ્ત્રોની અપેક્ષા રાખવી પડે છે.

**ધર્મનું સ્વરૂપ વર્ણન.**

તમે કહો છો કે ચાર ભાવનાથી વિરામ પામેલાઓમાં ધર્મ નથી, તો પછી "**दुर्गतिप्रपतजंतुधारणा०.**" ઇત્યાદિ પદોથી ધર્મનું સ્વરૂપ કહેવાય છે, તે શું? એટલે દુર્ગતિમાં પડનારા પ્રાણીને ધારણ કરે છે તે ધર્મ કહેવાય છે, તો પછી ચાર ભાવનાથી ભાવિત ધર્મ છે, એ લક્ષણરૂપ ધર્મ તમે કયાંથી લાવ્યા?

દુર્ગતિમાંથી પડતા જીવને ધારણ કરીને સદ્ગતિમાં સ્થાપન કરે તે ધર્મના ફળનું વર્ણન છે, **ચાર ભાનાથી ભાવિત ધર્મ કહેવાય છે, તે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ છે.**

કોઇ પૂછે કે પાણી કોનું નામ? જવાબમાં કહે કે, તરસ મટાડે તે પાણી કહેવાય. ખોરાક કોનું નામ? જવાબમાં, ભૂખ મટાડે તેનું નામ ખોરાક કહેવાય; તેવી રીતે દુર્ગતિથી બચાવે કોણ? તો કહેવું પડશે કે, ધર્મ. સદ્ગતિમાં સ્થાપે કોણ? તો કહેવું પડશે કે, ધર્મ. આ બધા પ્રશ્નોમાં ફળ રૂપે વર્ણન છે.

જેમ ઘણી કિંમત આપવી પડે તે ધાતુનું નામ સુવર્ણ છે. ઘણી કિંમત અપાવે તે હીરો; આ બંનેમાં ફળ રૂપે વર્ણન છે. પણ સોનું કહેવાય કોને? તો કહેવું પડશે કે, કસોટી પર કસ આવે, છીણીથી કપાય તે (છેદાય તે,) અને અગ્નિના તાપમાં નિર્ણય કરી શકાય તેનું નામ સુવર્ણ. આ સ્વરૂપ વર્ણન છે. તેવી રીતે

ધર્મ કહેવો કોને ? તે પ્રશ્નના જવાબમાં શાસ્ત્રકાર ભગવન્તો શાસ્ત્રોમાં જણાવે છે કે—

> वचनादविरुद्धाद्यदनुष्ठानं यथोदितं ।
> मैत्र्यादिभावसंयुक्त-मेतद्धर्म इति कीर्त्यते ॥१२॥

એટલે આ શ્લોકમાં ધર્મનું સ્વરૂપ જણાવાય છે. **સર્વજ્ઞકથિત વચનોને સુસંગત જે અનુષ્ઠાન હોય, અને તે અનુષ્ઠાન પણ મૈત્રી આદિ ભાવથી ભાવિત હોય તેને ધર્મ કહેવાય છે.**

ફળ તરફ દોડનારાઓ સ્વરૂપ પ્રત્યે ધ્યાન ન રાખે તો તેઓ મૂર્ખાઈનું પ્રદર્શન કરાવે છે. પીળા પિત્તળને સોનું સમજીને સોનાનો ભાવ લેતા જાય તો મૂર્ખમાં ખપે છે, કારણ કે પિત્તળ અને સોનાના ફરકને સમજતો નથી, સાચા હીરાની કિંમત બોલનારને સાચો હીરો છે કે ઇમીટેશન હીરો છે, તેની ખબર ન રાખે તો પણ તે મૂર્ખજ કહેવાય છે.

આથી ફળ તરફ બેદરકાર રહેનારો સ્વરૂપ પ્રત્યે ધ્યાન રાખે તો તે ભાવિમાં મુંઝવણમાં મુકાતો નથી. ભીણીયા મોતી લઈને બસરાઈ મોતીના ભાવ મળતા નથી. ઇમીટેશન હીરો વેચવા જનારને સાચા હીરાના ભાવ મળતા નથી. તેવી રીતે મૈત્ર્યાદિ **ભાવનાથી રહિત અને સર્વજ્ઞકથિત વચનોથી સુસંગત ન હોય તેવા વિચારરૂપ ધર્મ કે વર્તનરૂપ ધર્મની કિંમત કાણી કોડી પણ ઉપજતી નથી, કારણ કે સ્વરૂપે ધર્મ ન હોય તેનું વાસ્તવિક ફળ મળતું નથી.**

**મૈત્રી ભાવના.**

ફળની અપેક્ષાએ ધર્મ બધા સરખા માને છે, પણ વસ્તુ સ્વરૂપમાં બધા દર્શનમાં ફરક છે.

ફળની અપેક્ષાએ છ દર્શનની માન્યતા ધર્મ માટે એક સરખી છે, અને મુક્તિ અપાવનાર ધર્મ બધા માને છે. દુર્ગતિ દેનાર

ધર્મ કયો છે? તે સમજવામાં ભિન્નતા છે. આખું જગત્ સ્વરૂપધર્મ માટે પરસ્પર ભિન્નતાવાળું છે, શ્રુતિનું કથન અને સ્મૃતિનું કથન એક સરખું નથી. પુરાણમાં કથન કરેલ ધર્મથી પણ વિભિન્નતા છે.

જૈન દર્શનમાં ધર્મનું સ્વરૂપ કથન એકજ છે, અને તે આ પ્રમાણે છે—

**"સર્વજ્ઞકથિત વચન અનુસારે મૈત્ર્યાદિ ભાવનાવાળો ધર્મ તે સ્વરૂપ ધર્મ છે."**

કેરી આપે તે આંબો છે, અને પૈસા આપે તે બજાર છે; પણ કેરી કહેવાય કોને? પૈસો કહેવાય કોને?; આ બે પ્રશ્નમાં કેરી પૈસાનું સ્વરૂપ પૂછાય છે. તેવી રીતે દુર્ગતિથી બચાવે અને સુગતિ આપે તે ધર્મ છે, પણ ધર્મ કહેવાય કોને? એ પ્રશ્નથી સ્વરૂપ પૂછાય છે; અને ધર્મનું સ્વરૂપકથન ઉપર પ્રમાણે દરેક જૈન શાસ્ત્રમાં એક જ છે.

ધર્મના સ્વરૂપમાં મૈત્ર્યાદિ ભાવના સંયુક્ત અનુષ્ઠાનને ધર્મ કહેવાય છે. એટલે મૈત્રી વિગેરે ચાર ભાવનાના સ્વરૂપને સમજવું જોઇએ.

જ્યારે વીંછી કરડે છે, અને કરડયા પછી ચડે છે ત્યારે વેદનાથી વ્યાકુળ બનેલો તુરત બોલે છે કે—**માથાના કાપનારને આ વેદના ન થશો, આનું નામ મૈત્રી છે.** કર્મરૂપી વીંછી આત્માના પ્રદેશ પ્રદેશે પર કરડયા કરે છે, અને મિથ્યાત્વના કલોરોફોર્મના ઘેનમાં કર્મરૂપી વીંછીના ડંખ જણાતા નથી. વીંછીનો ડંખ ચેતનાને જાગૃત રાખે છે. ઉંઘણશીની ઉંઘને વિદાય કરે છે. નિયમિત ઉંઘ લેનારના નિયમનો ભંગ કરે છે. તેવી રીતે કર્મરૂપ વીંછીના ડંખને પણ પ્રભુ વાણી અનાદિકાળની મિથ્યાત્વની ઘોર નિદ્રાને ભગાડી દે છે, અને ચેતનાને જાગૃત રાખે છે.

"કોઇ પણ પાપ ન કરો" આ ભાવનાના મૂળમાં કર્મ-રૂપ વીંછીની સપડામણમાં ભાવિમાં કોઈ ન આવો, કારણ કે પાપ કર્યું એટલે અશુભ કર્મનો બંધ તેને ભાવીમાં ખૂબ રડાવશે, તેથી મૈત્રી ભાવના રૂપ મહેલનું આ પ્રથમ પગથીયું છે.

એટલું જ નહિં પણ ભૂતકાળમાં પાપ કરીને આવેલ પાપીઓ પાપના ઉદયમ મુંઝાતા હોય તો તે દુઃખી ન થાઓ એ મૈત્રી ભાવનાનું બીજું પગથીયું છે.

અને આખું જગત્ પાપથી મુક્ત થાઓ એ અંતિમ સોપાન છે.

દુશ્મનના માથે ભાવિમાં દુઃખ આવી પડવાનું હોય તે અવ-સરે હર્ષ–આનંદ–શાંતિ થાય તો તો સમજવું કે સમ્યક્ત્વનો અભાવ છે, વીંછી પોતાને કરડે કે બીજાને કરડે પણ વીંછીનો ડંખ બધાને એક સરખો દુઃખી કરે છે, તેવી રીતે કર્મ વીંછીના ડંખના દુઃખને સમજનારની સમજ એ સમ્યક્ત્વનો અવસર છે. વાઢકાપ વખતનું ક્લોરોફોર્મ વાઢકાપની સમજ ન પડવા દે, પણ કલો-રોફોર્મ ઉતરી જાય એટલે ગભરાઇ ઉઠે કે હાય ! આટલું બધું લોહી ચાલ્યું ગયું. માંસ પણ ગયું, આટલો ખાડો પડ્યો, અને અસહ્ય વેદના છે, તેવી રીતે કર્મની સઘળી હિલચાલોમાં જીવ સમ્યક્ત્વધારી હંમેશા સજાગ રહે છે. આનું નામ મૈત્રીભાવના છે. વિશ્વવાસી સર્વજીવોના ઉદ્ધારમાં આ ભાવનાનો પરમાર્થ સમાયેલો છે.

**પ્રમોદ ભાવના,**

વિશ્વપ્રેમમાં અને વિશ્વ ઉદ્ધારમાં ફેર શો ? જવાબમાં કહેવું પડશે કે વિશ્વપ્રેમ એ સજ્જડ બંધન છે, કારણ કે વિશ્વપ્રેમ રાખનારાને કર્મ બંધનો તોડવા–તોડાવવાની ખબર નથી. પરંતુ કર્મ સંકટના કારમા પંજામાં સપડાઈ ગયેલા જીવો કેમ છૂટે ? તે સંબંધનો ઉપદેશ સલાહ, સૂચના, પ્રેરણા, સારણા–વારણાદિ પ્રસંગો દ્વારા ઉદ્ધાર કરવો તેનું નામ વિશ્વોદ્ધાર છે.

વિશ્વ-ઉદ્ધારના પર્યવસાનમાં મૈત્રી ભાવનાની મહત્તા સમાચેલી છે. મૈત્રી ભાવનાને સમજ્યા પછી પ્રમોદ ભાવનાને સમજવાની જરૂર છે.

જ્યારે વીંછી કરડયો હોય અને તેની વેદનામાં આકુળવ્યાકુળ થયો હોય ત્યારે તુરત બોલે કે વીંછી ઊતારનારને તુરત બોલાવો. જરા વિલંબ થાય એટલે બોલે કે ઉતારનાર આવ્યો કે નહિં? વીંછી ઉતારનાર આવે ત્યારે તેના તેના પગે પડે અને વિનંતિ કરે. વિચારે કે વીંછી ઉતારનાર ન હોય તો શું થાય? વીંછી ઉતારનારનું આવાગમન થવાની સાથે સ્વાગત કરાવવાનું, તેની ક્રિયા પ્રત્યેનું બહુમાન રાખવાનું, તે ઉતારનારને કંઈપણ તકલીફ ન પડે તેની સાવધાની રાખવા-રખાવવાનું ધ્યાન રાખે છે. વીંછી ઉતારનાર આવ્યો, એટલે વીંછીની વેદનાવાળાને આનંદ થાય અને કહે કે હવે મ્હારી વેદના હમણાં જ જશે.

તેવી રીતે કર્મ-વીંછીની વેદનાઓને મુકાવનારા દેવનરૂપ અરિહંત-સિદ્ધ ભગવન્તોની અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતોના સહવાસમાં, સમાગમમાં, ઉપદેશ શ્રવણમાં તેઓની જીવનચર્યા દેખાવમાં આનંદ આનંદ થઈ જાય અને કર્મના કાંટા દૂર કરવાની તાકાત તેઓમાંજ છે. વીંછીની વેદનામાં બેભાન થયેલો અગર નાની ઉમ્મરના છોકરાને વીંછી ઉતારનાર પ્રત્યે આનંદ ન ન થાય, તેવી રીતે કર્મના કાંટાની વેદનામાં વ્યાકુળ થયેલાઓને અને બેભાન થયેલાઓને પણ પરમેષ્ઠીઓ પ્રત્યે બહુમાન-આદર-આનંદ-પ્રમોદ ન થાય તે સ્વાભાવિક છે.

**જૈનશાસન માન્ય ગુણીજનો પ્રત્યે, ગુણો પ્રત્યે અને તે ગુણોની ઉત્પત્તિ-ટકાવ વૃદ્ધિના સકળ સાધન-સામગ્રી-સંયોગો પ્રત્યે આદર બહુમાન પૂર્વકનો આનંદ વ્યક્ત કરવો.**

**વખતો વખત પ્રમોદ ભાવનાના પ્રબલ આંદોલનો ઉઠયા કરે તેનું નામ પ્રમોદ ભાવના છે.**

શાસનમાન્ય ગુણીજનોની ગણત્રીમાં પંચ પરમેષ્ઠી ભગવંતોની ગણના પ્રથમતયા સ્વીકારેલી છે, કર્મના કુટિલ ઝેરને ઉતારનાર ગારૂડી સમાન દેવ-ગુરૂ-ધર્મ સંબંધના વિચારો-વર્તન એ જાંગુલી મંત્ર સમાન છે, શાસનમાન્ય ગુણીજનોના સહવાસમાં રહેવાથી, સમાગમમાં આવવાથી અને તેઓની હિત શિક્ષા-સલાહ સૂચના-પ્રેરણા-સારણા-વારણાદિ ઉપદેશ શ્રવણ કરવાથી અને વર્તવાથી કર્મના કાતીલ ઝેર વિદાય પામશે, અને તેથી તે **ગુણીજનોનો સહવાસ સમાગમ બન્યો રહે, તે શુભ સંયોગનો વિયોગ થયે શુભ-સંયોગની ઝંખના કર્યા કરે તે પ્રમોદ ભાવનાના પ્રતીકો છે.**

**કારૂણ્ય ભાવના**

**અખિલ વિશ્વના જીવોને કર્મની કારમી વેદનામાંથી મુક્ત કરાવવા માટે હું સર્વ સાધન સામગ્રી શક્તિવાળો થાઉં.** વિશ્વના સર્વ જીવોને શાસનરસિક એટલે સંયમમાર્ગના રસિક બનાવું તો તે બધા જીવો પ્રાપ્ત કરવા લાયક માર્ગે ચઢી જાય, આવી ભાવદયા થવી તે **કારૂણ્ય ભાવનાનું રહસ્ય છે.**

નિર્ધન હોય કે ધનવાન હોય પરંતુ ધર્મની આરાધના વગરનો છે તે ભાવિમાં દુઃખી થશે, માટે ધર્મ-ઔષધ આપીને સુખી કરવાની ભાવના તે કારૂણ્ય ભાવનાનો પ્રકાર છે.

અંધા-લુલા, લંગડા-બહેરાં, રોગી-નિર્ધનોને દેખીને જે કરૂણાભાવ=દયાભાવ ઉત્પન્ન થાય છે. તેનું નામ **દ્રવ્ય દયા છે,** પરંતુ ગમે તે અવસ્થામાં જીવ હોય (નિરોગી-ધનવાન-બુદ્ધિશાળી સત્તાધીશ વિગેરેને પણ કોઇ અવસ્થામાં જીવ હોય) પરંતુ સર્વજ્ઞકથિત ધર્મની આરાધનાથી વિમુખ જે જીવો હોય તે ભાવિમાં વધુને વધુ દુઃખી થશે માટે **તે દુઃખ દૂર કરવાને માનસિક વિચારોના આંદોલનો ઉભરાય તેનું નામ ભાવ દયા છે.**

કારૂણ્ય ભાવનાનું વાસ્તવિક સ્વરૂપ ભાવદયાને સંપૂર્ણપણે સ્પર્શે છે, તે ધ્યાનમાં રાખવું.

**માધ્યસ્થ્ય ભાવ.**

**દુઃખી-દીન જીવોને ગુણ કરવાની અભિલાષાથી માનસિક-વાચિક પ્રવર્તન કરીએ અને તે પ્રવર્તન દ્વારા ગુણ થવાને બદલે અવગુણ થાય અગર થશે એમ ધારીને સર્વજ્ઞ-શાસનમાં માધ્યસ્થ ભાવના અગર ઉપેક્ષા ભાવ ધારણ કરવાનું ફરમાન છે.**

ગુણાકારમાં હંમેશા વૃદ્ધિ થાય છે, એ માન્યતા પણ ભૂલ ભરેલી છે. જુઓ એકસોની પૂર્ણ સંખ્યાને અપૂર્ણાંક ૦। એ ગુણવાથી ૧૦૦×૦।=૨૫ પચીસ આવ્યા. એટલે ગુણાકાર કરવાથી પોણોસો ઘટી ગયા. આથી પૂર્ણાંક રકમ સાથે અપૂર્ણાંક રકમનો ગુણાકાર કરવો તે ભાગાકારનો ભાઇ છે; કારણ કે ૦। ગુણવા કરતાં સોને (૧૦૦÷૪) ચારે ભાગવાથી પચીસ આવશે. હિસાબ ગુણાકારનો અને ફળ ભાગાકારનું આવે, તે ધ્યાનમાં રાખવા જેવું છે. તેવી રીતે કર્મના કારમા પંજા તળે દબાયેલા જીવોના કર્મ ઓછા કરવાની મહેનત કરો તો તે ગાઢ-કર્મીજીવો વધુને વધુ કર્મ બંધનમાં ઉતરતા જાય.

તમે કહો કે બિચારા નિર્દોષને ન માર! ત્યારે તે ગાઢ કર્મી કહે કે તું કહેનાર કોણ? અને નિર્દોષ-સદોષ મારે તપાસવાનું છે, તેમાં તું ડહાપણ કરનારો કોણ? માટે તેં કીધું તેથી હવે હું વધારે મારીશ.

આ પ્રસંગમાં ઉપેક્ષા રાખી હોત તો ઘણું સારૂં! પરંતુ દયા કરવા જતાં તે જીવને આપેલો ઉપદેશ નિર્દોષને વધુ સહન કરવા માટે થયું. કોઈ પ્રસંગમાં ઉપદેશ કથન કરવાં કરતાં મૌન ગંભીરતાનો સ્વીકાર કરવામાં એટલે ચુપ રહેવામાં લાભ છે.

જુઓ—એક ઉંડા કુવા પાસે ત્રણ વર્ષનો છોકરો રમી રહ્યો

છે. કુવાને કઠેડો વિગેરે કાંઈ નથી. અને રમતો રમતો છોકરો કુવાના કાંઠે આવ્યો. મેડા ઉપર રહેનાર બાપે દેખ્યો એટલે ગુપ-ચુપ ઉતરીને છોકરાને ઉપાડી લીધો તો તે છોકરો બચ્યો. પણ મેડેથી બુમ પાડી હોત, ઘોંઘાટ કર્યો હોત તો શું થાત? છોકરો ગભરાઈને કુવામાં પડત. આ પ્રસંગમાં ગંભીરપણે ચુપકી પકડી તેજ બચવાનું સાધન છે, અને ચુપકી ન રાખે તો છોકરો મરી જાય.

તેવી રીતે ભારેકર્મી જીવો પાસે દેવ, ગુરૂ, ધર્મની વાતો કરો અને તેઓના ઉપકારની વાત કરો તો ન સંભળાવવાનું સંભળાવે અને દેવ, ગુરૂ, ધર્મને ગાળોથી નવાજે છે, પરંતુ તમે ચુપ રહો તો તે ભારે કર્મી એમનો એમ બેસી રહે છે, અને ગાળ વિગેરે કંઈ બોલતો નથી.

રમણ નામનો એક છોકરો બી. એ. ની પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયો. બધી વાતે ડાહ્યો અને દરેક પ્રસંગોમાં ડાહી ડાહી વાતો કરે, પણ કોઇ કહે કે રમણભાઈ? આ ડાબડી લેશો? તે અવસરે રમણભાઇ ગાંડા ગંતુર બનીને સામાપર (દાબડી બતાવનાર પર) ન બોલવાનું બોલીને સેંકડો માણસ ભેગા કરે. લોકો કહે કે ખરેખર રમણ ગાંડાની હોસ્પીટાલમાં મુકવા લાયક છે.

આ નાનકડા કથાનકમાં પણ બોલાવવાનો પ્રસંગ ઉભો કર્યો તો રમણભાઈ ગાંડા થયા, તેવી રીતે ભારે કર્મી જીવોને ઉકળાટ થતો હોય તો દેવ-ગુરૂ-ધર્મની વાત ન કરવી.

**કારણ કે લાભને બદલે હાનિ થતી હોય તો ઉપેક્ષા ભાવ અગર મધ્યસ્થભાવ ધારણ કરવો. ધર્મનો ધ્વંસ થતો હોય, શાસનમાન્ય ક્રિયાનો લોપ થતા હોય, મંદિર-મૂર્તિને નુકશાન પહોંચતું હોય, શાસનના કોઇ અંગને નુકશાન પહોંચતું હોય; અને નુકશાન પહોંચાડનારાઓને છતી સામગ્રીએ દબાવીને લાભ ઉત્પન્ન કરી શકતા હોઇએ તો જ જુદી વાત.**

**પણ કોઈ ઉપાયે ફાયદો થતો ન હોય અને બોલવા જતાં સુધરવાની વાત કરવા જતાં પ્રસંગ વધુ બગડે અને લાભને બદલે નુકશાન ન થતું હોય તો માધ્યસ્થ્ય ભાવ રાખવાનું શાસ્ત્રકારો જણાવે છે.**

નદીમાં તરનારે તરતી વખતે બીજા કોઈને ડૂબતો દેખે તો જરૂર તારવાનો પ્રયત્ન કરે અને ધ્યાન રાખે છતાં ન તરે તો વાંધો નહિ, પરંતુ ડૂબતાને ધક્કો મારીને ડૂબાડવાનું કાર્ય કરવું જ નહિં. આથી જ શાસ્ત્રકારોએ સંસારથી તારવા માટે ઉપરનો પ્રસંગ વિચારીને છેવટના ઉપેક્ષભાવ રાખવો.

હલ્લાના દરેકે દરેક પ્રસંગોમાં ધર્મિષ્ઠોએ સાવધાન રહેવાની જરૂર છે. અને તેવા પ્રસંગોમાં ધર્મિષ્ઠોએ સુંદર નિમિત્તો અગર આકરા ઉપાય કરીને ભારે કર્મી-અધર્મી જીવોને બચાવવા ઉદ્યમ કરવો, પણ એવાં નિમિત્તો ઉભાં કરવાં નહિં, કે તે બિચારા ભારે કર્મી જીવો વધુને વધુ ડૂબી જાય. બીજો ડૂબી જતો હોય તે અવસરે બુદ્ધિમાને સાવધાની રાખીને અટકી જવું જોઈએ.

યાદ રાખવું કે તારવાની બુદ્ધિવાળાએ પોતે નિમિત્ત આપીને ડૂબાડવોજ નહિં, પરંતુ આપણા પ્રયત્નથી બીજો કોઈ ભારે કર્મી જીવ ડૂબી જતો હોય તારવાનો હરકોઈ પ્રયત્ન કરવો, નહિંતર છેવટે અટકી જઇને વધુ ડૂબતો હોય તો ત્રિવિધે (મન વચન-કાયાની કરણીએ) વિરમી જવા પ્રયત્ન કરવો. તપેલી લોખંડની લાલ ચોળ પાંચશેરી પર ઠંડુ પાણી નાંખો તે નકામુ જાય અને વરાળ નીકળે છે, તેવી રીતે ભારે કર્મી જીવને શાંતિના વચનો ઠંડક કરવાને બદલે આગલી પાછલી વરાળો કાઢે છે માટેતે અવસરે માધ્યસ્થ ભાવ રાખવાનો એટલે ઉપેક્ષા ભાવ ધારણ કરવો.

ગોશાળો પ્રભુનો તિરસ્કાર કરવા આવે છે, તે અવસરે પ્રભુ શ્રી મહાવીર મહારાજા શિષ્યોને જણાવે છે કે— "ગોશાળો આવીને મને તિરસ્કારના વચન બોલે તો કોઇએ ઉત્તર-પ્રત્યુત્તર

દેવો નહિ." એ કીધું તે ઉચિત કર્યું છે કે નહિ ? લબ્ધિવન્ત સાધુઓને ગોશાળા પ્રત્યે લબ્ધિ ફેરવવાનું પણ કેમ કીધું નહિં ? વિશ્વગુરૂ તીર્થંકર કેવળી છે, અને આવનાર ગોશાળો અપમાન કરે છે તો પણ સહન કરવાનું કેમ કીધું ? આ બધા પ્રશ્નોમાં કેવળી તીર્થંકર છે, તેથી ભારે કર્મી ગોશાળા માટે વાસ્તવિક ઉપાયરૂપ ઉપેક્ષા ભાવ સેવવાનું જણાવે છે. ચુપ રહેવામાં લાભ છે. વધુ પડતું કરવામાં લાભને બદલે નુકશાન છે, એ માધ્યસ્થ ભાવનો પરમાર્થ છે.

**પ્રમોદ ભાવના.**

**માધ્યસ્થ્ય ભાવ એટલે જૈન શાસનની મશહૂર રાજનીતિ છે. સાધર્મિકોના સમ્યક્ત્વ-દેશરવતિ-સનવિર્રતિ ધર્મ ટકે તે સારૂ માધ્યસ્થ ભાવ છે.**

જેવી રીતે દેશના વેપારને ધમધોકાર ચલાવવા માટે રક્ષક નીતિરૂપ જકાત પરદેશી માલની આયાત પર નાંખવી પડે છે, તેના જેવી આ રક્ષક નીતિરૂપ માધ્યસ્થ્ય ભાવ છે.

**જૈન શાસનના અભ્યુદય માટેની ઉભી કરાતી જકાત રૂપ પ્રમોદ ભાવના છે,** તીર્થંકરોની જીવનચર્યાની ગણધર ભગવંતોના જીવન પ્રસંગોની, શાસનમાન્ય પૂર્વધરો, સ્થવિર, આચાર્ય, ઉપાધ્યાય, શ્રમણ ભગવંતોના આત્મ હિતકર માનસિક કાયિક પ્રસંગોની અને શાસનમાન્ય ગુણગણ વિભૂષિત શ્રાવક-શ્રાવિકાઓના શુભ-શુધ્ધ પ્રસંગોની અનુમોદના કરવી તે જૈનશાસનના ઉદય માટે ઉભી કરાતી જકાત છે, કારણ કે વધુ ગુણવાળાઓની અનુમોદના કરો અને પોતામાં રહેલી ન્યૂનતાને ધિક્કારીને દેશવટો આપીને હું પણ ગુણગણનો ભંડાર બનું, એ માટે આ શાસન-માન્ય-પ્રમોદભાવના ભાવવી તે અમોઘ ઉપાય છે.

*ઠંડુ પાણી કે ગરમ પાણી એ અગ્નિને ઓલવનાર છે, તેવી*

રીતે શાસ્ત્રના સરળ વચનોથી તે તીવ્ર ધમધમાટીવાળા વચનોથી અવિરતિની આંધીમાં ફસાયેલા કે કઠોર કષાયવાળાઓનો ધમધમતો અગ્નિ શાંત થાય છે એ વાત સાચી છે, પરંતુ તેવા ઉપાય કરવા છતાં ફળ ન બેસે તો માધ્યસ્થ્ય ભાવ-ઉપેક્ષા ભાવ ધારણ કરવો કારણ કે તપી ગયેલી પાંચ શેરી લોખંડની લાલચોળ હોય તેવા શાસન પ્રત્યનીકો પ્રત્યે શાંતિવાળા શબ્દો કે કઠોર શબ્દો કામ ન કરે તો જેમ તે પાંચ શેરીને હવામાં રાખીને ઠંડી થવા દેવી, તેવી રીતે શાસન શત્રુઓને પ્રથમ વાતાવરણથી ઠંડા થાય ત્યાં સુધી ઉપેક્ષાભાવ રાખવો હિતકર છે.

**શાસનમાન્ય ચતુર્વિધ સંઘની હરકોઇ વ્યક્તિમાં અંશ માત્ર ગુણ હોય તેને મેરૂ સમાન માનવાની દ્રષ્ટિએ પ્રમોદ ભાવનાના માર્ગે લઇ જવાનો એ અમોઘ ઉપાય છે. ઉપરની બીનાથી માધ્યસ્થ્ય ભાવના અને પ્રમોદ ભાવના કયા પ્રસંગે કેવી રીતે આદરવી તે વિભાગશઃ સમજાવવી.**

**ભાવનાઓનો ઉપસંહાર**

**આ ઉપર જણાવેલ ચાર ભાવનાઓ એ સમ્યક્ત્વ ધર્મની વિદ્યમાનતા જણાવનારૂં થર્મોમીટર છે, અને તેથી તે ભાવનાઓ સમ્યક્ત્વ ધર્મની ઉત્પાદક છે. સમ્યક્ત્વ ધર્મની પોષક છે, તથા સમ્યક્ત્વ ધર્મની વર્ધક છે.**

યાદ રાખો કે **અનિત્ય-અશરણાદિ બાર ભાવનાઓ એ વૈરાગ્ય ધર્મની પોષક છે, અને મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય માધ્યસ્થ્ય ભાવના એ સમ્યક્ત્વ ધર્મની પોષક છે.**

આ રીતે ભાવનાઓના ઉપસંહાર રૂપ પરમાર્થ સમજીને હવે શાસ્ત્રકાર જણાવે છે કે શરણ કરવારૂપ તીર્થંકર ભગવંતોનું અને ગણધર ભગવંત આદિ શ્રમણ ભગવંતોનું શરણ સ્વીકારીએ અને ચારિત્ર ધર્મના અનેક અનુષ્ઠાન કરવા રૂપ ધર્મનો ઢગલો કરીએ

તો પણ મોતના પંજામાંથી કોઇપણ તીર્થંકર-ગણધર-સાધુ-સાધ્વી વિગેરે બચી શકતું જ નથી, જેની હરીફાઈમાં કોઇ આવી શકે નહિં એવા ધર્મના એટલે શ્રુતધર્મ-ચારિત્રધર્મમય ઢગલારૂપ શ્રી તીર્થંકર-ગણધરાદિનું શરણુ સ્વીકાર્યું છતાં મોતથી ન બચી શકીએ તો પછી શરણુ સ્વીકારવાનો અર્થ શો ? અને તેવી રીતે તેઓના કથન કરેલ ધર્મનું શરણુ સ્વીકારીએ તો પણ રક્ષણ થવાનું તો નથી, તો પછી શરણુ સ્વીકારવાનો અર્થ શો ? ધર્મના સંસ્થાપકો અને ધર્મના સંચાલકો સર્વે મોતની દાઢમાં દબાઇ ગયા તો પછી અરહિંત શરણુ, સાધુ શરણુ અને ધર્મ શરણુ શા માટે સ્વીકારવું ?

આ બધા પ્રશ્નનું સમાધાન આપતાં શાસ્ત્રકાર જણાવે છે કે ચાલુ મરણુ સાથે સંકળાયેલ આયુષ્યની સમાપ્તિ સાથે જન્મ મરણુ તો દરેકનું થવાનું છે, પણ ભાવિમાં મરણ પછી થનારા અનેક જન્મ-મરણુની જંજાળને રોકવાનો કીમીયો તેઓ બતાવે છે, માટે તીર્થ-સંસ્થાપક-તીર્થંકરો અને તે તીર્થ-પ્રવર્તાવનારા ગણુધરાદિ શ્રમણુ ભગવંતો શરણુરૂપ સ્વીકારવા યોગ્ય છે. પુનઃ પુનઃ જન્મવુંજ ન પડે તેવી રીતે અંતિમ જન્મ પામવાની કળા તેઓશ્રી (તીર્થંકર ગણુધરાદિ શ્રમણુ ભગવંતો) શીખવાડે છે, અને તે કળા પણ ધર્મથી) (શ્રુતધર્મની આરાધનારૂપ ધર્મથી) સિદ્ધ છે; માટે ધર્મ એ પણ શરણુ કરવા યોગ્ય છે.

આથી તો ચાર શરણુ સ્વીકારનારાઓની હાંસી કરવા માટે ધર્મ વિરોધીઓ એક દૃષ્ટાંત આપે છે કે-હવે કોઇના ઘરમાં ધણી શરીરે બાંધાનો નબળો હતો, અને સ્ત્રી શરીરે બાંધામાં મજબુત હતી. હવે અવસર આવે અને પરસ્પર લડાઇ થાય, એટલે તે સ્ત્રી ઘરનાં બારણાં બંધ કરીને પોતાના ધણીને માર મારે ત્યારે ધણી સામે મારવાને બદલે મોટે સાદે બુમ પાડીને કહે કે 'લે રાંડ લેતી જા' એટલે ધણી માર ખાતો જાય અને દેખાવ કરવા બુમ પાડે તેના જેવું આ શરણુ સ્વીકારવાના રિવાજનું છે.

જમરાજની દૂતી રૂપ મૂર્તિએ અનેકાનેક જીવોને જમરાજની જંજીરોમાં જકડીને વિનાશ નિપજાવ્યો, છતાં બહારથી અંધ-શ્રદ્ધાળુઓ બોલે છે કે અમને બચાવનાર તો ચારજ છે. પરંતુ યાદ રાખવું કે સર્વજ્ઞકથિત શ્રુતધર્મની સુંદર ઉપાસનાથી ચારિત્ર ધર્મની વ્યવસ્થિત આરાધના કરે તો અનંત મરણ નિપજાવનારી તે યમદૂતિરૂપ મૂર્તિ (મોતરૂપ) રૂપ રાંડ મરણ કરાવવા રૂપ જુલ્મ આદરી શકતી નથી; કારણ કે જન્મ ન થાય તો પછી મરણ થવાનું જ નથી.

સમ્યક્ત્વ ધર્મની ભાવનાથી ભાવિત થનારે મરણથી ગભરાવાનું નથી, પણ જન્મ ન થાય તેવી વાસ્તવિક ચિંતા રાખવી, અને જન્મ ન થાય તેવાં કર્મ બાંધતા બંધ થવું જોઈએ.

મ...ન...ની...ય...સુ...વા...ક્ય

* આત્મશક્તિનો વિકાસ થયો ત્યારે કહે-વાય કે જ્યારે પૌદ્ગલિક પદાર્થો પરથી મમત્વ ઘટે.

* સાચી દૃષ્ટિ જેને મળી હોય તે ક્યારેય અજ્ઞાનીઓની નિશ્રાથી દૂર ન રહે.

* જન્મના ભય સામે સમ્યગ્દર્શન સંક-ળાયેલું છે.

# ઉદ્દેશ—સમુદ્દેશ—અનુજ્ઞાનું રહસ્ય

## શ્રુતજ્ઞાનની મહત્તા

(૩)

[ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ પ્રસંગે પ્રસંગે આગમોની અર્થવાચના છૂટક જે આપેલી તેમાંની **નંદીસૂત્રીની** એક વાચનાનો ભાગ સંક્ષેપમાં વ્યવસ્થિત કરી અહીં રજુ કર્યો છે. પુણ્યપ્રભાવક શાસનધુરંધર આગમધર મહાપુરૂષના અદ્વિતીય જ્ઞાનની ઝલક આમાં થોડી જોવા મળે છે. **સં.** ]

ટીકાકાર મહારાજા શ્રીમાન્ મલધારી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી અનુયોગદ્વાર સૂત્રની ટીકા કરતાં, પ્રથમ પાંચ જ્ઞાનનું સ્વરૂપ કહેવા રૂપ નંદીસૂત્રને પ્રથમ કહેતાં જણાવે છે કે—**णाणं पंचविहं पण्णत्तं** । પાંચ જ્ઞાનનું સ્વરૂપ કથન તેજ નંદી છે. નંદી એજ મુખ્ય મંગલ છે. નંદી મુખ્ય મંગલ હોવાથી જ જૈન શાસનની દરેક ક્રિયામાં પ્રથમ તેને સ્થાન છે.

પ્રશ્ન થશે કે સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર, આત્માનું અનંતવીર્ય એ તમામ આત્માના અપૂર્વગુણો શું મંગળરૂપ નથી? અથવા નથી માનતા? તે બધાને મંગલરૂપ ન જણાવતાં એકલા જ્ઞાનને જ મંગલરૂપ કેમ જણાવ્યું? માત્ર જ્ઞાનનું જ કીર્તન શા માટે? સમ્યગ્ દર્શનાદિ તમામને મંગલ જરૂર માનીએ છીએ, એ તમામ વિઘ્નનાશક છે, કર્મ નિર્જરાનાં કારણો છે જ પણ જ્ઞાનને મંગલરૂપ કહેવાથી આ તમામને મંગલરૂપ નથી માનતા એમ માનવાને કારણ નથી.

દુનિયામાં પણ ઈતર લોકો કોઈપણ કર્મારંભે ગણપતિની સ્થાપના કરે છે. ત્યારે શું તેઓ મહાદેવાદિ નથી માનતા? માને તો મહાદેવને પણ છે. અહિં જ્ઞાનને મંગલરૂપ ખાસ કહેવાનો હેતુ એ છે કે

ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા, વ્રતારોપણ, પદપ્રદાનાદિ કાર્યો શ્રુતજ્ઞાનના આલંબનથી થયા છે, શ્રુતજ્ઞાન વિના ઉદ્દેશાદિ કાંઈ થઇ શકતું નથી, આથી શ્રુતજ્ઞાન તેજ જ્ઞાન તે રીતિએ જ્ઞાનનાં કીર્તન રૂપ મંગલ કહેવામાં આવ્યું છે. શ્રુતજ્ઞાન તે જ્ઞાનની જાતિ છે, માટે શ્રુતજ્ઞાનને મંગલ કહ્યું, તેથી પાંચે જ્ઞાન મંગલ રૂપ જાણવા.

અત્ર અનુયોગ આવશ્યકનો કહેવો છે. અનુયોગ પણ શ્રુતજ્ઞાન છે, તે સંબંધ જણાવવા પ્રસ્તુત અધિકાર તે રૂપે જણાવવા-મંગલરૂપે જણાવવા પાંચ જ્ઞાનને પ્રથમ જણાવવા માટે કહ્યું કે-**णाणं पंचविहं पण्णत्तं, चत्तारि णाणाइं ।**

હવે તે પાંચ પ્રકારનાં જ્ઞાનોમાં મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન, આ ચાર જ્ઞાનો સ્થાપ્ય છે, તેથી જ સ્થાપનીય, આને એક તરફ રાખી મૂકવા જેવા છે. સ્થાપ્ય એટલે વ્યવહાર બહારનું માટે સ્થાપી રાખવા યોગ્ય. તે ચાર જ્ઞાનોનો વ્યવહાર નથી, વ્યવહારમાં તે જ્ઞાનો ઉપકારી નથી, તે જ્ઞાનની લેવડ-દેવડ થઈ શકતી નથી, અને જ્યાં લેવડ-દેવડ ન થાય ત્યાં લક્ષ્ય કોણ આપે? લેવડ-દેવડમાં આવતું જ્ઞાન, વ્યવહારમાં ઉપયોગી જ્ઞાન માત્ર શ્રુતજ્ઞાનજ છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવ જ્ઞાન તથા કેવલજ્ઞાન તો પોતાના સ્વરૂપને પણ જણાવી શકતા નથી શ્રુતજ્ઞાન તે ચારે જ્ઞાનોનું તથા સ્વયં પોતાનું પણ સ્વરૂપ જણાવે છે. શાસ્ત્રથીજ બધું જણાય છે ને?

પ્રશ્ન—પ્રથમ ઉપયોગ મતિજ્ઞાનથીજ છે ને? ઉપયોગ મતિજ્ઞાનનો પણ પછી મૌન રહે તો વ્યવહાર ચાલે? વ્યવહાર માટે શબ્દ જ જોઇએ ને! શબ્દ તેજ શ્રુત! શબ્દનું (શ્રુતનું) સાધન ભલે મતિ (જ્ઞાન) હોય તેમાં વાંધો નથી, મતિ તથા શ્રુતનો વાચ્ય-વાચકભાવે અર્થ જાણવો. મતિથી થયેલા ઉપયોગનું નિરૂપણ પણ બોલ્યા વિના થતું જ નથી. મતિજ્ઞાનનું સ્વરૂપ પણ જણાવનાર શ્રુતજ્ઞાન જ છે.

'મતિજ્ઞાન' એવો શબ્દ પણ શ્રુતજ્ઞાન જ છે. બીજાને જણાવવામાં સામર્થ્યવાન શબ્દ છે. મતિજ્ઞાન ગમે તેવું પ્રબલ હોય પણ તેનામાં શબ્દ વિના અન્યને જણાવવાનું સામર્થ્ય નથી. મતિજ્ઞાન કારણ તો છે, કેમકે શ્રુતજ્ઞાન મતિપૂર્વકજ છે. મતિજ્ઞાનનું પ્રગટીકરણ પણ શ્રુતજ્ઞાનના પરિણમનથી જ છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનનું સ્વરૂપ પણ શ્રુતથીજ (શબ્દથી જ) વાચ્ય-વાચક ભાવે પ્રગટ કરી શકાય છે.

જ્યાંસુધી વાચ્ય-વાચક ભાવે પ્રગટ ન થાય ત્યાં સુધી મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન કે યાવત્ કેવલજ્ઞાન પોતાના સ્વરૂપનો પ્રકાશ અન્યને આપી શકતા નથી.

પુષ્પચૂલા સાધ્વીજીને કેવલજ્ઞાન થયું છે. તેઓ ગોચરી (કેવલી છતાં) લાવ્યા છે પણ તેમના કેવલજ્ઞાનની અર્ણિકાપુત્ર આચાર્યને ખબર પડી છે? નહિં જ! તે ખબર ક્યારે પડી? શ્રુતથી જ ને! ચંદનબાલા સાધ્વીજીને કેવલજ્ઞાન થયાની ખબર મૃગાવતીજીને પણ નથી જ પડી. પ્રકાશક તો શ્રુતજ્ઞાનજ છે. શ્રુતજ્ઞાન પોતે જ શબ્દ છે. શબ્દ શ્રુતરૂપ છે. શ્રવણ તે શ્રુત તેમજ श्रूयते इति श्रुतं એમ શ્રુતની વ્યુત્પત્તિ છે.

મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનો વ્યવહારમાં ઉપયોગી નથી, માટે સ્થાપ્ય (એક તરફ રાખી મૂકવા યોગ્ય) છે. આ વ્યાખ્યા પહેલા વાક્યને સિદ્ધાંતરૂપ તથા બીજા વાક્યને હેતુરૂપ લેવાથી થાય છે. પહેલા વાક્યને હેતુરૂપ તથા બીજા વાક્યને સિદ્ધાંતરૂપ લેવાથી બીજી રીતે વ્યાખ્યા એમ થશે કે શ્રુતજ્ઞાન વિના બાકીના ચારે જ્ઞાનોના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા થતા નથી માટે તે સ્થાપ્ય (સ્થાપનીય) છે.

ફરીને યાદ રાખો! બેય પ્રકારે વ્યાખ્યા સમજી લ્યો! મતિજ્ઞાનાદિ (શ્રુત વિના) સ્થાપ્ય છે, માટે તે જ્ઞાનો ઉદ્દેશ,

સમુદ્દેશ, અનુજ્ઞા કરતાં નથી. આ એક વ્યાખ્યા તે ચાર જ્ઞાનોના ઉદ્દેશ; સમુદ્દેશ, અનુજ્ઞાદિ થયાં નથી માટે તે જ્ઞાનો સ્થાપ્ય છે.

વાકયમાં બેમાંથી એક પણ સ્થાને इति શબ્દ સંયોજ્યો નથી. આ બન્ને વ્યાખ્યા ઉલટ પાલટ, પ્રથમ વાકયમાં સિદ્ધાંત તથા બીજા વાકયમાં હેતુ અને ફરીને પ્રથમ વાકયમાં હેતુ તથા બીજા વાકયમાં સિદ્ધાંતને અનુલક્ષીને છે. મતિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન લેવડ-દેવડમાં બીન ઉપયોગી છે, ગુરૂને આધીન નથી, તે જ્ઞાનો માટે ગુરૂ આદિના ઉપદેશની અપેક્ષા નથી.

ગુરૂએ કહ્યું હોય તો જ તે જ્ઞાન થાય તેવો નિયમ નથી, તેમજ શ્રુત વિના તેનું સ્વરૂપ અગોચર માટે તે જ્ઞાનો સ્થાપ્ય છે, શ્રુતજ્ઞાનમાં તો નિયમજ કે બીજા પાસેથી જ્યાં મળે છે. ગુરૂને આધીન છે. ગુરૂ વિના શ્રુતજ્ઞાન, મળતું જ નથી, પણ મતિજ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન તો ગુરૂ વિના પણ મળે છે. મતિ-જ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન, ગુરૂના ઉપદેશ વિના મળે ખરા પણ તે જ્ઞાન થાય છે શાથી?

જેમ મતિજ્ઞાન મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમ તથા ક્ષયથી થાય છે. યાવત્ કેવલજ્ઞાન કેવલજ્ઞાનાવરણીયના ક્ષયોપશમ તથા ક્ષયથી થાય છે. આથી શ્રુતજ્ઞાન માટે ક્ષયોપશમનો નિયમ નથી, તે જ્ઞાન ક્ષાયોપશમિક નથી. એમ નહિં, ત્યાંય કારણ તો કર્મનો ક્ષાયોપશમજ છે, પણ તે ક્ષાયોપશમિક નથી. એમ નહિં, ત્યાંય કારણ તો કર્મનો ક્ષાયોપશમ પણ ગુરૂથી થાય છે. આપોઆપ થતો નથી.

જ્યારે મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન પ્રાપ્ત થવામાં, હેતુભૂત ક્ષયોપશમને ગુરૂના આલંબનની આવશ્યકતા નથી, અને તેથી જ તે જ્ઞાનો માટે ઉદ્દેશ સમુદ્દેશ, અનુજ્ઞાની જરૂર રહેતી જ નથી.

## શ્રુતજ્ઞાનનો અધિકાર કોને?

ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞાનો અર્થ શો? જૈન શાસ્ત્રની દ્રષ્ટિએ પણ સામાન્ય માત્ર કથન તે **ઉદ્દેશ,** વિભાગે કથન તે **સમુદ્દેશ** તથા આજ્ઞા (હુકમ) વાચક શબ્દ તે **અનુજ્ઞાઃ** અત્ર તે અર્થ સમર્થ નથી.

અહિં કયા અર્થ છે? તે ગ્રંથકાર જણાવે છે. ઘરેણું આપતાં પહેલાં જેને આપવાનું હોય તેની યોગ્યતા જોવાય, છોકરીને ચૂડી અપાય, કલ્લી ન અપાય, છોકરાને કલ્લી અપાય, તેમ ન આપતાં વિપરીત આપે તો આપનાર મૂર્ખ ગણાય.

વિધવા બહેન બેટીને કાંટો અપાય ખરો? શ્રુતજ્ઞાન કિંમતી વસ્તુ છે. જે મનુષ્ય શ્રદ્ધાળુ હોય, આરાધન કરી શીખનાર હોય, જેને શીખવું તથા શીખીને બીજાને શીખવાડવું, ગમે તેવું હોય તેજ શ્રુતજ્ઞાન આપવા યોગ્ય છે.

શ્રદ્ધા વિનાનો તત્વજ્ઞાનનો અધિકારી નથી. દેશ આખામાં જાસુસો ફરે તે બધું તપાસે ખરા, પણ તેનો હેતુ તો છિદ્ર ગોતવાનોજ હોય છે. કયાં પોલ છે? તે ગોતવી કે જેથી તક મળે આક્રમણ કરવા થાય, એટલા માટે જ જાસુસોની તપાસ હોય છે. તેજ રીતે શ્રીજિનેશ્વર દેવ તથા તેમનાં વચનો પ્રત્યે જેને શ્રદ્ધા ન હોય, ગુરૂ પ્રત્યે કે શાસ્ત્ર પ્રત્યે જેને શુભ ભાવના ન હોય તેને શ્રુત આપશો તો પણ તે તો તેમાં સ્ખલના કયાં છે? તે જ શોધવાનો!

શંકા—જો સોનું સો ટચનું છે તો ભલેને સોની પાંચ આવે કે પન્નર આવે, ભય શાનો? સર્વજ્ઞ ભગવાનનાં વચનોમાં દોષનો સંભવજ નથી ત્યાં સ્ખલના શોધશે કયાંથી?

સોનાની પરીક્ષા કસોટીથી કરે તે તો ઠીક, પણ લીંપણથી કરે તો? પોતાને ફાવતી રીતથી પરીક્ષા કરે અને પછી કહે કે 'સોનું નથી' તેમાં વાંક સોનાનો? લીંપણમાં કસ આવે ખરો?

તેજ રીતે લોકોત્તર દ્રષ્ટિથી રચાયેલા આ શાસ્ત્રોને દુનિયાની દ્રષ્ટિએ તપાસે તો ? તે પરીક્ષા જૂઠી છે, જે શ્રદ્ધા શૂન્ય હોય, ભગવાનનાં વચનોમાં જેને વિશ્વાસ ન હોય, પોતાના કે પરના આત્માના કલ્યાણની જેનામાં બુદ્ધિ ન હોય, તેવાઓ શ્રુતજ્ઞાનને ઉચિત જ નથી.

જગતમાં દાતાઓ ઘણા થઈ ગયા. કર્ણ દાનેશ્વરી કહેવાયો, હરિશ્ચંદ્ર વખણાયો, લોકોત્તર દ્રષ્ટિએ શ્રી તીર્થંકર ભગવાને જગતનું દારિદ્ર દફે કર્યું છતાં કાગડાની કોટે કોઇએ રત્ન બાંધ્યું ? ત્યારે શું તેઓ દાનધર્મમાં તેટલા ન્યૂન ? ભગવાન્ શ્રી મહાવીર મહારાજા કે ભગવાન શ્રી ઋષભદેવજી, કર્ણે કે હરિશ્ચંદ્રે કોઈએ તેવું દાન કર્યું ? કેમ નહિં ? કહો કે કાગડાની કોટે રત્ન બાંધવું એ તો ઉલટું દાનને કલંક છે. તેમ કરવું એ તો દાતાની મૂર્ખાઈ છે, શ્રુતજ્ઞાન પણ જો છિદ્ર ગોતનારને, શ્રદ્ધા વિનાનાને સ્વ-પર હિત બુદ્ધિ વિનાનાને અપાય તો કલંક છે.

શાસ્ત્રકાર કહે છે કે શ્રદ્ધાળુને, સ્વ-પરઆત્મ કલ્યાણની બુદ્ધિ ધરાવનારને શાસ્ત્ર ભણવાની પ્રેરણા કરવી. આ પ્રેરણા તેજ ઉદ્દેશ !

શાસ્ત્ર ક્રિયાઓમાં, ઉપધાનમાં, પંચ પરમેષ્ઠી મહામંત્રમાં, માળા પ્રસંગે, ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા શબ્દો આવ્યા હોય ત્યાં અર્થ ન સમજાયો હોય તો ખ્યાલમાં લઈ લેજો:

ઉદ્દેશ એટલે શ્રદ્ધાળુ તથા સ્વ-પર આત્મ હિત બુદ્ધિવાળાને શાસ્ત્ર ભણવાની પ્રેરણા. 'આ ઉદ્દેશો, આ અધ્યયન, આ શ્રુતસ્કંધ, આ અંગ' 'તારે ભણવું ' એમ ગુરૂ મહારાજા કહે. એવા વાક્યથી પ્રેરણા કરે તેનું નામ ઉદ્દેશ ! ગુરૂ પ્રેરણા કરીને બેસી રહે અને શિષ્ય પોતે ભણે ? એમ નહિં. પણ ગુરૂ પોતે ભણાવે. શિષ્ય કેવું ભણે છે ? તે પણ ગુરૂ ધ્યાનમાં રાખે. અન્યથા 'આગળ પાઠ અને પાછળ સપાટ.' હોય તો શું વળે ?

શ્રાવકોની વાત લ્યોને ! સારા ક્ષેત્રોમાં જ્યાં સાધુ-સાધ્વીનાં ચાતુર્માસો થતાં હોય ત્યાં રોજની એક ગાથા કરે તો ચાર માસે એકસો

વીશ ગાથા થાય અને ચાર પાંચ વર્ષે પાંચસેં ગાથા થાય પણ પહેલાં ગોખેલું ટકાવે તેને! પહેલા ચોમાસે ગુરૂ પાસે જીવ વિચાર, નવતત્ત્વ ભણે. ગુરૂ જાય એટલે ગુરૂનેજ ભળાવે! અર્થાત્ પછી ભણતરને મૂકે દૂર! વળી બીજે ચોમાસે મહારાજા બીજા પણ ભણાવનારા તો એજ જીવ વિચાર નવતત્ત્વ! વળી ત્રીજા મહારાજ વખતે પણ એજ અભ્યાસ! ભણનાર આગળ વધે શી રીતે? અહિં ગુરૂ ખ્યાલ રાખે કે શિષ્ય ભણીને ભૂલતો તો નથીને! કેમકે તેમ થાય તો બીજાઓ ભણવામાંથી વંચિત રહે. ગુરૂ આ વાતનું ખાસ ધ્યાન આપે.

એક ગામમાં પાઠશાળામાં એક નાની બાલિકા ભણતી હતી. રસ્તામાં એક વખત તેને કોઇ સાધર્મિકે પૂછ્યું. 'શું ભણે છે?' તે બાલિકાએ જણાવ્યું. 'નમુત્થુણં!' પેલી સાધર્મિકે પૂછ્યું. 'ઇરીયાળી વીરીયાળી ભણી?' પેલી બાલિકાએ તો ના કહી. બાઇએ માસ્તરને પૂછ્યું. 'માસ્તર! ઇરીયાળી વીરીયાળી કેમ ભણાવતા નથી?' માસ્તર બુદ્ધિમાન્ હતો તેણે વિચાર્યું કે 'ઇરિયાવહિયાએ વિરાહણાએ'ને પેલી સાધર્મિકે 'ઇરીયાળી વીરીયાળી' કહી છે, બાલિકાને તે માસ્તરે ભેદ સમજાવ્યો. આવું ભણાય ત્યાં પરિણામ શું આવે?

એટલા માટે ગ્રંથકાર ફરમાવે છે કે ગુરૂ શિષ્યને એવું શિક્ષણ આપે કે જેમાં એક પણ અક્ષર ન્યૂન ન થાય, એક પણ અક્ષણ બેવડાય નહિં, એક પણ વ્યંજનમાં, સ્વરમાં ગોટાળો થાય નહિ. ગુરૂ શિષ્યને કહે કે 'આ સૂત્રને તું એવું તૈયાર કર કે જેથી તારૂં પરિચિત થાય.'

દુનિયામાં મનુષ્યોમાં એક બીજાને એવો પરિચય થાય છે કે એક બીજાને મળ્યા વિના ગમેજ નહિં. તેમ આ સૂત્ર ગણાય, નહિ તો મેંચેની રહે તેવો પરિચય તે સૂત્રથી સાધવો જોઇએ. જો તેમ ફેરવાય નહિ તો દુનિયામાં પણ કહેવત છે કેઃ—

પાન સડે, ઘોડા અડે, વિદ્યા વિસર જાય,
તવે પર રોટી જલે, કહો ચેલો કયું થાય ?

આ રીતે ગુરૂ મહારાજા જે ભણુવાની પ્રેરણા કરી (ઉદ્દેશ કર્યો) તેને પાકું કરવા, સ્થિર કરવા, તેનાથી ગાઢ પરિચિત થવા વિશેષતઃ ફરમાવે તે **સમુદ્દેશ**!

## ગુરૂની સેવા કરનાર ખત્તા ખાતોજ નથી અને નિષ્ણાત બને છે.

દુનિયામાં એક કહેવત છે કે બત્રીશ ઠોકર ખાય તે બત્રીશ લક્ષણો થાય. પણ આ કહેવત કોને લાગુ થાય છે? ગુરૂની સેવા વિનાનાને! ગુરૂની સેવા કરનારો તો વગર ઠોકરે બત્રીશ લક્ષણો થાય. ગુરૂની સેવાથી દૂર હોય તેને ઠોકર વાગતી જાય અને લક્ષણ પામતો જાય. ગુરૂની સેવા કરનારો તો ઠોકરોનો પૂર્વ ઇતિહાસ જાણે છે, એટલે તે તો ઠોકરોથી સાવચેતજ રહે છે. ભોટ હોય તે ડીટેકટીવ ન થાય. ડીટેકટીવો ઈતિહાસના જાણકાર હોય છે. ભોટ હોય તે શાસનના માલિકો થતાજ નથી.

વ્યવહારમાં પણ પાવરધો થયા પછીજ કોઇ કામ સોંપાય છે, તેમ અહિં પણ ગુરૂ શિષ્યને સૂત્ર ભણાવે. તેમાં સ્થિર કરે, શંકાઓનાં સમાધાન કરે તેવો સમર્થ બનાવે પછીજ તેને સૂત્રની અનુજ્ઞા આપે! અર્થાત્ અન્યને ભણાવવાની અનુજ્ઞા આપે. અનુજ્ઞા પહેલાં ગુરૂ પરીક્ષા લે. તેમાં ચોગ્ય જણાય તો અનુજ્ઞા આપે. આજની પરીક્ષા કેવી છે? પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયેલાને પણ છ-બાર માસ પછી હીસાબ લખાવશો તો આવડશે નહિં! અહિં તેવું શિક્ષણ નથી પણ સમ્યક્ શિક્ષણ છે. દુનિયામાં નિયમ છે કે અમુકના નામે વીલ કર્યું. પછી તે મીલકતનો-માલીક દેવાળું કાઢે તો પણ ટ્રસ્ટીઓથી તેને પૈસા અપાય નહિ. વીલની મીલકત વધે તો તે જેના નામનું વીલ થયું તેનીજ ગણાય.

અહિં ગુરૂ અનુજ્ઞામાં તો સાફ સાફ બીજાને ભણાવવાની આજ્ઞા કરે છે. કેવી રીતે ભણાવવાની આજ્ઞા ? અસ્ખલિતપણે ! બીજામાં (ઇતરોમાં) તો પિતૃઋણ, ગુરૂઋણ એમ ઋણ (દેવું) ગણાવવામાં આવે છે, પણ અહિં તો ફરજ કહી છે. ગુરૂ તેવી આજ્ઞા મનસ્વીપણે નથી કરતા. કહે છે કે :–"જે ક્ષમાશ્રમણ પૂજ્ય ગુરૂઓએ મને આ જ્ઞાન આપ્યું છે તેમણે પણ મને અસ્ખલિતપણે જ્ઞાન આપવાની અનુજ્ઞા આપેલીજ છે, એને માટે હું પણ તને તેવીજ અનુજ્ઞા આપું છું. હું તો માત્ર ટપાલી ( Postman પોસ્ટમેન) છું. ખરા જ્ઞાનદાતા તો પૂર્વજોજ છે.

**શાસ્ત્ર ભણાવવું તે ઉદ્દેશઃ તેમાં સ્થિર કરવું તે સમુદ્દેશ અને તે શાસ્ત્ર બીજાને આપવાની સંમતિ તે અનુજ્ઞા.**

આ વસ્તુનો બરાબર ખ્યાલ આવશે તો આદિ મંગલ, મધ્ય મંગલ તથા અંત્ય મંગલનું સ્વરૂપ તથા ફળ સમજાશેઃ, ઉદ્દેશમાં શાસ્ત્ર ભણવાનું છે, માટે આદિ મંગલ નિર્વિઘ્ને પાર પમાય તેવા ફલને આપનારૂ છે. મધ્ય મંગલ શાસ્ત્રમાં સ્થિરતા થવા અર્થે છે, તથા ત્રીજું અંત્ય મંગલ શાસ્ત્રના અવિચ્છેદ, શાસ્ત્રની અસ્ખલિત પરંપરા માટે છે. અર્થાત્ શિષ્ય-પ્રશિષ્યાદિમાં ઉત્તરોત્તર પરંપરા એ શાસ્ત્ર ચાલુજ રહે તે માટે છે. આ તમામ નંદીરૂપ મંગલનાં ફલ તરીકે છે.

આ તમામ શ્રુતજ્ઞાનમાં શકય છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનમાં આમ બનતું નથી. અર્થાત્ તેમનો ઉદ્દેશ, સમુદ્દેશ કે અનુજ્ઞા કાંઇપણ હોતું નથી. અને તેથી તે જ્ઞાનો સ્થાપનીય ગણાયા છે.

શંકા—આ વાતનો ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞાની કરી પણ અધિકાર તો અનુયોગનો ચાલે છે તેમાં ઉદ્દેશાદિનો સંબંધ શો? અનુયોગ થાય છે કે નહિ ?

જેના ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા થાય તેનોજ અનુયોગ

થાય, જ્યાં એ ત્રણનો નિષેધ છે. ત્યાં અનુયોગનો નિષેધ કહેવાની જરૂર નથી, કેમ કે ઉદ્દેશાદિ થયા વિના અનુયોગ થતો નથી. લોગસ્સમાં, નમુત્થુણંમાં, માલારોપણમાં ઉદ્દેશ, સમુદ્દેશ વિના પણ અનુજ્ઞા થાય છે. ઉદ્દેશાદિ હોય તોજ અનુયોગ થાય તેવો નિયમ નથી. અહીં ઉદ્દેશાદિ ન થાય માટે અનુયોગ નજ થાય તેવો પણ નિયમ નથી.

અહિં અનુયોગ સીધો થતો નથી, પણ શ્રુતજ્ઞાન દ્વારા અનુયોગ થાય છે. શ્રુતજ્ઞાન દ્વારા મતિજ્ઞાનનો અનુયોગ છે. વાચ્યાર્થ મતિજ્ઞાન છે, પણ વાચક તરીકે તો શ્રુતજ્ઞાન છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનના વાચ્ય તરીકે અનુયોગ થઈ શકે છે, માત્ર વાચક તરીકે થતો નથી. વાચક તરીકે અનુયોગ શ્રતજ્ઞાનનોજ થઇ શકે. શ્રુતજ્ઞાનનો અનુયોગ વાચ્ય–વાચક બન્ને રીતિએ થઈ શકે છે.

પ્રશ્ન–વાચ્ય એટલે? વાચક એટલે?

રહસ્ય તે વાચ્ય. જેમકે 'દાબડી'. 'દાબડી' એવો ભાવ તે વાચ્ય, 'દાબડી' શબ્દ તે વાચક. હવે સમજાશે કે મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનને વાચ્ય તરીકે તો અનુયોગ છે જ, વાચક તરીકે અનુયોગ નથી.

ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા વાચ્યના નથી હોતા. વાચકનાં હોય છે; જ્યારે અનુયોગ વાચ્ય વાચક બન્નેનો હોય છે, માટે અનુયોગનો નિષેધ કર્યો નથી, શ્રુતજ્ઞાનમાં તો ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા તથા અનુયોગ ચારેય પ્રવર્તમાન છે.

પહેલાં એવું હતું કે શ્રીપૂજ્યો કહેતા કે 'વડી દીક્ષા આપી' કે પદવી આપી' અને તે કાગળમાં લખ્યું એટલે તેમ થઈ ગયું મનાતું અત્ર શું એવી વિધિ છે? ગ્રંથકાર કહે છે કે તેમ નથી પણ ઉદ્દેશાદિના વિધાન છે. વિધાનથી ગુરૂ કહે તેજ પ્રમાણ છે. અહિં ગુરૂના કહ્યા વિના ભણાતું પણ નથી, દરેકના વિધિ વિધાન છે. હવે તે ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અનુયોગનાં વિધાન વગેરે અગ્રે વર્તમાન.

અથી, સમર્થ તથા અપ્રતિષિદ્ધ હોય તેજ

# શ્રવણ કે શિક્ષણ માટે અધિકારી છે!

દેશનાકાર:-પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

## લૌકિક વ્યવહારમાં તેમજ લોકોત્તર વ્યવહારમાં વિધિ વિના વર્ત્તનારો વિંડબના પામે છે.

ટીકાકાર મહારાજા આચાર્ય મલધારી શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજા ભવ્ય જીવોના હિતાર્થે અનુયોગ દ્વારા સૂત્રની વ્યાખ્યા કરતાં પ્રથમ સૂત્રમાં પાંચ જ્ઞાનનું કથન કરતાં તેને અંગે જણાવી ગયા કે-

પાંચ જ્ઞાનનું કીર્તન એજ નંદી છે, જૈન શાસ્ત્રોમાં નંદી મુખ્ય મંગલ રૂપ છે, સૂત્રકાર પણ પાંચ જ્ઞાનના કથનરૂપ નંદી કહે છે; તે રૂપે મંગલ કરે છે. અનુયોગ આવશ્યકનો કહેવાના છે, આવશ્યક સૂત્ર છે, ઉત્કાલિક કાલિક તથા અંગપ્રવિષ્ટાદિનો સંબંધ જ્ઞાન માત્રમાં લેવાનો હોવાથી પાંચ જ્ઞાનના કથનની પ્રથમ આવશ્યકતા હતી.

અનુયોગ, મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાનનો કરવાનો નથી, કેમકે તે ચારેય સ્થાપ્ય છે, તે જ્ઞાનોના ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા થતા નથી, માટે તેનો અનુયોગ પણ થતો નથી.

જો જ્ઞાનોનાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા માત્ર શ્રુતજ્ઞાનનાજ થાય છે, માટે શ્રુતજ્ઞાનનો અનુયોગ પણ થાય છે, દશવૈકાલિકની ટીકા કરતાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સ્પષ્ટતયા જણાવે છે કે જેનાં ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા થયાં હોય તેનોજ અનુયોગ હોય છે,

તે વિના અનુયોગ હોય નહિ. ઉદ્દેશ સમુદ્દેશ તથા અનુજ્ઞા માત્ર શ્રુતજ્ઞાનનાજ થાય છે માટે અનુયોગ પણ શ્રુતજ્ઞાનનો જ હોય છે

શિષ્યને ગુરુ મહારાજા ભણવાની પ્રેરણા કે આજ્ઞા કરે તે **ઉદ્દેશ** ભણેલામાં સ્થિર થવાની આજ્ઞા કરવી તે **સમુદ્દેશ** અને ભણેલું પાકું થયું સુદૃઢ થયું પછી તે સૂત્ર બીજાને ભણાવવાની આજ્ઞા તે **અનુજ્ઞા.**

ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞાના સામાન્યતયા શબ્દાર્થો આ છે-

નિર્યુક્તિ, ચૂર્ણિ, ટીકા વગેરેને નહિ માનનારા બિચારાઓને બત્રીશ સૂતર (સૂત્ર)માથી કયાંયથી ઉદ્દેશાદિ શબ્દોનો અર્થ મળવાનો નથી. નંદીસૂત્ર, સમવાયાંગ દરેક સૂત્રને છેડે ઉદ્દેશ, સમુદ્દેશ તથા અનુજ્ઞા છે. આટલો કાળ ઉદ્દેશનો, આટલો કાળ સમુદ્દેશનો આટલો કાળ અનુજ્ઞાનો એવું વિધાન છે. ત્યાં માત્ર શબ્દોજ છે એમ નથી પણ વિધિ છે. જ્યારે નિર્યુક્તિ આદિ નથી માનતા ત્યાં તો શબ્દના પણ ફાંફા છે, ત્યાં તેના અર્થો તથા દરેકનો આટલો કાળ વગેરે વિધિ વગેરે વસ્તુ લાવે કયાંથી ? તે બિચારાઓ તો મૂલમાં શબ્દો વાંચે એટલું જ ત્યાં કાલનું વિધાન જ નથી, વ્યાકરણકારોને પણ માનવું પડશે કે સૂત્ર (તત્વ) નું રહસ્ય વ્યાખ્યાથી સમજાય. આવી વિશિષ્ટ વ્યાખ્યાઓ તે જ ચૂર્ણિ ટીકા, નિર્યુક્તિ, ભાષ્ય વગેરે જેઓ આવું માનેજ નહિ તેઓ ઉદ્દેશાદિનો કાળ વગેરે વિધિને સમજે જ કયાંથી ?

ગ્રંથકાર હવે ઉદ્દેશની વિધિ કહે છે. 'ફલાણો પરણ્યો' કે 'ફલાણાને પરણાવવાનો છે' તેટલું લખવા માત્રથી કે બોલવા માત્રથી ફલાણાના લગ્ન થઈ જતા નથી. પણ વિધિ કરવામાં આવે તો તેના લગ્ન થાય 'ફલાણાના લગ્ન' એટલું કહેવા માત્રથી પરિસમાપ્તિ નથી; કોની પુત્રી સાથે લગ્ન થવાનાં છે ? કન્યા કઇ જ્ઞાતિની છે ? કુમારિકા છે ? કે વિધવા લગ્નથી પરણનાર છે ? કે ઉઠાવી લાવનાર છે ? આ તમામ વિદિત થવું જોઈએ તેજ રીતે

'શ્રુતજ્ઞાનના ઉદ્દેશ, સમુદ્દેશ અનુજ્ઞા તથા અનુયોગ કરાય છે' એટલા કથન માત્રથી ઉદ્દેશાદિ થઈ જાય નહિ. વિધિથી કરાય તો બધું થાય,

ભણનારે (શિષ્યે) ભણવાની ઈચ્છા વ્યકત કરવી ગુરૂએ ભણવાની આજ્ઞા આપવી (ભણાવવાની વાત તો પછી છે, તેમાં પણ વિધિ જોઈએ, દુનિયામાં પણ પાણી માંગવામાં પણ વિધિ છે ને! 'ભાઇ! જરા પાણી પાશો?" એમ કહેવામાં તથા કેમ! પાણી પાય છે કે નહિ?' આ બે પ્રકારના કથનમાં ફરક નથી? અહીં પણ વિધિને અવકાશ છે. ભોજનમાં, જંગલ જવામાં દુન્યવી તમામ વ્યવહારમાં વિધિને સ્થાન છે, દેવ. ગુરૂ ધર્મને અંગે કહેવામાં આવતી વિધિ લૌકિક દ્રષ્ટિએ નવું નવાઈ ભલે લાગે, પણ દુન્યવી વ્યવહારોમાં વિધિ કયાં નથી? ભોજનમાં પણ કોઇ એકલી દાળ પીએ છે? કોઇ એકલો રોટલો ખાય છે? કોઇ એકલો ભાત ખાય છે? ના. તમે કહેશો કે એ તો 'રીત' 'રીત' કહો કે 'વિધિ' અર્થ (ભાવ) એકજ છે, દુન્યવી વ્યવહાર જેને રીત કહેવામાં આવે છે, તેને અહીં વિધિ કહેવામાં આવે છે જમનારના ભાણામાં પાંચેય વસ્તુ પીરસી, જમવા બેસનાર પ્રથમ એકલી દાળ પી જાય તો? મૂર્ખ ગણાય ને! લૌકિક રીતિથી વિપરીત વર્તનાર જો લોકમાં મૂર્ખ ગણાય તો અહિં પણ લોકોતર દ્રષ્ટિએ વિધિથી વિપરીત વર્તનાર બેવકૂફ કેમ નહિ?

ભર્યા ભાણેથી ભૂખ્યો ઉઠે તે બેવકૂફ ખરો કે નહિ? તેમ અહિં પણ શાસ્ત્રોમાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞાની વિધિ કહી તેને ન માને, તે મુજબ ન ચાલે તો તે પણ ભર્યા ભાણે ભૂખ્યોજ ઉઠે છે કે કાંઈ બીજું? વિધિ વિના ભોજન કરનારની શી દશા થાય છે? ચોખા દાળ સાથે ખાય તો પચે પણ એકલી દાળજ પીએ તો ચાલેને! (ઝાડા જ થાય ને!) કોઠો તો એજ છે ને! તે રીતે ભોજન કરનારો હેરાન ન થાય તો બીજું થાય શું?

અહિં પણ શાસ્ત્રવિહિત વિધિ ન કરે તે હેરાનજ થાય.

શારીરિક સંબંધમાં જો વિધિ સાચવવી જોઈએ તો આત્માને પોષણના કારણ શ્રુતજ્ઞાનમાં વિધિ સાચવવાની હોય તેમાં નવાઈ શી? અવિધિથી સૂત્ર લેનાર, ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા કરનાર, સૂત્ર ભણનાર, અનુયોગ કરનાર પણ સંસારમાં હેરાનજ થાય છે.

આ તો તેઓની વાત છે કે જેઓ વિધિ નથી સાચવતા, અવિધિથી કરે છે. પણ જેઓ વિધિ જ ન કરે, તેમની દશાનું તો પૂછવું જ શું? વિધિ ખાસ આવશ્યક છે. ઉદ્દેશ, સમુદ્દેશ કે અનુજ્ઞાની વાત થઈ ત્યાંજ વિધિની તો સિદ્ધિ સ્વયં છેજ. વિધિ વિનાની વાતજ ક્યાંથી? 'ભણ, સ્થિર થા તથા બીજાને આપ' એ સૂત્ર આજ્ઞાના વિષયમાં લેવાય છે. ત્રણેય આજ્ઞાના વિષયમાં છે. ત્યાં વિધિ જરૂરી છે.

## શાસ્ત્રરૂપી ધનની માલીકી
## મહાવીર ભગવાનના વંશજોનીજ છે.

જરાપણ બુદ્ધિમાન્ તો સમજી શકે તેમ છે કે વિધિ ન સમજનારની સ્થિતિ **तिखत्तो** કરનારા જેવી થાય છે. 'મહારાજ પધાર્યા છે તો તેમનો સત્કાર કરીએ તેમનું સન્માન કરીએ, તેમને પ્રદક્ષિણા કરીએ, દેવના ચૈત્ય મુજબ તેમની સેવા કરીએ.' આવી કરણીની વિચારણા છે તે કરણી તે કરવાની કે બોલી જવાની? સૂત્ર તો કરણી કરવા માટે સૂચવનારૂં છે જ્યારે આ બિચારાઓ **तिखुत्तो आयाहिणं पयाहिणं** વગેરે બોલી જાય છે! જ્યાં વ્યાકરણનેજ વ્યાધિકરણ મનાય ત્યાં **तिखुत्तो** નો અર્થ સૂઝે ક્યાંથી? **तिखुत्तो** રૂપ કાંઈ સંસ્કૃતનું નથી. તે રૂપ પ્રાકૃત ભાષાનું અર્થાત્ માગધી ભાષાનું છે.

હવે જ્યાં પ્રાકૃત ભાષાના વ્યાકરણનું ભાન નથી, તેઓને તો **तिखुत्तो** હોયજ ક્યાંથી? **तिखुत्तो** હોય પણ **तिकुत्तो** કે **तिकुत्तो** ગમે તે હોય તેની સાથે તેમને બિચારાઓને ક્યાં પડી છે!

વ્યાકરણની પરવા હોય તોને! શ્રુતજ્ઞાનનો ઉદ્દેશ કહ્યો ત્યાં વિધિ થઈજ ચૂકી. ટીકાકાર હવે તે વિધિને વિસ્તારથી કહે છે.

શંકા—આવશ્યકના અનુયોગમાંથી, શ્રુતની વાત લીધી, પાંચ જ્ઞાનના વિભાગનું વર્ણન કર્યું, ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞાદિ કહેવા લાગ્યા. આવશ્યકના અનુયોગનું કથન તો ઊભું રહ્યું અને હવે વળી વિધિની વાત ?

ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે અમારે માત્ર શબ્દોના અર્થો કરવા નથી, પણ શિષ્યોને કઇ દૃષ્ટિએ કઇ રીતિએ સૂત્ર ઉપકારી થાય? તેજ જોવાનું છે. છોકરાને શિક્ષક ભણાવે તેમાં તથા બાપ ભણાવે તેમાં ફરક છે. શિક્ષકની દૃષ્ટિ માત્ર પાસ કરવાની છે. બાપની દ્રષ્ટિ પુત્રને તૈયાર કરવાની છે, તેમ અહીં ગુરૂ મહારાજાનો હેતુ માત્ર વ્યાખ્યા કરી જવાનો નથી પણ શરણે આવેલો શિષ્ય રક્ષણ શી રીતે પામે? ભવોદધિ પર કેમ ઉતરે? તે છે. જો કે વ્યાખ્યા તો કરવી છે પણ ધ્યેય શિષ્યના કલ્યાણનું છે, માટે ઉદ્દેશાદિની વિધિના કથનની જરૂર છે.

અનુયોગ આવશ્યકનો કરવો છે, માટે તેટલા પૂરતી વિધિ કહેવી છે, એમ નથી કેમકે શિષ્યના માત્ર કાનજ પવિત્ર કરવાના છે એમ નથી, અર્થાત્ માત્ર સંભળાવવુંજ છે, એમ નથી પણ તેને તમામ વસ્તુથી વાકેફ કરીને પાર ઉતારવાનો છે સર્વશ્રુતના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા તથા અનુયોગ પ્રવર્તે છે, તેથી સર્વશ્રુતની વિધિ બતાવવાની છે, પર્યવસાન આવશ્યકમાં લાવવાનું છે તે વાત ખરી છે.

શ્રી આચારાંગાદિ બાર અંગો છે, અંગ પ્રવિષ્ટો છે, શ્રી ઉત્તરાધ્યનજી આદિ કાલિકશ્રુતસ્કંધો છે. તથા શ્રી ઉવવાઇજી આદિ ઉત્કાલિક અર્થાત્ ઉપાંગો છે, તે તમામ માટે જે ભણવું હોય, તેને માટે વિધિ વિહિત છે. પ્રથમ ઉદ્દેશથીજ વિધિ જરૂરી છે.

પ્રથમ તો શિષ્યને ભણવાની ઈચ્છા થવી જોઇએ, તો ગુરૂની આજ્ઞા ઉપયોગી છે. સાર્થક છે જો તેમ ન હોય તો, અર્થાત્

શ્રવણનો અર્થી ન હોય, શ્રવણની દરકાર જેને ન હોય, ત્યાં કથન કરવું તે નીતિકારના કથન મુજબ વાયુના વ્યાધિથી કે ભૂતના વળગાડથી પ્રજલ્પવાદ (બકવાદ) કરવા જેવું છે.

માટેજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી લલિતવિસ્તરામાં અધિકારી કોણ હોઇ શકે? તે જણાવતાં ફરમાવે છે કે તે **અર્થી, સમર્થ તથા અપ્રતિષિદ્ધ** હોવો જોઈએ, જ્ઞાન મેળવનારને અર્થીપણું, ઈચ્છા હોય તો પણ ન ચાલે. મંકોડાએ પોતાની માતા પાસે ગોળનું માટલું લાવવા રજા માંગી ત્યારે માતાએ કહ્યું કે 'તારી કેડ (કમર) માં તાકાત છે? પહેલાં ત્યાં નજર કર!'

તાત્પર્ય કે માત્ર અર્થીપણાની સાથે સામર્થ્ય પણ જોઇએ. અર્થી હોય, સામર્થ્યવાન પણ હોય છતાં જાસૂસ હોય, છિદ્રાન્વેષી હોય તો પણ સસ્તું નથી શ્રવણ કે શિક્ષણનો અધિકારી નથી, અર્થાત્ અપ્રતિષિદ્ધ એટલે કે જેનો નિષેધ ન હોય તેજ અધિકારી છે.

અંગપ્રવષ્ટ, કાલિક કે ઉત્કાલિકમાંથી કાંઇપણ ભણવાની ઇચ્છા જેને હોય તે અર્થી, સમર્થ તથા અપ્રતિષિદ્ધ હોય તોજ અધિકારી છે. ભણાવનાર ગુરુ છે, ભણનાર શિષ્ય છે, એટલે ગુરૂ, શિષ્ય સમર્થ તથા અપ્રતિષિદ્ધ છે કે નહિ તે તો સમજી શકે તેમ છે.

'ભણનાર શિષ્ય છે' એ વાકયનું હાર્દ બરાબર સમજો ! મિલકતનો અધિકારી વારસદાર હોય તે છે. પાડોશી નથી. અહિં પણ મહાવીર ભગવાન્‌ના વંશજોનેજ તેવો અધિકાર છે શાસ્ત્રરૂપી ધનની માલીકી મહાવીર પિતાના વંશજોની છે. અન્યને અધિકાર નથી, માટે અત્ર **વિનેય** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. 'વિનયવાન્' એમ નહિ, પણ **વિનેય** એટલે શિષ્ય, અધિકારી તે કે જે શિષ્ય હોય.

ઉપધાનાદિથી પરિચિત ગૃહસ્થો પણ સ્વાધ્યાયના પ્રસ્થાપન પછીજ ઉદ્દેશ થાય છે તે જાણતા હશે. કાલગ્રહણ જોવું, સત્તર ગાથા ભણવી, સજ્ઝાય પરઠવવી આ તમામનો ખ્યાલ હશે.

અહિં ટીકાકાર મહાત્મા ફરમાવે છે કે-ભણવાની ઇચ્છા

ધરાવનારો શિષ્ય સ્વાધ્યાય-પ્રસ્થાપન કર્યા પછી, ગુરુને વિજ્ઞપ્તિ કરે કે, 'ભગવન્'! અમુક ભણવાની મારી ઈચ્છા છે. અત્ર कथयति એમ નથી પણ विज्ञपयति છે. તે શિષ્ય કાલગ્રહણાદિની મર્યાદા જાણતો હોવો જોઈએ.

ઈચ્છાકાર, મિચ્છાકાર આદિ દશ પ્રકારની સામાચારીમાં નિપુણ જોઈએ; અને તેવોજ શિષ્ય અધિકારી છે, ભણવાનો આદેશ માંગવાને લાયક છે. અરજીઓ, દસ્તાવેજો બધાથી નથી લખાતા, કોર્ટના કલાર્કો, લખવાની રીતથી પરિચિત હોય તેઓજ લખે છે.

'ઈચ્છાકાર' શબ્દનું રહસ્ય!

'ઈચ્છાકાર' અર્થાત્ 'ઇચ્છાકારનું રહસ્ય' સમજવા જેવું છે. તમે 'ઈચ્છાકાર સુહરાઈ સુહદેવસિ' એમ બોલો છોને! ગમણાગમણે, દેવસિઅ પ્રતિક્રમણ આલોવવામાં અબ્ભુટ્ઠિઓમાં; ઈરિયાવહિયા આદિમાં 'ઇચ્છકાર ભગવાન્' એમ બોલો છોને! અરે! ગુરુને સુખશાતા પૂછવામાં પણ એ તો બોલવાનું જ!

રહસ્ય એજ કે-'મારૂં જોર નથી પણ હે ભગવાન્! આપની ઇચ્છા હોય તો, મારી આ ઈચ્છા છે.' 'સુહરાઈ સુહદેવસી સ્વામી શાતા છેજી' એ સૂત્રમાં તો ગુરુની સંયમ તથા શરીરની સુખશાતાની પૃચ્છા છે (એ સૂત્રનું નામ પણ સુખશાતા પૃચ્છા સૂત્ર છે), પણ ત્યાંયે તેનો ઉત્તર દેવા ગુરૂ બંધાયેલા નથી. તેમની મરજી હોય તો ઉત્તર આપે.

શિષ્ય સુખશાતાદિની પૃચ્છા કરે અગર જે કાંઇ આદેશ માગે તેમાં ગુરૂની ઇચ્છાનેજ આગળ કરે, પ્રાધાન્ય આવે! શિરસાવન્ધ કરે. સામાયિક, પ્રતિક્રમણ અબ્ભુટ્ઠીઓ, દેવસીઅ કે રાઈ આલોવવામાં, ન્હાની ન્હાની ક્રિયાઓમાં પણ કઇ અને કેવી મર્યાદા છે? તે સમજો તો 'ઇચ્છાકારી' સમાચારીનો ખ્યાલ આવે. 'ઈચ્છકાર' શબ્દનું રહસ્ય સમજાય. ભણવાનો અર્થી શિષ્ય આજ્ઞા આપવાનું ગુરૂ મહારાજની મરજી ઉપર રાખીને વિનતી કરે કે- 'ઈચ્છકારી ભગવન્! અમુક સૂત્ર ભણવાની મારી ઇચ્છા છે.'

# ધર્મની ઓળખાણ

## ( ૪ )

[ વિ. સં. ૨૦૦૦માં ગોડીજીના ઉપાશ્રયે પૂ. આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વ. આચાર્યદેવશ્રીનો ખૂબ ધામધૂમથી ચાતુર્માસાર્થે પ્રવેશ થયેલ. તે પ્રસંગે મંગલ પ્રવેશ પ્રસંગનું મનનીય પ્રવચન સુજ્ઞ વાચકોના હિતાર્થે અહીં આપવામાં આવે છે. ]

**આર્યપ્રજાની માન્યતા**

શાસ્ત્રકાર મહારાજા આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ કરતા થકા સૂચવી ગયા કે–

આ સંસારમાં આર્ય પ્રજા જન્મથી, સંસ્કારથી અને વર્તનથી ધર્મનીજ ઇચ્છાવાળી હોય છે, કોઈ પણ આર્ય મનુષ્ય, અધર્મ કરતો હોય તો પણ અધર્મ કરવામાં રાજી હોતો નથી, આર્ય ધર્મ ઓછો પણ કરે, પરંતુ ઓછો પણ થયેલો ધર્મ હૃદયને સંતોષ આપનારો થાય છે. આવી સમજ–બુદ્ધિને ધરનારો આર્ય મનુષ્ય અધર્મને ખરાબ ગણે અને ધર્મને સારો ગણેજ ! ધર્મ તરફના એના વર્તનથી પોતાનું હિત થતું જાણી ખુશી, અને અધર્મ થતો હોય ત્યારે એવાને હૃદયમાં ડંખ કે ગ્લાની થયા સિવાય રહેજ નહિ. ત્યારે વિચારો ! ધર્મને માનવામાં–ધારવામાં હૃદયને સંતોષ થાય અને અધર્મને માનવામાં–ધારવામાં હૃદયને અસંતોષ થાય. અધર્મને માનવામાં–ધારવામાં જ્યારે અસંતોષ રહે ત્યારેજ હૃદયની ખરી સ્થિતિ કયી છે ? તે નક્કી થાય.

હૃદયની ખરી સ્થિતિ એજ ધર્મ પ્રત્યે પ્રેમ અને અધર્મ પ્રત્યે રોષ. આ બે વસ્તુ આર્યપણાને પામેલ દરેક પ્રજામાં નક્કી થઇ જવી જોઈએ.

## નકલ કોની નીકળે ?

જ્યારે એકજ પદાર્થ પાછળ અનેકોની પડાપડી હોય-ખરીદી માટે દરોડો પડતો હોય ત્યારેજ તેની હજારો નકલો નીકળી આવે છે. નકલો કયા પદાર્થની બને ? કે જેની કીંમત દુનિયામાં વધારે પ્રમાણમાં હોય. ધૂળની, માટીની, તાંબાની, પીત્તળની કે લોખંડની નકલો જેમ નીકળતી નથી ? કેમકે તેની જગતને બહુ કીંમત નથી, જ્યારે સોના-ચાંદી-હીરા-માણેક-મોતી વિગેરેની ઢગલાબંધ નકલો આજે નીકળી પડી છે. જે પદાર્થ કીંમતી હોય તેનીજ નકલ દુનિયામાં વધુ પ્રવર્તે. જે પદાર્થની દુનિયામાં કિંમતજ હોતી નથી અગર ઓછી હોય છે તેની નકલ નીકળતી નથી.

હવે આપણે પહેલાં એ નક્કી કરવું છે કે-'ધર્મ કીંમતી છે કે નહિ' જો ધર્મ કીંમતી જ હોય તો જગતમાં તેની નકલ હોય તેમાં નવાઇજ નથી. અને જો ધર્મ કીંમતી ન હોય તો તેની નકલ પણ હોય નહિ. જ્યારે એકના ભોગે અનેક વસ્તુઓની પ્રાપ્તિ થઈ શકતી હોય ત્યારે સમજવું જોઇએ કે તે અનેક વસ્તુઓ કરતાં એકજ કિંમતી છે એમ જરૂર ગણી શકાય.

## ભાગ્યનોજ પ્રતાપ

અહીં જન્મને અંગે વિચારીએ. જન્મ્યો છે, તે તો ચોક્કસ. નાસ્તિક હોય કે આસ્તિક હોય, પણ જન્મનું સ્થાન પામ્યો છે તેમાં તો શક નથી, જન્મ કોનો ? જન્મ એ પિતાની પ્રાર્થનાનો. માતાના મનોરથનો કે છોકરાની ઇચ્છાનો ? અગર પિતાએ કોઈ દૂર ઉભેલા સ્વરૂપવાન છોકરાને જોઈ તેવા છોકરા માટે પ્રાર્થના કરી કે માતાએ કોઇ રખડતા છોકરાને જોઈ તેવા છોકરા માટે મનોરથ સેવ્યા ? શું કોઇ છોકરાએ એવું ઇચ્છયું કે હું આવી માને પેટે જન્મું તો સારૂં ?

આવા જુદા જુદા વિચારોનો અમલ થાય ખરો ? આ બધો પ્રતાપ કોનો ? કોના પ્રભાવનો ? ભાગ્યના પ્રતાપનોજ જન્મ કહી શકાય.

હવે એ ભાગ્યના પ્રભાવમાં આપણી પોતાની સ્થિતિ પોતાપણામાંજ રહે તો માનવ જન્મની કિંમત આપણને ન જ થાય. જેમ પાદશાહ સાહેબીમાં જન્મ્યો, સાહયબીમાં ઉછર્યો, અને સાહેબીમાં વર્ત્યો તેવા સુખી પાદશાહને દરિદ્રની દશાનો વાસ્તવિક ખ્યાલ ક્યાંથી આવે? જગતની સમગ્ર દ્રષ્ટિએ જો જોવામાં આવે-વિચાર કરવામાં આવે તોજ વાસ્તવિક સ્થિતિ સમજી શકાય. પોતાની સ્થિતિનો જગતની દ્રષ્ટિએ વિચાર કરવા માટે.

અત્રે પાદશાહ અને દુબળા ભીખારીનું ખાજાનું દ્રષ્ટાંત આપ્યું હતું.

## મનુષ્યપણાની કિંમત !

બાદશાહ જન્મ્યો સુખમાં, ઉછર્યો સુખમાં અને વર્ત્યો સુખમાં. જેથી તેને બીજાની દારિદ્રતાની કીંમત નથી. તેમ આપણે મનુષ્ય-જન્મ પામ્યા છીએ પણ મનુષ્યપણામાં, અને વર્ત્યા છીએ પણ મનુષ્યપણામાં. આથી આપણને મનુષ્યપણાની કિંમત નથી આવતી.

આપણી જાતની અપેક્ષાએ ચાલીએ તો મનુષ્યજન્મની કિંમત નથી. પરંતુ જ્યારે જગતની દ્રષ્ટિએ ચાલીએ, તપાસીએ, ત્યારે જ મનુષ્યભવની વાસ્તવિક કિંમત માલમ પડે. જ્યાંસુધી આપણે જગતની દ્રષ્ટિએ ન જોઇએ ત્યાં સુધી મનુષ્યભવની કિંમત આપણને ન સમજાય, જેમ ખાવાની મુશ્કેલી પાદશાહને માલમ નજ પડી અને તે સંબંધી દ્રષ્ટાંત આપણે પહેલાં વિચારી ગયા છીએ.

તમે જે રીતે જન્મ્યા છો અને હાલ જે સ્થિતિમાં છો, તે જોતાં મનુષ્યભવની કિંમત ન જ સમજી શકો તે બરાબર છે. એથી તમે **સૌ કોઈ પોતાને નહિ જોતાં જગતની દ્રષ્ટિએ જોતાં શીખો.**

## જૈનો જીવ કોને માને ?

જૈન જીવશબ્દને કેટલો વ્યાપક માને છે? અને અજૈન એ જીવ શબ્દને કેટલો સંકુચિત રાખે છે? અજૈન શું લેવાના? કીડી-મંકોડી વિગેરે હાલતા-ચાલતા જીવોથી શરૂઆત કરવાના. પૃથ્વી-વાયુ-વનસ્પતિ, આદિ કાયો એ નહિ લઇ શકે.

તમે જૈન છો પણ કાળીઆની જોડે ધોળીઆને બાંધો તો વાન નહિ આવે પણ સાન તો જરૂર આવશે. તેવી રીતે તમે તેમના સંસર્ગમાં રહી હાલતા–ચાલતાને જીવ માની લેવા લાગ્યા. આવી માન્યતાવાળાને જૈન કહેવાય ? એ તો જૈનેતરનું જ વચન ગણી શકાય. એ તો તેઓજ બોલી શકે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિને કાઢી નાંખી ફક્ત ત્રસ જીવોમે જ જીવ માનવાનું જૈનને કદી પણ પાલવે નહિ.

હવે આગળ વધીએ. જીવ કોને કહેવાય ? તો કે–શરીર ધારણ કરવાવાળો માત્ર જીવ. તમોએ કહેવામાં–બોલવામાં જૈનપણું રાખ્યું પણ જીવની ઓળખમાં જૈનપણું ગુમાવી દીધું છે, એટલે કે જૈનેતરપણાના વિચારોએ તમારા ઘરમાં સ્થાન મેળવ્યું છે. જેટલા શરીરધારી એટલા જીવ એવું કોઇએ કહ્યું ખરૂં ? કોઇ ને કોઈ રૂપે શરીર તો ધારણ કરેલાં જ છે. તમોએ સરસવ જેટલાને જીવ માન્યા અને મેરૂ જેટલાને ફેંકી દેવાની વાત કરો છો. એક બાજુ જગતની ઇંદ્રિયોના જીવો–દેવતા, નારકી, મનુષ્ય બધાને રાખો અને બીજી બાજુ કંદમૂળાદિ સોયની અણી ઉપર આવે તેટલા રાખો અને જ્ઞાની મહાત્માને પૂછો કે જીવ શામાં વધારે છે ? તો પણ કંદમૂળાદિ અનંતકાયમાં જીવ વધારે છે તેવું જ કહેશે અને તે કેટલા ગુણા તો કે–અનંત ગુણા, આ બધા મેરૂ જેટલા જીવોને તો તમોએ જીવમાંથીજ બાતલ કરી નાખ્યા. જૈનેતરો કે જેઓ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વર્તમાનમાં વિજ્ઞાનથી સિદ્ધ એવી પણ વનસ્પતિને જીવમાંથી કાઢી, ફક્ત ત્રસ જીવોને જ જીવ માનવા લાગ્યા અને તમે જૈન હોવા છતાં પણ તેમની જ માન્યતામાં રહેવા લાગ્યા; પરંતુ જેટલા શરીરધારી તેટલા બધાને જીવો ગણી શકાય પણ આ બધું તમને ક્યારે સમજાય ? જ્યારે સાચા જૈનો બનો ત્યારે.

## જગતની દ્રષ્ટિએ જોતાં શીખો

આપણે મનુષ્યપણું પામ્યા અને આ બધા જીવો લટકતા રહ્યા

એનું કારણ શું? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, પશુ, પંખી વિગેરે બધા જીવો છતાં એમને મનુષ્યપણું મળ્યું નહિ અને આપણને જ મળ્યું એનું કારણ તપાસો. આપણને મળેલું મનુષ્યપણું કેટલી મુશ્કેલીવાળું છે એ ત્યારે જ સમજાય કે જ્યારે બીજા જીવોનો વિચાર કરતા શીખીએ.

મનુષ્ય પોતાની સ્થિતિમાં રહી અન્ય જીવો તરફ દ્રષ્ટિ સરખી પણ ન કરે તો તેને અન્યની મુશ્કેલીનો ખ્યાલ જ ક્યાંથી આવે? માટે જ જગતની દ્રષ્ટિએ દરેક વસ્તુનો ખ્યાલ કરવો જોઈએ અને એમ બને તોજ વાસ્તવિક સ્થિતિ સમજી શકાય.

## ધર્મ એ મહાન કિંમતી ચીજ

પરંતુ એ મનુષ્યપણું મળ્યું કોના પ્રતાપે? શું આપણે આપણી ઇચ્છાપૂર્વક તેને મેળવ્યું છે? આપણને મળ્યું અને બીજાને કેમ નથી મળ્યું? એનો જવાબ એજ હોઇ શકે કે આપણને મનુષ્યપણું મળ્યું છે, તે આપણા જ પુણ્યના પ્રતાપે.

આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, પંચેદ્રિય-સંપૂર્ણતા, લાંબુ આયુષ્ય અને દેવ ગુરૂ ધર્મનો યોગ આ બધું શાને આભારી? કહેવું જ પડશે કે ધર્મને આભારી, ત્યારે હવે આ બાબતમાં સ્પષ્ટ કહી શકાય કે દરેક ચીજ કરતાં ધર્મ અનેકગણો કિંમતી છે. એક ચીજથી અનેક સુખી ત્યારે તે ચીજ કિંમતીમાં કિંમતી ગણી શકાય. હવે ધર્મ જ્યારે કિંમતીમાં કિંમતી છે ત્યારે તેની જ પાછળ નકલોનો દરોડો હોય જ, જે માલના ઘણા ગ્રાહકો હોય તેની નકલોનો દરોડો ફાટ્યા સિવાય રહે પણ નહિ. ધર્મ આ લોક તેમજ પરલોકનું સુખ આપે છે, ધર્મ જેમ મોક્ષ ફળને આપનારું બને છે તેમ દુનિયાદારીની ચીજો કંચન, કામિની, કુટુંબ, કબિલો અને કાયાને પણ આપનાર બને છે. દુનિયાની સર્વ સમૃદ્ધિને આપવાની એ તાકાતવાળો હોય છે. આવા ધર્મની પાછળ નકલીઓનો દરોડો હોય એમાં નવાઇ જેવું કંઈ નથી.

## સાચા ચોકસી બનો

પરંતુ સાચા ધર્મ અને તેની નકલને ઓળખતાં પ્રથમ શીખવું પડશે. દુનિયાદારીમાં રહેલો શાક પણ તપાસીને લે છે છતાં ખરાબ નીકળે તે તેનો દિવસ બગડે છે તેવી જ રીતે ભોજનનું પણ બને છે. અથાણું બગડે તો તેનું વરસ બગડે છે. લગ્ન કરવામાં છેતરાય તો ફક્ત આ ભવજ બગડે છે. જ્યારે ધર્મ લેતાં ઠગાય તો તેના ભવોભવ બગડે છે. ધર્મ કિંમતી છે માટેજ તેની થપ્પડ પણ કિંમતી એટલે ભવોભવ સુધી યાદ રહી જાય એવી. જે સોદામાં થપ્પડ ખાવાથી વધારે નુકશાની થતી હોય તે સોદામાં વધારે સાવચેતી રાખવી પડે છે. શાક લેવાને માટે બજારમાં સામાન્ય નોકરને મોકલાય છે, દાગીનાની ખરીદી માટે ભાઈને મોકલાય છે અને ઝવેરાતનો વેપાર કરવો હોય તો ? તો તો જાતેજ જવું પડે, કેમકે ત્યાં ઠગાય તો જબરૂં નુકશાન સહન કરવું પડે અને વખતે પેઢી પણ ડુલી જાય; તો પછી જ્યારે તમો આ લોકના કાલ્પનિક સુખને મેળવવાને માટે આટલી ચોકસી રાખો છો તો પછી પરલોકના અવ્યાબાધ સુખને-એટલે શાશ્વત સુખના ધામરૂપ મોક્ષ નગરીને બતાવનાર ધર્મને મેળવવા માટે કેટલી ચોકસી રાખવી પડશે ?

## નકલીઓથી સાવધાન

ધર્મ સૌથી વધારે કીંમતી હોવાથી તેની આજે નકલો કરનારા ઘણા ફુટી નીકળ્યા છે. કયું સાચું કે કયું ખોટું એ પારખવું આજે સામાન્ય માણસને માટે મુશ્કેલ થઈ પડયું છે. સાચા મોતી, માણેકની દુકાનો કરતાં આજે કલચર-માણેકની દુકાનો ઢેર ઢેર નજરે પડે છે. ખોટાનો દરોડા હોય તેથી શું સાચા ઝવેરીએ પોતાનો વેપાર છોડી દેવો ? નકલીના દરોડા દેખી મૂળ વસ્તુને છોડી દેવી ? કલચર જોઈ સાચા મોતીનો ધંધો છોડી દેવો ? એવું કદી બને ખરૂં ? અને એથી ગભરાઇને કોઇએ વેપાર

છોડયો ખરો? કે સાવચેતી વધારી? ઈમીટેશન દેખીને ઝવેરીએ ચોકસીપણું કે ઝવેરીપણું છોડયું નથી પણ સાવચેતી વધારી છે.

## ધર્મના ફાંટા દેખી દૂર રહેનારાઓને

એવીજ રીતે આજે ધર્મના અનેક ફાંટાઓ હોય છતાં એથી કંટાળો લાવવો જોઇએ નહિં, પણ પરીક્ષક બની સાચા-ખોટાને પારખતાં શીખવું જોઇએ. કોઈ કાંઈ કહે છે, કોઇ કંઇ કહે છે, આપણને એમાં ખબર પડે નહિ. આપણે ઉંડા ઉતરવું નહિ અને કોઈ ઠેકાણે જવું પણ નહિ. આવી જાતના વિચારો કરવામાં આવે તો તેનો શો અર્થ? ઈમીટેશન દેખી ઘરનું સાચું ફેંકી દેવું એમ? સાચા-ખોટાની કોને ખબર છે? એવી માન્યતાને ધરનારો કેવો કહેવાય? ઇમીટેશન પ્રવૃત્તિ દેખી સાચા હીરાને ફેંકી દે એ કેવો ગણાય? જો આપણે તેને મૂર્ખ ગણીએ-અણુસમજુ ગણીએ તો પછી ધર્મના ફાંટા દેખી દૂર રહેનારા અને સત્ય વસ્તુને મેળવવામાં વંચિત રહેનારા કયી સ્થિતિમાં ગણાય?

## બારીક બુદ્ધિથી ધર્મને તપાસો

આ માટે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ ચોકખું જણાવ્યું છે કે જેઓને ધર્મની ઇચ્છા હોય તેઓએ ધર્મને બારીક બુદ્ધિથી જોવો.

બજારમાં શાકના ઢગેઢગ પડયા હોય-તેમા ડીંટા પણ મળતા હોય. ત્યાં ખરીદી કરતાં દરકાર ન કરીએ તો ચાલે, પણ કિંમતી ચીજની ખરીદી કરતાં દરકાર કર્યા વગર ચાલતું નથી. પરીક્ષા કર્યા વગર આંખ મીંચી કીંમતી ચીજ ખરીદાય? બોર-જાંબુ વિગેરે અંધારામાં ખરીદાય પણ ઝવેરાત-હીરા-મોતી વિગેરે અંધારામાં ખરીદાય? ઝવેરાત ખરીદવા માટે તો આઇ-ગ્લાસ ચિપીઆ પણ રાખવા પડે છે. કેમકે કિંમતી તેથી પરીક્ષાનો અવકાશ. એવી જ રીતે ધર્મ કિંમતીમાં કિંમતી ચીજ હોવાથી તેને સૂક્ષ્મદ્રષ્ટિથી જોવાની આજ્ઞા ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીએ ફરમાવી.

## દ્રષ્ટિ-દોષ

જેમ સૂર્યને સૂક્ષ્મ દ્રષ્ટિથી જોવાની જરૂર રહેતી નથી. કેમકે સ્વયં પ્રકાશમાન હોવાથી સર્વત્ર પ્રકાશને ફેલાવે છે તેમ ચંદ્ર પણ સ્વયં પ્રકાશિત બને છે. સૂર્ય અને ચંદ્રની પાછળ નકલીનો દરોડો નથી, પરંતુ જ્યારે આંખમાં રોગ થયો હોય ત્યારે તે પણ એકથી અધિક દેખાય તેમ દ્રષ્ટિમાં રોગ થાય ત્યારે એકની એક ચીજ અનેક રૂપમાં દેખાય તેવીજ રીતે જ્યાં નકલીની ભેળસેળ હોય ત્યાં ખરી વસ્તુ ઓળખવી મુશ્કેલ થઇ પડે છે.

## મૂળ વસ્તુને કદી ન છોડો

એવીજ રીતે ધર્મનો પ્રકાશ પણ સ્વયં ઓળખાઈ શકે છે જો કે તેની નકલો કરનારા ઘણા હોય છે પરંતુ નકલ કરવામાં તેને દંભ અને બનાવટો ઘણી કરવી પડે છે. અને એ નકલ કરનારાઓને આડંબરો-ખોટી ધામધૂમો, ખટપટ અને કાવાદાવાજ કરવાના હોય છે, તેમાં ભોળા અજ્ઞાન જીવો દીવાના પતંગીયાની માફક ઝંપલાય છે. જ્યારે તેઓને સત્ય વસ્તુનું ભાન થાય છે ત્યારે તેઓ ખરેખરા પોક મૂકીને રડી ઉઠે છે, અને ફરી સામું જોવા કે સાંભળવાની પણ દરકાર કરતા નથી, એટલે ઇમીટેશન નકલ કરનારથી સાવધ રહી ખરા મૂળ ધર્મને નહિજ છોડવો જોઇએ.

## ધર્મને માથે ધુળ ઉડાડનારા

ધર્મ પણ આજે નકલીપણાથી વીંટળાયેલો છે ત્યારેજ બારીક બુદ્ધિથી જોવાની આજ્ઞા ફરમાવી છે. જે આર્યપ્રજા ધર્મને સારો અને ઉચ્ચ ગણનારી અને અધર્મને ખરાબ તથા નીચ ગણનારી એજ આર્યપ્રજાના સંતાનો આજે ખરા ધર્મને માથે ધૂળ ઉડાડનારા પાકયા છે.

ચોપડીમાં-ઇતિહાસમાં વાંચ્યું હશે કે લડાઈઓ ઘણી થઇ તેમાં જર, જમીન અને જોરૂની લડાઈ સિવાય બીજું કાંઇ વાંચ્યું છે? ધર્મના ઝગડા કદી વાંચ્યા છે? મહાભારતનું યુદ્ધ કે રામ-

રાવણનું યુદ્ધ કોને આભારી? શું ધર્મ માટે થયેલ છે? ઘણાં યુદ્ધો થયાં તેમાં મોટે ભાગે રમા અને રામા માટેનાંજ હોય છે. ધર્મને માટે હોતા નથી.

પરંતુ દુનિયાનો સામાન્ય નિયમ છે કે-પોતાના છોકરાનો વાંક હોય તો શોકયના છોકરાને માથે નંખાય છે, એવીંજ રીતે આપણે પણ એવા કેટલાક કામ ખરા ધર્મથી વંચિત રાખવામાં અને નકલીમાં ભેળવી દેવામાં કાબેલીયતપણું ભોગવી રહ્યા છે. એવાઓ ધર્મનો ધ્વંસ કરનાર હોય છે. એવી બહુરૂપી ટોળીથી જનતાએ સાવધ રહેવા જેવું છે. દિનપ્રતિદિન વેપારની-ઘરની અને બીજી ધમાચકડીઓ કે લડાઇઓનો ટોટો નથી. એ લડાઇઓનો હિસાબ નથી પણ ધર્મમાં મતભેદ ઊભો કરનાર ધર્મની લડાઈઓ ગણાવે? ધર્મસ્થાન એ તો ઓડી બામણીનું ખેતર. જે આવે તે લણે!

એવી બીજી ઢગલાબંધ લડાઇઓ વાંચતા-સાંભળતા છતાં ધર્મનીજ લડાઈ ગણાવી-લખી મારે એવાઓનો આશય જનસમૂહને ધર્મરૂચીથી અળગા કરવાનો-ધર્મહીન બનાવવાનો હોય છે. એ શિવાય એમનો ધંધોજ નથી. રમા-રામાની લડાઇ-વેપારની લડાઇ-હક્કની મારામારી વિગેરેની લડાઇ, એવા પુસ્તકો કેટલા લખ્યા? આ તો દુનિયાની મૂર્ખાઇનો-ભોળપણનો-અજ્ઞાનતાનો લાભ લડવા-વાળા ઉઠાવે છે. કહે છે કે ધર્મયુદ્ધ ધર્મને રસાતળ પહોંચાડવાનો એ લોકોનો ધર્મને નામે ઠગવાનો બીજો રસ્તો નથી.

## ધર્મના પડીકા વેચવાવાળા

આર્ય દેશમાં-આર્ય પ્રજામાં જન્મેલાઓ આ ધર્મ કલંક શી રીતે દઈ-સાંભળી કે ચડાવી શકે છે? લડાઇઓમાં જેનું નામ-નિશાન નહિ. લગભગ ચાલીશ લડાઇઓ થઈ તેમાં ધર્મની કયી? કદાચ અનાર્ય પ્રજા ધર્મની ગણે પણ આર્યપ્રજા કેમજ કહી

છે? આ માટેજ ભગવાન શ્રી હરિભદ્રસૂરિ મહારાજને કહેવું પડ્યું છે કે ધર્મ કરવાની ઈચ્છાવાળાએ ધર્મને બારિક બુદ્ધિથી જોવો. ધર્મની ક્રિયા કરવામાં બારિક બુદ્ધિ રાખવી. અને જો બારિક બુદ્ધિ નહિ રખાશે તો તો એમ થશે કે હું ધર્મ કરું છું પણ વાસ્તવિક તે ધર્મ કરતો નહિ હોય. આજે એવા ઈમીટેશન ધર્મનાં પડીકા વેચવાવાળા ઘણાં નીકળ્યા છે અને કહી રહ્યા છે કે–"જાઓ તમે ધર્મી–જાઓ અને અધર્મી". સર્ટીફીકેટ આપતાં પહેલા પોતાની સ્થિતિનો જરા જેટલો પણ ખ્યાલ રખાય તો આમ બને ખરૂં?

## ઘરનાજ સર્ટીફીકેટો દેનારા

દુનિયાના સર્ટીફીકેટો દેતાં પહેલાં પરીક્ષા પસાર કરવી પડે તો ધર્મી–અધર્મીના સર્ટીફીકેટો દેતાં પહેલાં ધર્મના શાસ્ત્રોના પારંગત થવું પડશે કે નહિ? પરંતુ તેનો જરા જેટલો વિચાર કર્યા વગર આજે ઘરના સર્ટીફીકેટો દેનારા ઘણા નીકળ્યા છે. આવાઓના ફંદામાં ફસાતા આત્માઓની દેખાવમાં તો આરાધના રહેશે પણ સમ્યક્ત્વનો તો નાશજ થશે.

બુદ્ધિ–ધર્મની–સમ્યક્ત્વની–આજ્ઞાની હોય ત્યાં આજ્ઞા વિરૂદ્ધ કેમ વર્તાય?

## વૈયાવચ્ચ, એ મહાન ગુણ

આચાર્ય મહારાજે કોઈક વખતે વૈયાવચ્ચની પ્રશંસા કરી તો એમ સમજી લેવાનું નથી કે જ્ઞાન–ચારિત્ર અને તપની ગૌણુતા કરી, જેનો જે વખતે અધિકાર ચાલતો હોય તેનેજ ઉદ્દેશીને બોલવામાં આવે છે, તમારામાં જેમ લગ્ન વખતે ગીત તો પરણનારનાજ ગવાય છે કે બીજાના? તો એમ નથી સમજી લેવાનું કે બીજા ભાઈઓની ગૌણુતા કરી બાકીનાને ઓળંગ્યા એમ?

આ જગતમાં ધર્મ આરાધન કરવાના અસંખ્ય માર્ગો છે.

અસંખ્ય યોગો છે એ બધામાં એકજ યોગ છે કે જે માટે ખુબ ખુબ જ્ઞાની મહાત્માઓને પણ લખવું પડયું છે. દર્શન-જ્ઞાન અને ચારિત્રના ફળો મેળવેલા કોઇ દિ ફોગ પણ જાય. દર્શન આવેલું, પણ ચાલ્યું જાય. જ્ઞાન મેળવેલું પણ ઉંધું પરિણમે-ચારિત્ર આવેલું, પણ નાશ પામે. પરંતુ કરેલી વૈયાવચ્ચનું ફળ તો કદીજ અફળ જતું નથી. આ બધું ધ્યાનમાં રાખજો. તમારી દરેક ક્રિયા પ્રત્યે ધ્યાન રાખો. તો આપોઆપ તમને સમજાઈ જશે.

## ભગવાનને કોણ માની શકે ?

આ સંબંધમાં ભગવાન ગૌતમસ્વામી ભગવાન મહાવીર મહારાજાના મોઢાથી-એક વાકય બોલાવે છે. ભગવાન કહે છે કે-ગ્લાનની-માંદાની માવજત કરનારો હોય તેજ મને માનનારો, અને મને માનનારો હોય તે જરૂર માંદાની માવજત કરનારો હોય. આવી રીતે આચાર્ય મહારાજે વૈયાવચ્ચને ઉદ્દેશી ઉપદેશ આપ્યો એટલે બધી વસ્તુઓ પડવાવાળી બની પણ જાય છે, પણ વૈયાવચ્ચ એ એવી વસ્તુ છે કે જે નિષ્ફળ જાય નહિ ચક્રવર્તી છ ખંડનો માલીક કહેવાય, જેને દેવતાઓ પણ ન જીતી શકે તેટલી બધી તાકાત એ ધરાવતા હોય પણ તેઓ પણ વૈયાવચ્ચવાળા જીતી શકયા નહિ.

આચાર્ય મહારાજે વૈયાવચ્ચને અંગે જે વસ્તુ જણાવી તે અંગે દ્રષ્ટાંત-ભરત, બાહુબળીજી પણ પાંચે યુદ્ધમાં ચક્રવર્તીને જીતી ગયા છે. એ વસ્તુને સાંભળવાથી પણ કલ્યાણ થાય છે.

તે કાળમાં આજના જેવી વાડાબંધી હતી નહિ, એક ભાઈને વૈયાવચ્ચનું પચ્ચક્ખાણ હતું. ઉપાશ્રયો પણ હતા. રોજ દરેક ઠેકાણે વૈયાવચ્ચ કરી આવતો. આ અંગે પૂ. આચાર્યશ્રીએ લંબાણથી દ્રષ્ટાંત આપ્યું હતું.

## વાડાબંધીનું પરિણામ

આજે વાડાબંધીના પરિણામે દશા એ થઇ રહી છે કે ધર્મની બુદ્ધિ હોવા છતાં પરિણામે ધર્મનો નાશ થઇ રહ્યો છે—કેમકે નકલીઓનો જ્યાં દરોડો હોય ત્યાં કલચરના તેજમાં અંજાઇ જઇ સાચી વસ્તુને ખોટી માની છોડી દે છે. આથી ભગવાન હરિભદ્રસૂરિને વારંવાર કહેવું પડયું કે સર્વ વસ્તુઓનો આધારભૂત ધર્મ છે પણ બુદ્ધિવાળાએ પણ ધર્મને બારિક બુદ્ધિથી પરીક્ષા કરવાની જરૂર છે.

[ આ વ્યાખ્યાન આટલું જ અપૂર્ણ મળ્યું છે, તેથી વિષય બાકી છતાં અમુક મહત્ત્વનો વિષય પૂરો આવી ગયો છે, તેથી ઉપયોગી ધારી પ્રકટ કરેલ છે. સં. ]

### મ...ન...ની...ય...સુ...વા...ક્યો

* રાગનો ક્ષય થવો સામાન્યથી મુશ્કેલ છે, પણ વિવેકપૂર્વક પ્રયત્ન કરનાર માટે રાગનો ક્ષય મુશ્કેલ નથી.
* રાગનો ક્ષય કરવા માટે ગુણાનુરાગ જરૂરી છે.
* મહાપૂરૂષોના સહવાસમાં ગુણાનુરાગની દૃષ્ટિની કેળવણી જરૂરી છે.

—પૂ. આગમોદ્ધારકશ્રી

# देवद्रव्य विचार

(વર્ષ ૩ પુ ૩થી ચાલુ)

[ પરમ પૂજ્ય, આગમતત્ત્વતલસ્પર્શીજ્ઞાતા, શૈલાણાનરેશ પ્રતિબોધક, ધ્યાનસ્થ સ્વ. આચાર્ય શ્રી આનંદ સાગર સૂરીશ્વરજી મ. શ્રીએ શાસનના અનેક કાર્યોમાં ગુંથાયેલ હોવા છતાં પોતાની શ્રુત સંપદાનો લાભ વારસામાં ભવ્ય જીવોને મળી રહે, તે શુભ આશયથી સમયે સમયે મળતા અવસરના સદુપયોગ રૂપે નાના મોટા અનેક ગ્રંથ રત્નોનું નવનિર્માણ કર્યું છે.

જેમાં સંસ્કૃત, પ્રાકૃત, ગ્રંથો ઘણા છે. ગુજરાતીમાં પણ અમુક ગ્રંથો છે. પણ હિંદીની રચના ખૂબજ જૂજ છે.

પૂ. આચાર્યદેવ શ્રી જન્મથી ખેડા પ્રાંતના છતાં વિશિષ્ટ ક્ષયોપશમના બળે હિંદી ભાષા ઉપર પણ અદ્‌ભુત પ્રભુત્વ ધરાવતા હતા, તે હિંદી રચનાઓ પરથી સ્પષ્ટ જાણવા મળે છે.

પ્રસ્તુત કૃતિ પૂ. આગમ સમ્રાટ, આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીએ (પ્રાયઃ વિ. સં. ૧૯૭૪–૭૫ ની દેવદ્રવ્યની ચર્ચા વખતે) વિ. સં. ૧૯૭૭ થી ૧૯૮૩ ના ગાળામાં ગુજરાત–સૌરાષ્ટ્ર બહારના પ્રદેશોના ચાતુર્માસ તો વિહાર કાળમાં બનાવી હોય એમ અનુમાન છે.

ચોક્કસ માહિતી પ્રયત્ન છતાં મળી નથી, રતલામની શેઠ ઋષભદેવજી કેશરીમલજી જૈન પેઢીના જુના રેકર્ડમાં આ કૃતિ જીર્ણ અવસ્થામાં હતી, પૂ. વયોવૃદ્ધ, સ્થિતપ્રજ્ઞ, ધર્મસ્નેહી ગણીવર્ય શ્રી ત્રૈલોકયસાગરજી મહારાજને આ કૃતિ ખૂબ જ ઉપયોગી અને સચોટ લાગવાથી વિ. સં. ૨૦૨૩ માં ઋ. કે. પેઢી રતલામ તરફથી પુસ્તિકાકારે પ્રકાશિત પણ કરાવી.

આનો અર્ધો ભાગ આગમ જ્યોતના ત્રીજા વર્ષના ત્રીજા પુસ્તક

(પા૦ ૬૮ થી ૮૫) માં પ્રકટ થયેલ છે, બાકીનો સંપૂર્ણ ભાગ અહિં પ્રકાશિત થાય છે.

સુજ્ઞ વાચકો માટે ખૂબજ માર્મિક યુક્તિપૂર્ણ આ નિબંધ છે, ગુરૂગમથી યોગ્ય રીતે વાંચવા વિચારવા ભલામણ છે. સં. ]

जिस देवद्रव्य का भक्षण या उपयोग करना साधु के लिये भी मना है, तो पीछे दूसरे के लिये क्या कहना ? और इससे ही देवद्रव्य के अंश से बनी हुई वस्ति में भी साधु को रहने से हरदम प्रायश्चित बढ़ता जाता है. देखिये ! हरिभद्रसूरिजी का लेख—

जिणदव्वलेसजणियं ठाणं, जिणहदव्वभोयणं सव्वं ।
साहूहिं चइयव्वं जइ तंमि वसिज्ज पच्छित्तं ॥१०८॥
छल्लहुयं छग्गुरुयं भिन्नमासो य पइ दिणं जाव ।
कप्पविहाराई वं भणियं निट्ठागयं कप्पे ॥१०९॥

याने देवद्रव्य का लेश मात्र भी जिसमें लगा हो वैसे स्थान का या सर्वथा देवद्रव्य के स्थान का परिभोग साधु को वर्जन करना चाहिये, जो साधु वैसा स्थान नहीं छोड़े तो उस साधु को पहले दिन छ लघु दूसरे दिन छ गुरु, पीछे प्रति दिन भिन्न मास बढ़ते २ यावत् कल्प व्यवहार में कहा हुआ चरम प्रायश्चित्त याने पाराञ्चित प्रायश्चित आ जाय तब तक हर दम प्रायश्चित बढ़ता जाता है ।

उपर के कथन से साफ हो जाता है कि देवद्रव्य साधु के उपयोग में किसी तरह से भी नहीं आ सकता. कितनेक लोग कहते हैं कि संघ देवद्रव्य की व्यवस्था पलटा सके या देवद्रव्य संघ के उपयोग में आ सके. या संघ मिलकर उस देवद्रव्य का दूसरा उपयोग कर सके, तो यह उपर कहे मुजब कहने वाले या वैसा करने वाले संघ से बाहर ही हैं. और वैसे को संघ कहने के लिये शास्त्रकार साफ २ मना करते हैं देखिये ! वह पाठः—

देवाइ दव्वभक्खण-तप्परा तह उम्मग्गपक्खकरा ।
साहु जणाण पओस-कारिणं मा भणह संघं ॥१२०॥

देवादि द्रव्य को भक्षण करने में तत्पर और उन्मार्ग का पक्ष करने वाले और साधुजन के द्वेषी ऐसे को संघ नहीं कहना ॥

इस उपर के पाठ से साफ माॡम हो जायगा कि देवद्रव्य साधु साध्वी श्रावक या श्राविका चतुर्विध संघ में से किसी को भी उपयोग में नहीं आ सकता है. इसीसे उपदेशसप्ततिकाकारने सत्य ही कहा है कि "एकत्रैव स्थानके देववित्तम्" याने देवद्रव्य का दूसरे किसी भी कार्य में उपयोग नहीं ले सकते हैं, किन्तु केवल चैत्य के लिये ही उसका उपयोग हो सकता हैं, देवद्रव्य का उपयोग दूसरे में न होवे और उसकी वृद्धि उपर्युक्त फल कीं देने वाली है, इसीसे श्री धर्म्मसंग्रह, श्राद्धविधि और उपदेशप्रासाद आदि में देवद्रव्य की वृद्धि करना यह एक जरूरी वार्षिक कृत्य दिखाया है ।

उपके के लेख से देवद्रव्य को बढाना चाहिये. रक्षित रखना और अपने स्वयं भक्षण करना नहीं औरं दूसरे से होने भी देना नहीं यह बात आप समझ गये होंगे. लेकिन इस जगह पर शङ्का होगी कि एसा भंडार बढने से उसको खाने वाले मिलते हैं, और वे बढ जाते हैं तो बहतर है के उसको बढाना ही नहीं, कि जिससे खाने वाले को दूषित होते का प्रसङ्ग ही नहीं आवे ? लेकिन यह शङ्का अज्ञानता की ही है, क्योंकि धर्म्म प्रगट करने से निन्हव और धर्म्म के अवर्णवादी उत्पन्न होते हैं और अनन्त संसारी बनते हैं इससे क्या तीर्थंकर भगवान को धर्म्म प्रगट नहीं करना ?

इसी तरह साधु होने से मिथ्यात्वी लोग कर्म्म बांधते हैं तो क्या साधु नहीं होना ? मन्दिर बनवाने से और प्रतिमा कराने से ही मिथ्यात्वीयों को कर्म बन्धन होता है तो क्या परिणाम ? डूब मरे इससे तैरने की चाहना वाले को तैरने का साधन छोड देना कभी भी मुनासिब नहीं है, इस रीति से

महाराजा कुमारपाल और वस्तुपाल मन्त्रीने करोडों रुपया खर्च करके ज्ञान भण्डार बनवाये थे, अभी उनमें से एक भी पुस्तक नहीं मिलता है और इसी तरह से अब भी किया जाता ज्ञानोद्धार आगे के जमाने में नहीं दिखाई देगा तो क्या यह ज्ञानउद्धार अभी नहीं करना ? हरगिज नहीं,

तैरने की इच्छा वाले कों तैरने का साधन जरूर करने का है. पेश्तर का साधन बिनाश पाता होवे उसकी रक्षा करना जरूरी है और नया साधन खडा करना और बढाना उसकी भी जरूरत है तो इससे पेश्तर के देवद्रव्य का नाश हो गया देखकर देवद्रव्य की वृद्धि से पीछे नहीं हटना चाहिये. एक पुत्र का मरण देखकर दूसरे पुत्रको नहीं बढाना या पोषण नहीं करना यह दुनिया के व्यवहार से भी बाहर है. इससे देवद्रव्य की वृद्धि को उपर लिखा हुआ फल समझकर भव्यजीवों को देवद्रव्य की वृद्धि रक्षा मंजुर होने पर भी कितनेक ऐसा कहते हैं कि अविधि से देवद्रव्य बढाने में भी अनन्त संसार की वृद्धि है। श्रीमान् हरिभद्र सूरिजी ने ही कहा हैं कि—

**जिणवरआणारहियं वद्धारंतावि केऽवि जिणदव्वं।**
**बुड्ढंति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ॥१०१॥**

याने जिनेश्वर महाराज की आज्ञा के रहितपने कई अज्ञानी मोह से मुझाये हुए देवद्रव्य को बढ़ाते हुए संसार समुद्र में डूबते हैं तो इससे मालूम होता है कि देवद्रव्य विधि से बढाना चाहिये.

यह कहना सच्चा है, कोई भी कार्य विधि सिवाय फल नहीं देता है, लेकिन इसका मतलब यह नहीं हैं कि असल वस्तु को छोड देना, क्योंकि दान, शील, तप, व्रत, पच्चक्खाण, पूजा, प्रभावना, पौषध, प्रतिष्ठा ओर तीर्थयात्रा विगैरे सब ही धर्मकृत्य विधि से ही फल देने वाले है, और अविधि से करने में आवे तो डूबानेवाले हैं. लेकिन इससे धर्म्म कृत्य की उपेक्षा करने वाला तो जरूर ही डूबेगा. अविधि से किया हुआ भोजन भी अजीर्ण करता है, लेकिन सर्वथा भोजन त्याग

करने वाला मनुष्य या प्राणी भी अपने जीवन को नहीं टिका सकता है, और जिनेश्वर महाराज की आज्ञा रहित देवद्रव्य का बढाना किसका नाम? क्या मन्दिर में रोकड द्रव्य देना, सोना चांदी देना, गांवग्राम देना, क्षेत्र घर वगैरा देना, इसकी किसी भी जगह शास्त्रों में मनाई है? कोई भी शास्त्र का जानकार ऐसी बात नहीं कह सकता है. क्योंकि उपर दिये हुए शास्त्रों के प्रमाणों से ही सुवर्णादि और ग्रामादि देने का निश्चित हुआ है।

इससे यह भी सिद्ध हुआ कि अपनी तरफ से ग्रामादि सुवर्ण आदि देकर देवद्रव्य की वृद्धि करनी चाहिए, जिस तरह से गाम आदि देकर देकर वृद्धि होती है उसी तरह से उछामणी याने बोली से ही देवद्रव्य की वृद्धि करनी वे मुनासिब नहीं है.

उछामणी करना वह श्वेताम्बर को ही मान्य है ऐसा नहीं, किन्तु दिगम्बरों को भी मान्य है, अन्यथा गिरनारजी तीर्थ के विवाद में दिगम्बर लोग यह बात कैसे मान्य करते? कि ज्यादा बोली बोले उसी का तीर्थ गिनना, और यह बात तो सुकृतसागर आदि ग्रन्थों में प्रसिद्ध ही है कि छप्पन धडी सोना बोलकर पेथडशाने गिरनारजी तीर्थ को श्वेताम्बर बनाया और उस वक्त दिगम्बरों ने मंजूर भी किया,

राजा कुमारपाल ने भी सिद्धाचलजी पर इन्द्रमाला की उछामणी की, वाग्भट ने भी उछामणी की, श्री रत्नशेखर सूरिजी महाराज ने उछामणी से आरती आदि करने का कहा, इतना ही नहीं लेकिन श्राद्धविधि में भी "यदा च येन यावता माला परिधापनादि कृतं तदा तावद् देवादि द्रव्यं जातं" याने माला की उछामणी में जिस वक्त बोलने में आया उसी वक्त से वह बोला हुआ द्रव्य देवद्रव्य गिना जावे याने उसमें से कुछ भी अंश दूसरे खाते में ले जावे नहीं, जितनी उछामणी ही हो वह सब देवद्रव्य ही है.

इस स्थान पर सोचना चाहिये कि संघ के बहाने से ली हुई माला की भी उछामणी देवद्रव्य होवे और उपधान की जो ज्ञान के आराधन के लिये होते हैं उसमें भी बोला हुआ द्रव्य देवद्रव्य होवे तो पीछे खुद भगवान के आलम्बन से ही और भगवान की माता को आये हुए स्वप्न और भगवान के ही पालने का द्रव्य दूसरे खाते में कैसे जावे ? और ऐसा नहीं कहना चाहिए कि केवलज्ञानीपणा के बाद ही देवपना है, क्योंकि ऐसा कहने से तो तीर्थङ्कर महाराज के ज्ञान और निर्वाण दो ही कल्याणक होंगे, च्यवन, जन्म और दीक्षा ये तीनों कल्याणक उड जायेंगे, भगवान का दिया हुआ संवच्छरी दान आदि तो भगवान ने ही अपने कल्प से दिया है. इससे हरज नहीं करेगा. जैसे दीक्षा लेने वाला गुरु आदि से सब उपकरण लेवे, लेकिन दूसरा चोरने वाला तो नरकादिकगति का ही अधिकारी बने. क्या महावीर महाराज को बचपन में और छद्मस्थपने में उपसर्ग करने वाले जिनेश्वर की आशातना करने वाले नहीं हुए ? शास्त्रकार महाराज तो च्यवन से ही जिनपने का नमस्कारादि कार्य फरमाते हैं.

हेमचन्द्र महाराज धर्म्मघोषसूरिजी, रत्नशेखरसूरिजी, मानविजयोपाध्याय वगैरह महानुभाव क्या जिनेश्वर महाराज की आज्ञा से विरुद्ध वर्तन वाले और कहने वाले थे [ ऐसा कहने की हिम्मत भव भीरू जीव तो कभी नहीं कर सकता है. कितने का कहना है कि प्रतिक्रमण की बोली साधारण खाते में ले जाने का विजयसेन सूरिजी ने फर्माया है, तो यह बात सच्ची है, लेकिन यह साधारण शब्द अभी चालु के देवद्रव्यलुम्पकोंने कल्पित किये साधारण खाते लिये नहीं है :किन्तु मन्दिर के साधारण के लिये ही है. देखिये ! श्रीमान हीरसूरिजी क्या कहते हैं।

"क्वापि क्वापि तदभावे जिनभवनादिनिर्वाहासम्भवेन निवारयितुमशक्यमिति"

याने किसी २ जगह पर प्रतिक्रमणादि बोली के द्रव्य के सिवाय जिनभवनादि का निर्वाह की नहीं होता इससे निवारण करना अशक्य है। वाचक जन सोचेंगे के जब प्रतिक्रमणादि बोली का द्रव्य भी जिन भवन के लिये ही रखा गया है, तो पीछे वह द्रव्य देवद्रव्य या देवका साधारण द्रव्य ही होवे लेकिन श्रावक लड्डू खाने या साधु को मौज मजा उडाने के काम में यह द्रव्य कहां से आवे?

कितनेक का कहना है कि हीरसूरिजी ने उछामणी करनी यह सुविहित आचरणा से नहीं है ऐसा कहा है, तो यह बात बिल्कुल गलत है, क्योंकि हेमचन्द्रसूरिजी महाराज सरीखे यावत् रत्नशेखरसूरिजी को वे श्रीमान् हीरसूरिजी कभी भी असुविहित नही गिने. असल में आज कल मारवाडादि देशों में सामायिक उच्चारण करने बाद घी बोल कर आदेश दिये जाते हैं, ऐसे रिवाज के लिये श्रीमान् हीरसूरिजी ने फर्माया है और इससे ही वहाँ पर प्रतिक्रमणादि आदेश ऐसा कहा है और सुविहितों के लिये कहा है याने सामायिक लेने बाद बोली करनी, साधु को आदेश देना और वह घी की वृद्धि के हिसाब से देना यह सुविहितों को ठीक नहीं मालूम होता। जहां पर विशेष आदेश विशिष्ट पुरुष के लिये कहा है। वहां पर सर्व आदेश के लिये सभी पुरुष के लिये और सभी अवस्था के लिये लगा देना यह अक्लमन्दी कार्य नहीं है।

कितनेक का यह कहना है कि भगवान् की पूजा आरती विगैरा भक्ति रूप धर्म्म है, और उससे द्रव्य से सम्बन्ध रखना और द्रव्य वाले कहना यह भी शास्त्र से विरुद्ध है क्योंकि खुद जिनेश्वर महाराज के जन्माभिषेक आदि में अच्युतेन्द्रादि इन्द्रों के अनुक्रम से ही अभिषेक होते हैं तो क्या वे अभिषेक द्रव्य की अपेक्षा से नही है?

वहां पर तो देवद्रव्य की वृद्धि का सवाल नहीं होने पर भी केवल अपनी अपनी अधिक ठकुराइ से पेश्तर अभिषेक करते हैं, इसी रीति से खुद

भगवान के समवसरण में भी अल्पऋद्धिवाला देव महर्द्धिक देव से पीछे बैठता है और अल्पर्द्धि वाला देवता पीछे आवे तो महर्द्धिक को नमस्कार करता हुआ आता हैं, और महर्द्धिक जावे उस वक्त भी अल्पर्द्धिक देवता नमस्कार करते हैं। अब देखिये! खुद भाव तीर्थङ्कर की भक्ति के वख्त भी अपनी स्वतन्त्र ऋद्धि की महत्ता भी अपेक्षा रखती है और वही अपेक्षा शास्त्रकार ने भी स्वीकार की है तो पीछे देवभक्ति में देवद्रव्य बढाने वाले का सम्बन्ध ही नहीं है यह कहना कैसे सच्चा होगा?

ऋद्धिमानों के लिये खुद आचार्यादिक को भी आवश्यक क्रिया का नियमित टाइम में से भी उपदेश के लिये वख्त निकालना शास्त्रकार फर्माते हैं, इतना ही नहीं किन्तु भावस्तवरूप दीक्षा के बाद उपस्थापना के विषय में शास्त्रकार फर्माते हैं कि राजा और प्रधान सेठ और अमात्य की औरत साथ-साथ दीक्षित होवे तो प्रधान वगैरा बडी दीक्षा के लिये लायक हो जाने पर भी राजादिक के लिये रुकना, जब भावस्तव में यह द्रव्य का प्रभाव माना गया है तो पीछे उत्सर्पण से अधिक द्रव्य चैत्य में देने वाला प्रथम अधिकारी होवे उसमें क्या आश्चर्य है?

**कितनेक का कहना है कि देवद्रव्य की कल्पना छोड देवें और साधारण की कल्पना करके भगवान की पूजा आदि की बोली करावे तो पीछे वह द्रव्य साधारण खाते में ले जावे तो क्या हर्ज है?**

लेकिन यह कहना भी गलत है क्योंकि पेश्तर के आचार्य, मुनि और भी संघ ने जो बोली देवद्रव्य के लिये ही शुरु की है, उस बोली को पलटा देना वह देवद्रव्य की आवक तोड देने का ही है, और देवद्रव्य की आवक तोडने वाले के लिये शास्त्रकार क्या फर्माते हैं! देखिये—

**आयाणं जो भंजइ, पडिवण्णं धणं न देइ देवस्स।**
**णस्संतं समुविक्खइ, सोवि हु परिभमइ संसारे ॥११०॥**

जो मनुष्य देवद्रव्य की आवक को मांगता है, मंजूर किया हुआ धन नहीं देता है या मांगने वाले और नहीं देने वाले की उपेक्षा करता है वह भी संसार में रुलता है। देखिये ! इस हरिभद्र सूरिजी के वाक्य से देवद्रव्य की आवक को मांगने वाले की क्या हालत होती है ? जो लोग कल्पना फिराने का कहते हैं, उनको समझना चाहिये कि जो लड्डू वगैरा मन्दिर में नैवेद्य तरीके धराये नहीं है, सिर्फ मन्दिर में ले गये हैं वैसे लड्डू वगैरा को वे कल्पनावादी क्या लेकर खा सकेंगे ? कभी भी नहीं. जिनेश्वर महाराज के मन्दिर में बोली बोलकर उसका द्रव्य श्रावक के उपयोग में लाना, यह तो भगवान की आशातना को जानने वाला कभी भी मंजूर नहीं करेगा,

क्योंकि शास्त्रकार महाराज ने तो भगवान की दृष्टि में अशनादिक सर्व भोग्य वस्तु का निषेध किया है, देखिये वह पाठ—

दिट्ठीए वि जिणिंदाणं सव्वमसणाइ भोगवत्थूणि ।
णो परिभुत्तुं जुत्तं..................................॥८८॥

याने भगवान की दृष्टि के विषय में भी सभी अशनादि भोग्य वस्तु का किसी भी तरह से परिभोग करना लायक नहीं है।

अब सोचना चाहिये कि जब भगवान् की दृष्टि में भी अशनादिक का भोग नहीं होवे तो पीछे भगवान के समक्ष या उमके निमित्त बोली करके श्रावक या साधु को खाना या उपयोग में लेना कैसे लाजिम होगा ! और यह बात तो सबको मान्य ही है कि मन्दिर में घुसते ही निस्सिंही कहना चाहिये और उस निस्सिही से चैत्य के सिवाय के सभी कार्य का त्याग होता है, अब जहां पर चैत्य के सिवाय के सभी कार्य का त्याग होता है, और चैत्य के सिवाय के कार्य के लिये मन वचन काया का व्यापार बन्द किया है, तो वहां पर चैत्य में ही साधारण के लिये बोली बोलकर प्रयत्न करने वाला निस्सिही की मर्यादा को तोडने वाला ही है।

कितनेक लोग ऐसी शङ्का करते हैं कि देवद्रव्य का स्वरूप बताने में ही शास्त्रकार ने देवद्रव्य को शासन की वृद्धि करने वाला और ज्ञान दर्शन का प्रभावक कहा है। इससे चतुर्विध संघ प्रवचन तथा ज्ञान दर्शन के लिये देवद्रव्य का खर्च करना गैरमुमकिन नहीं है, लेकिन ऐसा कहने वाले को पेश्तर तो उसी गाथा का विवेचन और उसकी टीका जो उपर दी है वह सोचना चाहिए।

जो वे लोग शास्त्र को सोचेंगे तो साफ २ माळूम हो जायगा कि देवद्रव्य किसी भी अन्य क्षेत्र में (साधु साध्वी श्रविका के ज्ञान में) नहीं जा सकता है. जो उस गाथा में प्रवचन की वृद्धि कराने वाला देवद्रव्य कहा है ओर ज्ञान दर्शन का प्रभावक कहा है उसी में हीं सोचा होता तो माळूम हो जाता—कि एक स्थान पर कृञ् धातु क्यों रखा? और दूसरे स्थान पर प्रभावकपना क्यों रखा है? इतना होने पर भी इन्हीं श्रीमान् हरिभद्र सूरिजी ने इसी देवद्रव्य के विषय में किसी तरह से शासक की वृद्धि और ज्ञान—दर्शन का प्रभावकपना माना है, वह उन्हीं सूरीश्वरजी की नीचे दी हुई गाथासे स्पष्ट हो जायगा,—

पिच्छिस्सं एत्थं, इह वंदणगणिमित्तमागए साहू।
कयपुण्णे भगवंते, गुणरयणणिही महासद्धे ॥११२६॥
पडिबुज्झिस्संत्ति इहं, दट्ठूण जिणंदबिम्बकललंकं।
अण्णेऽवि भव्वसत्ता, काहिंति तओ परं धम्मं ॥११२७॥
ता एकमेव वित्तं जमित्थमुवओगमेइ अणवरयं।
इय चिंताऽपरिवडिआ सासयवुढ्ढी उ मोक्खफला ॥११२८॥

"वन्दन के लिये आए हुए पुण्यशाली गुणरत्न का निधान और महा-सत्व ऐसे साधु महाराज को इधर में देखूंगा, याने मन्दिर होने से ऐसे गुणवान साधु महाराज का आना होगा, अब सोचिये कि साधु महाराज के समागम से क्या ज्ञान-दर्शन की प्रभावना नहीं होगी? इतना ही नहीं

लेकिन दूसरी गाथा में भी साफ साफ फर्माते हैं कि भगवान् का निष्कलङ्क बिम्ब जो इधर स्थापन किया है, उसको देखकर कई भव्य जीव प्रतिबोध पायेंगे और फिर धर्म्म करेंगे।"

अब सोचिये! कि सम्यक्त्व पाना, धर्म करना यह सब चैत्य प्रतिमादि से होवे तो प्रवचन की उन्नति और ज्ञान दर्शन की प्रभावना हुई कि नहीं? यह बात पूर्वधरों ने भी कही हुई है ऐसा श्रीमान हरिभद्र सूरिजी **स्तवपरिज्ञा** द्वारा फर्माते हैं फिर भी **श्रीमान हरिभद्रसूरिजी** क्या लिखते हैं देखिए—

**चेइहरेण केइ पसंतरूवेण केइ बिंबेण।**
**पूयाइसया अण्णे अण्णे बुज्झंति उवएसा ॥८१॥**

"कई भव्य जीव चैत्य देखने से प्रतिबोध पाते हैं, कई भव्य जीव भगवान् के शान्तरूप से प्रतिबोध पाते हैं, कई भव्य जीव अच्छी पूजा देखकर प्रतिबोध पाते हैं और कई भव्य जीव उपदेश से याने वहां पर आये हुए साधु महाराज के व्याख्यान से प्रतिबोध पाते हैं।

इस तरहसे शासन की वृद्धि और ज्ञान–दर्शन की प्रभावना खुद ही आचार्य महाराज दिखा रहे हैं, तो फिर देवद्रव्य–भक्षकपना की बुद्धि करना भव्य जीव के लिये लाजिम कैसे होवे।

खुद **हरिभद्रसूरिजी सम्बोधप्रकरण** में फरमाते हैं कि "आदान (आवक) आदि से आया हुआ द्रव्य जिनेश्वर महाराज के शरीर में ही लगाना और अक्षत, फल, बलि, वस्त्रादि का द्रव्य जिन मन्दिर के लिये लगाना और ऋद्धि युक्त से सम्मत (आदेश वाले) श्रावकों ने या अपने जिन भक्ति निमित्त जो द्रव्य आचरित है, वह मन्दिर मूर्ति दोनों में लगाना।"

इस लेख से समझना चाहिये कि जिनेश्वर महाराज की भक्ति के निमित्त होती हुई बोली का द्रव्य दूसरे किसी में भी नहीं लग सकता है।

इस लेख का उपसंहार करते प्रिय वाचकों को यह ख्याल दिलाना जरूरी है कि इस लेख से कितनेक भोले वाचको का दिल दुखित तो होगा

लेकिन देवद्रव्य को बचाने के लिये हमको यह लेख लिखना जरूर ही था। व्यवहार और बृहत्कल्प भाष्यकार और टीकाकारों ने साफ २ दिखाया है कि श्रमणसंघ को देवद्रव्य का नाश बचाने के लिये राजादेश से निकाल देवे, वैसा मौका होवे तब भी पीछे हटना नहीं। देखिये! यह पाठ—

वायपरायण कुविओ चेइयतद्दव्व संजई गहणे।
पुव्वुत्ताण चउण्हवि कज्जाण हवेज्ज अण्णयरो ॥१५॥

वादे कस्यापि राजवल्लभवादिनः पराजयेन नृपतिः कुपितः, अथवा चैत्यम् जिनायतनं किमपि तेनावष्टब्धं स्यात्, ततस्तन्मोचने क्रुद्धो भवेत्, अथवा तद्द्रव्यस्य—चैत्यद्रव्यस्य, संयत्या वा ग्रहणं राज्ञा कृतं तन्मोचने वा कुपितः। (२–४–१६६। ३–२–२४८)

इस सूत्र के लेखसे देवद्रव्य को बचाने की जरूरी फर्ज समझकर ही हमने यह लिखा है, और ऐसे देवद्रव्य के विनाश के प्रसङ्ग में जो बचाने का उपाय सोचे वैसे ही साधु को भाष्यकार ने मन्त्रिपर्षद् में गिना है, देखिये यह पाठ—

तं पुण चेइयणासे तद्दव्वविणासणे ॥३९१॥

तत्पुनः इटङ्गनादितं(?) कार्यं चैत्यविनाशो—लोकोत्तर भवन-प्रतिमा विनाशः तद्द्रव्य विनाशनं—चैत्यद्रव्य विनाशनम्........................... इटङ्गनादिताविधि समनुभूतः मन्त्रिपर्षद्

याने चैत्य और चैत्यद्रव्य के नाश को इटङ्गनादित (?) कार्य गिन कर उसका उद्धार करने वाले को बडी पर्षद् में गिना हैं।

इस लेख से चैत्य द्रव्य का रक्षण कितना जरूरी है? यह स्पष्ट होता है और इसीसे हमने यह लेख लिखा है।

जिनस्य मा कार्षुरिहोपभोगम्,
द्रव्यस्य केऽपी त्यवगत्य शास्त्रम्।
लेखोऽयमुद्भावित आप्तवाक्या,
नन्देन मोदान्मुनिना यथाऽर्हम् ॥१॥

# देवद्रव्य के उपर सागरशेठ का दृष्टान्त

साकेतपुर नगर में सागर नाम का सेठ रहता था, बडा धर्मिष्ठ था, उसको धर्मिष्ठ जानकर लोगो ने मन्दिर का काम उसे सोंपा और कहा सुथार–सीलावट वगैरा को तनखा देना वगैरा सब काम आप ही करना। सेठ मन्दिर का काम करते रहे। मन्दिर में सलावट मजदूर वगैरा काम करते थे। लोभ के वश होकर सेठ बजार से धीरत, तेल, गोल वगैरा समान लाकर सिलावट मजदूरों को देने लगे। उसमें साडे बारा रुपये (एक हजार काकणी) का मुनाफा अपने घर में रहा, अन्त में आलोचना प्रायश्चित किये विना मृत्यु पा करके अण्डगोलीक मनुष्य हुवा, वहां रत्न निकालने वालों ने छ महिने तक घण्टी में पीसा, अत्यन्त दुःख पाकर मरण के शरण होकर तीसरी नरक में गया, वहां से निकल कर पांचसो धनुष्य की काया वाला मच्छ हुवा, वहां मम्बेछने पकड़ कर तमाम अङ्ग को काटा, वहां से चौथी नरक में गया, इस तरह से एक दो भव के अन्तर सातों नरक में उत्पन्न हुआ।

इसके बाद हजार हजार वक्त अनुक्रम से भूंड़, मेढ़ा, सीयाल, बिलाड़ा, उंदर, नोलीया, कनगे–टीया, घरोली, सर्प, बलद. ऊँट और हाथी इसी तरह से कृमि, शीप, जरोख, कीट, वीछी, पतंगीया, तथा पृथवी, जल, पवन और वनस्पतिमें उत्पन्न होकर उसमें उलटे क्रम से लाखो भव किये।

बाद बहुत से कर्म क्षय होने से वसन्तपुर में कोटीयाधि पति वसुदत्त–वसुमती के वहां पुत्रपने उत्पन्न हुवा, उसके गर्भ में आते ही वसुदत्त का तमाम द्रव्य नष्ट हो गया, जन्मते ही पिता वसुदत्त मर गया पांच वर्ष का होते माता भी मर गई इससे लोकोने निष्पुण्यक (पुण्य विनाका) नाम रख दिया, रंक की माफक मोटा हुवा, एक वक्त उसका मामा स्नेह से अपने घर ले गया उसी दिन उसके घर में चोरों ने चोरी की। इस तरह से जहां जहां रहता है उसके वहां अग्नी चोर वगैरा का उपद्रव होता है वहांसे

निकलकर ताम्र लिप्ति नगरी में आया, वहां विन धर सेठ के वहां रहा उन्होंने भी निकाला, इसके बाद कोई धनावह वहाणवटी के साथ दूसरे द्वीप में गया, वहां से लौटते हुवे जहाज टूटा, निःपुण्यक के हाथ पाटीया लगने से किनारे पहुँचा, वहां किसी ठाकोर के वहां रहा तो चोरों की धाड़ आई, उसमें ठाकोर मारा गया, इसको ठाकोर का पुत्र समजकर पकड़कर अपनी पल्ली में ले गये, वहां दूसरे चोरों ने धाड़ पाड़ी तो उसे वहां से भी निकाला, इस तरह से नवसौ नवाणु अलग २ स्थानों में भटका जहां जाता है, वहां चोर अग्नि पवन वगैरा उपद्रव होने से इसको निकाल देते हैं।

ऐसे अनेक दुःखों को सहन करके एक वक्त अटवी में आया, वहां प्रभावशाली सेलक नाम के यक्ष का मन्दिर देखने में आया, उस यक्ष की बडी भक्ति करने लगा और अपने सब दुःख कह कर उपवास करके बैठा तो उसको २१ उपवास होने से यक्ष तुष्ट होकर कहने लगा कि हे भद्र! शाम के वक्त एक सोने का मोर यहां नृत्य करने को आयेगा, नृत्य करते हुए उसके पींछे गिरे सो ले लेना, इससे बडा खुश हुआ और पींछे लेने लगा, लेते लेते नवसौ पींछे इसने ले लिये उस मोर के हजार पींछे थे यह विचार करने लगा के मोर के सौ पींछे बाकी हैं, सो कब पूरा होवेगा? आज शाम को मुठ्ठी में सब पींछे पकड़ लेऊँ तो हजार पूरे हो जायँ और मेरा इस जङ्गल से छुटकारा हो जाय ऐसा विचार करके शाम के वक्त जब मोर आया और नाचने लगा उस वक्त उसने मोरके पींछे पकड़ लिये उसीके साथ मोर काग होकर उड़ गया इसके पास के पींछे भी चले गये फिर विचार करने लगा कि धिक्कार हो मुझे कि मैंने अधिक लोभ किया इससे मेरी यह हालत हुई है।

ऐसे जङ्गल में फिरते २ कोई ज्ञानी मुनिराज मिल गये, उनसे पूर्व भव पूछा उन्होंने ज्ञान के उपयोग से सब कहा और कहा तेने इस तरह से देवद्रव्य का भक्षण किया अब इससे हजार गुना देवे तब तेरा

छुटकारा हो सकता है, इसने अभिग्रह किया कि खाने व कपड़े के अलावा जो बचे सो देवद्रव्य में देऊँगा। इस तरह से अभिग्रह लेकर व्यापार धंधा करने लगा, थोड़े टाईम में (सवा क्रोड) याने दस लाख कांकणी जितना धन देवद्रव्य में दिया. देवद्रव्य के ऋण से मुक्त हुआ बाद में बहुत सा धन प्राप्त करके अपने गाम में आया और एक महान् धनाढ्य बना अपने बनवाये हुवे, दूसरों के बनवाये हुए मन्दिरों में पूजा प्रभावना करते हुए ज्ञानादि द्रव्य की वृद्धि करते हुए देवद्रव्य का रक्षण करते हुए उसकी वृद्धि करते हुए तीर्थंङ्कर नाम कर्म की निकाचना करके अन्त में दीक्षा लेकर सर्वार्थ सिद्धि को प्राप्त करके मनुष्य होकर तीर्थंङ्कर की ऋद्धि भोगकर अन्त में मोक्षमें गया।

# श्री चन्द्रकुमार का दृष्टान्त

श्री कुशस्थल नाम के नगर मे प्रतापसिंह नाम का राजा था। उसकी सूर्यवती नाम की राणी थी उनके चन्द्रकुमार नामक कुमार था। कुमार मिथ्यादृष्टी, भ्रष्टाचारी और निन्दित कुल वाले पुरुषों की सोबत से अलग था, परोपकार में तत्पर सौभाग्यवान श्री अरिहंत के भक्त विशेष को जानने वाला न्याय धर्म की वृद्धि और दानादि धर्म में तत्पर वह चन्द्रकला वगैरा स्त्रियों के भाथ सुख भोगता हुआ रहता है।

एक वक्त अपने भाग्य को परीक्षा करने को पिता की आज्ञा लिये बिना ही देशांतर में निकल गया। वहां किसी बनमें मदनसुन्दरी नाम की कन्या से लग्न करके अनुक्रम से सिद्धपुर में आया। वहां श्री ऋषभप्रभुके दर्शन करने को गया. वहां के नगर के लोगों को शोभा रहित मुखवाले देखे तथा निर्धन अवस्था वाले देखे तब अपनी बुद्धि से विचार किया कि इन लोगों ने देवद्रव्य का नाश किया होना चाहिये. बाद में कुमार ने पूजारी से पूछा तो वह बोला कि आपका अनुमान ठीक है।

हे कुमार ! पहले यहां श्री ऋषभदेव भगवान का चतुर्मुख मन्दिर महा प्रभावशाली था। यहां सर्व दिशा से आये हुवे संघ ने भण्डार में खूब धन दिया, संघ के जाने के बाद यहां के लोग इकट्ठे होकर सब धन को बांट लिया और अविधि से अपना घर वगैरा के काम में लगाया सारे नगर को चेपी रोग माफिक अपवित्र बनाया उसीसे यह नगर शोभा रहित निर्धन दुर्भाग्य आजीविका की दुर्लभता- निःशुकता आदि दोषों से दूषित हुआ है आपने जो अनुमान किया है वह संशय रहीत ही है।

यह सुनकर कुमार को दया आने से चन्द्रकुमार वहां से बाजार में आकर वृद्धों से सब हकीकत कह सुनाई और कहा कि यह मन्दिर भी जीर्ण हो गया है और आपको पाप भी बहुत लगा है, देना सर्व प्रकार का खराब है उसमें भी देवद्रव्य का देना तो अत्यन्त बुरा है, शास्त्रों में कहा है कि "हे गौतम ! देवद्रव्य का भक्षण करने वाला सात वक्त सातमी नरक में जाता है" ( देवद्रव्य, ज्ञानद्रव्य, साधारण द्रव्य, गुरुद्रव्य विषय में भी समझना ) निर्धनपणा वगैरा करने वाले देवऋण से मुक्त होना जरूरी है। इसके लिये उत्साह पूर्वक इस ऋण से अलग होने का उपाय करो। ऐसा चन्द्रकुमार का कथन सुनकर कितनेक देवऋण से डरने वाले लोगों ने जो लिया था उससे अधिक दे दिया, बाकी के बचे हुए धन से आजीविका चलाकर सुखी बने। इस लोक में परलोक में सुखी हुवे जिन्होंने नहीं दिया वे जन्म जन्म में दुःखी ही रहे, चन्द्रकुमार ने उस गाम में पानी भी नहीं पिया, दूसरे गाम जाकर भोजन पान किया। स्त्री सहित अपने नगर में जाकर राज्य करके अन्त में दीक्षा लेकर मोक्ष को प्राप्त किया — जैसे देवद्रव्य वैसे ही ज्ञान गुरु साधारण भी समझना साधारण द्रव्य किसी श्रावक को देने की आवश्यकता लगे तो दो जनों की राय लेकर देना।

# विचारने मनन करनेयोग्य

देव द्रव्य का उपयोग जैन मन्दिर व मूर्ति के ही काम में आता है दूसरे काम में नहीं आता, इस बात को ख्याल में रखना, भगवान के निमित्त याने पूजा आरती उपधान की माला या दूसरी इन्द्रमाला तथा सुपना आदि की बोली देवद्रव्य होता है।

ज्ञान द्रव्य साधु महाराज को पढाने में अजैन पंडित वगैरा को तथा शास्त्र लिखवाने में ही खर्च होता है।

साधु–साध्वी खाते का द्रव्य साधु–साध्वी के ही उपयोग में आता है।

श्रावक श्राविका खाते का द्रव्य श्रावक श्राविका की भक्ति वगैरा में काम आता है।

साधारण खाते का द्रव्य सातो क्षेत्र में काम आ सकता है।

उपर का द्रव्य नीचे के काम में कभी नहीं आता, नीचे का द्रव्य उपर के काम में आ सकता है।

मन्दिर की सार सम्भाल करने वाला तीर्थंङ्कर पना पाता है, उसमें याने हिसाब वगैरा में गफलत करने वाला दुःख को पाता है।

मन्दिर उपाश्रय धर्मशाला का काम करना कस्तूरी की दलाली है–, वास्ते उसमें गफलत करना नहीं।

देवद्रव्य, ज्ञान द्रव्य, साधारण द्रव्य को अपने उपयोगमें लेना नहीं लेवे तो योग्य ब्याज देना चाहिये।

देव द्रव्य आदि की ब्याज वगैरा से वृद्धि करना चाहिये, आसामीयों का बदला करते रहना, सीलक ज्यादा नहीं रखना, जरूरत पड़ने पर आसामी की योग्यता से वसूल करना।

झूठ बोलना महा पाप है वास्ते झूठ बोलना नहीं।

इस जमाने में कितनेक पाप करते हुवे भी सुखी नजर आते देखकर पाप की अनुमोदना करना नहीं. धर्म का फल भवांतर में सुख ही है. पाप का फल भवांतर में भी दुःख ही है।

झूठ बोलने से ज्ञानावरणीय आदि घाती कर्म को तदुपरान्त अशाता, अशुभ नाम कर्म, नीच गोत्र वगैरा दुष्ट कर्म बंधाते है, अन्य भव में पंचेंद्रि हो तो भी जीभ के रोगों, मुख का रोग, गुंगा, बोबड़ापना और अनादेय, दुःस्वर, अपयश, दुर्भाग्य वगैरा विविध दुःखों के वश होना पड़ता है।

जिणपवयणवुड्ढिकरं पभावगं णाणदंसणगुणाणं।
भक्खंतो जिणदव्वं अणंतसंसारीओ होइ ॥

अर्थ—जिन प्रवचन की वृद्धि करे, ज्ञान दर्शन गुण की प्रभावना करे परन्तु देवद्रव्य का भक्षण करता हुवा अनन्त संसारी होता है।

सदा याद रक्खो !!!

आणासुद्धो धम्मो।
ण हि परिणामसुद्धीए धम्मो ॥

धर्म की शुद्धि आज्ञा के आधार पर ही होती है, मात्र परिणामों की शुद्धि से धर्म नहीं होता है।

आज्ञा याने वीतराग प्रभु की मर्यादाओं को निभाने की तत्परता।

# આગમજ્યોત

| | | |
|---|---|---|
| વીર નિ. સં. ૨૪૯૬ | जिणो भासेइ | આગમો સં૦ ૧૯ |
| વિ. સં. ૨૦૨૬ | अरहा तित्थयरे | વર્ષ ૪ પુસ્તક ૪ |


## આદ્ય ઉપદેશક

### તીર્થંકર ભગવાન જ કેમ?

( વર્ષ ૪ પુ. ૩થી ચાલુ )

**આદ્યસમ્યક્ત્વમાં પણ સ્વયંસંબુદ્ધ હોય કે ?**

આગળ જણાવ્યા પ્રમાણે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો પણ અનાદિકાલથી મિથ્યાદર્શનાદિવાળા હોય છે. આ જગો પર ધ્યાન રાખવાની જરૂર છે કે સામાન્ય રીતે સુદેવ સુગુરુ કે સુધર્મને કુદેવ કુગુરુ કે કુધર્મરૂપે માને અથવા કુદેવ કુગુરુ કે કુધર્મને સુદેવ સુગુરુ કે સુધર્મરૂપે માને તો મિથ્યાત્વ ગણાય છે, પણ તે લક્ષણ આભિગ્રહિક નામના મિથ્યાત્વને અંગે છે અને એવું મિથ્યાત્વ તો સંજ્ઞિપંચેન્દ્રિય શિવાયના પ્રાણીને કે મોક્ષની ઈચ્છા પણ નથી થઇ તેવા પ્રાણીને આભિગ્રાહિક ભાવમિથ્યાત્વવાળા પ્રાણી સિવાયને હોય જ નહિ,

પણ સર્વ મિથ્યાત્વના ભેદોમાં લાગુ પડે, એવું મિથ્યાત્વનું લક્ષણ શ્રીહરિભદ્રસૂરિજી શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં જીવા-જીવા-શ્રવાદિ તત્ત્વોની અશ્રદ્ધા એટલે શ્રદ્ધા ન થવી તે જ સમજવાનું છે અને એ તત્ત્વની અશ્રદ્ધારૂપ મિથ્યાત્વ જ જીવને અનાદિનું હોય છે, અને આવું તત્ત્વાશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ ભગવાન્ તીર્થંકર મહારાજના જીવોને પણ હોય છે, એટલે તે ભાગ્યશાલી જીવોને પણ મોક્ષની સિદ્ધિ માટે સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તવ્યતા છે.

જો કે ભગવાન્ તીર્થંકર મહારાજાઓમાં ઘણા તીર્થંકર મહારાજાઓ આદ્યસમ્યક્ત્વ પામ્યા પછી ત્રીજે જ ભવે તીર્થંકરપદ ભોગવી મોક્ષને સાધી શકયા છે અને તે અપેક્ષાએ તે ત્રણ ભવવાળા ભગવાન્ તીર્થંકરોનું આદ્યસમ્યક્ત્વ પતિત ન પણ થયેલું હોય છતાં વર્તમાન ચોવીશીના બીજા બધા તીર્થંકર મહારાજાઓ વધારે ભવ કરવાવાળા થયા છે, તેથી તેઓ અપ્રતિપાતી સમ્યક્ત્વવાળા હોય એમ કહી શકાય જ નહિ. તેમાં ભગવાન્ મહાવીર મહારાજ તો અનેક વખત નરકમાં ગયેલા હોવાથી તથા સ્થાવરપણામાં ઘણી વખત ગયેલા હોવાથી આદ્યસમ્યક્ત્વવાળાજ રહીને મોક્ષે ગયા છે એમ કોઈ પ્રકારે કહી શકાય જ નહિં.

## આદ્યસમ્યક્ત્વ અને વરબોધિમાં ભેદ ખરો કે નહિં?

કેટલાકોની એવી માન્યતા છે કે ભગવાન્ તીર્થંકરોને જે સમ્યક્ત્વ પ્રથમ થાય તેજ વરબોધિ તરીકે ગણવું, કારણ કે ઈતર જીવોમાં તેવી સ્વાભાવિક વિશિષ્ટતાવાળી ભવ્યતા એટલે તથાભવ્યતા નથી, પણ ભગવાન્ જિનેશ્વરોના આત્મામાં તથાભવ્યતા વિશિષ્ટ છે માટે તેઓશ્રીનું આદ્યસમ્યક્ત્વ તેજ વરબોધિ કહેવાય. આમ કહેવાવાળાઓએ યોગ્યવિચાર કર્યો નથી જણાતો.

પ્રથમ તો કર્મગ્રંથની વ્યાખ્યા પ્રમાણે તો અનાદિમિથ્યાદષ્ટિ જે જીવ હોય તે સર્વ પ્રથમ ઔપશમિકજ સમ્યક્ત્વ પામે અને જરૂર પતિત થઈ અન્ય સમ્યક્ત્વ પામે, પ્રથમ પ્રાપ્ત થતું સમ્યક્ત્વ ક્ષાયોપશમિક

પણ હોય અને તે ટકી શકે એવી માન્યતા માત્ર સૈદ્ધાન્તિક શૈલિની છે, છતાં સૈદ્ધાંતિક શૈલિ મુજબ પ્રથમ પ્રાપ્ત થયેલ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પણ પતિત ન જ થાય એમ તો નથી. અથવા તીર્થંકર મહારાજા મોક્ષ પ્રાપ્ત થતાં સુધી તે આદ્ય સમ્યક્ત્વને ધારણ કરનારા હોયજ એવો નિયમ પણ નથી.

મુખ્ય વાત તો એ છે કે ભવવિરહ નામથી પ્રસિદ્ધ એવા **શ્રીહરિભદ્રસૂરિજી શ્રીલલિતવિસ્તરામાં સ્વયંસંબુદ્ધપદની** વ્યાખ્યામાં આદ્યસમ્યક્ત્વને સમ્યક્ સંબોધ કહી વરબોધિને સ્પષ્ટ શબ્દથી વિશિષ્ટબોધિ કહીને આદ્યસમ્યક્ત્વ અને વરબોધિની ભિન્નતા જણાવે છે.

વળી ભગવાન્ તીર્થંકર મહારાજના જીવો જો કે સ્વભાવે ઉત્તમ હોય છે. પણ સામાન્યથી તેઓ સમ્યક્ત્વ થતાં પરોપકારવૃત્તિની પ્રાધાન્યતાવાળાં થાય પણ વરબોધિ પ્રાપ્ત થયા પછી તો પરનો અપકાર કરેજ નહિ અને પરના ઉપકારમાંજ તલ્લીન રહે અને તેથીજ તે ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી સ્પષ્ટપણે અષ્ટકજીમાં જણાવે છે કે **वरबोधित आरभ्य परार्थोद्यत एव हि** અર્થાત્ વરબોધિની પ્રાપ્તિ થયા પછી ભગવાન્ અન્ય જીવોના ઉપકારમાંજ તત્પર રહે છે.

આ સ્થાને ભગવાન્ જિનેશ્વરોનું આદ્યસમ્યક્ત્વ કે કોઈપણ સમ્યક્ત્વ જો વરબોધિ ગણાતો હોત તો વર એવું વિશેષણ આપવાની ભગવાન્ જિનેશ્વરનો અધિકાર હોવાથી જરૂર નથી.

વળી તત્વાર્થભાષ્યની **यः शुभकर्मासेवनभावितभावो भवेष्वनेकेषु** ભગવાન્ **શ્રીહરિભદ્રસૂરિજી** વરબોધિ થયા પછી શ્રીતીર્થંકર મહારાજના ભવ સુધી લાગટ ભૂત દયા આદિ લક્ષણ શુભ કર્મ આસેવનનો જે નિયમ ભગવાન્ **મહાવીર** મહારાજ માટે જણાવે છે તે જો આદ્યસમ્ક્ત્વને વરબોધિ કહીયે અને ભગવાન્ તીર્થંકરના વિશિષ્ટ સમ્યક્ત્વને વરબોધિ ન કહીયે તો ઘટી શકે જ નહિ.

આ કારણો વિચારતાં ભગવાન્ જિનેશ્વરોનું આદ્યસમ્યક્ત્વ હોય તે વરબોધિ જ કહેવાય એમ શાસ્ત્રાનુસારીઓ તો માની શકેજ નહિં.

## આદ્યસમ્યક્ત્વ ગુરૂઆદિથી થાય કે સ્વયં થાય ?

જો કે જીવમાત્રને અંગે સમ્યક્ત્વ પછી તે આદ્યસમ્યક્ત્વ હોય અથવા અન્ય વખતનું સમ્યક્ત્વ હોય પણ તે બે પ્રકારે થઈ શકે છે. તેમાં પ્હેલો જે નિસર્ગ સમ્યક્ત્વનો જે ભેદ કે જેમાં સ્વાભાવિકપણે એટલે ગુરૂમહારાજના ઉપદેશાદિ વિનાજ સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. તે નિસર્ગ નામનું સમ્યક્ત્વ દરેક જીવને થઈ શકે છે, પણ તીર્થંકર ભગવાનોનાં ચરિત્રો જોતાં બીજા જીવોને પ્રથમ સમ્યક્ત્વ કદાચ નિસર્ગથી થઈ જાય, તો પણ શ્રીજિનેશ્વર ભગવાનોનું આદ્યસમ્યક્ત્વ નિસર્ગ હોય એમ જણાતું નથી અર્થાત્ ભગવાન્ જિનેશ્વરોને જો આદ્યસમ્યક્ત્વ નિસર્ગ ભેદનું થતું હોય અને એવો નિયમ હોત તો ભગવાન્ જિનેશ્વરોને આદ્યસમ્યક્ત્વની પ્રાપ્તિમાં પણ સ્વયંસંબુદ્ધ કહેવામાં અડચણ ન આવત, પણ તીર્થંકર મહારાજાઓના ચરિત્રને આધારે દરેક તીર્થંકર ભગવાનના જીવોને ગુરુ મહારાજના ઉપદેશથીજ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે, અર્થાત્ અધિગમ સમ્યક્ત્વ કે ગુરુ મહારાજના ઉપદેશથી થાય છે, તેવા અધિગમ સમ્યક્ત્વનીજ પ્રથમથી પ્રાપ્તિ થઇ છે, માટે અન્ય જીવોને સ્વયંસંબુદ્ધ કદાચ કહી શકાય, પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવોને સ્વયંસંબુદ્ધ કહી શકાય નહીં, અને **શ્રીહરિભદ્રસૂરિજી શ્રીલલિતવિસ્તરામાં** આદ્યસમ્યક્ત્વની પ્રાપ્તિમાં ભગવાનને ગુર્વાદિના યોગે સમ્યક્ત્વ થવાનું સ્પષ્ટપણે કહે છે, તો પછી ભગવાન્ જિનેશ્વરોને અંત્ય ભવના ચારિત્રની અપેક્ષાએ સ્વયંસંબુદ્ધ માનવા એજ વ્યાજબી હોય અને આદ્યસમ્યક્ત્વની અપેક્ષાએ સ્વયંસંબુદ્ધ ન હોય, એમ કેમ ન માનવું ?

આ શંકાના સમાધાનમાં સમજવાનું કે ભગવાન્ તીર્થંકરના ભવમાં ચારિત્રની અપેક્ષાએ જે સ્વયંસંબુદ્ધપણું તે નિરૂપચરિત છે, એમાં કોઈ શંકા નહિ, પણ ભગવાન્ જિનેશ્વરોનું આદ્યસમ્યક્ત્વ જે ગુરુઆદિના યોગે છે અને તેથી આધિગમિક નામનું છે, પણ નિસર્ગ નથી એ ચોક્કસ છે, છતાં તે આદ્મ્યસક્ત્વ આધિગમિક

છતાં ભગવાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કે આદ્યસમ્યક્ત્વ વખતે પણ ભગવાન જિનેશ્વરો સ્વયંસંબુદ્ધ હોય છે, તો તેમાં વિરોધ કેમ ન આવે? આવી રીતે વિરોધ જણાવનારે ધ્યાન રાખવું જોઈએ કે ભગાન હરિભદ્રસૂરિજી ભગવાનના આદ્યસમ્યક્ત્વ સમયે સ્વયંસંબુદ્ધપણું જણાવતાં ગુરૂ આદિનો યોગ તો સમ્યક્ત્વના ઉત્પાદમાં કારણ તરીકે જણાવેજ છે એટલે ભગવાન તીર્થંકરના ભવ જેવું તે વખતે નિરૂપચરિત સ્વયંબુદ્ધપણું નથી, પણ ઉપચારે સ્વયંસંબુદ્ધપણું છે અને નિરૂપચરિત તથા ઉપચરિતપણામાં વિરોધ માનવો એ અક્કલવાળાને શોભતું નથી.

અર્થાત્ આદ્યસમ્યક્ત્વની વખતે જો કે ગુરૂ-સંયોગાદિ કારણો છે અને તેથી તે આદ્યસમ્યક્ત્વ આધિગમિકજ છે, છતાં તે ત્રિલોકનાથ તીર્થંકરોના જીવોની એટલી બધી ભવિતવ્યતા તથા ભવ્યતા અને ભવસ્થિતિ પરિપકવ થઈ છે કે જાણે તેઓને બોધ કરવામાં ગુરૂનો પ્રયત્ન છતાં પણ તેની ગૌણતા ગણાઈ અને જીવ સ્વભાવનીજ મુખ્યતા ગણાઈ જેમ કર્મકર્ત્તરિ કે કરણકર્ત્તરિ આદિ પ્રયોગોમાં કર્મ કે કરણની સુકરતાને લીધે કર્તૃપણે વિવક્ષા કરાય છે તેવી રીતે અહિં પણ જિનેશ્વર મહારાજનાં જીવોની ઉત્તમતાની વિવક્ષા કરી છે.

એ વાત ધ્યાનમાં લેવાથી ભગવાન શ્રીઋષભદેવજીને ધનાસાર્થવાહના ભવમાં માત્ર દાનના પૂર્વરંગમાં આદ્યસમ્યક્ત્વ પ્રાપ્તિ થઇ તે અને ભગવાન મહાવીર મહારાજને નયસારના ભવમાં માર્ગમાં ચાલતાં ચાલતાં માત્ર દીધેલા ધર્મોપદેશથી કે માર્ગ દેખાડવાના પ્રસંગમાં જરાવાર ઝાડ નીચે બેસીને દીધેલ દેશનાના પ્રસ્તાવ માત્રથી જે આદ્યસમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ તેનો સ્ફોટ થઈ જશે. અર્થાત્ એવા મહાનુભાવોને માત્ર અલ્પ પ્રયાસથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થયું તેથી સમ્યક્ત્વની દુર્લભતા ઓછી થતી નથી કોઈ ભાગ્યશાળીને ભાગ્યના યોગે નાળ દાટવા જતાં નિધાન મળી જાય. તો તેટલા માત્રથી

નિધાનથી કિંમત કે દુર્લભતા ઓછાં થતા નથી, તેમ અહીં તીર્થંકર ભગવાનને સ્હેલાઈથી પ્રાપ્ત થતા આદ્યસમ્યક્ત્વને અંગે પણ સમજવું.

## ભગવાનની પરોપકારિતા ક્યારની ?

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ પરોપકારના વ્યસનવાળા એટલે હાથમાં આવેલો પરોપકાર કરવાનો વખત જ ન જવા દેવા અથવા પરોપકાર વિના ચેન જ ન પડે એવી સ્થિતિવાળા સમ્યક્ત્વ પછી અનુકંપાને લીધે હોય પણ વરબોધિ પછી તો પરોપકારવાળાજ હોય છે અને તેથી ભગવાન્ હરિભદ્રસૂરિજી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **वरबोधित आरभ्य परार्थोद्यत एव हि** અર્થાત્ ભગવાન્ તીર્થંકરના જીવો વરબોધિ એટલે વિશિષ્ટ સમ્યક્ત્વ પામ્યા પછી પરાર્થમાં ઉદ્યમવાળાજ હોય છે.

વળી પરોપકારની શરૂઆત વરબોધિથીજ થાય છે, એમ નહિં જણાવતાં વરબોધિ પ્રાપ્ત થયા પછી પરોપકારવાળા જ ભગવાન્ તીર્થંકરો હોય છે એમ જણાવી વરબોધિ પછી પરોપકારવ્યસનીપણું જણાવે છે, અને વરબોધિ પ્રાપ્ત થવા પ્હેલાં પણ પરોપકારપણું સામાન્યથી હોવાનો સંભવ જણાવે છે. જેમ અશુદ્ધ દશામાં રહેલ બહાર આવેલ રત્ન બીજા બહાર આવેલ શુદ્ધ ગણાતા હલકા રત્નોથી ઉત્તમ હોય, તેવીજ રીતે ખાણમાં જ્યારે તે બે ઉત્તમ અને હલકાં રત્નો હોય ત્યારે પણ તે ઉત્તમ રત્નની લાયકાત કોઈ વિચિત્ર છે એમ માનવુંજ જોઈએ. ભિખારી અવસ્થામાં ફરતા ભાવિરાજા અને સદા રંકની સ્થિતિ જુદા પ્રકારની યોગ્યતાવાળી હોય છે. એવી રીતે યાવત્ નિગોદમાં રહેલા પણ ભગવાન્ તીર્થંકરોના જીવોની અને ઈતરજીવોની તથા ભવ્યતા જુદા જુદા પ્રકારની હોય છે.

જેમ શુદ્ધ કોટિના હીરાને અનુકૂળ સંયોગો મળે અને તેની ઉપર ચઢેલો મેલ જો નાશ પામે તો તેની જે મનોહરતા

ઝલકે છે તેવી મનોહરતા હલકા રત્નનો મેલ સર્વથા નાશ પામે તો પણ ઝલકતી નથી. એવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવોને જે કાલે મિથ્યાત્વમોહનીયનો મેલ નાશ પામી સમ્યક્ત્વની ઝલક પ્રાપ્ત થાય છે તે કોઈ એવી વિચિત્ર થાય છે કે તેવી અન્ય મોક્ષગામી એવા ભવ્ય જીવોમાં ન હોય. જોકે મિથ્યાત્વના ક્ષયથી તત્ત્વશ્રદ્ધારૂપ સમ્યક્ત્વમાં કોઈ જાતનો અતીર્થંકર અને તીર્થંકરના જીવોને અંગે હોતો નથી. છતાં કોઈ એવો વિચિત્ર ફરક રહેલોજ છે કે જેને લીધે એક જીવ તીર્થંકરપણાને પ્રાપ્ત કરીનેજ મોક્ષપદ મેળવશે જ્યારે બીજા જીવો સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધિપદ મેળવશે પણ તીર્થંકરપણાને પ્રાપ્ત કર્યા સિવાય મેળવશે.

## તીર્થંકરનામ નિકાચિત કરવું.

જો કે કેટલાક જીવો **કુવલયપ્રભ** આચાર્ય જેવા પણ હોય છે કે જેઓ અત્યન્ત શુભતર અધ્યવસાયથી શ્રી. જિનનામકર્મને બાંધે છે, અને પછી **કુવલયપ્રભ** આચાર્યની માફકજ ઉત્સૂત્રભાષણઆદિથી તે બાંધેલા તીર્થંકરનામનો નાશ કરે છે અને તીર્થંકરપદ મેળવતા નથી અને સામાન્ય કેવલી થઇ મોક્ષે જાય છે, પણ તેવા આત્મામાં તેવીજ તથા ભવ્યતા સમજવી, પણ એવી રીતે બાંધેલું તીર્થંકરનામ નાશ પામી જાય છે અને કેટલાક જીવોને ફળ દેતું નથી માટે શાસ્ત્રકારોએ તે તીર્થંકરનામકર્મને નિકાચિત કરવાનું શ્રી તીર્થંકર મહારાજના ભવથી પાછલા ત્રીજે ભવે જણાવ્યું છે. અર્થાત્ બાંધેલું તીર્થંકરનામકર્મ તો તીર્થંકરપણું આવ્યા સિવાય વિખરાઈ જાય પણ નિકાચિત કરેલું એવું તીર્થંકરનામકર્મ તીર્થંકરપણારૂપફળ આવ્યા શિવાય વિખરાયજ નહિ.

## ભગવાન્ જિનેશ્વરોની આદ્યસમ્યક્ત્વ પ્રાપ્તિ

જે જે જીવોને મોક્ષ પ્રાપ્ત થયો છે કે જે જે જીવોને મોક્ષ પ્રાપ્ત થવાનો છે તે બધા જીવો ન્હાય તો પછી તે જીવ તીર્થંકરપણે મોક્ષ પામવાનો હોય કે સામાન્ય કેવલીપણે મોક્ષે જવાનો હોય

તે સર્વ જીવોનું અનાદિથી મિથ્યાદષ્ટિપણુંજ હોય છે. સ્વાભાવિક રીતે કોઈપણ જીવ પછી તે ચ્હાય તો તે તીર્થંકર ભગવાન્ થઇને મોક્ષે જવાનો હોય કે સામાન્ય કેવલીપણે મોક્ષે જવાનો હોય છતાં સર્વ જીવો અનાદિથી મિથ્યાત્વવાળાજ હોય છે.

## કર્મનો કર્ત્તા એ આત્માનું લક્ષણ

તે સર્વ જીવો મિથ્યાત્વાદિવાળા અનાદિથી હોય છે, તેથી તો પારમાર્થિક દષ્ટિએ આત્મા કર્મરૂપી જડ પુદ્ગલોનો કર્ત્તા નથી, છતાં આત્માનું લક્ષણ એ જણાવાય છે કે જે જ્ઞાનાવરણીયાદિ કર્મની પ્રકૃતિઓને કરનાર છે, તેજ આત્મા જો કે સિદ્ધમહારાજઆદિ જ્ઞાનાવરણીયાદિ કર્મોના કરનારા નથી, પણ લક્ષણશબ્દથી અહિં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષોથી રહિત એવો વસ્તુધર્મ ન લેવો, પણ બીજા પદાર્થોથી જુદો પડાય અને જે વસ્તુ લક્ષણ તરીકે લેવાય છે. જેમ બધા અગ્નિઓની સાથે ધૂમાડો હોતો નથી, પણ ધૂમાડો કહી શકાય, એવી રીતે અહિંયાં જ્ઞાનાવરણીય આદિ કર્મને સિદ્ધમહારાજઆદિ જીવો કરતા નથી તો પણ જ્ઞાનાવરણીયાદિ કર્મો જે કોઈ પણ અજીવ કરતો નથી, તે જ્ઞાનાવરણીયઆદિ કર્મોને જીવોજ કહે છે, માટે જીવોનું લક્ષણ એટલે ઉપલક્ષક અર્થાત્ ઓળખાવનાર તરીકે જ્ઞાનાવરણીયાદિક કર્મનું કર્ત્તાપણું લીધું છે.

## અનાદિથી કર્મનો કર્ત્તા કેમ ?

જો જીવને અનાદિકાલથી કર્મનો કર્તા ન માનીયે તો કર્યા વિના કર્મનાં ફળ ભોગવવાં પડે છે એમ માનવું પડે અને વર્તમાનમાં જે કર્મનું કર્ત્તાપણું અને ભોકતાપણું છે, તે કર્મના વિનાના જીવને થયેલું છે એમ માનવું પડે અને જો શુદ્ધ એટલે કર્મ રહિત એવા જીવને કર્મોનો બંધ થાય છે, એમ માનીયે તો પછી કર્મક્ષય કરીને મોક્ષે જવાની વાત કેવલ વ્યર્થજ થઈ જાય, કેમકે કર્મક્ષય કરીને શુદ્ધ થવાથી મોક્ષે જવાની વખતજ અને મોક્ષે ગયા પછી પણ શુદ્ધ અવસ્થાવાળાને પણ કર્મનો લેપ લાગે છે એમ માનવાથી સિદ્ધ થવાનો

કે સિદ્ધપણે રહેવાનો વખત જ નહિ આવે. અને મોક્ષનું થવું કે મુક્તદશામાં રહેવું એ બન્ને ન હોય તો સર્વ દીક્ષાઆદિ ધર્મકાર્યો વ્યર્થ જ ગણાય.

વળી અનાદિથી જો કર્મનો બંધ ન હોય અને વર્તમાનમાં તો જીવને શરીર આદિ હોવાથી કર્મનો બંધ અને કર્મનો ઉદય છે, એમ માનવું જ પડશે અને વર્તમાન કાલનો કર્મોદય પૂર્વકાલમાં કર્મોને કર્યા વિના થયો નથી, તેમ પૂર્વકાલમાં તે કર્મનું કર્ત્તાપણું મન વચન કે કાયાના યોગ સિવાય થયું નથી અને મન વચન કે કાયાના યોગો કે જે કર્મોના ઉદયથીજ થવાવાળા છે તે તેની પ્હેલાંના કર્મોના ઉદય શિવાય થાય નહિ.

અર્થાત્ જેમ બીજ વિના અંકુરો હોય નહિ અને અંકુરા વિના બીજ ન હોય અને તેથીજ બીજઅંકુરની પરંપરા અનાદિની માનવી પડે છે, તેમ અહિંકર્મના ઉદય વિના કર્મનો બંધ હોય નહિ અને કર્મના બંધ વિના કર્મનો ઉદય ન હોય એથી કર્મબંધ અને કર્મઉદયની પરંપરા અનાદિથી માનવીજ જોઈએ, અને કર્મની પરંપરાજ અનાદિની હોય તો પછી તે કર્મથી આત્માનું થતું મલિતપણું અનાદિથીં કેમ ન હોય ?

એમ નહિં કહેવું કે કર્મનો બંધ કર્મના ઉદયથી અને કર્મનો ઉદય કર્મના બંધથી માનીયે તો અનવસ્થા આવશે કારણ કે આદિવાળા જ્ઞાન ઉત્પત્તિ કાર્યોમાં અનવસ્થા આવે એ બાધા કરે, પણ અનાદિથીજ જે કાર્યકારણની પરંપરા હોય તેમાં આવસ્થા એ દોષ નથી એટલુંજ નહિં પણ એક અપેક્ષાએ અનાદિતા સિદ્ધ કરવાનું સાધન છે. જેમ બીજ અને અંકુરની પરંપરાને અનાદિ છે એમ સાબિત કરવામાં બીજ વિના અકુંરો ન હોય અને અંકુરો વિના બીજ ન હોય એમ જણાવી બીજ આદિમાં હતું કે અંકુરો જ આદિમાં હતો એમ કહેનારને સત્યસ્વરૂપ સમજાવતાં અનવસ્થા અપાય અને તેથી બીજ અને અંકુરાની પરંપરા અનાદિ છે, અર્થાત્ બીજ એકલું પણ આદિમાં ન હોય અને અંકુરો એકલો પણ આદિમાં ન હોય એમ જણાવી

અનવસ્થાથી બીજ–અંકુરોની પરંપરા અનાદિ છે, એમ સાબિત કરાય છે, તેવી રીતે અહીં પણ કર્મોદય વિના કર્મબંધ ન હોય અને કર્મબંધ વિના કર્મોદય ન હોય, એમ સામાન્ય રીતે અનવસ્થાદ્વારાએ કર્મની અનાદિતા સાબિત કરવાની થઈ શકે છે માટે અહિં અનવસ્થા દૂષણ નથી પણ ભૂષણ છે.

વળી જ્યાં એક વસ્તુ એકરૂપે હોય ત્યાં અનવસ્થા દૂષણરૂપે રહે, પણ જ્યાં ઉભય વસ્તુ ઉભયરૂપે હોય ત્યાં અનવસ્થા દૂષણરૂપે દાખલ થઈ શકે નહિ. જેમ બીજ અને અંકુરાની પરંપરામાં બીજ કે અંકુરો એકકે એકલા કારણરૂપે નથી તેમ કાર્યરૂપે પણ નથી. એજ બીજ પ્હેલાના અંકુરાના કાર્યરૂપ છે. અને ભવિષ્યના અંકુરાના કારણરૂપ છે. એવી રીતે અંકુરો પણ પ્હેલાના બીજના કાર્યરૂપ છે અને ભવિષ્યના બીજના કારણરૂપ છે. આવી રીતે દરેક ચીજ ઉભયરૂપ હોવાથી જેમ બીજ–અંકુરોની પરંપરામાં અનવસ્થા નડતી નથી તેવી રીતે અહિં કર્મોદય છે તે ભૂતકાલના કર્મબંધનું કાર્ય છે અને ભવિષ્યના કર્મબંધનું કારણ છે તેમજ કર્મબંધ પણ વર્ત્તમાનના કર્મોદયનું કાર્ય છે તેવી ભવિષ્યના કર્મોદયનું કારણ છે, માટે કર્મોદય અને કર્મબંધ બન્ને કારણ અને કાર્ય એ ઉભયરૂપ હોવાથી અહિં જે અનવસ્થા છે તે દૂષણરૂપ નથી, પણ ભૂષણરૂપ છે

એ અનવસ્થાથી તો અનાદિતા સાબિત થાય છે અને કર્મનો બંધ કે કર્મનો ઉદય કર્મને કરનારા શિવાય ન હોય તેમજ અન્ય કર્મને કરનારો હોય અને કર્મ ભોગવનારો અન્ય હોય એમ બનેજ નહિ એમ બનેજ નહિ, તેથી દરેક આત્મા અનાદિકાલથી કર્મને બાંધનારો અને ભોગવનારો, જ છે. જેમ રાજ્યઅવસ્થા પામવાવાળો અને રંક અવસ્થામાં જિંદગી ગાળનારો મનુષ્ય અનુક્રમે ભાગ્યશાળી અને નિર્ભાગ્ય હોય છે અને મનાય પણ છે.

### ભગવાન્ તીર્થંકરો પણ અનાદિથી કર્મોના કર્ત્તા

છતાં તે તેઓની ભાગ્યવત્તા અને નિર્ભાગ્યવતા ગર્ભાવાસ કે જન્મદશા ઉપર અસર કરતી નથી. અર્થાત્ સર્વથા નવ મહિના

સુધી અંધારાવાળા અને અશુચિથી ભરેલા સ્થાનમાં ઉંધે માથે રહેવુંજ પડે છે. રાજા થવાવાળા માટે થોડો કાલ કે અનેરૂં સ્થાન હોય તેમ નથી, તેમ નિર્ભાગ્યને માટેજ વધારે મુદત સુધી વધારે ખરાબ સ્થાનમાં રહેવાનું હોતું નથી. ગર્ભાવાસ રાજા અને રંક માટે સરખો હોય છે અને ગર્ભાવાસમાં રહેવાનું પણ બન્ને માટે સરખું જ હોય છે. જેવી રીતે જન્મસ્થાન અને જન્મ પામવાની રીતિ પણ રાજા અને રંકને એક સરખીજ હોય છે. અર્થાત્ જેમ રાજા અને રંકને ગર્ભાવાસ અને જન્મ બન્ને સરખાં હોય છે.

તેવીજ રીતે અહિં પણ ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષ પામનારો અથવા સામાન્ય કેવલીપણામાં મોક્ષે જનારો જીવ હોય. નજીકમાં મોક્ષ પામનારો હોય કે અનન્તકાળ પછી મોક્ષ પામનારો હોય, થોડા કાલમાં સમ્યગ્દર્શનને પામનારો હોય અથવા અનન્ત કાલે સમ્યગ્દર્શન પામનાર જીવ હોય યાવત્ કોઈ મોક્ષ પામી શકે, એવો ભવ્ય હોય અગર કોઈ મોક્ષ નહિં પામનારો છતાં માત્ર મોક્ષ પામવાની લાયકાત ધરાવનારો જાતિભવ્ય હોય, અંત્યમાં યહિ ભવ્ય હોય કે અભવ્ય હોય પણ સર્વજીવોને અનાદિથી કર્મનું કર્ત્તાપણું અને કર્મને ભોગવનારપણું તો અનાદિથી સર્વને માટે હોય છે જ. અર્થાત્ અનાદિથી કર્મના કર્ત્તા અને કર્મના ઉદયવાળાપણામાં કોઈ જાતનો ભેદ નથી. અર્થાત્ સર્વ જીવો અનાદિથી કર્મને કરવાવાળા અને ભોગવવાળાજ છે. અને તીર્થંકર મહારાજ પણ અનાદિથી કર્મને કરનારા અને ભોગવનારાજ હોય છે.

## ભગવાન તીર્થંકરોની સમ્યક્ત્વપ્રાપ્તિમાં વિચિત્રતા

પોતાની પાસે અખુટ ખજાનો હોય અને તે ખજાનો સાથે ન હોય પણ ઘર આદિ સ્થાન કે હોય તે સ્વાભાવિક છે. હવે તેવા ધનિકની પાસે અન્યસ્થાને કોઈ તેનો લેણદાર કે યાચક કોઈ વસ્તુ

માગે તે વખતે જો કે ધનિકની પાસે બીજો ધનિક જે દુકાનનો કે ઘરનો માલિક છે તેની પાસે તે લેણદારને કે યાચનારને અપાય એવી વસ્તુ છે, છતાં તે મૂલ ધનિક પેલા ધનિક પાસેથી ઉછીની લઈને આપવાનું ન કરે પણ તે લેણદાર તથા યાચકને પોતાને ઘેર આવવાનું જ જણાવે, તેવી રીતે ભગવાન જિનેશ્વર મહારાજા કેવલજ્ઞાન પામી શાસનને અર્થ થકી નિરૂપણ કરવાને શક્તિમાન હોવાથી અન્યશાસનના આલંબને ધર્મોપ્રદેશ પ્રવર્તાવે નહિ તે અસ્વાભાવિક નથી.

આજ કારણથી શાસ્ત્રકાર મહારાજાઓ ભગવાન જિનેશ્વરદેવોને અર્થની પ્રરૂપણા કરનાર માને છે, તથા અર્થના આત્માગમવાળા માને છે. જિનેશ્વરદેવોને અર્થની પ્રરૂપણા કરનાર માને છે તથા અર્થના આત્માગમવાળા માને છે. જિનેશ્વરદેવો સૂત્રના આત્માગમ અનન્તરાગમ કે પરંપરાગમવાળાએ ન હોય અને અર્થની અપેક્ષાએ પણ અનન્તરાગમ કે પરંપરાગમવાળાએ ન હોય. ભગવાન જિનેશ્વરો તો કેવલ અર્થની અપેક્ષાએ કેવલ આત્માગમપણાની સ્થિતિ તો સ્વયંસંબુદ્ધપણું થઈ શાસનપ્રવર્ત્ત-કપણાની દશા કેવલજ્ઞાન મેળવ્યા પછી થાય ત્યારેજ થાય.

માટે શ્રી જિનેશ્વર ભગવાનો છદ્મસ્થપણામાં ઉપદેશ આપતા નથી.

આ ઉપદેશ શાસન સ્થાપવાની અપેક્ષાએ સમજવો. જેથી સામાન્ય રીતે ઉત્પલ અને ઇંદ્રિશર્માને અગાર ધર્મ અને અણધાર ધર્મ કહ્યો ચંડકોશિયાને "बुज्झ बुज्झ चंडकोशिया" કહી બુઝવ્યો. સ્વાતિદત્તને જીવસિદ્ધિને અંગે જે પ્રશ્નના ઉત્તરો જણાવ્યા એ સર્વ હકીકતને અવિરોધ રહેશે.

ભગવાન મહાવીર મહારાજે કેવલજ્ઞાન ઉત્પન્ન થવા સુધી કરેલો મૌનનો અભિગ્રહ પણ આપેક્ષિક હતો તે પણ આના અનુસારે સમજી લેવાય તેવો છે, અને તેથીજ તેમાં ગોશાલા વગેરેની હકીકતમાં ભગવાનનું બોલવું એ અભિગ્રહને બાધક નથી. અર્થાત ભગવાન મહાવીર મહારાજાનું મૌન જેમ કુલપતિ અને એમના

તાપસોના વ્યાવહારથી તેવા વ્યાવહારિક પ્રસંગને અંગે હતું, તેમ ભગવાનનો શાસનસ્થાપનાપૂર્વકનો ઉપદેશ કેવલજ્ઞાન પ્હેલાં નજ હોય અથવા ઉપદેશનો પ્રબંધ કેવલજ્ઞાન પછી હોય અને અર્થાગમની અપેક્ષા એજ આત્માગમવાળાજ ભગવાન જિનેશ્વરો હોય એમ કહેવામાં કોઇપણ પ્રકારે અડચણ નથી, આવી રીતે ભગવાન જિનેશ્વરો છદ્મસ્થપણામાં ઉપદેશક કેમ ન હોય તેને અંગે વિચાર કર્યો.

## અન્ય સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનવાળા ઉપદેશકો કેમ નહિં ?

આ સ્થાને બીજી શંકા એ જરૂર થશે કે ભગવાન જિનેશ્વર મહારાજા તો સ્વયંસંબુદ્ધ છતાં અને મનઃપર્યવજ્ઞાનને પામેલા છતાં ભવિષ્યમાં કેવલજ્ઞાન થશે અને શાસનની સ્થાપના કરતાં અર્થાગમની અપેક્ષાએ આત્માગમવાળો હું થઇશજ એમ જાણે છે, અને તેથી કેવલજ્ઞાન ઉત્પન્ન થવા પ્હેલાં પ્રવર્ત્તનની મુખ્યતાથી ઉપદેશ ઉપદેશપ્રબંધવાળા ન થાય એ ઠીક છે, પણ જગતમાં જેમ ભગવાન તીર્થંકરોજ એકલા ભવાંતરથી જ્ઞાન લાવનારા અને સમ્યક્ત્વને લઈને આવનારા હોય એવો નિયમ નથી. અર્થાત અન્ય પણ જીવો એવા ઉચ્ચ કોટિના હોય છે કે જેઓ ભવાન્તરથી મતિ આદિ જ્ઞાનોવાળા અને સમ્યગ્દર્શનવાળા હોય છે.

આટલી વાત શાસ્ત્રકારો ફરમાવે છે અને તે કબુલ પણ કરવીજ પડે તેમ છે કે ભગવાન તીર્થંકર સિવાયના જીવો પણ ભવાંતરથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન લાવનારા હોય જ છે, એટલું જ નહિ પણ ભગવાન જિનેશ્વર મહારાજાઓ નિયમિત અવધિજ્ઞાન વિનાના ન હોય અને અવધિથી જણાતા ક્ષેત્રના છેડા ઉપર તેઓ ન હોય અને અવધિથી જણાતા ક્ષેત્રની મધ્યમાંજ તેઓ હોય, તેવી રીતે બીજા કોઈ જીવોને અંગે નિયમિત અવધિજ્ઞાન કે અભ્યન્તરાવધિનો નિયમ ભલે ન હોય પણ ભગવાન તીર્થંકર મહારાજાઓ સિવાય બીજા જીવોને ભવાં·

તરથી આવેલું અવધિજ્ઞાન કે અભ્યંતરાવધિ ન જ હોય એમ તો છે જ નહિં અને

જ્યારે આવી રીતે ભગવાન તીર્થંકર મહારાજ સિવાયના અન્ય જીવોને પણ ગર્ભથીજ સમ્યક્ત્વદર્શન અને મતિ શ્રુત તથા અવધિ એ ત્રણે જ્ઞાનો હોય છે, તો પછી તેવા જીવો કેવલજ્ઞાનના નિયમવાળા હોતા નથી, કેમકે અવધિજ્ઞાનનો છાસઠ સાગરોપમ સ્થિતિનો કાલ છે તે બહુધાએ તો અનિકાચિત નામ કર્મવાળાજ નહિં એટલે અનિકાચિત નામકર્મવાળો ભગવાનનો જીવ અગર અન્ય તીર્થંકર નામકર્મ વગરના ભગવાન તીર્થંકરો સિવાયના જીવોને માટેજ છે, કેમકે નિકાચિત થયેલ જિનનામ-કર્મવાળાને છાસઠ સાગરોપમ સંસારમાં રહેવાનું હોય. એવી રીતે સમ્યક્ત્વની છાસઠ સાગરોપમની સ્થિતિ પણ બીજા જીવોને આશ્રયેજ સંભવે, માટે ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવો સિવાયના જીવો પણ ગર્ભથી માંડીને મતિ શ્રુત અને અવધિ-જ્ઞાનવાળા તથા સમ્યક્ત્વદર્શનવાળા હોયજ છે, તો પછી તે જીવો ઉપદેશના આદ્યપ્રવર્ત્તક કેમ ન બને?

એમ પણ નહિં કહેવું કે મતિઆદિ ત્રણ જ્ઞાનવાળા અને સમ્યગ્દર્શનવાળા અન્ય જીવો છતાં ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી થતું સ્વયંસંબુદ્ધપણું ભગવાન જિનેશ્વર મહારાજ સિવાયના બીજા જીવને હોય નહિં અને તેથી તે મત્યાદિવાળા છતાં અન્ય ગુરુ આદિથી ઉપદેશ પામે અને તેના પ્રભાવેજ તેઓને ચારિત્ર પ્રાપ્ત થાય, માટે તે અન્ય જીવો ઉપદેશના આદ્ય પ્રવર્તક બનેજ નહિ. એમ નહિ કહેવાનું કારણ એટલુંજ કે શ્રીનન્દીસૂત્ર આદિ શાસ્ત્રોમાં પંદર ભેદે જે સિદ્ધો બતાવ્યા છે, તે જો ભગવાન તીર્થંકર મહારાજ સિવાયના જીવો સ્વયંસંબુદ્ધ સિદ્ધ એવા બે ભેદો ઘટેજ નહિં.

કેમકે તમારા હિસાબે સ્વયંસંબુદ્ધ સિદ્ધો જિનેશ્વર સિવાય હોય જ નહિ માટે માનવુંજ પડશે કે સ્વયંસંબુદ્ધ સિદ્ધો જિનસિદ્ધ

સિવાય પણ હોવા જોઇએ અને નન્દીસૂત્રની ચૂર્ણિમાં પણ સ્વયંબુદ્ધ બે પ્રકારના જણાવી જિન અને અજિનને પણ સ્વયંબુદ્ધ તરીકે જણાવે, છે એટલે જિનેશ્વર ભગવાનના સિવાય પણ મત્યાદિ જ્ઞાનવાળા સ્વયંસંબુદ્ધ થતા હોવાથી તેઓ પણ ઉપદેશના આદ્યપ્રવર્ત્તક કેમ ન બને?

આ બધી શંકાના સમાધાનમાં સમજવાનું કે ભગવાન જિનેશ્વર દેવો સિવાય કોઈ અન્ય જીવ સામાન્ય રીતે જીવોના ઉદ્ધારની ભાવનાવાળો હોતોજ નથી અને તેથી બીજા જીવો મતિ-આદિ જ્ઞાનવાળા અને સ્વયંસંબુદ્ધ હોય તે ઉપદેશના આદ્યપ્રવર્ત્તક બની શકે જ નહિ.

એક વાત આ જગ્યા પર ધ્યાનમાં રાખવાની જરૂર છે કે શ્રી ભગવતીજી સૂત્રમાં અશ્રુત્વા કેવલીને એક પ્રશ્નોત્તર કહેવાનો કલ્પ હોય છે, અને ધર્મોપદેશ દેવાનો કે પ્રવજ્યા આપવાનો પણ કલ્પ નથી, એમ સ્પષ્ટ જણાવે છે તો સામાન્ય જીવોને ઉપદેશકના આદ્ય પુરુષ કે ઉપદેશના આદ્યપ્રવર્ત્તક બની શકે નહિ. વળી તીર્થની સ્થાપના કરવાનું ભાગ્ય ભગવાન તીર્થંકરોનું જ હોય છે તેથી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જે આદ્યઉપદેશક કે આદ્યઉપદેશપ્રવર્ત્તક બની શકે. આટલા ઉપરથી આ વાત સમજાશે કે શાસ્ત્રકાર ભગવાનોએ સ્વયંબુદ્ધ સિદ્ધ એવા ભેદો રાખ્યા પણ સ્વયંબુધ્ધ બોધિત સિધ્ધ અને પ્રત્યેકબુધ્ધ બોધિત સિધ્ધ એવો સોલમો અને સત્તરમો ભેદ શ્રીસિધ્ધ મહારાયના ભેદો જણાવ્યા નહિં. જો પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધ જો ઉપદેશકના આદિભૂત કે ઉપદેશના આદ્યપ્રવર્ત્તક હોત તો સિદ્ધના પંદર ભેદો કહેત નહિં અને શાસ્ત્રકારો પંદર ભેદજ સિદ્ધોના જણાવે છે તેથી ઉપર કહેલી હકીકત શંકાનું સ્થાન થાય તેમ નથી.

## શ્રી જિનેશ્વર મહારાજા આદ્યઉપદેશકોજ કેમ?

જે જીવો અનાદિકાલથી આત્માની ઉત્તમતાવાળા તથાભવ્યત્વથી હોય છે અને જે જીવોના સમ્યકત્વલાભ પછી ભવોની ગણતરી

થાય છે. જો કે અન્યજીવોને સમ્યકત્વ મળે છે ત્યારથી સંસારના શેષપણાનો તો હિસાબ થાયજ છે. ત્રિલોકના તીર્થંકર મહારાજ-પણે થવાવાળા જીવો શ્રી જિનેન્દ્ર પ્રભુની આશાતના વગેરેનું કાર્ય કે જે જીવને અનન્ત ભવ રખડાવનાર થાય તે મુખ્યતાએ કરવાવાળા ન હોય.

કહેવાની મતલબ એ કે ભગવાન તીર્થંકર મહારાજાના જીવો સમ્યકત્વ પામ્યા પછી સંખ્યાત કે અસંખ્યાત કાલજ પ્રતિપાતવાળા હોય પણ અનન્તકાલ પ્રતિપાતવાળા ન હોય! તેઓ સ્વાભાવિકજ એવી સ્થિતિ ધારણ કરનારા હોય કે જેથી તેઓને આદ્યસમ્યકત્વ પામ્યા પછી અનન્તકાલ પ્રતિપાત ન હોય.

તેથીજ આદ્યસમ્યકત્વથી ભગવાન જિનેશ્વરોના ભવોની ગણુ-તરી થાય છે, નિર્યુક્તિકાર ભગવાન ભદ્રબાહુ સ્વામીજી પણ **सम्मत्त पढमलंभो** એમ સમ્યકત્વનો જે આદિલાભ થયો ત્યાંથીજ ભવની ગણુતરી સ્પષ્ટ જણાવે છે. તેવા સર્વકાલ ઉત્તમતાવાળા હોય છે અર્થાત્ અન્યજીવો, ચરમશરીરી હોય અને તે ભવમાં જ મોક્ષ પ્રાપ્તિ કરનારા હોય છતાં તેઓ આખા ભવમાં ઉત્તમતાવાળા હોય એવો નિયમ બંધાય નહિં, પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગ-વાનો સાવદ્યનો ત્યાગ ન કર્યો હોય તેવી સામાન્ય ગૃહાવસ્થામાં પણ જન્મથીજ ઉત્તમત્તાવાળાજ હોય. આથીજ અશુદ્ધ પણ ઉત્તમરત્નની સરખાવટ એવું શુદ્ધ અધમ રત્ન કરી શકે નહિં એમ કહેવાય છે.

卐




[આગમમર્મજ્ઞ, આગમવાચનાદાતા, આગમસમ્રાટ, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ૦ આ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વર ભગવંતે શાસનના અનેકવિધ ભગીરથ કાર્યો અને શ્રુતોપાસનાની વિવિધ પ્રવૃત્તિઓના ભારણ વચ્ચે પણ સમયે સમયે બાળ જીવોને ઉપયોગી શૈલિથી ખૂબજ માર્મિક છતાં સુંદર-પ્રાસાદિક પદ્ધતિએ નાની-મોટી રચનાઓ, અને નાના-મોટા ગ્રંથોનું સર્જન કર્યું છે. સં.]

## શ્રીતારંગા તીર્થપતિ
## શ્રી અજિતનાથ પ્રભુ સ્તવન

(....અમી રસ ભીનો રે....એ દેશી)

ભેટ્યો ભાવ શુદ્ધ તારંગે,
દેખ્યો અજિત જિણંદ મન રંગે

મંદિર જગમેં સબ હી દેખે, જોડ નહિ કોઈ ઈસકી;
ગગન તળે જઈ બાત કરત એ, માનું ઈર્ષરસે ચસકી—ભેટયો૦ ૧
મંદિર પાસ ખડા હો દેખો, શિખર ધજાદંડ સાથે;
વાત વિના શિર પાઘ ઉડતી, લ્યો સાહી (પકડી) નિજ હાથે—ભેટયો૦ ૨
મૂરત અજિત જિણંદ કી દેખત, માનત સુરગિરિ શોભે;
નિશ દિન નિજ દિદાર નિહાળે, પ્રશમ અમૃત રસ લોભે—ભેટયો૦ ૩

અમીરસ વૃષ્ટિ જિન કી દૃષ્ટિ, મુજ નયનાં બીચ આવે;
કામ ક્રોધ સભી તાપ નિવારત, આપત શિવ નિજ ભાવે—ભેટ્યો૦ ૪
સંવત ઓગણીશ ચોરાશી વર્ષે, માઘ વદિ બીજ દિવસે;
ભેટે વિભૂષણ જગકો પાયો, આનંદ અમૃત દિલ ઉલસે—ભેટ્યો૦ ૫

卐

## વીતરાગ સ્તોત્ર–પ્રકાશ ૨ જો
## અનુવાદ

ફલિહ સુવર્ણ પિયંગુને, પદ્મઅંજન સમકાંત,
વિણ ધોયાં તુજ નિર્મળો, દેહ જુએ બુધ શાંત. ૧

સુરતરુ દામ જ્યું સુરભિ, તુજ અંગે સુરવધુ નેત્ર,
ભમર પરે ચરતાં સદા, અચરિજ તવ સંકેત. ૨

ઈન્દ્રે તુજ અંગુઠડે, થાપ્યું અમૃત જેહ,
તસ રસ રોષે ભાગતા, રોગ ઉરગ તજી દેહ. ૩

શુદ્ધ દર્પણ પ્રતિબિંબ જ્યું, સ્વેદ નહિ તુજ અંગ,
નિર્મલતા બલ વીર્ય તિમ, અનંત જિનપતિ ચંગ. ૪

રાગ રહિત જિન તુજ નહિ, કેવલ મન પણ કાય,
રાગ રહિત શોણિત ધરે, દુધજલધિ તમ પાય. ૫

ઉત્તમતા પ્રભુ જગતથી, શું કહીયે તુજ અન્ય,
બીજાને દુર્ગંધ નહિ, સિત તનુમાંસ અનન્ય. ૬

જલ થલ ઉપજ્યા ફૂલની, દામ તજી ઉચ્છાહ,
તુજ નિશ્વાસ સુગંધીને, વલગે મધુકર ચાહ. ૭

ચમત્કાર ઉપજાવતી, ભવથિતિ પણ નિજ તુજ,
ચર્મનયન દેખે નહિ, ખાન શૌચ તુજ ગુઝ. ૮

卐

# શ્રી સિદ્ધચક્ર સ્તવન

શ્રી નવપદના મંડલ, આદ્ય નમો અરિહંત,
સિદ્ધ ચતુષ્કાનંતવંત, દગ્ધકર્મ ભગવંત. ૧
ધર્મ કથે વર અર્થથી, જિનભાષિત સૂરિરાય,
ચતુર બંધુ જે વિશ્વના, અધ્યાપક ઉવજ્ઝાય ૨
ક્રમ કિરિયાના સાચવી, સાધે મોક્ષ મુણીંદ,
નેહે જિનવર તત્ત્વની, રુચિ દર્શન ગુણવંદ. ૩
વંચક મોહ અજ્ઞાનનું, જ્ઞાન ભજે શુભભાવ,
દમ-શમ સ્થાનક સ્થાપવા, ચરણ નમો ભવનાવ. ૪
નાશક જે અઘસૈન્યનું, તપ વંદો મન ખંત,
હોશો ભવિજન તેહથી, શિવરમણીના કંત. ૫
પ્રથમ અક્ષર એ કાવ્યના, ધ્યાન ધરે શુભ ચિંત,
અબાધ આનન્દ-સાયરૂ, સ્નાતક થાય પવિત્ત. ૬

卐

## મા...ર્મિ...ક વા...ક્યો

- સમ્યક્ત્વ પામ્યા પછી આરાધક ભાવની જાળવણી રાખવામાં આવે તો વધુમાં વધુ સાત કે આઠ ભવમાં મોક્ષ થાય જ!
- પાપની ભયંકરતા વાસનામાં, માન્યતામાં અને સંસ્કારમાં છે.
- સર્વ પાપની જડ મમત્વ ભાવ છે.

—પૂ૦ આગમોદ્ધારકશ્રી

# જય! શત્રુંજય!!

(૧)

જે ગિરિવરના પૂજ્ય ગુંજનો કર્ણપટે અથડાયા છે!
પુનિત ભૂમિએ સિદ્ધગિરિની પુણ્ય તણી જ્યાં છાયા છે.
પતિત જીવન પણ જે ભૂમિ પળમાં સદાકાળ પલટાવે છે,
અમર શાંતિને સદા હૃદયમાં પુણ્યક્ષેત્ર જે લાવે છે.

(૨)

જ્યાં કઈ ભવ્ય જીવો આ જગના પરમ મોક્ષપદ પામી ગયા,
સિદ્ધ બનીને અસંખ્ય આત્મા અમોઘ સુખના ભાગી થયા.
જે ભૂમિથી સુખ શાંતિ પ્રેમની નિર્મળ સરિતા રેલે છે,
દેહ અને દીલ એ બંનેમાં મોક્ષ ભાવ જ્યાં ખેલે છે.

(૩)

દૂર થકી દેખાતાં આત્મા શાંત કરી સુખ જે આપે,
કુટિલ બંધનો આ કાયાના પલક એકમાં જે કાપે.
સોરઠ કેરી ધર્મભૂમિને જે ગિરિવર શણગારે છે,
અસંખ્ય આ અવનિતલ કેરાં જીવન પલકમાં તારે છે.

(૪)

વિજય વરંતો એ શત્રુંજય મમ ઉરનો ભય હરનારો,
અજબ શાંતિની ધારા હૈયે રેડંતા લાગે પ્યારો.
જેના તેજ અમોઘ સદા મમ પ્રાણ ઉજાળી સુખ આપે,
કોટી કોટી મુજ વંદન તેને અમરપદે નિત થાપે.

આગમતલસ્પર્શી, વ્યાખ્યાતા, આગમમર્મજ્ઞ
આગમ-પ્રભાવક, સમર્થ શ્રુતધર, આગમ સમ્રાટ
આગમવાચનાદાતા, શૈલાણા નરેશ પ્રતિબોધક
ધ્યાનસ્થ સ્વર્ગત
પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ રચેલા
અતિ વૃદ્ધાવસ્થાએ રોગશય્યાએ પણ
સૂક્ષ્મ ચિંતનપૂર્ણ અને આરાધક ભાવ પોષક

## 卐 સુંદર સુભાષિતો 卐

(૧૧૯) घनकर्मगिरिप्रभिदे शमः वज्रम् ॥३१२॥

નિકાચિત કર્મરૂપી પર્વતને ભેદવામાં સમતા (જિનાજ્ઞા યુક્ત તપથી ઉપજતી આત્મ પરિણતિ) વજ્ર સમાન છે. (૩૧૨)

(૧૨૦) दुःखं नश्येद् उदितं,
सास्यं सत्तेतरमखिलं तत् ॥३१३॥

ઉદયમાં આવેલાં પાપો વર્તમાન કાલીન દુઃખનો ભોગવવા દ્વારા નાશ કરે છે, જ્યારે સમતા તો સત્તામાં રહેલાને ઉદયમાં આવેલા સંપૂર્ણ કર્મનો નાશ કરે છે. (૩૧૩)

(૧૨૧) जीवे यथोदयं भावा यदा यत्र यतो यथा ॥३१५॥

ઉદય પ્રમાણે જીવને વિષે જે કારણથી જ્યારે જ્યાં જેવી રીતે ભાવો થવા નિયત થયા હોય છે, તેમ થાય છે. (૩૧૫)

(૧૨૨) अक्षीणमेनो नियमेन वेद्यम् ॥३१७॥

ક્ષય નહિ પામેલું પાપ અવશ્ય ભોગવવું પડે છે. (૩૧૭)

(૧૨૩) अवश्यभावीनि हृदा सदा स्मरन्
चेद् धर्मकामोऽसि सहस्व वेदनम् ॥३२१॥

જો તને ધર્મની ઇચ્છા હોય તો હંમેશાં હૃદયમાં અવશ્ય ભાવીનું સ્મરણ કરતો-ચિંતવન કરતો તું વેદનાને સહન કર! (૩૨૧)

(१२४) शुभाशुभा नो विषयास्तवात्मन् ?
सुखासुखाभ्यां न ऋते स्वकर्मणः ॥३२२॥

હે આત્મા! તને સુખ અને દુઃખને માટે સ્વકર્મ સિવાય શુભ કે અશુભ વિષયો સમર્થ નથી, અર્થાત્ કર્મ જ સુખ કે દુઃખ આપે છે, ને વિષયો તો નિમિત્ત પાત્ર છે. (૩૨૨)

(१२५) भिषग्भेषजभरः(?) कर्मवेदनसंगताः ॥३२४॥

વૈદ્ય, ઔષધ અને સેવકો કર્મની વેદનાને સંગત હોય છે. અર્થાત્ કર્મ પ્રમાણે મળે છે. (૩૨૪)

(१२६) देहिन् ? दुःखभरार्दितोऽपि सह तं
यत् स्वात्मकार्ये मनः ॥३२८॥

હે પ્રાણી! જો તારા આત્માનું કાર્ય–કરવામાં તારું મન હોય તો દુઃખના સમૂહથી પીડાતો છતાં પણ તું તેને સહન કર. (૩૨૮)

(१२७) न भाविदुःखं व्यतियाति चिंतया ॥३२९॥

ભવિષ્યમાં થવાવાળું દુઃખ ચિંતાથી જતું નથી. (૩૨૯)

(१२८) अवश्यभोग्यं निजकर्मजातं ?
दुःखं विदित्वा तर ! शोकसार्थम् ॥३३०॥

અવશ્ય ભોગવવા યોગ્ય પોતાના કર્મથી થયેલાં દુઃખને જાણીને–સમજીને હે જીવ! શોક સમૂહને તરી જા! (૩૩૦)

(१२९) चिराश्रितोऽहमेकं त्वां, मार्गश्च ते मयाऽऽदृतः ॥
अधुना कर्मणा बाध्ये, नाथासि किं त्वमक्रियः ॥३३४॥

હે નાથ! લાંબા કાળથી હું તમને એકને જ આશ્રીને રહેલો છું, અને મેં આપનો જ માર્ગ આદરેલો છે, પરંતુ હમણાં પીડાતા એવા મારે વિષે તું કેમ નિષ્ક્રિય રહ્યો છે? (૩૩૪)

(१३०) सैनिकस्य भवेद् यत्तु परस्माद् यस्य बाधनम् ।
तन्नायकस्य दौर्बल्यं, नाथासि त्वं किमक्रियः ॥३३५॥

હે નાથ! જેના સૈનિકને બીજાથી જે પીડા થાય તેમાં નાયકની દુર્બલતા છે, તો આપ કેમ નિષ્ક્રિય રહ્યા છો? (૩૩૫)

(१३१) अयोग्यश्चेदहं स्वामिन्?, कर्तव्यं किमतः परम् ।
कृत्वाऽयोग्यान्नरान्, योग्यानव्ययपदमर्पय ! ॥३३६॥

હે સ્વામી! જો હું અયોગ્ય છું, તો હવે પછી શું કરવું જોઈએ? માટે પ્રાર્થના કરું છું કે અયોગ્ય મનુષ્યોને યોગ્ય કરીને અવ્યયપદ મોક્ષપદ આપો. (૩૩૬)

(१३२) जगतो नन्दनः स्वामिंस्तत् किं मां न हि नन्दसि ? ।
कर्मव्रातव्यथाग्रस्तं सेवकं च पराश्रितम् ॥३३७॥

હે સ્વામી! જો તમે જગતને આનંદ આપનારા છો, તો પછી કર્મના સમૂહથી થયેલી પીડાથી ગ્રસ્ત થયેલા અને બીજાના આશ્રયવાળા એવા મને સેવકને કેમ આનંદ પમાડતા નથી? (૩૩૭)

(१३३) वृत्त्याऽऽश्रितस्य बाधोऽपि, सेवकस्य पराजयात् ।
प्रभोश्चेत् ते त्वहं वाक्य-मात्रजीवोऽव ! तं ननु ॥३३८॥

જો આજીવિકાને માટે પણ આશ્રીને રહેલા એવા સેવકના પરાજયથી સ્વામીને જ બાધા છે, તો પછી તારા વાકયમાત્રથી જ જીવનારો એવો હું બીજાથી બાધા પામું છું, તો હે નાથ! તું રક્ષણ કર. (૩૩૮)

(१३४) त्वया मह्यं धनं दत्तं, नोपयुक्तं मया परम् ।
प्रार्थये तत् कुरु प्रेत्याहं स्यां पूर्णप्रयोजकः ॥३३९॥

તેં મને ઘણું આપ્યું, પણ મેં તેનો ઉપયોગ કર્યો નહિ તેથી હે નાથ! પ્રાર્થના કરું છું કે પરભવમાં હું સંપૂર્ણ ઉપયોગ કરી શકું એમ કર! (૩૩૯)

(१३५) नेदं जागर्त्ति चेज्जन्म-जरा-मृत्युत्रयं प्रभो ? ।
जगत्यां ते प्रभावो न, शासनस्य महाँस्तदा ॥३४०॥

હે પ્રભુ! જગતમાં આ જન્મ, જરા ને મૃત્યુરૂપ ત્રણે જાગૃત જો ન હોય તો જગતમાં તારા શાસનનો પ્રભાવ મહાન થાત નહિ. અર્થાત્ આથી જ તારા શાસનનો પ્રભાવ મહાન્ છે. (૩૪૦)

(१३६) ज्ञानघ्नादीनि कर्माणि, नात्मबाधाकराणि चेत् ।
विश्वे विश्वेश ? ते वाचो,
न स्युःकिञ्चित्कराः पुनः ॥३४१॥

હે જગતપતિ ! જગતમાં જો આત્માને પીડા કરનાર અને જ્ઞાન આદિ ગુણોને ઘાત કરનાર જ્ઞાનાવરણીય વગેરે કર્મો ન હોય તો તમારી વાણીને નિર્જરા કરવા જેવું રહે જ નહિં, અર્થાત જ્ઞાનાવરણીય આદિ કર્મો છે, તેથીજ તમારી વાણી સાર્થક છે. (૩૪૧)

(१३७) विश्वे विपद्वां सत्त्वा-दुपकारी सज्जनो जनो गण्यः ।
दुःखाकीर्णं भवनं, तत्त्वं तीर्थकर ? पूज्यः ॥३४२॥

જેમ જગતમાં વિપત્તિઓ કે દુઃખો હોવાથી ઉપકાર કરનાર મનુષ્ય સજ્જન ગણાય છે, તેમ હે તીર્થંકર ભગવાન્ ! જન્મ જરા આદિ દુઃખોથી વ્યાપ્ત એ જગતથી તમે બચાવનાર છો માટે પૂજ્ય છો ! (૩૪૨)

(१३८) दातुः दुष्कालजा कीर्तिः, सुकाले स परैः समः ।
निस्सारं जगदन्वीक्ष्य, सारार्थं त्वं श्रयेत् सुधीः ॥३४३॥

દાતારની દુષ્કાળમાં દાન દેવાથી ખરી કીર્તિ થાય છે, અને સુકાળમાં તો તે દાતાર બીજા જેવોજ છે, અર્થાત્ દુષ્કાળને લઇને દાતારની કીર્તિ છે, તેમ જગત અસાર છે, એમ જોઇને બુદ્ધિમાન પુરુષો તેથી બચવા તમારો આશરો લે છે. (૩૪૩)

(१३९) मोचकस्त्वं कथं ?, भव्यानां भवपञ्जरात् ।
निष्कृपोऽसौ सदा गण्य-स्तदा त्वं किं दयानिधिः ? ॥४८५॥

જો સમર્થ પુરુષ યાચના કરનારને પીડાથી રક્ષણ ન કરે તો તે દયા વગરનો ગણાય, તો હે નાથ ! યાચના કરતા એવા મારું જો રક્ષણ ન કરે તો તમે કેવા દયાનિધિ !, માટે હે નાથ ! પીડાતા એવા મારું રક્ષણ કરો. (૩૪૪)

(१४०) मोचकस्त्वं कथं नाथ ?, भव्यानां भवपञ्जरात् ।
न ते कायो वचश्चेतो, गुणाश्चित्रं तदा व्यधुः ॥३०५॥

હે નાથ! તમે ભવ્ય પ્રાણીઓને ભવના પાંજરામાંથી સંસાર રૂપ કેદખાનામાંથી મુકાવનાર કેવી રીતે?, કારણ કે તમને કાયા વચન કે મન નથી, છતાં આશ્ચર્ય છે કે તમારા ગુણો ભવ્ય પ્રાણીઓને સંસારથી મુકાવે છે. (૩૪૫)

(૧૪૧) निष्क्रियो निर्गुणो नाथ?, दूरगो भववारिधेः ।
प्रभाव एष भव्यानां, यत् त्वद्गुणगणलम्बनम् ॥३४६॥

હે નાથ! તમે ગમન આદિ ગુણોથી રહિત છો, અને સંસાર સમુદ્રથી દૂર ગયેલા છો, પણ ભવ્યોને તમારા ગુણોના સમૂહનું જે આલંબન છે, તે આ તમારો પ્રભાવ ચમત્કાર છે. (૩૪૬)

(૧૪૨) सम्यक्त्वस्यन्दनारुढो, यमवर्मसमावृतः ।
भावनास्त्रैर्महामोहं, त्वत्प्रभावात् जयाम्यहम् ॥३४७॥

સમ્યકત્વરૂપી રથમાં ચઢેલા, સંયમરૂપી બખ્તરથી ઢંકાયેલો એવો હું હે નાથ! તમારા પ્રભાવથી ભાવના રૂપી શસ્ત્રો વડે મહામોહ રૂપી શત્રુને જીતું! (૩૪૭)

(૧૪૩) क्षमस्व मेऽद्य आगस्त्वं, पुण्यं शत्रुत्वसंवृतम् ।
पुरस्कृत्य प्रवर्तेऽहं, नाघं यावत् प्रणश्यति ॥३४८॥

હે નાથ! મારા આ અપરાધોને તમો ક્ષમો-માફી આપો કે જ્યાં સુધી પાપનો નાશ ન થાય ત્યાં સુધી શત્રુપણાથી ઢંકાયેલા એવા પુણ્યને આગળ કરીને હું પ્રવૃત્તિ કરું છું. અર્થાત્ પુણ્ય કર્મ હોવાથી તે પણ આત્માનો તો શત્રુજ છે (૩૪૮)

(૧૪૪) तिर्यञ्चोऽप्युद्धृता वन्या गत्वोपद्रवयुग्भुवम् ।
त्वत्पदोर्लीनचित्तोऽहं, कथं नोद्ध्रियते ? हहा! ॥३४९॥

હે નાથ! જ્યાં ઉપદ્રવ છે તેવી ભૂમિમાં જઈને પણ વનમાં રહેવાવાળા તિર્યંચોને આપે ઉદ્ધર્યા છતાં તમારા ચરણકમળને વિષે એકાગ્ર મનવાળા એવા મને ખેદની વાત છે કેમ ઉદ્ધરતા નથી? અર્થાત્ હે નાથ! મારો ઉદ્ધાર કરો. (૩૪૯)

(१४५) महान्तो हि महादाना-स्त्वत्तो नान्या मम स्पृहा ।
महामोहजयायाल-म्भूष्णुर्मां कुरु सत्कृप? ॥३५०॥

જે મહાન પુરુષો છે, તે મોટા દાનોને દેવાવાળા હોય છે, જ્યારે હે પ્રભુ ! તમે મોટા છો, તેથી તમારી પાસે મારે બીજું કંઈ માગવાની ઈચ્છા નથી, માટે હે શ્રેષ્ઠ કૃપાનિધિ ! તેમ કરો કે હું મહામોહને જીતવા માટે સમર્થ થાઉં. (૩૫૦)

(१४६) नापरो वेत्ति मे दुःखं त्वं जानानो ह्युपेक्षसे ।
क्वाहं करोमि रावस्तद्धानिर्नाथ? जगत्प्रभो? ॥३५१॥

હે પ્રભુ ! આપ સિવાય બીજો કોઈ મારું દુઃખ જાણતો નથી, પરંતુ તમે તો જાણતા છતાં પણ ઉપેક્ષા કરો છો. તેથી હવે હું ક્યાં જઈને બૂમો પાડું ? માટે જો મારું દુઃખ રહેશે તો હે નાથ ! હે જગત્પ્રભુ ! એ તમારી જ હાનિ છે. (૩૫૧)

(१४७) अत्राणे नाथ? जगति, त्राणं धर्मो मतो मया ।
त्वदुक्त्या तद् दयां कृत्वा सत्यं कुरु भवोद्धृतेः ॥३५२॥

હે નાથ ! રક્ષણ વગરના આ જગતમાં તમારા કહેવાથી- તમારા વચનથી રક્ષણ કરનાર ધર્મ છે, એમ મેં માન્યો છે, માટે મારા ઉપર દયા કરીને મને સંસારથી ઉદ્ધરવા વડે તે વાત સાચી કરો. અર્થાત્ ધર્મ રક્ષણ કરનાર છે તે વાત સાચી કરો. (૩૫૨)

(१४८) शरणागतसंत्राणे, सत्तमा वज्रपञ्जराः ।
यदि सत्यमिदं नाथ? किं मां न त्रायसे भवात्? ॥३५३॥

શરણે આવેલાને રક્ષણ કરવામાં ઉત્તમ પુરુષો વજ્રના પાંજરા સમાન છે, આ જે કહેવત છે, તે જો સત્ય હોય તો હે પ્રભુ ! ભવથી મારું કેમ રક્ષણ કરતા નથી ? અર્થાત્ ભવથી મારો ઉદ્ધાર કરો. (૩૫૩)

(१४९) अलङ्कारो भुवो यः स्यात् प्रार्थनाभङ्गभीरुकः ।
मुकुटोऽसि त्रिलोक्यास्त्वं किं मे याञ्चां भनक्षि भोः ॥
(ञ्चा न पूर्यते) ॥३५४॥

જે યાચનારની પ્રાર્થનાનો ભંગ કરવામાં બીકણુ છે. તે પૃથ્વીના અલંકારરૂપ છે અને હે નાથ! તું તો ત્રણે લોકનો મુગટરૂપ છે તો મારી પ્રાર્થના કેમ ભાંગો છો? અર્થાત્ પ્રાર્થનાને ભાંગો નહિ, મારું ઈચ્છિત આપો અને રક્ષણ કરો! (૩૫૪)

(१५०) चरित्रं ते विचित्रं यदाश्रितानप्युपेक्षसे ।
त्रिधा विरुद्धतां प्राप्तान्, भवादुद्धरसि क्षणात् ॥३५५॥

હે નાથ! તારું ચરિત્ર કાંઈ વિચિત્ર પ્રકારનું છે, કેમકે આશ્રીને રહેલાની પણ ઉપેક્ષા કરો છો અને મન, વચન, ને કાયાએ કરીને વિરુદ્ધતાને પામેલા એવાઓને પણ ક્ષણવારમાં ભવથી ઉદ્ધાર કરો છો. (૩૫૫)

(१५१) आजन्म ते पदद्वन्द्वं, संश्रितो मुनितां श्रितः ।
नाथ? नोद्ध्रियते चेत्, कोऽपरस्तस्मान्मनोमतः ॥३५६॥

જન્મ પર્યંત આપના ચરણકમળનો આશ્રય કરી મુનિપણું અંગીકાર કર્યું, છતાં હે નાથ! જો તમે ઉદ્ધાર નહિ કરો તો પછી બીજો કોણ સંસારથી ઉદ્ધાર કરવાને માટે મારા મનને ઈષ્ટ હોય? (૩૫૬)

(१५२) त्वत्तोऽन्ये भगवन्? नैव, समर्थाः दुःखदारणे ।
यत् ते तज्ज्ञानशून्यस्त्वं, तज्ज्ञानोऽसीति दोषभाक् ॥३५८॥

હે ભગવાન! તમારાથી બીજાઓ દુઃખને ફાડી નાખવામાં-નાશ કરવામાં સમર્થ નથી, કારણ કે દુઃખને ફાડવા સંબંધી જ્ઞાનથી તેઓ શૂન્ય છે અને તમે તો તે જ્ઞાનવાળા છો, માટે મારું દુઃખ તમારે જ ફાડવું જોઈએ, પણ તે નથી કરતા, તેથી તમે દોષિત છો. (૩૫૮)

(१५३) दुर्वारा भाविनो भावाः सेन्द्रैर्देवगणैरपि ।
भस्मग्रहोत्थितं बाधं रोद्धुं त्वमपि न क्षमः ॥३५९॥

ઈન્દ્ર સહિત દેવતાઓના સમૂહથી પણ ભાવી ભાવો અટકાવી

શકાતા નથી, આથી જ ભસ્મગ્રહથી ઉત્પન્ન થયેલી શાસનની બાધાને રોકવા માટે હે નાથ! તમે પણ સમર્થ થયા નહિ. (૩૫૯)

(૧૫૪) ज्ञात्वा दुःखं न चेद्धर्ता, न त्वं दोषी मनागपि।
नाज्ञानवादपोषस्ते, समापतति दुर्धरः ॥३६०॥

દુઃખને જાણીને જો તે હરણ ન કરો તે છતાં તમે લગાર પણ દોષિત ન થાવ, તો તમારી ઉપર દુઃખે ધારી શકાય તેવું અજ્ઞાનવાદનું પોષણ પ્રાપ્ત થતું નથી. (૩૬૦)

(૧૫૫) अज्ञानवादिता दुष्टा, त्वं सर्वज्ञोऽपि निष्क्रियः।
द्विधा पाशविभेदाय, भगवन्? मां समुद्धर! ॥३६१॥

એક બાજું અજ્ઞાનવાદીપણું દુષ્ટ છે, જ્યારે બીજી બાજુ તમે સર્વજ્ઞ છતાં નિષ્ક્રિય છો અથાત્ કંઈ કરતા નથી, માટે હે પ્રભુ! બે પ્રકારના પાશને ભેદવા માટે મારો ઉદ્ધાર કરો. (૩૬૧)

યાદ રાખવા જેવું......

- જૈન માત્રનું ધ્યેય કર્મ ક્ષયનું જ હોય!
- આત્માની આઝાદી તથા આબાદી માટે જૈન ધર્મ આ દુનિયાને પરમ આવશ્યક છે.
- આત્મા એક સરખો સાધ્યમાં તલ્લીન બને તો અંતર્મુહૂર્ત્તમાં મિથ્યાત્વથી મોક્ષમાં જઈ શકે છે.
- દુનિયામાં સભાસોહંતા ઘણા છે, સાચી લાગણીવાળા ઓછા છે.

—પૂ૦ આગમોદ્ધારકશ્રી




## तात्त्विक प्रश्नोत्तराणि

### ગ્રંથનો ગુજરાતી ભાવાનુવાદ

(વર્ષ ૩ પુ. ૪ (પૃ. ૩૭) થી ચાલુ)

[પરમારાધ્ય, બહુશ્રુત-શિરોમણિ, ધ્યાનસ્થ પૂ. આગમોદ્ધારક શ્રી ભગવંતે પોતાની પ્રૌઢ પ્રતિભાદ્વારા શાસ્ત્રસમુદ્રનું મંથન કરી અનેક તાત્ત્વિક બાબતોના સંવાદી ઉકેલો શોધી કાઢી આગમાનુસારી પુણ્યાત્માઓની આગમ ભક્તિ ખૂબજ જાગૃત કરેલી.

આવા ૧૪૪૬ સંસ્કૃત પ્રશ્નોત્તરોના સંગ્રહસ્વરૂપ "तात्त्विक प्रश्नोतराणि" નામે પ્રતાકારે ગ્રંથ શ્રી આગમોદ્ધારક ગ્રંથસંગ્રહ-૧૨રૂપે સુરતથી પ્રકાશિત થયેલ છે.

પૂ. આગમ તલસ્પર્શી આગમસમ્રાટ આચાર્યદેવ શ્રી આગમોદ્ધારક ભગવંતની બહુમુખી પ્રતિભાના સુમધુર દર્શન સંસ્કૃત ભાષાથી અપરિચિત તમામ ધર્મપ્રેમી જિજ્ઞાસુઓને થાય, તે શુભ આશયથી તાત્ત્વિક પ્રશ્નોત્તરોનો અક્ષરશઃ ગુજરાતી ભાવાનુવાદ આપવાનો નમ્ર પ્રયાસ છે. સં૦]

**પ્રશ્ન ૩૬**-'आगमसत्थग्गहणं' એમ કહ્યું છે, ત્યાં 'આગમ'

અને 'શાસ્ત્ર' બન્ને એક અર્થવાળા હોવા છતાં બેનું ગ્રહણ શા માટે! અહીં કેવળ વગેરે શ્રુત સુધીના જે વ્યવહાર તેનાથી અતિરિક્તનું 'આગમ' નામ છે. એથી જો 'શાસ્ત્ર' શબ્દનું ગ્રહણ હોય તો તે 'શાસ્ત્ર' શબ્દ ભલે રહો, પણ 'આગમ' શબ્દનું શું કામ છે!

ઉત્તર–તે વખતે આચારાંગ વગેરે પિસ્તાલીશની વિશેષ 'આગમ' સંજ્ઞા હશે, અને બાકીના જે લોકોત્તર સૂત્રો તેની 'શાસ્ત્ર' સંજ્ઞા હશે, એ કારણથી બન્નેનું ગ્રહણ થાય. પરંતુ દિગંબરો 'શાસ્ત્રો'ને માને છે પણ 'આગમો'ને માનતા નથી, લુંપકો "આગમો'ને માને છે પણ 'શાસ્ત્રો'ને નથી–માનતા. એથી આ યુગવાળાઓને માટે 'આગમ' અને 'શાસ્ત્ર' એમ ઉભયનું ગ્રહણ બરાબર (યોગ્ય) જ છે.

વળી બીજી વાત એ છે કે 'વેદ, સમય, ।શસ્ત્ર, સિદ્ધાન્ત અને નિકાય' એ નામવાળા લૌકિક શાસ્ત્રોના ગ્રહણમાં શુશ્રૂષાદિની આવશ્યકતા દુર્વાર છે, એ વાત પણ (આગમ અને શાસ્ત્ર એમ ગ્રહણ કરવામાં) ધ્વનિત થાય છે. આગમો ઉચ્છેદ થયે છતે તે (આગમ) સ્થાનને પામેલા જે પ્રકલ્પ વગેરે શ્રુતરૂપ શાસ્ત્રો, તે આગમથી જુદાં જ છે. અર્થાત્ 'આગમ'નું સ્થાન પામેલાં 'શાસ્ત્રો' છે.

પ્રશ્ન ૩૭–"औपशमिक-क्षायिकौ भावौ" સૂત્રથી અવધિજ્ઞાનનું જીવનું સ્વતત્ત્વપણું અને ક્ષયોપશમ–પ્રત્યયપણું છે, પણ દેવ અને નારકપણામાં (એ અવધિજ્ઞાન) જીવનું સ્વરૂપણું નથી. અને ક્ષાયોપશમિકપણે પણ નથી. પરંતુ ઔદયિક જ છે; તેથી દેવ નારકીઓનો ભવ એ અવધિજ્ઞાનનું કારણ છે?

ઉત્તર–જેવી રીતે કર્મના ઉદય વગેરે દ્રવ્ય આદિ સાધનના આલંબનથી થાય છે, તેમ (દેવ–નારકીને) ઉપશમ વગેરે પણ છે. આ જ કારણથી બાદરપણાથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય સુધીનું મોક્ષનું અંગપણું તે તે સ્થળે પ્રસિદ્ધ છે, પણ તે બાદરપણા વગેરેમાં ક્ષયોપશમ વગેરે આંતરિક મુખ્ય કારણ છે.

અહીં એટલે દેવતા અને નારકીને અવધિજ્ઞાનમાં ભવ મુખ્ય કારણ છે તેથી તે બેને ભવ–પ્રત્યય અવધિજ્ઞાન હોય છે, જો કે ભવ ચાર પ્રકારના છે.

અહીં આ રીતે સમજવું જે સમ્યગ્દર્શન વગેરેમાં બાદર ત્રસ આદિની સ્થિતિ આદિનું વિચિત્રપણું હોવાથી સમ્યગ્દર્શનનું થવું ને થવું હોવા છતાં સમ્યક્ત્વ આદિનું વિચિત્રપણું નથી, દેવ–નારકીના ભવમાં તો નિયત અવધિજ્ઞાન છે, અને તેની સ્થિતિ આદિના વિચિત્રપણાથી (તફાવતથી) જરૂર તફાવત છે. એ કારણથી (દેવોના અવધિજ્ઞાનમાં) ભવ એ મુખ્ય કારણ છે, એ હેતુથી દેવ, નારકીને અવધિજ્ઞાનનું ભવ–પ્રત્યયપણું જણાવ્યું.

આ રીતે મુખ્ય હેતુ જે ભવ્ય છે તેનો 'ભવ–પ્રત્યયિક' એવો જે શબ્દ પ્રયોગ કર્યો તે જ યવાંકુર આદિની માફક સિદ્ધ જ છે. તત્ત્વથી બન્ને બન્નેનાં કારણ છે.

**પ્રશ્ન ૩૮**–નિશ્ચય નય કાલનું દ્રવ્યપણું અંગીકાર કરતો નથી તો છ દ્રવ્યો શી રીતે ઘટશે ?

ઉત્તર–વર્તના વગેરે સમયરૂપ ઉપકારક કાળની અપેક્ષાએ દ્રવ્યનું છપણું જ છે, પણ સ્થિતિ આદિકને માટે પણ દ્રવ્ય જ જે માસ આદિ, આવલિકા આદિરૂપ કાળ છે, તે કાળ જીવાજીવમય સૂર્યના બિંબના તે તો આકાશના સંબંધ રૂપ કાલથી જુદો નથી; આ જ અપેક્ષાથી '**जीवच्चेव अजीवच्चेव**' ઇત્યાદિ '**उच्यते**' એમ કહેલું છે. ગતિ આદિમાં મદદ કરનાર ધર્માસ્તિકાય આદિની માફક વર્તના આદિકને મદદ કરનાર કાલનો તો (દ્રવ્ય તરીકે માનવામાં) કોઈપણ અપલાપનો પ્રસંગ નથી.

**પ્રશ્ન ૩૯**–શ્રી જિનેશ્વર ભગવાનોના અવધિજ્ઞાનનું મધ્યવર્તીપણું છે. તેથી એમણે સર્વ દિશા સંબંધી દેખવું હોય છે તો એમને સ્પર્ધકાવધિ હોય કે નહિ ?

ઉત્તર–દેવ ભવસંબંધી અપ્રતિપાતી અવધિ હોવાથી (તીર્થંકરોને સ્પર્ધક અવધિ હોય છે, પણ તેમાં તીવ્ર, મંદ વગેરે

સ્પર્ધકનો અસંભવ હોય છે, અને તેથી કરીને શ્રી જિનેશ્વર દેવોને અપ્રતિપાતી કે વર્ધમાન પણ પણ અવધિ હોય છે. શ્રી વીર ભગવાનને લોકાવધિ (આવ૦ ટી૦ હારિ૦ પૃ૦ ૨૦૮) ઉત્પન્ન થયેલ જ છે.

**પ્રશ્ન ૪૦**–મતિજ્ઞાન વગેરે વિશુદ્ધિક્રમથી લભ્ય છે. એમ સ્વીકાર્યા છતાં પ્રાપ્તિ ક્રમ કેમ જણાવતા નથી? તેમજ વિશુદ્ધિ તારતમ્યના કેમ જણાવતા નથી?, કારણ કે તેવા પ્રકારની ધારણા રહિત એવા જીવને શ્રુતનું ગ્રહણ અતિશયવાળું જોવામાં આવે છે. વળી તેવા પ્રકારના શ્રુતથી રહિત છતાં રોહક વગેરેને મતિજ્ઞાનનો અતિશય કહેવાય છે, અને તેવા પ્રકારના મતિ, શ્રુતથી રહિત એવા જીવોને અવધિજ્ઞાન થાય છે. અવધિજ્ઞાનરહિત એવા જીવને પણ મનઃપર્યવજ્ઞાન છે.

**ઉત્તર**–વિશુદ્ધિના નિમિત્તભૂત અધ્યવસાયોનું વિચિત્રપણું તો પ્રસિદ્ધ જ છે!

**પ્રશ્ન ૪૧**–દ્વાદશાંગી શ્રુત ક્ષયોપશમ ભાવમાં કેમ કહેવાય છે? કારણકે તે દ્વાદશાંગી શ્રુત કેવલજ્ઞાનથી જોયેલા પદાર્થોના કથનરૂપ છે, અને કેવલજ્ઞાન એ તો ક્ષાયિક ભાવ છે, અને તે કેવલજ્ઞાનના વિશ્વાસથી ભગવાને નિરૂપણ કર્યું છે, અને તેથીજ ગૌતમ આદિ ગણધરોએ તે માન્યું છે.

**ઉત્તર**–જે દ્વાદશાંગી શ્રુત છે, તે કેવળજ્ઞાનથી જોએલા પદાર્થના કથનરૂપ જ છે. આથી જે કેવલજ્ઞાનથી સર્વ પદાર્થને જાણીને તેમાં જે પ્રજ્ઞાપનીય પદાર્થો છે, તે પદાર્થોને તીર્થંકર ભગવાન કહે છે. તેથી તેમના વચનયોગથી કહેવાયેલા પદાર્થો જગતને વિષે ક્ષાયોપશયિક એવા શ્રુતજ્ઞાનથી શક્તિમાન થવાય છે. એ માટે એમણે કહેલા પદાર્થોનો બોધ શ્રોતાઓને ક્ષયોપશય થયે છતે જ થાય છે. એ કારણથી ક્ષાયોપશમિક ભાવમાં દ્વાદશાંગી શ્રુત જાણવું.

ભગવાને પ્રરૂપેલાથી બીજા પદાર્થો તો માત્ર કેવળ-જ્ઞાનના જ વિષય છે, માટે તે ક્ષાયિક કેવલજ્ઞાનનો જ વિષય છે. તેથી '**वइजोग सुयं० केवलं सेसं०**' એ વચન દ્વાદશાંગનું પ્રકરણ હોવાથી 'વચનયોગ એ જ શ્રુત' એ અર્થ અસંગત નથી. એથી એ નક્કી થયું કે-દ્વાદશાંગથી વાચ્ય અર્થનો સમુદાય, આગમ અને આજ્ઞાથી ગ્રહણ કરાય છે. બાકીનો જે કેવળરૂપ આગમથી જાણવા યોગ્ય જ છે. શ્રદ્ધાનુસારીઓને આગમગમ્ય પણ જીવાદિ પદાર્થો જો શ્રોતાને અનુમાનગમ્ય થતા હોય તો પ્રથમ અનુમાનથી અને પછી આજ્ઞાથી અવધારણ (નિશ્ચય) કરાવવા. તેવા પ્રકારની પ્રરૂપણા કરનારને પ્રજ્ઞપ્તિપદની આરાધના થાય છે. નહિ તો આરાધના થતી નથી (પણ વિરાધના થાય છે.)

આ જ કારણથી વ્યાખ્યાનમાં નિપુણો કહેવા યોગ્ય અર્થોને અનુમાનાદિકમથી દૃઢ કરીને પછી

(૧) સૂત્રાનુગમમાં સૂત્રનું વ્યાખ્યાન કરે છે.

(૨) આ જ કારણથી અનુયોગદ્વારોમાં અનુગમની પહેલાં ઉપક્રમ અને નિક્ષેપ અને

(૩) નિર્યુક્તિ અનુગમમાં સૂત્રસ્પર્શી નિર્યુક્તિની પહેલાં જ ઉપોદ્ઘાત નિર્યુક્તિ જણાવે છે.

(૪) તેમજ જીવગુણજ્ઞાન-પ્રમાણ દ્વારમાં પણ લૌકિક દૃષ્ટિથી પણ છેવટે જ આગમ પ્રમાણનું કથન છે. સિદ્ધસેનદિવાકરજી મહારાજ તો સમ્યગ્દર્શન આદિથી સાધ્ય એવા મોક્ષાદિક પદાર્થોને હેતુવાદમાં અને ભવ્ય-અભવ્ય વગેરે સ્વાભાવિક પદાર્થોને અહેતુવાદમાં લઈ જઈને વાચ્ય અર્થના બે પ્રકાર કહે છે, અને બધું પણ દ્વાદશાંગ પ્રજ્ઞાપનીય અર્થમય છે. બાકી કેવળગમ્ય છે.

પ્રશ્ન ૪૨-કેવળજ્ઞાનનું તે જ કેવળપણું છે કે-તે કેવળજ્ઞાન કોઈ (જ્ઞાન)ની સાથે સહચારી નથી, કારણ કે મનઃ-પર્યવ કે અવધિ એ મતિ શ્રુત વિના હોતાં નથી, અને મતિ, શ્રુત એ પણ

માંહોમાંહે એક બીજા વિના હોતાં નથી. માત્ર કેવળજ્ઞાન જ બીજા જ્ઞાનની સાથે અસહચર છે. તેથી જ 'કેવળજ્ઞાન' એમ શબ્દ કહેવાય છે.

પરમાવધિ, ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વ અને વિપુલમતિ મનઃપર્યવમાં અપેક્ષાએ સમસ્તપણું, શુદ્ધપણું અને અસહાયપણું હોય છે. એ પ્રકારે કેવળજ્ઞાની ભગવંતોને મતિ વગેરે જ્ઞાનોનો અભાવ છે, એમ સિદ્ધ થયું.

મતિ શ્રુત એ બે વગેરે જ્ઞાનો કેવળજ્ઞાન પહેલાં અવશ્ય હોય છે, તો પછી તે મતિ આદિ જ્ઞાનોનો અભાવ શાથી? તે તે આવરણો તો પહેલાં ક્ષયોપશમપણાને પામેલાં હોય છે અને હવે કેવળ જ્ઞાન થયે છતે ક્ષયપણાને પામેલાં છે, તેથી આવરણ રહિત એવા મતિ આદિનું કેવળજ્ઞાની ભગવંતને જરૂર સદ્ભાવ (વિદ્યમાનતા) પ્રાપ્ત થશે?

ઉત્તર–જીવ એક સ્વભાવવાળો જ છે અને તે ચેતના સ્વરૂપ છે. તે ચેતના–કેવળજ્ઞાન પહેલાં જેમ વાદળાથી ચંદ્રની જ્યોત્સના અવરાયલી છે, તેમ કેવળજ્ઞાનાવરણીય કર્મથી બધી બાજુથી અવરાયેલી હતી. પૂર્ણિમાની રાત્રિએ વાદળાં સહિત જે ચંદ્રની પ્રભા જેમ કટાદિ આવરણથી અવરાય છે, તેમ કેવળજ્ઞાનાવરણીય કર્મથી અવરાયેલું એવું જે કેવળજ્ઞાન, તે મનઃપર્યવ આદિ જ્ઞાનાવરણીય કર્મથી અવરાય છે, અને કટ આદિ આવરણ ગયા પછી જેમ ચંદ્રની પ્રભા પ્રગટ થાય છે, તેમ મનપર્યવ આદિ આવરણ ગયા પછી તે તે ચેતનાનો અંશ પ્રગટ થાય છે. પરંતુ વાદળાં સહિત કટ આદિનું આવરણ ગયા પછી પૂર્ણિમાનો ચંદ્રમા જેમ પ્રગટ થાય તેમ મનઃપર્યવ આદિ આવરણ ગયા પછી શુદ્ધ ચેતના પ્રગટ થાય છે. માટે તે તે આવરણ ગયે છતે કેવળજ્ઞાન એક જ કેમ ન શોભે? અર્થાત્ એક જ શોભે.

પ્રશ્ન ૪૩–સમ્યક્ત્વમાં જ નિસર્ગ અને અધિગમ આ બંને

હેતુપણે માનવામાં આવ્યા છે; પરંતુ જ્ઞાન અને ચારિત્રમાં આ બે હેતુ માનવામાં આવ્યા નથી. તેનું કારણ શું ?

ઉત્તર-સમ્યક્ત્વ માટેના નિસર્ગ અને અધિગમ એ વચનથી આ મર્યાદા જણાવાય છે કે જે લોકોત્તર શ્રુતજ્ઞાન છે તે અધિગમ વિના થતું નથી. તેમજ દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્ર પણ અધિગમ વિના થતાં નથી. સ્વયંબુદ્ધપણામાં અને પ્રત્યેકબુદ્ધપણામાં તે ભવને વિષે શ્રુતજ્ઞાન અને ચારિત્ર સ્વયં-નૈસર્ગિક હોય. કેવળજ્ઞાનની પહેલાં અષ્ટ પ્રવચન-માતાનું જ્ઞાન હોવાનો નિયમ છે, આ જ કારણથી જ તે જ્ઞાન અર્થરૂપ છે. એ હેતુથી શ્રુતજ્ઞાનનું ઉદ્દેશાદિ ક્રમથી પ્રાપ્યપણું છે, આ જ હેતુથી મરુદેવામાતા વગેરેને કેવળજ્ઞાનની પહેલાં અર્થરૂપ જ શુકલધ્યાન સ્વીકાર્યું છે. ૪૩

પ્રશ્ન ૪૪-કાલિક શ્રુત નય રહિત છે તેથી એમાં (કાલિક શ્રુતમાં) નય ઉતારતા નથી, (आ० नि० गा० ७६२) 'વળી 'નયવિશારદ વકતા શ્રોતાને આશ્રી નયોને કહે' તેમજ પ્રાયે કરીને 'ત્રણ નયોથી અધિકાર છે,' એમ જે કહેવાય છે તે કયા નયદ્વારને આશ્રીને કહેવાય છે ? કારણ કે-"લોકોત્તર શાસ્ત્રીય ઉપક્રમમાં પ્રમાણદ્વારને વિષે નય સંખ્યા નામનું દ્વાર છે, વળી ઉપોદ્ઘાતનિર્યુક્તિમાં 'णय समोयारणाणुमए' એ સ્થળે પણ નયદ્વાર છે એમ કહેવાય છે. આવી રીતે જે નયના દ્વારો કહ્યાં છે, તે ત્રણ સ્થાનવર્તી નયદ્વારોનો કયો કયો તફાવત છે ?

ઉત્તર-જ્યાં સૂત્રે સૂત્રે વિસ્તારથી ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ કહેવાય છે (વિ. આ. ૨૮૧), તે સ્થળે દરેક વસ્તુમાં વિસ્તારથી તમામ નયનો સમવતાર ગુરુવર્યો કહે છે. અને પૃથક્ત્વમાં ભજના છે એટલે અનિયમ છે" (વિ૦ આ૦ ૨૨૮૨). એ પ્રમાણે ભાષ્યકારનું વચન હોવાથી સ્પષ્ટ સમજાય છે કે (૧) ઉપક્રમદ્વારમાં નયસંખ્યા અને પ્રમાણદ્વાર એ બંને સાધન પણે મનાયેલાં છે. (૨) ઉપોદ્ઘાતનિર્યુક્તિમાં લક્ષણને

ઉદ્દેશીને દ્રવ્યાર્થિંકાદિ નય નિરૂપણુ અવતારનું સંમતપણું છે, અને (૩) અનુયોગના ચોથા ભેદરૂપ જે નયદ્વાર છે, તેમાં ઉપસંહાર્ય અર્થની જ્ઞાન અને ક્રિયા નયથી વિચારણા કરવામાં કોઈ પણ જાતનો નિષેધ નથી અને આચરણાને વિરોધ આવે તેવો બાધ નથી.

પરંતુ દરેક સૂત્રમાં ચાર અનુયોગ કરીને ત્યાં દરેક અનુયોગમાં દરેક પદાર્થોમાં જે નય ઉતારવાનો પ્રયત્ન છે તે પ્રયત્ન જ પૃથકત્વ અનુયોગમાં એક અનુયોગના દરેક પદને આશ્રીને નિષેધવામાં આવેલ છે. (૨) એ પ્રમાણે સાત નયની અપેક્ષાએ સાતસો ભેદનો 'સમભિરૂઢ અને એવંભૂત આ બે નયો તો શબ્દ નયની અંદર અંતર્ભાવ હોતે છતે પાંચ નયની અપેક્ષાએ' થતા પાંચસો ભેદ એ વગેરે આદેશેલા સેંકડો ભેદો વડે અધિકાર નથી, પરંતુ મૂળ જે નૈગમ વગેરે સાત નયો છે, તેનાથી તો હાલમાં પણ અધિકાર છે.

આ જ કારણથી 'જૈન મતમાં સૂત્ર કે અર્થ કંઇ પણ નય વગરનું નથી' આવું વચન છે. 'પ્રાયે કરીને ત્રણ નય કરીને અધિકાર છે' એમ જે કહેવાય છે, ત્યાં (૧) શુદ્ધ દ્રવ્યાસ્તિક સંગ્રહ–નય, (૨) શુદ્ધ પર્યાયાસ્તિક એવંભૂત અને (૩) બાકી બધા જે નયો કોઈ પણ કારે દ્રવ્યાસ્તિક–પર્યાયાસ્તિક ઉભયરૂપ છે. આવી રીતે ત્રણ નયે કરીને અધિકાર છે. એ અપેક્ષાએ મૂળ નયનો અનધિકાર છે.

**પ્રશ્ન ૫૪**–(ઉપોદ્ઘાતનિર્યુક્તિમાં) લક્ષણદ્વારમાં ભાવના ભેદમાં જે સ્વરૂપ નક્કી કર્યું છે તેને છોડી (૧) સામાયિક, સંયમ વગેરે (૨) દ્રવ્યાસ્તિક વગેરે નયના સમવતાર અનુમતદ્વારમાં કેમ વિચારાય છે?

**ઉત્તર**–જે શ્રદ્ધાન વગેરે ભાવ લક્ષણ કહેલું છે, તે વ્યંજન, અર્થ અને ઉભય અર્થની અપેક્ષાએ છે, નયાદિરૂપ નથી, પરંતુ વસ્તુનું સ્વરૂપ જણાવે છે, માટે નયરૂપ જ છે. આથી જ નયમાં નયાવતાર નથી. એ પ્રમાણેના લક્ષણમાં નય વગેરે નથી, પરંતુ સામાયિકના અભિધાન આદિમાં છે.

# છૂટક માર્મિક પ્રશ્નોત્તર

[પૂ૦ સ્વ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ અખંડ શ્રુત ભક્તિબળે આગમિક સૂક્ષ્મ પદાર્થોનું પણ ખૂબ સરસ ચિંતન કરી યોગ્ય ઉકેલ શોધી કાઢી બાળજીવો-મધ્યમ જીવોની શ્રદ્ધા-ભક્તિને પરિપુષ્ટ કરી છે.

તેના કેટલાક પ્રશ્નોત્તરોના પ્રાયઃ પૂ૦ આગમોદ્ધારકશ્રીના જ હાથના લખેલ કેટલાક જુના કાગળો પૂ૦ ધર્મસ્નેહી **ગણિવર્યશ્રી કંચનસાગરજી મ૦** પાસેથી મળ્યા, તે સંસ્કૃત પ્રશ્નોનો ગુજરાતી અનુવાદ અહીં આપવામાં આવે છે. **સં.** ]

**૧. શંકા**-પૌષધવાળા રથમાં શી રીતે બેસે ?

**સમાધાન**-આ પૌષધ જેવો હાલ લેવાય છે તેવો વિરતિરૂપ નહીં પણ દેવની આરાધનાના અભિગ્રહરૂપે ત્રણ ઉપવાસરૂપ (આહાર પૌષધ) જાણવો, તેને તો રથમાં બેસવા સાથે કંઈ વિરોધ નથી.

કદાચ એમ શંકા થાય કે ત્રણ ઉપવાસ પૂરા થયા પછી રથમાં બેસીને દેવની સન્મુખ જાય છે તો તે વખતે **પૌષધ** કેમ કહેવાય ? તો એનો ખુલાસો એમ હોઈ શકે કે-જે ઉદ્દેશથી અઠ્ઠમ કર્યો છે તે પૂર્ણ ન થાય ત્યાં સુધી તે અઠ્ઠમ ચાલુ કહેવાય એટલે પારણું ન કર્યું હોય ત્યાં સુધી આહાર પૌષધ કહી શકાય. જો કે શ્રી ઋષભદેવ પ્રભુના ચરિત્રમાં તો એમ કહ્યું છે કે- "પૌષધ પછી રાજાએ રથમાં બેસીને બીજા વરૂણદેવની માફક સમુદ્રમાં પ્રવેશ કર્યો."

એટલે આવી શંકાને અવકાશ જ નથી રહેતો.

**૨. શંકા**-વૈતાઢ્ય પર્વતની તમિસ્રા અને ખંડ પ્રપાતા ગુફામાં જે બે નદીઓ વિચિત્ર સ્વભાવની છે કે જેમાં ઘાસ પણ ડૂબી

જાય અને પત્થર પણ તરે, આ વાત ક્ષેત્ર સ્વભાવજન્ય છે કે પાણીનો તેવો વિચિત્ર સ્વભાવ છે?

**સમાધાન**–ક્ષેત્ર સ્વભાવ જ આમાં મુખ્ય જણાય છે. પાણીનો સ્વભાવ જો હોય તો એ નદી જ્યારે વૈતાઢ્ય પર્વતની બહાર સિંધુ નદીમાં મળે છે, ત્યાં પણ તેનો સ્વભાવ તેવો જ રહેવો જોઈએ એમ થતાં સિંધુના પાણીમાં ત્રણ સ્વભાવ થાય–પણ થતું નથી.

કદાચ સિંધુ નદીના પાણીની વિશાળતાથી આ બંને નદીઓનો સ્વભાવ દબાઈ જાય એમ વિવક્ષા કરીએ તો કદાચ પાણીનો પણ આવો વિચિત્ર સ્વભાવ છે એમ માની શકાય.

**૩. શંકા**–શાસ્ત્રોમાં **वरवरिकेणं** શબ્દ આવે છે તેનું શું રહસ્ય?

**સમાધાન**–**वृणुहि**=માંગો એ શબ્દ જ્યાં નથી એટલે જ્યાં ભીખ માંગવાપણું નથી તેને આગમિક પરિભાષાથી **भवरवरिका** કહેવાય છે.

**૪. શંકા**–શાસ્ત્રોમાં ઘોડાઓના વર્ણનમાં **क्षमा** પદ આવે છે તેનો શો ભાવ?

**સમાધાન**–નીચેના સાત દુર્ગુણો જેમાં ન હોય તે ઘોડા ક્ષમ કહેવાય.

| | |
|---|---|
| ૧ ગુસ્સો | ૪ ઠોકર ખાવી |
| ૨ ચિત્તભ્રમ | ૫ લગામને આધીન ન રહેવું |
| | ૬ સીધું ન ચાલવું |
| ૩ વારંવાર હણહણવું | ૭ ડરપોકપણું |

**૫. શંકા**–શ્રી કલ્પસૂત્રાદિમાં ભૂતિકર્મ શબ્દ આવે છે તે શું છે?

**સમાધાન**–ભૂતિ=જેના વડે કુદૃષ્ટિ=ખોટી નજર ખાલુઓનો પ્રકોપ આદિ દોષોથી રહિત શરીર બને તે ચંદન વગેરેની ઉત્તમ મંત્રિત ભસ્મ.

તેને બાહુ-કપાળ-છાતી વગેરેમાં તિલકાદિ રૂપે ધારણ કરી શરીરની રક્ષાનું કાર્ય ભૂતિકર્મ કહેવાય.

૬. શંકા-જીત એટલે શું ?

સમાધાન-જીત એટલે પોતપોતાના (ગુણસ્થાનકાનુસારી) ધર્મને અનુકૂળ જે સારી પ્રવૃત્તિ.

આ ઉપરથી "ચોરો કહે કે અમારા બાપદાદાથી ચાલ્યો આવતો બાપનો ચોરીનો ધંધો અમારો જીત છે" એ વાત બરાબર નથી એમ જાણવું.

કેમકે ચોરી આદિનો અનાચાર છે, જીત શબ્દ તો આચાર માટે છે, તેથી સદાચારની પ્રવૃત્તિ જ જીત શબ્દથી વ્યવસ્થિત કરી શકાય.

તા. ક—પ્રશ્નોત્તરો તો આ પત્ર સંગ્રહમાં ઘણા હતા, પણ બીજા ખૂબ ગહન અને સૂક્ષ્મ બુદ્ધિગમ્ય હોઈ સર્વસાધારણ ઉપયોગી કેટલાક પ્રશ્નોત્તરો જ અહીં રજુ કર્યા છે.

#卐 તાત્ત્વિક વિચારણા 卐

પરમપૂજ્ય પ્રૌઢ પ્રતિભાશાળી-શાસનસંરક્ષક
આગમતત્ત્વનિષ્ણાત–ધ્યાનસ્થ સ્વર્ગત
આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ
શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર ઉપર કરેલ (?) સુંદર ટિપ્પણરૂપ

## 'तात्त्विकविमर्श'

ગ્રંથનો સરળ અનુવાદ

( વર્ષ ૩ અંક ૪ (પૃ. ૨૬) થી ચાલુ )

[પરમ પૂજ્ય, ગીતાર્થ સાર્વભૌમ, ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ બાળજીવોના હિતાર્થે અનેક નાની–મોટી કૃતિઓ રચી છે. તેમાં શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર આદિ સૈદ્ધાંતિક ગ્રંથોમાંના કેટલાક ગૂઢ માર્મિક સ્થલોના રહસ્ય સમજાવનાર છૂટક પ્રશ્નોત્તરોનો સંગ્રહ **तात्त्विक विमर्श** નામે **आगमोद्धारकृतिसन्दोह** (ભા. ૧.) ના પ્રારંભમાં જ પ્રથમ કૃતિ તરીકે છપાયેલ છે.

જેમાં અનેક ગૂંચભરી બાબતોના ઝીણવટભર્યા ખુલાસા શાસ્ત્રાનુસારી સૂક્ષ્મ પ્રતિભાબળે સુસંગત રીતે પૂ. આગમોશ્રીએ કર્યા છે.

આ કૃતિના પ્રારંભે ગંભીર તત્ત્વદર્શી, આગમોના સૂક્ષ્મ અભ્યાસી, ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારકશ્રીએ પ્રૌઢ પ્રતિભાબળે દશપૂર્વધર પૂ. આ. શ્રી ઉમાસ્વાતિજી મ. રચિત શ્રી તત્ત્વાર્થ સૂત્રના કેટલાક ગૂઢ પદોના રહસ્યને દર્શાવનાર ટિપ્પણરૂપે લખ્યું છે.

જેનો ત્રીજો હપ્તો અહીં રજુ કરાય છે. ગમે તે કારણે મુદ્રિત "આગમો૦ કૃતિ સંગ્રહ" માં શ્રીતત્ત્વવિમર્શ કૃતિમાં ટિપ્પણનો ક્રમ જળવાયો નથી. મુદ્રિત ગ્રંથને આધારભૂત રાખી ક્રમથી પણ અહીં રજુઆત કરી છે. સં]

तत्वार्थाधिगमाख्यमिति भाष्यकारोक्तेस्तत्वार्थेति शास्त्र-नाम, अकलङ्क-विद्यानन्द-देवनन्द्याद्यो ऽप्येतोमेवाभिधामुररीचक्रुस्तत्वार्थराजवार्त्तिकादिषु । कारिकाभिर्भाष्यकृद्भिरुपक्रान्तत्वादेव च नात्र 'अथातो ब्रह्मजिज्ञासे' त्यादिवदुपक्रमसूत्रं ।

मोक्ष मार्गोपदेशस्यैव हितोपदेशकत्वेन साधितत्वान्नात्र 'मोक्षस्य' स्वरूपादिख्यानायासः कृतकृत्यस्य, मोक्षमार्गोपदेशेनैवोत्तमोत्तमत्वमिति बहुशः प्रतिपादितं कारिकासु ।

શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર એ નામના રહસ્યની વિચારણા રૂપ આ ટિપ્પણ લાગે છે. શ્રીયુત ભાષ્યકારે तत्त्वार्थाधिगमाख्यं (का.) શબ્દોથી સંબંધકારિકામાં સ્વમુખેજ ગ્રંથના નામનો ઉલ્લેખ કર્યો છે, તેથી ટુંકાક્ષરી પદ્ધતિએ લોકજીભે આ મહાગ્રંથનું 'શ્રી તત્ત્વાર્થસૂત્ર' જેવું નામ રૂઢ થયું હોય એ સંભવિત છે.

આ ગ્રંથ ઉપર શ્રી અકલંકાચાર્ય, શ્રી વિદ્યાનન્દસ્વામી, શ્રી દેવનંદી આદિ દિગંબર આચાર્યોએ શ્રી તત્ત્વાર્થશ્લોકવાર્તિક આદિ ટીકાઓ લખી છે. તેમાં તેઓએ પણ આજ નામ 'શ્રી તત્ત્વાર્થ સૂત્ર' સ્વીકાર્યું છે.

વળી મહર્ષિ દેવ વ્યાસ કૃત બ્રહ્મસૂત્રમાં જેમ "अथोऽतो ब्रह्मजिज्ञासा" સૂત્રની રજુઆત કરી મહત્વના આધ્યાત્મિક વિષયના ઉપક્રમ રુપે કરી છે, તેમ અહીં આ ઉમાસ્વાતિજી મ. શ્રી એ સ્વોપજ્ઞ ભાષ્યની રચના કરી છે, તેમાં શરૂઆતની કારિકામાં શ્રી તત્ત્વાર્થસૂત્રના વિષયનું સુંદર વર્ણન કરેલ ને તેથી ગ્રંથના પ્રારંભે ઉપક્રમાત્મક બીજા કોઈ સૂત્રની રચના જરૂરી ન લાગવાથી સીધું "सम्यग्यदर्शनज्ञानचारित्राणिः मोक्ष मार्गः" સૂત્ર રચ્યું છે.

તથા સંબંધ કારિકામાં મોક્ષ માર્ગનો ઉપદેશ એ જ જગતના જીવોને એકાન્ત કલ્યાણકર છે. એ વાત નક્કી કરેલ હોઈ મોક્ષના સ્વરૂપ-માહિતી આદિ માટે પણ ગ્રંથકારે પ્રયત્ન નથી કર્યો અને છ પ્રકારના પુરુષોમાં સર્વોચ્ચ કક્ષાના મહાપુરુષો સ્વયં કૃતકૃત્ય

છતાં મોક્ષમાર્ગના ઉપદેશથી જ પોતાની ઉત્તમોત્તમતા સફળ કરે છે. તેથી મોક્ષ માર્ગનું નિરૂપણ શરૂ કર્યું છે.

**किञ्च–यथा मार्गे पूर्वपूर्वस्थानप्राप्तिः उत्तरोत्तरस्थानावाप्तेर्हेतु-र्भवति, तथात्रापि अपुनर्बन्धकादिषु समस्तीति मार्गताऽव्याहता। आस्तिकाः सर्वेऽपि प्रतिपन्ना नानाभिधाभिरपि मोक्षं यतस्ततो न मोक्षस्य साध्यतासाधनं, मोक्षस्य प्रयत्नप्राप्य स्वीकाराच्च न तस्य मार्गसिद्धक्रिया, हेतवो मोक्षस्य गुप्त्यादयः स्युः, परं शुद्धिरूपस्या-त्मधर्मस्य मुक्तत्वपरिणामान् मार्ग इति ॥**

વળી વ્યવહારમાં જેમ મુસાફરીના માર્ગમાં પૂર્વસ્થાન પ્રાપ્તિ આગલા સ્થાનની પ્રાપ્તિનું કારણ હોય છે, અથવા નિસરણીના પગથીયામાં પૂર્વ–પૂર્વના પગથીયા આગલા પગથીયા પર જવામાં જેમ કારણભૂત છે તે રીતે અહીં પણ અપુનર્બંધક, ચરમાવર્ત માર્ગા-ભિમુખ, માર્ગપતિત, માર્ગાનુસારી, યથા ભદ્રક મિથ્યાદષ્ટિ, ગ્રંથિભેદ સમ્યક્ત્વ, વિરતિ, સર્વવિરતિ, અપ્રમત્તપણું, ક્ષપકશ્રેણિ આદિમાં પૂર્વ પૂર્વ સ્થાનોની પ્રાપ્તિ ઉત્તરોત્તરના સ્થાનો પ્રાપ્ત કરાવે છે, તેથી આ સઘળા પદાર્થો મોક્ષ માર્ગ રૂપ કહેવાય છે.

તથા જગતના બધા આસ્તિક દર્શનો જુદા જુદા નામથી મોક્ષને માને જ છે, તેથી અહીં મોક્ષની સિદ્ધિ માટે પણ પ્રયત્ન નથી કર્યો, તેમ કરવામાં સિદ્ધ સાધન દોષનો સંભવ ખરો ! તેમજ મોક્ષ પ્રયત્નથી જ પ્રાપ્ત થાય છે, એ વાત પણ બધા આસ્તિક દર્શનોએ સ્વીકારી છે, પરંતુ કયો પ્રયત્ન યોગ્ય રીતે મોક્ષને સાધક નિવડે ? તે માટે માર્ગનું નિરૂપણ જરૂરી છે.

મોક્ષના કારણ જો કે ગુપ્તિ આદિ છે. પણ આત્મશુદ્ધિ એ મુક્તાવસ્થાનું ખરું સ્વરૂપ હોઈ તે રૂપને પ્રાપ્ત કરવા માર્ગનું નિરૂપણ છે.

**दृश्यमानबीजवत् कर्माप्यनादि कार्यकारणोभयरूपं, अग्न्या-दिभिर्बीजस्य रोहणशक्तेरिवार्हत्पुरुषकारेण कर्मणोऽन्यकर्महेतुत्वा-भावः ॥**

ચાલુ દેખાતા બીજની માફક કર્મ પણ અનાદિ છે, કાર્ય

કાર્યની શૃંખલા રૂપે બીજ બંને રૂપે છે, બીજ કોઈનું કાર્ય પણ છે. પરંતુ અગ્નિઆદિની જેમ બીજની ઉગવાની શક્તિ નષ્ટ થઈ જાય છે, તેમ યોગ્ય પુરુષાર્થથી કર્મમાંથી બીજા કર્મ ઉપજાવવાની શક્તિ નષ્ટ થઇ શકે છે, તેમ થતાં અનાદિકાલીન પણ કર્મ નિઃશેષ થઈ જાય છે.

'सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्र' मिति भाष्ये ज्ञान-चारित्रयोः सम्यगुपपदता स्वभावदर्शनार्थं, नत्वभिधानार्थं, तत एव मत्यादिसूत्रे 'ज्ञान' मिति सामायिकादिसूत्रे च 'चारित्र'मिति सामान्येनोक्तं ।

આ ટિપ્પણ પ્રથમ સૂત્રના સ્વોપજ્ઞ ભાષ્ય ઉપરનું લાગે છે.

ભાષ્યમાં સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્ર એમ ત્રણ પદાર્થોના જુદા જુદા નિર્દેશમાં સમ્યગદર્શન પદ તો રૂઢિ પ્રસિદ્ધ છે જ, પરંતુ જ્ઞાન-ચારિત્રમાં જે સમ્યગ્ પદ મૂકયું છે, તે નામ તરીકે નથી, પણ સ્વભાવ બતાવવા માટે છે, સમ્યગદર્શન પછીનું જે જ્ઞાન કે ચારિત્ર તે સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર કહેવાય.

તેથી જ આગળના સૂત્રોમાં મતિ આદિ પાંચ ભેદો દર્શાવતી વખતે એકલા જ્ઞાન પદનો જ પ્રયોગ છે, અને સામાયિક આદિ ભેદો દર્શાવતાં એકલા ચારિત્ર પદનો જ પ્રયોગ છે.

એટલે પ્રથમ સૂત્રમાં જ્ઞાન-ચારિત્રનો અમુક નિયત સ્વભાવ જણાવી દીધો, તે બધે સમજી લેવો.

समुदितानां त्रयाणां मोक्षमार्गत्वाङ्गीकारायैकवचनं, सम्यग्दर्शनिनां चाव्यभिचारितया, ज्ञानं सम्यग्ज्ञानमेव चारित्रं च सम्यक्चारित्रमेवेति ।

સમ્યગદર્શનાદિ ત્રણે મળીને જ મોક્ષના માર્ગ બને છે. તે જણાવવા એક વચનનો પ્રયોગ કરેલ છે.

વળી સમ્યગ્દર્શન પછી જે જ્ઞાન આવે તે સમ્યગ્જ્ઞાન જ હોય, તથા ચારિત્ર પણ સમ્યગ્ ચારિત્ર જ, તેથી જ્ઞાન-ચારિત્રમાં સમ્યગ્નો પ્રયોગ નથી કર્યો.

'इत्येष त्रिविध' इत्यत्र 'विधर्विधमूल्ययोः,' 'प्रकारे भाजवि-

ધિષ્વ' તિવચનાત્ ત્રિવિધસ્ત્રિહેતુક ઇત્યર્થઃ, એવં ચ પ્રત્યેકં માર્ગત્વં, આદ્યયોશ્ચરમસ્ય ભજનાનિયમાવપેક્ષ્યાન્યતરાભાવે ઇતિ ।

ભાષ્યકારે "સમ્યગ્દર્શનં સમ્યગ્જ્ઞાનં સમ્યક્ચારિત્રં ઇત્યેવ ત્રિવિધો માર્ગઃ" કહ્યું છે, ત્યાં ત્રિવિધઃ પદથી ત્રણ પ્રકારનો મોક્ષ માર્ગ એવો અર્થ ન સમજવો, પણ "વિધધિ-મૂલ્યયોઃ" તથા "પ્રકારે ભાન્નવિધિઃ" એ વ્યાકરણની પરિભાષાઓના આધારે વિધ શબ્દનો પ્રકાર અર્થ જેમ થાય છે, તેમ હેતુ અર્થ પણ થાય છે.

એટલે ત્રિવિધઃ નો અર્થ ત્રણ છે હેતુ જેના એવો મોક્ષ માર્ગ એ અર્થ જાણવો.

એથી સમ્યગ્દર્શનાદિ ત્રણેમાં આંશિક માર્ગત્વ પણ સંભવિત છે.

તેમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય તો ચારિત્રની ભજના છે. અને ચારિત્ર હોય તો સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્જ્ઞાન હોય તો સમ્યગ્દર્શનનો નિયમા સંભવ હોય જ, એ અપેક્ષાએ ત્રણેમાં માર્ગપણું સંભવે છે.

(૧૬) યાવચ્છ્રુતોપયોગમેવ મોક્ષહેતુકઘાતિકર્મનિર્જરણં, સતિ કેવલે ઘાતિકર્માભાવાન્ન તન્નિર્જરા, અઘાતીનિ તુ ભવોપગ્રાહિણીતિ વેદ્યાન્યેવ, તતો માર્ગઃ શ્રુતાત્મકે જ્ઞાને, સદ્ભાવસ્તુ કેવલદર્શનાનન્ત વીર્યાદીનામપિ ઇતિ ॥

પૂ. આગમોદ્ધારકશ્રીએ વ્યાવહારિક દૃષ્ટિકોણની પ્રધાનતાએ અહીં સાપેક્ષ રીતે શ્રુતજ્ઞાનને જ મોક્ષ માર્ગ તરીકે જણાવ્યો છે.

કેમકે શ્રુતજ્ઞાનના ઉપયોગથી મોક્ષના હેતુ રૂપે ઘાતીકર્મોની નિર્જરા થાય છે.

કેવળજ્ઞાન હોવા છતાં ઘાતીકર્મ ન હોવાથી નિર્જરા થતી નથી. અઘાતીકર્મ તો ભવોપગ્રાહી હોઈ ભોગવવાના જ હોય છે એટલે કેવળજ્ઞાન નિર્જરાનું કારણ નથી.

નિર્જરા એ મોક્ષનો પ્રધાન માર્ગ છે તેનું કારણ શ્રુતજ્ઞાન છે. તેથી શ્રુતજ્ઞાન એ વ્યાવહારિક રીતે માર્ગ છે. તે હોય ત્યારે સમ્યગ્દર્શન-સમ્યગ્ચારિત્રનો સદ્ભાવ હોય છે.

# આવશ્યકસૂત્ર અને તેની નિર્યુક્તિ

(વર્ષ ૩ પૃ૦ ૩ પા૦ ૭૯ થી ચાલુ)

[ પૂ૦ આગમોદ્ધારકશ્રી મ૦ની અતિસૂક્ષ્મ પ્રૌઢ પ્રતિભાથી ઘણા આગમિક તત્વો જિજ્ઞાસુઓને જાણવા મળ્યા છે, તેવો જ એક સુંદર નિબંધ **આવશ્યકસૂત્ર અને તેની નિર્યુક્તિને** લગતો અહીં પ્રકટ થાય છે.

જેને પૂર્વાર્ધ (વર્ષ ૨ અંક ૩માં) છપાઈ ગયેલ છે, બાકીનો અહીં પ્રકટ થાય છે. સં. ]

## દશવૈકાલિક આદિ કરતાં આવશ્યકની નિર્યુક્તિ પહેલી કેમ ?

આજ કારણથી ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીને જો કે શેષ દશવૈ-કાલિક વિગેરેની નિર્યુક્તિ કરવી હતી, તોપણ તેઓએ આવશ્યક-ની જ નિર્યુક્તિ પહેલી કરી, અર્થાત્ ઉત્તરાધ્યયન અને આચારાંગ જેવા મૂળસૂત્ર, અંગપ્રવિષ્ટસૂત્ર અને છેદસૂત્રની નિર્યુક્તિ રચવા પહેલાં આવશ્યકની નિર્યુક્તિ રચવાનું નક્કી કર્યું, અને ઉદ્દેશ, નિર્દેશ વિગેરે ઉપોદ્ઘાત નિર્યુક્તિના સર્વ દ્વારો મૂલ આવશ્યક નિર્યુક્તિમાંજ સવિસ્તર કહ્યાં, અને તેજ નિર્યુક્તિ બીજા સૂત્રોમાં પણ ગ્રહણ કરવા લાયક ગણીને **उवघाइयं च णाउं** વિગેરે આવ-શ્યકની ઉપોદ્ઘાત નિર્યુક્તિને દરેક સૂત્રની નિર્યુક્તિમાં પહેલાં જાણવા લાયક જણાવી, અર્થાત્ શ્રુતકેવલી ભગવાન્ ભદ્રબાહુસ્વામી-જીએ અભ્યાસની અપેક્ષાએ આદિમાં રહેલા આવશ્યકનીજ પહેલી નિર્યુક્તિ કરી અને તેમાં પણ સર્વ સૂત્રોની માફક આવશ્યકના પણ શેષ અધ્યયનોમાં **सेसेसुवि अज्झयणेसु होइ एसेव णिज्जुत्ती** એમ કહી ભાષ્યકાર મહારાજે સામાયિક-અધ્યયનની ઉપોદ્ઘાત-નિર્યુક્તિને શેષ ચતુર્વિંશતિ આદિ અધ્યયન અને દશવૈકાલિક

આદિ સૂત્રોમાં તે સામાયિકની ઉપોદ્ઘાતનિર્યુક્તિને પ્રથમ જાણવાની ભલામણ કરી.

## નિર્યુક્તિમાં બીજું મંગલ કેમ ?

અને આજ કારણથી ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ **આભિણિબોહિય ણાણં** વિગેરે કહી આવશ્યકસૂત્રને અંગે પાંચ જ્ઞાનના કથનરૂપ મંગલાચરણ કર્યા છતાં ઉપોદ્ઘાતનિર્યુક્તિની શરૂઆતમાં **તિત્થયરે ભગવંતે** વિગેરે પાઠથી ભગવાન્ મહાવીર મહારાજા, શેષ સર્વ તીર્થંકરો, ગણધર મહારાજા, તેમની પરંપરા, વાચકો અને તેમની પરંપરા અને પ્રવચનને નમસ્કાર કરી જુદું અને મોટું મંગલાચરણ કર્યું, તે એમ જણાવવા માટે કે આ સામાયિકની ઉપોદ્ઘાતનિર્યુક્તિ જો કે આવશ્યકનિર્યુક્તિના એક અંશ તરીકે છે, તોપણ તે એક જુદા શાસ્ત્ર જેવીજ છે. આ વાત ચૂર્ણિકાર અને ભગવાન્ હરિભદ્રસૂરિજી વિગેરે ટીકાકારોએ પણ ચોકખા શબ્દોમાં જણાવી છે, અને આજ કારણથી દશવૈકાલિક વિગેરે શાસ્ત્રોની નિર્યુક્તિઓમાં ઉદ્દેશાદિ દ્વારોનું મૂળ સ્વરૂપ કે તેનો સંપૂર્ણ અધિકાર ન લેતાં માત્ર તે તે સૂત્રોની વિશેષ હકીકતનેજ તે તે સૂત્રોની નિર્યુક્તિમાં ભગવાન્ નિર્યુક્તિકાર જણાવે છે.

## અંગોપાંગ સંયુક્ત નિર્યુક્તિનું સ્થાન આવશ્યક

વળી પ્રાચીનકાલના મહર્ષિઓએ સર્વ અંગોપાંગ સહિત જો કોઈ સૂત્રની પણ નિર્યુક્તિ કરી હોય અને વ્યાખ્યા કરી હોય તો તે માત્ર આ આવશ્યકની નિર્યુક્તિ અને વૃત્તિ છે.

## મોટા પ્રમાણના સાહિત્યનું સ્થાન

વળી અંગ અને ઉપાંગોની પૂર્વધર આચાર્ય મહારાજાઓએ ચૂર્ણિઓ રચી છે, પણ તે અંગ–ઉપાંગની ચૂર્ણિઓમાં મોટું પ્રમાણ જો કોઈપણ સૂત્રની ચૂર્ણિનું હોય તો તે કેવળ આ આવશ્યકની ચૂર્ણિનુંજ છે. અંગ અને ઉપાંગ ઉપર કોઈપણ આચાર્યે ભાષ્ય

કરેલું નથી, જ્યારે આ આવશ્યકસૂત્રના એક સામાયિક અધ્યયન ઉપર ભગવાન્ જિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ સાડાચાર હજાર ગાથા જેવડા મોટા પ્રમાણવાળું ભાષ્ય રચેલું છે.

## નહિ છપાયલી ભાષ્યગાથાઓ

(જો કે કાશીમાંથી છપાએલા વિશેષાવશ્યક એટલે સામાયિક-આવશ્યકના ભાષ્યની ગાથાઓ માત્ર ૩૩૦૦ લગભગની છે, છતાં તેના ઉપર ભગવાન્ મલધારી શ્રીહેમચંદ્રસૂરિજીએ કરેલી અને તેજ કાશીવાળાઓએ છપાવેલી ટીકામાં કહેલી સંખ્યાને જોનાર અને મનુષ્ય સમજનાર વિશેષાવશ્યક એટલે સામાયિકઆવશ્યકના ભાષ્યની ગાથા ૪૫૦૦થી વધારે છે, એમ માન્યા સિવાય રહી શકશે નહિ, ને તે ન્યૂન ગાથાઓની પૂર્તિને માટેજ રતલામની શ્રીઋષભદેવજી કેસરી-મલજી નામની શ્વેતાંબર સંસ્થાએ શ્રીનંદીસૂત્રની ચૂર્ણિ અને હારિભદ્રીય વૃત્તિ બહાર પાડતી વખતે અમુદ્રિત અને મલધારી મહારાજે અતિદેશથી જણાવેલી ગાથાઓનું પૂનાની મૂળ આવશ્યકની પ્રત ઉપરથી ઉદ્ધરીને પ્રગટ કરી છે.)

## વાર્ત્તિકથી શોભેલું આવશ્યક

ભગવાન જિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ જે આ સામાયિક ઉપર મોટા પ્રમાણમાં વિવેચન કર્યું છે, તેને અંગે ભાષા, વિભાષા અને વાર્તિક એ ત્રણ ભેદે જણાવાતી વ્યાખ્યામાં જે વાર્તિક નામની વ્યાખ્યા શ્રુતકેવલીઓજ કરી શકે. તેવું વાર્તિક એવું આ ભાષ્યનું સ્થાન કોટયાચાર્ય મહારાજે પોતાના વિવરણમાં સ્પષ્ટ શબ્દોથી જણાવ્યું છે.

## મ્હોટામાં મ્હોટી ટીકાવાળું આવશ્યક

વળી ભગવાન હરિભદ્રસૂરિજીએ આજ આવશ્યક સૂત્ર ઉપર ૮૪૦૦૦ શ્લોક પ્રમાણની અત્યંત મોટી ટીકા રચેલી હતી અને તેથીજ વર્તમાન કાળમાં ઘણીજ સુલભ એવી પોતાની ૨૨૦૦૦

શ્લોકવાળી ટીકામાં સ્પષ્ટપણે જણાવે છે કે **यद्यपि मया तथान्यैः कृताऽस्य विवृत्तिः** અર્થાત્ આ આવશ્યકસૂત્રની બીજા આચાર્યોએ ટીકા રચેલી છે અને મેં પણ મોટી એટલે આ ૨૨૦૦૦ શ્લોકવાળી ટીકાની અપેક્ષાએ યથાર્થ રીતે સંભવતી ૮૪૦૦૦ શ્લોકની ટીકા કરી હતી, અર્થાત્ કોઈપણ અંગે કે ઉપાંગ વિગેરે ઉપર આટલી બધી મોટી ૮૪૦૦૦ શ્લોકપ્રમાણવાળી ટીકા થવાનું માન હોય તો તે ફક્ત આ આવશ્યકસૂત્રનેજ છે.

## ભાષ્યાદિથી શણગારાયલું આવશ્યક

વળી આચારાંગ આદિ સૂત્રો ઉપર એક પણ જાતનું ભાષ્ય તેવા રૂપે લખાયું નથી, જ્યારે આ આવશ્યકસૂત્ર ઉપર મૂળ ભાષ્ય, ભાષ્ય અને વિશેષાવશ્યકભાષ્ય એવી રીતે ત્રણ ત્રણ જાતના ભાષ્યોથી જો કોઇપણ સૂત્ર અલંકૃત થયું હોય તો તે કેવળ આ આવશ્યકસૂત્રજ છે.

## અનેક આચાર્યની ટીકાદિથી શોભતું આવશ્યક

વળી વર્તમાન કાળમાં જો કે શ્રીકલ્પસૂત્ર અને શ્રીઉત્તરાધ્યયન ઉપર પ્રતિવર્ષ વાચનને લીધે અને વધારે ભાગ કથામય હોવાને લીધે ઘણી ટીકાઓ ઉપલબ્ધ થાય છે, પણ પંદરમી સદીથી પહેલાંના આચાર્યોની કૃતિની વિવિધતાની તપાસ કરીએ તો માત્ર આવશ્યકસૂત્રને પ્રાચીન મહર્ષિઓના વિધવિધ વિવેચનોથી અલંકૃત થવાનું સ્થાન મળે છે.

## વિશિષ્ટ કથાઓનું મૂળ આવશ્યક

વળી જ્ઞાન અને જ્ઞેયતા નિરૂપણદ્વારાએ દ્રવ્યાનુયોગની મહત્તાને પકડી રાખીને પ્રથમાનું યોગનુસ્થાન કોઈપણ ગ્રંથે સામાન્ય રીતે મેળવ્યું હોય તો તે આવશ્યકસૂત્રજ છે, અને તેથી એમ હરેક વાચકને માલમ પડશે કે અન્ય અંગ ઉપાંગ વિગેરેની વ્યાખ્યાઓમાં આવતી ધર્મકથા કે ચરિત્રકથાની જડ આ આવશ્યકસૂત્રમાંજ

છે, એટલે જેમ નિર્યુક્તિ વિગેરે અનેક અને વિસ્તીર્ણ વ્યાખ્યા-દ્વારાએ જેમ આવશ્યકસૂત્રની મહત્તા છે, તેમ પ્રથમાનુયોગની કથાને લાયકના મૂળ સ્થાન તરીકે આ આવશ્યકની વ્યાખ્યાજ શોભા ભઈ શકે તેમ છે.

### આવશ્યકની વ્યાખ્યા માટે જુદું સ્વતંત્ર સૂત્ર

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે કોઈપણ સૂત્રની વ્યાખ્યા માટે અન્ય આખું સૂત્ર રચવામાં આવ્યું હોય તો તે માત્ર આવશ્યકનેજ આભારી છે, કેમકે આ સામાયિકઆદિ છ આવશ્યકો અને તેની ઉપોદ્ઘાત નિર્યુક્તિની સ્પષ્ટતાને માટેજ આખા અનુયોગદ્વારસૂત્રની રચના છે.

### નિર્યુક્તિ માનવાની આવશ્યકતા

આ ઉપરથી જેઓ તીર્થંકર ભગવાને કહેલા નિર્યુક્તિઆદિ રૂપ અર્થને ન માનતાં માત્ર ગણધર મહારાજાઓએ રચેલા સૂત્ર-નેજ માને છે તેઓને બારીક દૃષ્ટિથી અને શુદ્ધ બુદ્ધિથી અને શુદ્ધ દૃષ્ટિથી અનુયોગદ્વારનું અવલોકન કરવાની જરૂર છે. જો કે **सुत्तत्थो खलु पढमो, बीओ णिज्जुत्तिमिसीओ भणिओ** એવા શ્રી-ભગવતીજી અને નંદીસૂત્રના વચનથી તેમજ શ્રીનંદીસૂત્ર અને સમવાયાંગમાં સ્વરૂપને દેખાડતાં **णिज्जुत्तीओ** એવા સ્પષ્ટપણે કહેલા પદથી કેવળ સૂત્ર માનનારને પણ તે તે સૂત્ર અસ્ખલિતપણે માનવું હોય તો નિર્યુક્તિને માન્યા સિવાય છુટકો થવાનોજ નથી, તોપણ આ અનુયોગદ્વારસૂત્ર તો આવશ્યકની ઉપોદ્ઘાત નિર્યુક્તિની જમીન તરીકે કલ્પના કરીએ તો અનુયોગદ્વારસૂત્ર એ માત્ર તેની ઉપરનોજ મહેલજ છે, અર્થાત્ સૂત્રને માનીને નિર્યુક્તિને નહિ માનનારા મનુષ્યો માત્ર મહેલને માને અને જમીનની હયાતિ નાકબુલ કરે એના જેવીજ દૃષ્ટિવાળાજ ગણાય.

### સૂત્રનું સ્થાન લેનાર ગાથાવાળી નિર્યુક્તિ

વળી શ્રીનંદીસૂત્ર કે જેમાં પાંચ જ્ઞાનની વિસ્તારે વ્યાખ્યા

કરતી વખતે મંગલ અને સંબંધ માટે પ્રથમ તે નંદીસૂત્રની વ્યાખ્યા કરવાની જરૂર એક પક્ષે ગણાએલી હતી, છતાં ભગવાન્ ભદ્રબાહુ સ્વામીજીએ **आभिणिबोहिय णाणं** વિગેરે ગાથાઓથી પાંચ જ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ આવશ્યકની આદિમાં આલેખેલ હોઈ, નંદીઅધ્યયનના પાઠનું મંગલાચરણમાં અનિયમિતપણું જણાવી દીધું, અર્થાત્ નંદીના અધ્યયનના આદિ વ્યાખ્યા નિયમને જો કોઈ-પણ ફેરવવામાં સબળ હેતુ હોય તો તે આ આવશ્યકના પાંચ જ્ઞાનરૂપ નંદીનું વિવેચનજ છે, એમ કહી શકાય.

## મૂલસૂત્રોમાં નિર્યુક્તિની ગાથાઓ

વળી એક સૂત્રમાં બીજા સૂત્રનો અતિદેશ **जहा** વિગેરે શબ્દોથી કરાય છે, એ વાત સુપ્રસિદ્ધજ છે, પણ નિર્યુક્તિનું નામ લીધા સિવાય સૂત્રના ચાલુ ક્રમમાં જો કોઈપણ ગાથાઓ નિર્યુક્તિની ધારણ કરવામાં આવી હોય તો તે આ આવશ્યકનિર્યુક્તિનીજ છે, અને આ વાત આવશ્યકનિર્યુક્તિના અવધિજ્ઞાનના અધિકારને વાંચીને, શ્રીનંદીસૂત્રના અવધિજ્ઞાનના અધિકારને વાંચનારો મનુષ્ય સહેજે સમજી શકે તેમ છે, અને તેથીજ નંદીસૂત્રના ટીકાકાર ભગવાન મલયગિરિજી મહારાજ વિગેરે તે અવધિજ્ઞાનની કેટલીક ગાથાઓ આવશ્યકનિર્યુક્તિની ગાથામાંથી લીધી છે, એમ ચોકખા શબ્દોમાં જણાવે છે.

વળી શ્રીસ્થાનાંગસૂત્ર તથા શ્રીઅનુયોગદ્વારસૂત્રમાં **इच्छा मिच्छा तहक्कारे** એ વિગેરે આપવામાં આવેલી દોઢ ગાથાને સ્વતંત્ર આવશ્યકનિર્યુક્તિના કાલઉપક્રમના અધિકારમાં સામા-ચારી ઉપક્રમને અંગે રચાએલી છે તે જ છે. અને તેથીજ તે બંને ઠાણાંગ અને અનુયોગદ્વાર સૂત્રોમાં **उवसंपया य काले** એમ કહી કથંચિત્ નિરર્થક એવા **काले** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જો કે **सिद्धस्य गतिश्चिंतनीया** એ ન્યાયને અનુસરીને **काले** પદની વ્યાખ્યા કરતાં યોગ્ય કાલે ઉપસંપદા લેવી એમ અર્થ કરવામાં

આવે છે, ઈચ્છા-મિચ્છાદિક સામાચારીઓ પણ યોગ્ય કાલેજ હોય છે, યોગ્ય કાલ સિવાય તો તે ઈચ્છા-મિચ્છાદિક સામાચારીઓ પણ હોતી નથી, માટે ઉપસંપદને વિષે કાલે એ વિશેષણ લગાડવું તે **सिद्धस्य गतिश्चिंतनाया** એ ન્યાયને અંગેજ કહેવાય.

## નિર્યુક્તિ અંગ વગેરેમાં કુલ, ગણુ અને નિહ્નવોની વક્તવ્યતા કેમ ?

જો કે સામાન્ય રીતે સર્વ શ્વેતાંબર સંપ્રદાયવાળાઓ આવશ્યકસૂત્રની નિર્યુક્તિને એક સરખી રીતે માન આપે છે, અને શાસ્ત્રીય વિષયના નિર્ણયનો આધાર ભગવાન્ દેવર્દ્ધિગણિ-ક્ષમાશ્રમણજીની પહેલાં શાસન ધુરંધર મહાપુરુષોના વચન કહેણ ઉપર જ રહેતો હતો, અને તેથી જ ગોષ્ઠામાહિલના અધિકારમાં દુર્બલિકાપુષ્પમિત્ર સરખા નવ પૂર્વને ધારણ કરનાર અને અગાધ બુદ્ધિવાળા આચાર્યે બદ્ધ અને અબદ્ધ કર્મના અધિકારમાં પોતે નિરૂપણ કરેલ સિદ્ધાંતની પ્રામાણિકતા માટે અન્ય ગચ્છીય સ્થવિરોને પૂછવાનું ઉચિત ગણ્યું હતું,

અર્થાત્ શાસન ધુરંધરોના વચનને આધારે જ સત્પક્ષ કે અસત્પક્ષનો નિર્ણય થતો હતો, પણ ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીએ તે વખતના મુખ્ય મુખ્ય આચાર્યોને એકઠા કરી સિદ્ધાંત કરવાનું કાર્ય એટલે સત્પક્ષ કે અસત્પક્ષ-પણાના નિર્ણયનું કાર્ય લખેલ પુસ્તકને આધીન કરી **सिद्धांतः पुस्तकीकृतः** અર્થાત્ જે સિદ્ધાંત પુસ્તકને આધીન ન હતો તે પુસ્તકને આધીન કર્યો, તેથી આગમોને પુસ્તકમાં લખાવ્યાં અને

તેથીજ આગમોમાં ભગવાન દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી પહેલાં થયેલા નિહ્નવો તથા ગચ્છો, કુલો અને ભગવાનની પાછળ જેની સંકલના થઈ તે નંદી, પન્નવણાજી વિગેરે શાસ્ત્રોની સાક્ષીઓ અંગ સરખા ગણધરકૃતસૂત્રોમાં સંક્ષેપઆદિ કારણને અંગે ધરવામાં આવી

જો કે તેમાં પણ પૂર્વ જણાવેલ રીતિએ અભ્યાસક્રમને તો ઓળંગવામાં આવેલો નથી, અને તેથીજ આચારાંગ વિગેરેમાં સૂયગડાંગ વિગેરેમાં ઠાણાંગ વિગેરેની ભલામણો जहा, एवं, કે जाव વિગેરે શબ્દોથી કરવામાં આવેલીજ નથી, પણ અભ્યાસક્રમમાં આગળ આગળ આવતા ગ્રંથોમાં પાછળના ગ્રંથો મૂળસૂત્રરૂપ હોય, નંદીઆદિ રૂપ હોય કે ઉપાંગઆદિ રૂપ હોય તો પણ તેની ભલામણો સંક્ષેપ આદિ કારણને અંગે સ્થાને સ્થાને કરવામાં આવેલી છે, અને તેથીજ જ્ઞાતાજી, ઉપાસકદશાંગ વિગેરે અંગો जाव વિગેરે ભલામણોના શબ્દોથી ઘણા ભરાએલા છે, એટલે ટુંકાણમાં એમ કહીએ તો ચાલે કે ભગવાન જિનેશ્વર મહારાજનું શાસન કેવલી મહારાજે કહેલા તત્ત્વ તરીકે પ્રમાણ ગણાયા છતાં સૂત્રના પુસ્તકોની અપેક્ષાએ તો ભગવાન દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીના પ્રયત્નનીજ પ્રમાણિકતા ગણી શકાય.

## સિદ્ધાન્તોનું જિનભાષિતપણું

જો કે ભગવાન દેવર્ધિગણિક્ષમાશ્રમણજીએ સૌરાષ્ટ્ર દેશના વલ્લભીપુર (વળા) માં તે આગમો પુસ્તકારૂઢ કર્યાં છતાં તે આગમોમાં રીતિ, ભાતિ, પરિભાષા કે વર્ણન વિગેરે સર્વ મગધ પ્રદેશના એટલે ભગવાન મહાવીર મહારાજના વખતના જ રાખેલાં હોઇને લાખની સંખ્યાને સ્થાને શતસહસ્ર જેવા અનેક મગધદેશીય શબ્દો કે જે ભગવાન મહાવીર મહારાજના સમકાલીન થયેલા એવા બૌદ્ધ મતના શાસ્ત્રોમાં જેવા દેખાય છે, તેવા ઉપલબ્ધ થાય છે.

## દિગંબર શાસ્ત્રોની કલ્પિતતા

જેમ દિગંબરના શાસ્ત્રો તેમના આચાર્યોએ કલ્પિતપણે નવાં રચેલાં હોવાથી ભગવાન મહાવીર મહારાજાના અધિકારમાં તેમના સમકાલીન એવા આજીવકમત કે જેના પ્રવર્તકને આપણે ગોશાલો મંખલિપુત્ર કહીએ છીએ તે સંબંધી ઈશારા પણ

પણ લેવામાં આવ્યા નથી, અને ભગવાન મહાવીર મહારાજની વખતે ગોશાલો એક પ્રતિસ્પર્ધીમતને પ્રવર્તાવવાવાળો હતો અને જબરદસ્ત હતો, એ વાત બૌદ્ધના સિદ્ધાંતોથી પણ સાબિત થઈ શકે છે, એટલું જ નહિ પણ શ્વેતાંબર જૈનશાસ્ત્રોએ ગોશાલાની જે દશા આરંભ, સમારંભાદિકને અંગે જણાવેલી છે. તે દશાએ ખરેખર ગોશાલો વર્તવાવાળો હતો, એ વાત પણ બૌદ્ધના દીઘનિકાય વગેરે સૂત્રો સ્પષ્ટપણે જણાવે છે, તેથી સુજ્ઞ મનુષ્યને તો જરૂર એમ માનવું જ પડશે કે ભગવાન દેવર્દ્ધિગણીક્ષમાશ્રમણજીએ ખુદ ભગવાન મહાવીર મહારાજની મૂળ હકીકતજ સૂત્રમાં રજુ કરેલી છે, જ્યારે દિગંબરોને કલ્પિતપણે શાસ્ત્રો ઉભા કરવાનાં હોઈ, તેમની ઉત્પત્તિ વખતે ગોશાલાનો મત વિચ્છેદ પામવા જેવો થયેલો હોવાથી તે સંબંધી કાંઈપણ લખ્યું નથી, અને પોતાની ઉત્પત્તિના જમાનાને અનુસરતું જ માત્ર સાહિત્ય દિગંબરોએ ગોઠવી કાઢયું છે.

## વર્તમાન સૂત્રો ઉપર આક્ષેપ કરનાર દિગંબરોનું વિતંડાવાદીપણું.

વર્ત્તમાનકાલીન કેટલાક દિગંબરો જિનેશ્વર ભગવાનના વર્ત્તમાનસૂત્રો ઉપર અઘટિત રીતે આક્ષેપો, તેની માન્યતા અને નિર્મૂલન કરવા માટે કરે છે, પણ તેઓ નથી સમજતા સૂત્રના વાસ્તવિક અર્થને અને નથી સમજતા, જૈનમાર્ગના ઉત્સર્ગ અપવાદને અને યુક્તિના માર્ગને પણ ધ્યાનમાં લેતા નથી, અર્થાત્ ન્યાયની દૃષ્ટિએ જેમ પક્ષની સ્થાપના વગરના અને માત્ર પરપક્ષને દૂષણ દેવાવાળા વાદ કરનારને જેમ વિતંડાવાદી કહેવામાં આવે છે, તેવી રીતે આ લોકો કેવળ વિતંડાવાદીજ બને છે.'

## દિગંબર શાસ્ત્રોમાં જિન પ્રણીતપણાના અભાવનો તેઓએ કરાતો સ્વીકાર.

વર્તમાન દિગંબરોની માન્યતા પ્રમાણે જે પણ તેમના શાસ્ત્રો

છે, તે બધામાં એકપણ વચન સર્વજ્ઞ એટલે ગણધર મહારાજનું કહેલું નથી, અર્થાત્ ગણધર મહારાજે કરેલાં શાસ્ત્રો તો સર્વે સર્વથા નાશ પામેલાજ છે, અને તે ગણધર મહારાજના સર્વ શાસ્ત્રો નાશ પામ્યા પછીજ તેમના આચાર્યોએ જે ગ્રંથો રચ્યા તેજ ગ્રંથોને તે બિચારા અજ્ઞાન કે આગ્રહને આધીન થઈને સર્વજ્ઞના વચન તરીકે માનવા લાગ્યા છે, કેમકે જો તેઓ અજ્ઞાન કે આગ્રહને આધીન ન હોય તો મૂળરહિતપણે બનેલા છે, એમ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યા અને જાણ્યા છતાં તે મૂળરહિત કલ્પિત ગ્રંથોને માનવા તૈયાર થાયજ કે કેમ ?

## આવશ્યક નિર્યુક્તિની ગાથાઓનું વ્યાજબી સૂત્રમાં સ્થાન.

આ બાબત અહીંઆ વિસ્તારથી નહિ ચર્ચતાં અન્ય વખતે ચર્ચવા માટે મુલતવી રાખી, ચાલુ અધિકારમાં એટલુંજ જણાવવાનું કે ભગવાન ગણધર મહારાજા વિગેરેએ કરેલાં સૂત્રોની વ્યવસ્થા ભગવાન દેવર્દ્ધિંગણિક્ષમાશ્રમણજીના પ્રયત્નનેજ આભારી છે, અને તેને લીધેજ શ્રી આવશ્યક નિર્યુક્તિની ગાથાઓ શ્રીનંદીસૂત્ર અનુયોગદ્વારસૂત્ર અને ઠાણાંગ અને સરખા મૂળ સૂત્રોમાં સ્થાન પામે તેવા આશ્ચર્ય નથી.

## આવશ્યકનિર્યુક્તિને નાકબુલ કરનારની દશા

આ આવશ્યકનિર્યુક્તિ જેવા પ્રચુર સાહિત્યથી અલંકૃત અને સર્વ શાસ્ત્રોના અનુયોગના મૂળ સ્થાનને પામેલા શાસ્ત્રોને નાકબુલ કરનાર શ્વેતાંબર સંપ્રદાયનો કોઈપણ વર્ગ હોય તો તે માત્ર સોળમી સદીમાં ઉત્પન્ન થએલો લોંકા (લુમ્પક) શાહના મતને અનુસરનારોજ વર્ગ છે. જો કે તે લોંકાશાહનો વર્ગ પણ દશવૈકાલિક વિગેરે સૂત્રોના ગુજરાતી ભાષામાં અર્થો કરતી વખતે નિર્યુક્તિ ઉપર રચવામાં આવેલું ભાષ્ય, અને તે ભાષ્ય કે નિર્યુક્તિ ઉપર રચવામાં આવેલી ચૂર્ણિ કે તે એક, બે કે ત્રણમાંથી કોઈને પણ અનુસરી કરવામાં આવેલી ટીકાને આધારેજ અર્થો કરે છે. કોઈ પણ અર્થ એકલા વ્યાકરણ માત્રથી તેઓ કરી શકે તેમ નથી,

કેમકે તે તે સૂત્ર–અધ્યયન વિગેરેના ઉદ્દેશ, નિર્દેશ અને નિર્ગમ વિગેરે દ્વારોનો તેમજ તે તે સૂત્રોમાં આવતા તે તે શબ્દોના નય નિક્ષેપાના વિચાર સાથે તે તે સૂત્રોને કરવાના પ્રસંગો તથા તે તે સૂત્રોને કરનારા કે તેમાં આવતાં પુરુષોના ઇત્તિવૃત્તો તેઓને નિર્યુક્તિઆદિ સિવાય મળી શકે તેમજ ન હોતું, અને તેથી તે લુમ્પકમતને અનુસરનારાને તે વૃત્તિઆદિનું આલંબન લીધા સિવાય છૂટકો જ ન હતો.

## લુંપકમતવાળાને નિર્યુક્તિ આદિ નાકબુલ કરવાનું કારણ

પણ તે લોંકાઓની ઉત્પત્તિ જ ભગવાન જિનેશ્વરદેવોની પ્રતિમાજીના લોપવાને અંગેજ થયેલી હોવાથી તેઓને ટીકા નિર્યુક્તિ વગેરેના પાઠો માનવા પાલવ્યા નહિ અને તેથીજ જગતમાં જેમ એક જુઠાથી બચવા માટે જેમ અનેક જુઠા બોલવાની ફરજ પડે છે, આ લુંપકમતને અનુસરવાળાઓને ભગવાન જિનેશ્વર દેવની પ્રતિમાને હઠાવવા જતાં નિર્યુક્તિઆદી આદિ અને ટીકા આદિને શાસ્ત્રો કે જેઓને આધારેજ પોતે ગુજરાતી સૂત્રોના અર્થો વિગેરે લીધા છે, તેજ નિર્યુક્તિઆદિ ટીકાઆદિને અમાન્ય કરવાની ફરજ આવી પડી.

કારણ કે જો તે લુંપકમતને અનુસારનારાઓ નિર્યુક્તિને માન્ય કરે તો શ્રીઆવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં આવતા ભગવાન મલ્લીનાથજીની મૂર્તિવાળું મંદિર, ભગવાન વજ્રસ્વામીજીએ શાસનપ્રભાવનાને અંગે ફુલો અને તેથી થયેલો ચૈત્યપૂજાદ્વારાએ શાસનનો મહિમા ગૃહસ્થોને સંસાર પાતળો કરવામાં પુષ્પાદિકે કરાતી ભગવાન જિનેશ્વરની દ્રવ્ય પૂજાનું સાધનપણું સર્વ લોકમાં સર્વલોકમાં રહેલા અરિહંત ચૈત્ય (પ્રતિમા) નું વંદનીય, પૂજનીયપણું વિગેરે પણી હકીકતે એકલી આવશ્યક નિર્યુક્તિની તેમજ દશવૈકાલિક નિર્યુક્તિ ભગવાન શય્યંભવસૂરિજીને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની મૂર્તિના દર્શનથી થયેલી ધર્મપ્રાપ્તિ, શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની નિર્યુક્તિમાં શ્રી જિનેશ્વર મહારાજના ચૈત્યાદિ

મહોત્સવ વખતે કરાતી બંધ, મુક્તિ વિગેરે તથા આચારાંગ નિર્યુક્તિની અંદર અષ્ટાપદ વિગેરે તીર્થો વંદનીયતા તથા આરાધ્યતા અને સૂયગડાંગ નિર્યુક્તિ આર્દ્રકુમારને ભગવાન યુગાદિદેવની પ્રતિમાના દર્શનથી થયેલા ધર્મબોધ એ વિગેરે અધિકારો ભગવાન જિનેશ્વરની પ્રતિમાની સત્તા દર્શનીયતા અને પૂજનીયતાને સાબીત્ત કરનારા તે લુંપકમતવાળાઓને માનવા પડે, માટે તેઓએ નિર્યુક્તિ, ટીકાઆદિના આધારે પોતાને અનુકૂળ પડતા કલ્પિત અર્થો ગુજરાતી ભાષામાં ઘસડી મારીને તે નિર્યુક્તિ અને ટીકાઆદિ ગ્રંથોને અમાન્ય કરવાનું પણ મોટું પાપ ભગવાન જિનેશ્વરોની પ્રતિમાજીના લોપ કરવાના પાનને અંગે કરવું પડયું.

## ટીકાદિ નહિ માની કલ્પિત અર્થો કરનાર લુંપકોનું મૃષાવાદીપણું

પણ તે લુંપકમતને અનુસરનારાઓએ એટલું પણ વિચાર્યું નહિ કે ટીકાકારોને તો ભાષ્યકાર અને નિર્યુક્તિકારનો સૂત્રોના અર્થો કરતી વખતે આધાર હતો અને તેથી તે ટીકાકાર મહારાજાઓ તે નિર્યુક્તિઆદિને આધારે સૂત્રોની ટીકા કરતા હોવાથી ચોકખી રીતે પ્રામાણિક ગણી શકાય; પણ તમારા ગુજરાતી અર્થ કરનારાઓ કે જેઓ પંદરમી શતાબ્દી પછીનાજ છે તેઓએ આર્દ્રકુમારની કથાને અંગે તથા પ્રશ્નવ્યાકરણ સૂત્રની સુવર્ણગુલિકા વિગેરેની કથાઓને અંગે જે અંગે જે અધિકારો ભગવાનની પ્રતિમાના સૂત્રોની ટીકા વિગેરેમાં હતા તેને લોપીને ઉલટા ઓઘો, મુહપત્તિ કે જોગી વિગેરે કર્યા એ મૃષાવાદ અને લુચ્ચાઇનો પહેલો નહિ કહેવો તો બીજું કહેવું શું ?

## લુંપકોએ આવશ્યકનિર્યુક્તિઆદિની માફક કરેલ સૂત્રોનો અપલાપ

આવી રીતે પ્રતિમાને દ્વેષને અંગે તે લુંપકમતાને અનુસરનારાઓએ આ આવશ્યક નિર્યુક્તિને નહિ માની છતાં પણ અને

કેટલાક મહાનિશીથઆદિસૂત્રો કે જેની નોંધ તે લુંપકોએજ માનેલા નંદીઆદિ સૂત્રોમાં છે, છતાં તે મહાનિશીથઆદિ સૂત્રો ન માન્યા છતાં તેમના માનેલા સૂત્રોની પણ ભગવાન જિનેશ્વર દેવોની શાશ્વતી અને અશાશ્વતી ઉભય પ્રકારની મૂર્તિ અને તેના મંદિરો સાબીત ન થઈ શકે તેમ તો નથીજ, પણ તો લોંકાશાહ, તે બારીક બુદ્ધિમાં ઉતરવાવાળોજ ન હતો અને તેથી તેણે તો એવો જ વાદ જાહેર કર્યો કે શ્રાવકોએ દહેરાં કરાવ્યાં કે મૂર્તિ કરાવી એવું સૂત્રોમાં છેજ નહિ, પણ તેને તેવો બોધ નહિ હોવાને લીધે ખુદ આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના વસતિના અધિકારમાં જ શ્રદ્ધાવાળા શ્રાવકોએ કરેલાં દેવલોકનું પ્રતિપાદન કરનાર સૂત્ર સાધુની વસતિના અધિકારનું તે સૂત્ર છે, એમ ગણીને સમજવામાં આવ્યું નહિ, કેમકે એ સૂત્રોનો બારીક દૃષ્ટિથી જો લોંકાશાહે કે તેને અનુસરનારાઓએ વિચાર કર્યો હોત તો સ્પષ્ટપણે માલમ પડત કે જીવાજીવાદિક તત્ત્વોને જાણનારા અને સારી શ્રદ્ધાવાળા શ્રાવકો સ્થાન સ્થાન ઉપર દેવકુલો અને દહેરીઓ કરાવતા હતા એમ આ (આચારાંગ ૩૦૩-૩૦૯) સૂત્રો પરથી ચોકખે ચોકખું સમજી શકાય છે.

## અંગાદિ સૂત્રોમાં શ્રાવકના આચાર ન હોવાનું કારણ

જો કે પ્રથમ તો અંગ-ઉપાંગ વિગેરેની રચનાજ સાધુઓના આચાર-વિચારનેજ અનુસરીને થયેલી છે, અને તેથીજ શ્રમણોપાસક કે જેઓ સાધુપણાની સ્થિતિમાં નથી, તેઓના આચારવિચારનું નિયમન પૂર્વે જણાવેલાં સૂત્રો ઉપરથી થઈ શકશે જ નહિ અને તેને અંગે અક્કલવાળો મનુષ્ય પ્રશ્ન કરી શકેજ નહિ, કેમકે કોઈપણ સૂત્રમાં શ્રાવકે નવકાર ગણ્યો, પાણી ગળ્યું, લાકડાં અને છાણાં શોધ્યાં, ચૂલો પૂંજ્યો, ધાન્ય અને શાક વિગેરેનો સંસક્ત વિગેરેની અપેક્ષાએ વિવેક કર્યો, એ વિગેરે લુંપકોને પણ માન્ય એવી શ્રમણોપાસકની હકીકતનું વિધાન તેમણે માનેલા અગર અમાન્ય કરેલા પણ સૂત્રોમાંથી કાઢી શકાય તેમ નથીજ, વળી સામાયિક

અને પૌષધ જેવા સર્વવ્યાપક અને સર્વવિરતિના પગથીઆ રૂપ ગણાતા કૃત્યોનો વિધિ પણ તેમના માનેલા કે અમાન્ય કરેલા સૂત્રોમાંથી પણ કાઢી શકાય તેમ નથી, આ સર્વ હકીકતને વિચારનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે ભગવાન જિનેશ્વર દેવોની પ્રતિમા, ચૈત્યો અને તેમની પૂજા, આરાધના વિગેરે સંબંધી જે શ્રાવકની કરણી છે તેમાં સૂત્રોમાંથી દેખવાની કે દેખાડવાની આશા રાખવી અને તે હોય તો જ પ્રામાણિક માનવું એ કેવળ બુદ્ધિરહિતપણાને જ આભારી છે, એમ કહી શકાય.

## લુંપકોના માનેલા સૂત્રોથી પણ પ્રતિમાદિની માન્યતાસિદ્ધિ

જો ઈતર સંગોને લઈને ભગવાન જિનેશ્વર દેવોની પ્રતિમા અને ચૈત્યોની સત્તા, દર્શનીયતા અને પૂજ્યતાની સાબિતી શ્રી સૂયડાંગજીના સ્ત્રીપરિજ્ઞાઅધ્યયનના ચંદેર શબ્દથી, ઠાણાંગજીના નંદીશ્વર દ્વીપના વર્ણનથી, જીવાભિગમના મહોત્સવના વર્ણનથી રાયપસેણીના પૂજાના વર્ણનથી, ઉપાસકદશાંગ અને ઉવવાઈજીના સમ્યક્ત્વ આલાવા અને નગરના વર્ણનથી સાબિત થયા સિવાય રહેતી નથી.

## દ્રૌપદીનો પ્રસંગ અને પ્રતિમા પૂજાદિની વ્યાપકતા

જો કે જ્ઞાતાસૂત્રમાં જણાવેલ દ્રૌપદીને પૂજાને અંગે દ્રૌપદીને મિથ્યાત્વવાળી કહીને છટકી જવા માગે છે, પણ તે તેમનું છટકવું ઓલામાંથી ચૂલામાં પડવા જેવુંજ થાય છે, કેમકે સ્વયંવર જેવા વખતે મિથ્યાત્વવાળી કુંવરી પૂજા કરવા જાય તો પછી સમ્યક્ત્વવાળા દરેક બાલ, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ અને યુવાનો જિનેશ્વરની પ્રતિમાની પૂજા કરવામાં કેટલા બધા પ્રવૃત્ત થયેલા હશે, તે સહેજે સિદ્ધ થઈ શકે તેવી હકીકત છે. વળી સમ્યક્ત્વધારીઓમાં ભગવાન જિનેશ્વર દેવની પ્રતિમાની પૂજા કેટલી બધી ઉભરાઇ ગએલી હોવી જોઈએ કે જેનો પ્રભાવ સ્વયંવરમાં પતિને વરવા જતી અને લુંપકોના મત પ્રમાણે મિથ્યાત્વ દશાવાળી એવી દ્રૌપદી ઉપર પડયો.

વળી તે પ્રતિમાને અંગે તેની પૂજા અને પ્રતિષ્ઠાના વિધાનો તથા તે પ્રતિમાજીને બિરાજમાન કરવાનાં બધાં વિધાનો શું મિથ્યાત્વીઓના શાસ્ત્રોમાં નિરૂપણ થયાં હશે ? કહો કે સામાન્ય અક્કલનો મનુષ્ય પણ દ્રૌપદીની ચાહે જે દશા હોય તો પણ દ્રૌપદી તેની વખતે ભગવાન જિનેશ્વર મહારાજાઓના ચૈત્યો અને મૂર્તિઓ તથા તેની પૂજા અને પ્રતિષ્ઠાના વિધાનો ઘણાં સારી રીતે અને સ્થાને સ્થાને હશે એમ કબુલ કર્યા સિવાય રહેશેજ નહિ, આ અધિકારને પણ આ પ્રસંગે વધારે નહિ લંબાવતા મૂળ અધિકારને અંગે એટલુંજ કહેવું જોઈએ કે આ આવશ્યકનિર્યુક્તિ જેવું શાસ્ત્ર શ્વેતાંબર સમુદાય માન્ય કરેલું છે અને સકલ શ્વેતાંબર સમુદાયને એકસરખા રીતે માન્ય કરવા લાયકજ છે.

## આવશ્યકનિર્યુક્તિનું દિગંબરોમાં અનુકરણ અને અપહરણ

આ આવશ્યકનિર્યુક્તિની કેટલી બધી પ્રાચીનતા અને પ્રૌઢતા છે કે જેનું અનુકરણ દિગંબરોમાં પણ થયું અને તે અનુકરણવાળો ગ્રંથ માન્ય ગણાયો. જો કે દિગંબરોને આ આવશ્યકનિર્યુક્તિનો ગ્રંથ તત્ત્વાર્થસૂત્રની માફક શ્વેતાંબરોનો કરેલો છતાં પોતાનો કરવામાં વિશેષ અડચણ ન આવત પણ સ્ત્રીની સિદ્ધિઓનો અધિકાર સાધુઓના ઉપકરણનો અધિકાર અને ભગવાન જિનેશ્વર મહારાજાઓની પ્રતિમાની પુષ્પાદિકથી થતી પૂજાનો અધિકાર ચોકખા રૂપે હોવાથી તથા ભગવાન મહાવીર મહારાજના અધિકારમાં આવતો ગોશાલાનો અધિકાર પલટાવી, સુધારી કે માન્ય કરી શકાય એવો ન હોવાથી આવશ્યકનિર્યુક્તિને તેઓએ પોતાની કરી લીધી નહિ, પણ આ આવશ્યકનિર્યુક્તિનું અનુકરણ કરીને દિગંબરના વટ્ટકેરસ્વામી કે જેઓ ઘણા પ્રાચીન ગણાય છે તેઓએ મૂલાચાર નામનો ગ્રંથ જે બનાવ્યો છે તે કેવળ આવશ્યકનિર્યુક્તિનું અનુકરણ કરીને બનાવ્યો છે એટલુંજ નહિ, પણ તે ગ્રંથનું નામ મૂલાચાર એમ રાખ્યા છતાં પ્રકરણની શરૂઆતમાં સામાયિકનિર્યુક્તિ, લોગસ્સ નિર્યુક્તિ વિગેરે કહેવાની પ્રતિજ્ઞા ચોકખા શબ્દોમાં કરે છે, એટલુંજ

નહિ પણ આવશ્યકનિર્યુક્તિની અને તેની ઉપર બનેલા મૂળભાષ્ય અને ભાષ્યની તો ગાથાઓને ગાથાઓ તેમની તેમજ કાંઈ પણ ફેરફાર વિનાજ દાખલ કરેલી છે, સામાન્ય સમજણ રાખનારો પણ બુદ્ધિમાન મનુષ્ય જો આ આવશ્યકનિર્યુક્તિ અને ભાષ્યને તથા તે મૂલાચારની ગાથાઓને દેખીને વિચારે તો સ્પષ્ટ માલમ પડે તેમ છે કે તે મૂલાચારમાં લીધેલી તે.તે નિર્યુક્તિ, મૂલભાષ્ય અને ભાષ્યની ઉપાડી લીધેલી ગાથાઓ તેવા પૂર્વાપર સંબંધવાળી નથી કે જેવો સંબંધ આ આવશ્યકનિર્યુક્તિ, મૂળભાષ્ય તથા ભાષ્યમાં બંધ બેસતો છે.

## વટ્ટકેરસ્વામીનો મૂલાચાર ?

જો કે તે વટ્ટકેરસ્વામીએ તે મૂલાચાર ગ્રંથને આચારાંગસૂત્રને વિચ્છેદ થઈ ગયેલું યાની તેના સ્થાને ગોઠવવાં માટેજ આ મૂલાચાર ગ્રંથ બનાવેલો છે, અને તેથીજ તે ગ્રંથનું નામ મૂલાચાર તેઓએ રાખેલું છે, પણ ગણધર મહારાજાએ કરેલા આચારાંગસૂત્રનું એક પણ પદ, વાકય, ગાથા કે પ્રકરણ તેમની માન્યતા પ્રમાણે તે વખતે વિદ્યમાન ન હતું, અને તે મૂલાચારે ગ્રંથ રચતો તે વટ્ટકેરસ્વામીએ તે મૂલાચાર ગ્રંથમાં તે પદ, વાકય કે ગાથા લીધાં હોય તેમ જણાવ્યું નથી અને લીધેલાં પણ નથી, અર્થાત્ આચારાંગસૂત્રનો સર્વથા વિચ્છેદ થએલો માની લઈ, તેને સ્થાને આચારની મહત્તાથી દોરાઈ ગયેલા વટ્ટકેરસ્વામીએ મૂલાચાર ગ્રંથ બનાવ્યો. આચારાંગનું કાંઈપણ અનુકરણ તેમાં તેઓએ કર્યું નહિ, કેમકે તેઓને તો ગણધર ભગવાનના વચનોનો તો સર્વથા વિચ્છેદજ માનવો હતો અને તેથીજ આચારાંગનું અનુકરણ ન થઈ શકે તે સ્વાભાવિકજ છે, કેમકે અનુકરણ તેનુંજ કરી શકાય કે જે વસ્તુ મૂળરૂપ વિદ્યમાન હોય. વટ્ટકેરસ્વામીએ આચારાંગનો વિચ્છેદ માનીને ને તેને સ્થાને ગણધર મહારાજે કરેલ આચાર કહેવાતો હતો, જ્યારે આ વટ્ટકેર સ્વામીએ તો મૂલાચાર એવું મ્હોટી મહત્તા જણાવનાર નામ મૂલાચાર નામનો કલ્પિત ગ્રંથ બનાવ્યો, તેની પહેલાં તેમના

મતે કોઇપણ ખુદ આચારાંગ નામના અંગને ધારણ કરનારા હોય અને તેઓએ આચારાંગ ઉપરથી કાંઈક ઉદ્ધાર પણ કરેલો હોય અને તેને આધારે આ વટ્ટકેરસ્વામીએ આ મૂલાચાર ગ્રંથ કર્યો હોય એમ પણ તેઓ જણાવતા નથી અને છે પણ નહિ.

## દિગંબરોને સૂત્રો વિચ્છેદ થયાં એમ કેમ માનવું પડયું ?

વસ્તુતાએ વિચાર કરીએ તો શિવભૂતિએ દીક્ષા લીધી તેના થોડાજ કાળમાં મત પ્રગટાવેલો હતો અને તે શિવભૂતિ લશ્કરી મિજાજનાજ હોઈ અભ્યાસથી ઘણા બેનસીબ હોય અને તેથી દિગંબરમતમાં પ્રથમથીજ સૂત્રનો વારસો ન રહ્યો હોય તે ઘણુંજ સંભવિત છે. અંગો અને પૂર્વો હતાં એટલું પણ માનવાની તેમને એટલા માટેજ જરૂર પડી લાગે છે કે જો પૂર્વકાળમાં પણ અંગો અને પૂર્વ સૂત્રોની હયાતી નહિ માનીએ તો જિનવચનદ્વારા જાહેર થયેલું તત્ત્વજ પ્રમાણભૂત છે અને અમે તેનીજ છત્રછાયા નીચે એવું કહેવાનો વખતજ રહે નહિ, માટે કુંવારા મનુષ્યને, 'તમે પરણ્યા છો કે નહિ' એવો પ્રશ્ન પૂછવામાં આવતાં 'બાપા પરણ્યા હતા' એવો ઉત્તર દે, પણ 'હું નથી પરણ્યો' એવો ચોકખો ઉત્તર ન દે તેવી રીતે આ દિગંબરોએ જિનવચનના તત્ત્વની હયાતી માત્ર મનાવવા માટેજ અંગો અને પૂર્વો હતાં અને એમ માન્યું અને મનાવ્યું.

## દિગંબર પરંપરામાં સૂત્રનો અંશ પણ પરંપરાગત કેમ નહિ ?

જો એમ ન હોય તો શું દિગંબરપરંપરામાં એવા પણ આચાર્ય નહિ થયા હોય કે જેઓ પાંચ, દશ હજાર શ્લોક મોઢે રાખી શકે અને ભિન્ન ભિન્ન આચાર્યો ભિન્ન ભિન્ન સૂત્રોના તેટલા તેટલા ભાગોને પોતાની પરંપરામાં ચલાવે પણ આ બધું કયારે બને કે જ્યારે એમના જણાવ્યા પ્રમાણે આ દિગંબરોના પૂર્વ પુરુષો વાસ્તવિક રીતિએ અંગઆદિ સૂત્રોના ધારણ કરનારા હોય, પણ વસ્તુતાએ પૂર્વે જણાવ્યું તેમ તેમની પરંપરાના અંગાદિના

અંશોની તો જરૂર પ્રવૃત્તિ હોત, પણ તેવું કાંઈ બનેલું ન હોવાથી તેઓને સર્વથી વિચ્છેદ થયાને નામેજ હયાતી માનવી પડી અને તેથીજ વટ્ટકેરસ્વામીએ આચારાંગનો વિચ્છેદ થઈ ગએલો માની, તેને સ્થાને આ મૂલાચાર ગ્રંથને કલ્પીને ગોઠવ્યો પણ તેમાં સાધુઓના મૂલાચાર તો કોઈપણ પ્રકારે અંધાનુકરણ હોવાથી ગોઠવાયાજ નહિ.

## વટ્ટકેરસ્વામિના મૂલઆચારમાં નિર્યુક્તિનો ઉપલંભ

પણ જે આવશ્યકનિર્યુક્તિનું પોતે અપહરણ કરવા માંડ્યું તેના પણ સામાયિક, લોગસ્સ કે વંદન વિગેરેના સૂત્રો તેઓ દાખલ કરી શકયાજ નહિ અને સૂત્રો વગરનીજ નિર્યુક્તિ તેઓએ આવશ્યકસૂત્ર નિર્યુક્તિઆદિનું અનુકરણ કરીને અપહરણ તરીકે બનાવી અને તેમાં આવશ્યકનિર્યુક્તિ મૂળભાષ્ય અને ભાષ્યની ગાથાઓ જથાબંધ ઉપાડી લીધી.

## નિર્યુક્તિના પ્રચારની વટ્ટકેરસ્વામી વખતે પ્રચુરતા

આ બધો મૂલાચાર અને વટ્ટકેરસ્વામીઆદિનો અધિકાર માત્ર પ્રસંગથીજ જણાવેલો છે, પણ મૂળ હકીકત તો એટલીજ છે કે તે દિગંબરમતના વટ્ટકેરસ્વામીની વખતે પણ આ આવશ્યકનિર્યુક્તિનો પ્રચાર કેટલો બધો જબરદસ્ત હશે અને તેનું સ્થાન સમાજ જૈનઆલમમાં કેટલું ઉંચું હશે કે જેને લીધે વટ્ટકેરસ્વામીને તેનું અંધઅનુકરણ કરીને પણ મૂલાચાર્ય નામે પણ તેની ગાથાઓને ઉતારી લેવી પડી, અર્થાત્ સર્વ રીતિએ પૂર્વકાલની અત્યંત પ્રચાર પામેલો અને જૈનના સમગ્ર ભાગમાં આ આવશ્યકનિર્યુક્તિ કેવું અદ્વિતીય સ્થાન ધરાવતી આવી છે? તે સ્પષ્ટપણે માલમ પડે અને જો એવી અદ્વિતીયતા આ આવશ્યકનિર્યુક્તિની સમજવામાં આવે તો આવશ્યકનિર્યુક્તિનેજ મૂલભાષ્ય, ભાષ્ય, વિશેષાવશ્યકભાષ્ય, ચૂર્ણિ અને મોટી મોટી વૃત્તિઓ તથા અવચૂરિઓથી પૂર્વાચાર્યોએ કેમ અલંકૃત કરી છે? એ સ્પષ્ટપણે સમજાશે.

(સમાપ્ત)

॥ श्रीवर्धमानस्वामिने नमः ॥

આગમવાચનાદાતા—આગમસમ્રાટ્

આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત

પૂ૦ આ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વર ભગવંતના

બહુમૂલ્ય તાત્ત્વિક

વ્યાખ્યાનાદિ સામગ્રીના સંકલનરૂપ

# આગમ જ્યોત

ના વ્યવસ્થિત પ્રકાશન અર્થે

## 卐 સ્થાયી કોશની યોજના 卐

સુજ્ઞ વાચકોને વિદિત છે કે પૂ૦ ગચ્છાધિપતિ વાત્સલ્યસિંધુ પૂ૦ આ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વર ભગવંતના મંગળ આશીર્વાદ –પ્રેરણાથી "**આગમ જ્યોત**"નું પ્રકાશન ત્રણ વર્ષથી થઈ રહેલ છે.

તત્ત્વપ્રેમી જનતાએ ખૂબ સુંદર રીતે તેને આવકાર્યું છે, જે અમારા આનંદનો વિષય છે

ગ્રાહક યોજના પરિણામે ઉચિત ન લાગવાથી હવે બંધ કરી છે.

તેના બદલે એક વિશાળ સ્થાયી કોશની યોજના વિચારી છે. જેનાથી તેનું પ્રકાશન વ્યવસ્થિત થતું રહે.

સ્થાયી કોશમાં ઓછામાં ઓછી રકમ ૧૦૧)ની લેવાય છે.

તેથી ઓછી રકમ ભેટ ખાતે ચાલુ ખર્ચમાં લેવાય છે.

તેથી ચતુર્વિધ શ્રીસંઘને નમ્ર વિજ્ઞપ્તિ છે કે સહુ ધર્મપ્રેમી પુણ્યાત્મા યોગ્ય ઉપદેશ–પ્રેરણા–સલાહ દ્વારા અમારી શ્રુતભક્તિના આ કાર્યને વેગવંત બનાવે.

| | |
|---|---|
| વીર નિ. સં. | વિનત |
| ૨૪૯૬ | સંઘ સેવક |
| વિ. સં. ૨૦૨૬ | **રમણલાલ જેચંદ શાહ** |
| આ. સં. ૧૯ | કાર્યવાહક : **આગમોદ્ધારક ગ્રંથમાળા** |
| આ. વ. ૨ | કપડવંજ (જિ. ખેડા) |

## ૨૦૨૫ના વર્ષમાં શ્રી આગમ જ્યોતના સ્થાયી ફંડમાં લાભ લેનાર સદ્‌ગૃહસ્થોની નામાવાલી

[ "આગમ જ્યોત"ના સ્થાયી કોશ અને ભેટ ખાતે આવેલ રકમોની નોંધ વર્ષ ૩ પુ. ૪માં આવેલ છે. ત્યાર પછીના નવા નામોની નોંધ અહીં આપી છે. સં. ]

૨૫૧ શ્રી રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય નાગજીભૂધરની પોળના જ્ઞાનખાતા તરફથી પૂ. મુનિશ્રી અભ્યુદયસાગરજી મહારાજના ઉપદેશથી તથા પૂ. રાજરત્નસાગરજી મહારાજની પ્રેરણાથી.

૨૦૦ જૈનસંઘ, રામપુર ભંકોડા તરફથી, તપસ્વિની પૂ. સાધ્વીશ્રી રેવતીશ્રીજી આદિના ઉપદેશથી.

૨૦૧ વિજયદેવસૂરિ જૈનસંઘ ડભોઈના જ્ઞાનખાતામાંથી ડભોઇ પૂ. ગણિવર્યશ્રી વિમલસાગરજી મહારાજશ્રીના શુભ ઉપદેશથી.

૧૦૧ શેઠશ્રી લાલભાઈ સારાભાઈ શેઠની પોળ, અમદાવાદ.

૧૦૧ શ્રીપંચપોળ જૈનશ્વે. મૂર્તિપૂજક સંઘનો ઉપાશ્રય અમદાવાદ તરફથી પૂ. ગણિવર્યશ્રી કંચનસાગરજી મહારાજના શુભ ઉપદેશથી.

૧૦૧ ગાંધી વાડીલાલ શામલદાસ કપડવણુજ, હ. ગુણવંતભાઇ પૂ. સાધ્વીશ્રી તારકશ્રીજીના ઉપદેશથી.

૧૦૧ પરી કુબેરદાસ પ્રભુદાસ કપડવણુજ, હ. મફતભાઈ શ્રીયુત કેશવલાલ રતનચંદ પરિખની દીક્ષા નિમિત્તે.

૧૦૧ શ્રીયુત મનુભાઈ બુધાલાલ એન્ડ બ્રધર્સ કોલ્હાપુર, પૂ. ગણિવર્યશ્રી યશોભદ્રસાગરજી મહારાજની પ્રેરણાથી.

૧૦૧ શ્રી મણીનગર જૈનસંઘ અમદાવાદ, પૂ. સાધ્વીશ્રી ...જના શ્રીજીના શિષ્યાશ્રી કનકપ્રભાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧ શ્રી હુકમચંદજી લુંકડ, મહિદપુર (મધ્ય-પ્રદેશ)

૧૦૧ સંઘવી શેઠશ્રી સૌભાગ્યમલજી મીશ્રીલાલજી, રાજગઢ, પૂ. મુનિશ્રી સુશીલસાગરજી મ. તથા પૂ. અભ્યુદય સાગરજી મહારાજની નિશ્રામાં પાલીતાણા છરીપાલતા સંઘની સ્મૃતિમાં.

૧૦૧ જૈનસંઘ ગંભીરાના સાધારણ ટ્રસ્ટમાંથી, પૂ. ગણીશ્રી વિમલ સાગરજીમહારાજના ઉપદેશથી તથા તેઓના શિષ્યરત્ન શ્રી કેવલસાગરજીની પ્રેરણાથી.

૧૦૧ શેઠ શ્રી સોભામલજી નાનાલાલજી સાલગીયા, મુંબઈ તરફથી તેમના મોટા પુત્ર શ્રી રાજકુમારની દીક્ષા નિમિત્તે.

૧૦૧ પૂ. સાધ્વીશ્રી મુક્તિશ્રીજી પાલીતાણાના ઉપદેશથી, હ. શ્રી કપુરચંદ રણછોડભાઈ વ રૈયા

૧૦૧ શેઠશ્રી બાબુભાઈ સકરચંદ ટોપીવાલા મુંબઈ પૂ. ગણીશ્રી અભયસાગરજી મહારાજના ઉપદેશથી,

પૂ. ગણીશ્રી લબ્ધિસાગરજી મહારાજના ઉપદેશથી.

૧૦૧ પરિખ નગીનદાસ મહાસુખભાઈ, લુણાવાડા.

૧૦૧ તેલી શિવલાલ પ્રેમચંદ, લુણાવાડા.

૧૦૧ લુણાવાડા શ્રાવિકાઓની જ્ઞાન ઉપજમાંથી, હ. શેઠ અમૃતલાલ લલ્લુભાઈ

૧૦૧ નવસારી સ્ટેશન જૈનસંઘ તરફથી, પૂ. સાધ્વીશ્રી શુભંકરાશ્રીજી તથા પૂ. સા. શ્રી અરૂણોદયાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧ શ્રી જૈન સોસાયટી જૈન શ્રી સંઘના જ્ઞાન ખાતામાંથી પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયવિજયજી મ. અને પૂ. મુનિશ્રી દક્ષ...વિજયજી મના ઉપદેશથી.

૧૦૧ લવારની પોળ જૈન ઉપાશ્રય અમદાવાદના જ્ઞાન ખાતામાંથી. પૂ. આ. શ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મ. (ડેલાવાળા)ના ઉપદેશથી.

## સં. ૨૦૨૫ની સાલમાં શ્રી આગમ જ્યોતને ભેટ આપનાર સદ્‌ગૃહસ્થોની નામાવલિ

૫૦૨.૨૫) કપડવણુજ મુકામે પૂ. ગણિવર્યશ્રી લબ્ધિસાગરજી મહારાજની પવિત્ર નિશ્રામાં પૂ. સૂર્યોદયસાગરજી મ૦ તથા પૂ. યશોભદ્રસાગરજી મહારાજની ગણી પદવી પ્રસંગે આગમ જ્યોત શુભેચ્છા ફંડની બુકો દ્વારા આવ્યા તે.

૪૦૬ રાજગઢ (માલવા)થી પાલીતાણાનો છરી પાલતો સંઘ કપડવણુજ આવ્યો ત્યારે પૂ. ગણીશ્રી લબ્ધિસાગરજી મહારાજશ્રીના ઉપદેશ તથા પૂ. મુનિશ્રી અભ્યુદયસાગરજી તથા પૂ. તપસ્વી મુનિશ્રી નવરત્નસાગરજીની પ્રેરણાથી યાત્રિકોએ આગમ જ્યોત શુભેચ્છા ફંડની બુકોમાં નોંધાવ્યા તે.

૧૫૨ પૂ. ગણીશ્રી અભયસાગરજી મહારાજશ્રીના ઉપદેશથી, વર્ષી-તપ પારણા પ્રસંગે પાલીતાણાના યાત્રિકો તરફથી.

૧૦૨ સુરતની શ્રાવિકા બેનો તરફથી, પૂ. સાધ્વીશ્રી વિચક્ષણાશ્રીજીના ઉપદેશથી.

૫૧ એક સદ્‌ગૃહસ્થ, ચાણસ્મા તરફથી.

૫૦ વિશાશ્રીમાલી તપાગચ્છ જૈનસંઘ, મહુધા તરફથી, પૂ. ગણિશ્રી પ્રબોધસાગરજી મહારાજની પ્રેરણાથી.

૮૮.૭૫ પૂ. ગણીશ્રી પ્રબોધસાગરજી મહારાજ તથા પૂ. બાલમુનિશ્રી સિદ્ધસેનસાગરજીની પુનિત નિશ્રામાં ૨૦૨૫ની સાલમાં મહુધા જૈનસંઘે અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવ્યો તે પ્રસંગે પૂ. ગણિવર્યશ્રીજીની પ્રેરણાથી આગમ જ્યોત શુભેચ્છા ફંડમાં આવ્યા તે.

૫૧ શેઠ રસિકલાલ ચુનીલાલ શાહ, જૈન સોસાયટી, અમદાવાદ, પૂ. મુનિશ્રી ચંદ્રોદયવિજયજી મ.ની પ્રેરણાથી.

૫૧ મહેતા શાન્તિલાલ દેવચંદ આકોલાવાલા તરફથી, પૂ. ગણી સૌભાગ્યસાગરજી મ. તથા પૂ. વયોવૃદ્ધ દીપસાગરજી મહારાજશ્રીના સદુપદેશથી.

૫૧ જૈન મર્ચંટ સોસાયટી શ્રી સંઘના જ્ઞાન ખાતામાંથી, પૂ. ઉપાધ્યાય શ્રી દર્શનસાગરજી મ.ના ઉપદેશ અને પૂ. સાધ્વીશ્રી સરસ્વતીશ્રીજીની પ્રેરણાથી.

૪૦ સ્વ. ગાંધી કેશવલાલ ગીરધરલાલ વકીલ, કપડવણજના શુભ ખાતામાંથી.

૨૫ લીંબડાવાલો જૈન ઉપાશ્રય, ગોપીપુરા, સુરત, તરફથી, હ. જિનમતીબેન પૂ. સાધ્વીશ્રી મનકશ્રીજીના ઉપદેશથી.

૨૫ લુહારની પોળ જૈન ઉપાશ્રય તરફથી, હ. કસ્તુરચંદ ચુનીલાલ, પૂ. પં. શ્રી રામવિજયજી મહારાજના ઉપદેશથી.

૪૪ આગમ જ્યોત શુભેચ્છા ફંડની બુકોના.

૨૦ ફતાશાપોળ જૈન ઉપાશ્રય, અમદાવાદ, હ. જાસુદબેન ગીરધરલાલ પૂ. સાધ્વીશ્રી વિચક્ષણાશ્રીજી ઉપદેશથી.

૧૧ શ્રીયુત સુભાષચન્દ્ર મગનલાલ, મુંબઈ, તરફથી.

૧૦ શ્રી ચીમનલાલ એન્ડ સન્સ કરનાલ (આંધ્ર), પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના ઉપદેશથી.





# કૃતજ્ઞતા અને ક્ષમાપના

દેવગુરૂકૃપાએ પુનિતનામધ્યેય પ્રાતઃસ્મરણીય પૂ. ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારકશ્રીના પરમોચ્ચ કોટિના ગંભીર તાત્ત્વિક વ્યાખ્યાન સામગ્રીને પૂ. ગચ્છાધિપતિના નિર્દેશથી યથામતિ-યથાશક્તિ સંકલિત કરવામાં અનેક પુણ્યશાળી મુરબ્બી-મહાનુભાવોએ વિવિધ સામગ્રી આપીને સહયોગ આપ્યો છે, તે બદલ હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરૂં છું, અને શ્રી જિનશાસનની પરંપરા કે પૂ. આગમોદ્ધારકશ્રીના આશય વિરૂદ્ધ લખાયું હોય કે બીજી પણ છદ્મસ્થ સુલભ ક્ષતિઓ બદલ

હાર્દિક રીતે

મિ...ચ્છા...મિ...દુ...ક્કં...ડં

—સંપાદક

# સાગરનાં મોતી



- કર્મ તથા પુદ્ગલની દખલગીરી તથા દરમ્યાનગીરીનો સામનો કરવો જોઈએ એવું જે સમજે તે જૈન.

- ઇંદ્રિયોના વિકારો, મનના આવેશો તથા ઔદયિક પ્રવૃત્તિઓ [૧૮ પાપસ્થાનકો] ને પ્રતિકૂળ માનવા એનું નામ સમકિત.

- આત્માને ચારે ગતિમાં રખડાવનાર ૧૮ પાપસ્થાનકો છે. આ વસ્તુનો ખ્યાલ આવે તેનું નામ સમકિત.

- શુદ્ધ દેવ તેને જ કહેવાય કે જેણે અઢારેપાપસ્થાનકોનો સદાને માટે નાશ કર્યો હોય.

- શુદ્ધ ગુરુ તેને જ કહેવાય કે જે અઢાર પાપસ્થાનકોથી અને તેના કારણોથી દૂર હોય, તેના નાશના માર્ગે સાધક બન્યા હોય અને બીજાને તે માર્ગે દોરતા હોય.

- શુદ્ધ ધર્મ તે કહેવાય કે જે અઢાર પાપસ્થાનમાંથી પાછા ફેરવે.

દીપક પ્રિન્ટરી • અમદાવાદ૧ • ફોન નં. ૫૩૬૩૫